સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

દીપોત્સવી | પુસ્તક ૨૧

વિ. સં. ૨૦૩૯ | અંક ૧

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. જે. પી. અમીનનો લેખ



ચિત્ર ૩ : ત્રિવિક્રમ ભગવાન (માધવરાય નામે પ્રસિદ્ધ)
મોઢ વણિક જ્ઞાતિની વાડી, વાડાપોળ, ખંભાત (સૌજન્યનો ઉલ્લેખ)

સંપાદક : સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા

અ. નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

દીપોત્સવી પુસ્તક ૨૧ : અંક ૧

વિ. સં. ૨૦૩૯ નવેમ્બર, ૧૯૮૩

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	શુકલયજુર્વેદનું કર્તૃત્વ અને યાજ્ઞવલ્કયનો સમય—રામકૃષ્ણ વ્યાસ ...	૧
૨.	ત્રિવેન્દ્રમમાંથી મળેલાં તેર રૂપકો ભાસનાં નથી !—રસિકલાલ ચિ. ત્રિપાઠી ...	૧૧
૩.	સમાસોક્તિ અને અતિશયોક્તિ અલંકાર—અનંતરાય જ. રાવલ ...	૨૬
૪.	ગાલાશ્રીવર્ધમાનસૂરિનો પ્રબન્ધ—જયન્ત પ્રે. ઠાકર ...	૩૨
૫.	લક્ષ્મીદાસકૃત દશમસ્કંધ—કુમુદ પરીખ ...	૪૧
૬.	ખંભાતની વિષ્ણુપ્રતિમાઓ—જે. પી. અમીન ...	૫૦
૭.	જપાનના બે ગદ્યકારોની જીવનમીમાંસા—હસિત હ. બૂચ ...	૭૧
૮.	પાશ્ચાત્ય ચિંતક હેગલની વિચારધારા—મહેન્દ્રકુમાર મો. દેસાઈ 'કુમાર' ...	૮૨
૯.	બંધાર ભટ્ટવિરચિત 'અભિમન્યુવિવાહ'—દેવદત્ત જોશી ...	૯૦
૧૦.	મહર્ષિ પરાશરનો રાક્ષસ-સત્ર-એક તુલનાત્મક અધ્યયન —મધુસૂદન મા. પાઠક ...	૧૦૧
૧૧.	ગ્રંથાવલોકન ...	૧૦૪
૧૨.	સાભાર સ્વીકાર ...	૧૧૭

મુદ્રક: શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મેનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક: ડૉ. સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા, અ. નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર, ૧૯૮૩.

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૩૯ — પુસ્તક ૨૧

નવેમ્બર, ૧૯૮૩ — અંક ૧

શુક્લયજુર્વેદનું કર્તૃત્વ અને યાજ્ઞવલ્કયનો સમય

રામકૃષ્ણ વ્યાસ

ઋગ્વેદમાં ભારતીય ચિન્તનધારાનો ઉદ્‌ગમ છે અને તેના ધાર્મિક ક્રિયાકાંડનો ઉત્સ પણ છે. દરરોજ ત્રણ સવનોમાં અગ્નિનું આવાહન કરવાનું અને હોમ કરવાનું વિધાન મળે છે.[૧] સામ શબ્દનો પ્રયોગ પણ બે વાર થયો છે.[૨] ઋગ્વેદના બીજા મંડળના છત્રીસમા અને સાડત્રીસમા સૂક્તોના મંત્રોમાં પોતૃ, આગ્નિધ્ર, પ્રસ્તોતૃ, નેષ્ટૃ, હોતૃ, અધ્વર્યુ અને બ્રહ્મા એ સાત યાજ્ઞિકોનાં નામ અને તેમની વિશિષ્ટ ક્રિયાઓનો ઉલ્લેખ થયો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ઋગ્વેદના ૧૬૨મા અને ૧૬૩મા સૂક્તોમાં અશ્વમેધ યજ્ઞનો વિધિ ખૂબ જ સંક્ષેપમાં વર્ણવાયો છે. અને ૧૬૪મું સૂક્ત યજ્ઞવિતાનના અંતે સામાન્યતયા યોજાતા બ્રહ્મોદ્યનું[૩] સ્મરણ કરાવે તેવું છે. આવા ઉલ્લેખોથી એમ પ્રમાણિત થાય છે કે ઋગ્વેદમાં જ ત્રયીવિદ્યા–દેવોનું આવાહન કરવા માટેની ઋચાઓ, તેમના યજન વખતે ઉચ્ચારાતા યજુષો અને સામગાન–નાં બીજ રહેલાં છે. એ શબ્દ પણ સૂચવે છે કે મૌલિક રૂપમાં વિદ્યાઓ ત્રણ નહીં; પણ એક જ વિદ્યાનાં ત્રણ રૂપો હતાં. વિશ્વની બધી પ્રજાઓનો પ્રાચીન ધાર્મિક ઇતિહાસ સૂચવે છે તેમ આર્યાવર્તમાં પણ કાળક્રમે ક્રિયાકાંડનું મહત્ત્વ વધતું ચાલ્યું. તેથી યજુર્વેદની અગત્ય સૌથી વધુ છે, એ હકીકત સાયણાચાર્યે પણ સ્વીકારી. ઋગ્વેદભાષ્યના ઉપોદ્‌ઘાતમાં તેઓ કહે છે :

> कृपालुर्माधवाचार्यो[४] वेदार्थं वक्तुमुद्यतः ।
> आध्वर्यवस्य यज्ञेषु प्राधान्याद्व्याकृतः पुरा ॥
> यजुर्वेदोऽथ होत्रर्थमृग्वेदो व्याकरिष्यते ॥[५]

---

૧ ઋગ્વેદ, ૩.૨૮.૧, ૩, ૪, ૫ અને ૮.૨૭.૧૯.

૨ એજન, ૫.૪૪.૧૪ અને ૮.૮૧.૫.

૩ બૃહદારણ્યક ઉપનિષદનો ત્રીજો અધ્યાય મુનિકાંડ અથવા યાજ્ઞવલ્કયકાંડ તરીકે ઓળખાય છે. જનકના બહુદક્ષિણ યજ્ઞના અંતે યોજાયેલા બ્રહ્મોદ્યનું (Catechism) સવિસ્તર વર્ણન આપેલું છે.

૪ કેટલીક હસ્તપ્રતોમાં 'सायणाचार्यो' એવો પાઠ છે.

૫ ऋग्वेदसंहिता, श्रीमत्सायणाचार्यविरचितभाष्यसमेता, प्रथमो भागः
વૈદિક સંશોધન મંડલ, પૂના, ૧૯૩૩, પૃષ્ઠ-૧.

'વેદનો અર્થ કરવા તત્પર થયેલ કૃપાલુ માધવાચાર્યે અધ્વર્યુના કાર્યોની યજ્ઞોમાં પ્રધાનતા હોવાથી પહેલાં યજુર્વેદનું ભાષ્ય રચ્યું. હવે હોતાના કાર્યની પૂર્તિ માટે ઋગ્વેદનું ભાષ્ય રચશે'.

પરંતુ વૈદિકસાહિત્યમાં સર્વત્ર ઋગ્વેદની પ્રધાનતા દર્શાવી છે. પુરુષસૂક્ત, (૧૦.૯૦.૯) છાન્દોગ્ય ઉપનિષદ, (૭.૧.૨) અને મુંડક ઉપનિષદ, (૧.૧.૫) ઋગ્વેદને સૌ પ્રથમ ઉલ્લેખે છે. ઉપરાંત યજ્ઞવિધિમાં પણ ઋચાની શ્રેષ્ઠતા સ્વીકારાઈ છે :

यद्वै यज्ञस्य साम्ना यजुषा क्रियते शिथिलं तद्यदृचा तद् दृढम्[६] ।

'યજ્ઞની જે ક્રિયા સામ કે યજુષ્ વડે કરાય છે તે શિથિલ અને ઋચા વડે કરાય તે દૃઢ હોય છે'.

ઋગ્વેદ અને યજુર્વેદની પ્રધાનતાના જટિલ પ્રશ્નનું સમાધાન આપતાં સાયણાચાર્ય કહે છે કે સ્વાધ્યાય, પારાયણ, બ્રહ્મયજ્ઞ, જપ વગેરેમાં ઋગ્વેદની પ્રધાનતા ભલે રહે પણ અર્થજ્ઞાનની આવશ્યકતા યજ્ઞના અનુષ્ઠાનની અંગભૂત હોઈ યજ્ઞવિધિઓમાં યજુર્વેદની પ્રધાનતા માનવી જરૂરી છે :

अस्त्वेवं सर्ववेदाध्ययनतत्पारायणब्रह्मयज्ञजपादौ ऋग्वेदस्यैव प्राथम्यम् । अर्थज्ञानस्य तु यज्ञानुष्ठानार्थत्वात् तत्र तु यजुर्वेदस्यैव प्रधानत्वात् तद्व्याख्यानमेवादौ युक्तम् । तत्प्राधान्यं च काचिदृगेवाह–'ऋचां त्वः पोषमास्ते पुपुष्वान् गायत्रं त्वो गायति शक्वरीषु । ब्रह्मा त्वो वदति जातविद्यां यज्ञस्य मात्रां वि मिमीत उ त्वः' (ऋग्वेद, १०.७१.११)...अथ चतुर्थं पादं विवृणोति– 'यज्ञस्य मात्रां वि मिमीत एकोऽध्वर्युरध्वरयुरध्वरं युनक्त्यध्वरस्य नेता' इति... । एवं सति अध्वर्युसम्बन्धिनि यजुर्वेदे निष्पन्नं यज्ञशरीरमुपजीव्य तदपेक्षितौ स्तोत्रशस्त्ररूपावयवौ इतरेण वेदद्वयेन पूर्येते इत्युपजीव्यस्य यजुर्वेदस्य प्रथमतो व्याख्यानं युक्तम् ।[७]

આ ઉદ્ધરણમાં યજ્ઞશરીરને યજુર્વેદમાંથી ઉત્પન્ન થયેલું ગણીને ઋગ્વેદ અને સામવેદને તે શરીરના સ્તોત્ર તેમ જ શસ્ત્રરૂપ અવયવો માન્યા છે. યાસ્કને અનુસરીને 'અધ્વર્યુ' શબ્દની વ્યુત્પત્તિ 'અધ્વરં યુનક્તિ' યજ્ઞને યોજે છે તેથા 'અધ્વર્યુ' એમ આપી છે. એ મૂળ શબ્દોમાંથી 'અ' કારનો લોપ છાન્દસી પ્રક્રિયાને આભારી માન્યો છે, તે ભાષાવિજ્ઞાનના નિયમોને અનુકૂળ હોઈ માન્ય કરી શકાય એમ છે.

યજુર્વેદ અધ્વર્યુ માટે યજ્ઞવિધિઓ દર્શાવનાર વેદ છે. પતંજલિના મહાભાષ્યની ભૂમિકામાંથી એવી માહિતી મળે છે કે તેની એકસોએક શાખાઓ હતી. હાલમાં કૃષ્ણ યજુર્વેદની ચાર અને શુક્લ યજુર્વેદની એક (વાજસનેયી) એમ પાંચ સંહિતાઓ ઉપલબ્ધ છે. આ વેદની શાખાઓની બહુલતાનાં બે કારણો હોઈ શકે. યજ્ઞવિધિનો વિષય બધી વૈદિક ચર્ચાઓમાં સૌથી વધુ મહત્ત્વનો બન્યો. તેમ જ આવા વિધિમાં સમય જતાં નવીન ફેરફારો સ્વાભાવિક રીતે વધતા

---

६ तैत्तिरीय संहिता, ६.५.१०.३.

७ ऋग्वेदसंहिताभाष्य (पूर्वोक्त), पृष्ठ, २–३.

ગયા અને કેટલાંક મહત્ત્વનાં નવાં વિધાનોને કારણે નવીન ગ્રંથ રચીને અલગ શાખા પ્રતિષ્ઠિત કરવામાં આવતી.[૮] વિન્ટરનિટ્ઝના મત પ્રમાણે સૂર્ય પાસેથી મેળવેલી હોવાને કારણે વાજસનેયી સંહિતાને શુક્લ અને બીજી સંહિતાઓને કૃષ્ણ કહેવામાં આવી.[૯] સાધારણતયા વિદ્વાનોનો અભિપ્રાય એવો છે કે ગદ્યમાં લખાયેલ યજુષ ભાગોને અલગ પાડ્યા પછી શુદ્ધ શેષ રહેલા મંત્રાત્મક વેદને શુક્લ એવું નામ આપવામાં આવ્યું હતું.

આપસ્તમ્બ પરિભાષાસૂત્ર, ૩૧ મુજબ મંત્ર અને બ્રાહ્મણભાગને વેદ એવું નામ આપવામાં આવે છે. બ્રાહ્મણભાગના અંતમાં આરણ્યક અને તે પછી ઉપનિષદ હોય છે. તેથી સંહતાભાગ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ એ બધા ભાગો મળીને સંપૂર્ણ વેદ કહેવાય છે. યજુર્વેદની વિશેષતા એ છે કે તેની સંહિતાનો છેલ્લો એટલે કે ચાલીસમો અધ્યાય ઈશાવાસ્ય ઉપનિષદ છે. ભૌગોલિક દૃષ્ટિએ આ વેદ ભારતના પૂર્વના પ્રાન્તોમાં રચાયો હોવો જોઈએ, કારણ કે તેના મંત્ર તથા બ્રાહ્મણભાગમાં કુરુ અને પાંચાલ પ્રદેશોનો ઉલ્લેખ વારંવાર આવે છે. વેબરના મતે આ સંહિતાનો રચનાકાળ ઈ. પૂ. ત્રીજી સદી પહેલાંનો માની શકાય કેમકે મેગાસ્થનિઝે પોતાની નોંધોમાં "મેડિઅન્ડિનોઈ"નો ઉલ્લેખ કર્યો છે જે યજુર્વેદની માધ્યન્દિની શાખાનું સ્મરણ કરાવે એવો છે.[૧૦] આ વેદનાં પ્રાતિશાખ્યસૂત્રોમાં સૌ પ્રથમવાર કાણ્વ અને માધ્યન્દિન એમ બે શાખાઓનો (Recensions) ઉલ્લેખ છે. કેટલાક યજ્ઞવિધિઓ અને ગૌણ અંગભૂત પ્રક્રિયાઓમાં મળી આવતા નગણ્ય ફેરફારો સિવાય આ બન્ને શાખાઓનું વિષયવસ્તુ અને તેનું ચાલીસ અધ્યાયોમાં વિભાજન એક સરખું છે. શતપથ બ્રાહ્મણના અંતભાગમાં આપેલી ઋષિઓની વંશાવલિમાં કાણ્વીપુત્ર અને માધ્યન્દિનાયનનો ઉલ્લેખ પણ સૂચક છે. વેબર કાણ્વશાખાને માધ્યન્દિન કરતાં વધુ પ્રાચીન માને છે, કારણ કે કણ્વ ઋગ્વેદના ઋષિપરિવારોમાંનો એક છે, અને તેમાં ઋગ્વેદની જેમ 'ळ'નો પ્રયોગ થયો છે જ્યારે માધ્યન્દિન શાખામાં તેને બદલે મૂર્ધન્ય 'ड' પ્રયોજાયો છે.[૧૧]

શુક્લ યજુર્વેદની જેમ તેના બ્રાહ્મણ શતપથની પણ કાણ્વ અને માધ્યન્દિન એમ બે શાખાઓ છે. કાણ્વ શાખામાં શતપથ બ્રાહ્મણના સો અધ્યાયોને સત્તર કાંડોમાં અને માધ્યન્દિન શાખામાં ચૌદ કાંડોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. તેમાંના પ્રારંભના નવ કાંડોમાં વાજસનેયીસંહિતાના અઢાર અધ્યાયો ઉપરનું ભાષ્ય આવેલું છે; આ જ અઢાર

---

8 Winternitz, Maurice, *History of Indian Literature,* Motilal Banarsidass, New Delhi, 1981, p. 157.

૯ એજન, પૃષ્ઠ, ૧૫૯. શતપથ બ્રાહ્મણ, ૧૪.૯.૪.૩૩ 'शुक्लानि यजूँषि' માટે 'आदित्यानि' એવું વિશેષણ પ્રયોજે છે. વિષ્ણુપુરાણ, ૩.૫ મુજબ યાજ્ઞવલ્ક્યે આ શાખા ઉપાસના દ્વારા સૂર્ય પાસેથી મેળવી હતી. મહાભારત, શાન્તિપર્વ, ૩૬૦માં પણ યાજ્ઞવલ્ક્ય અને તેમના ગુરુ વૈશમ્પાયન વચ્ચે થયેલ મતભેદનો ઉલ્લેખ છે.

10 Weber, Albrecht, '*The History of Indian Literature*', Kegan Paul, Trench, Trüdner & Co. Ltd. London, 1914, pp. 10, 11.

11 *Ibid,* p. 105.

અધ્યાયોનું વિવરણ કાત્યાયનના શ્રૌતસૂત્રોમાં પણ થયું છે. આ ઉપરાંત કૃષ્ણ અને શુક્લ યજુર્વેદની તૈત્તિરીયસંહિતા તેમ જ વાજસનેયીસંહિતા પણ અઢાર અધ્યાય સુધી પૂર્ણપણે એકસમાન છે. તેથી વેબર અને મેક્સમૂલર બન્ને આ અઢાર અધ્યાયોને આ વેદનું મૌલિક કદ માને છે. આ હકીકતનો એક પ્રબળ પુરાવો એ છે કે શતપથ બ્રાહ્મણનું પ્રાચીન નામ 'ષષ્ટિપથિક'[12] એટલે કે સાઠ પ્રકરણોનો ગ્રંથ એવું હતું. આ સાઠ પ્રકરણો મળીને વર્તમાન શતપથ બ્રાહ્મણના નવ કાંડ બને છે જે વાજસનેયીસંહિતાના અઢાર અધ્યાયો ઉપરનું ભાષ્ય છે.[13] મહાભારત, ૧૨, ૧૧૭, ૩૪માં જણાવ્યા મુજબ શતપથ બ્રાહ્મણ સાથે રહસ્ય (૧૦મો કાંડ) સંગ્રહ (૧૧મો કાંડ) પરિશેષ (૧૨, ૧૩ અને ૧૪ કાંડ) જોડાયેલા છે. આથી પ્રમાણિત થાય છે કે શતપથનું મૂળ કદ નવ કાંડોનું હતું.

વૈશમ્પાયનના શિષ્યો ચરક અને તૈત્તિરીય એવાં નામોથી ઓળખાતા. યાજ્ઞવલ્ક્ય પાછળથી પોતાના ગુરુ વૈશમ્પાયન તેમજ તેમના અન્ય શિષ્યોથી જુદા પડ્યા, પરંતુ તેમણે યજુર્વેદના મૂળ કદના અઢાર અધ્યાયોનું તેઓએ કરેલું વિભાજન માન્ય રાખ્યું આ વિભાજન નીચે મુજબ છે:

યજુર્વેદસંહિતા

દર્શપૂર્ણમાસ	સોમને લગતા યજ્ઞો	અગ્નિચયન
૧ થી ૩ અધ્યાયો	૪ થી ૧૦ અધ્યાયો	૧૧ થી ૧૮ અધ્યાયો

બાકીના ૧૯ થી ૪૦ અધ્યાયો પાછળથી જોડવામાં આવ્યા હોવા જોઈએ એ હકીકત તેમના વિષય ઉપરાંત તે ઉપરનું ભાષ્ય શતપથના ૬૧ થી ૧૦૦ કાંડોમાં થયેલું છે તે જોતાં નિશ્ચિત જણાય છે.

વાજસનેયી સંહિતાના ૧૯મા અને ૨૦મા અધ્યાયોમાં સૌત્રામણિ યજ્ઞવિષયક મંત્રો છે. તૈત્તિરીયસંહિતામાં આ વિષયને લગતા મંત્રો નથી પણ તેના વિવરણને તૈત્તિરીય બ્રાહ્મણમાં સ્થાન અપાયું છે. શતપથ બ્રાહ્મણના ૧૨મા કાંડમાં સૌત્રમણિને લગતા મંત્રોનો વિનિયોગ વર્ણવ્યો છે, પરંતુ તેમાં અને ત્યાર પછીનાં વિવરણોમાં અગાઉના જેવી ચીવટાઈ કે વિગતો

૧૨ પાણિનીની અષ્ટાધ્યાયીના ૪, ૨, ૬૦મા સૂત્ર ઉપર વાર્તિક છે:

'इकन् पदोत्तरपदात् शतषष्टेः षिकन्पथः ।'

આ વાર્તિક પ્રમાણે "ષષ્ટિપથિક" અને "શતપથિક" એવાં બે શબ્દરૂપો સિદ્ધ થાય છે.

૧૩ ભાષ્યની હયાતિ તેની અગાઉ સંહિતાની હયાતિ સૂચવે છે. તેથી મેક્સ મૂલરનું નીચેનું વિધાન ચિન્તનીય છે:

'There is nothing to prove that the hymn book of the *Vājasaneyins* existed previous to their *Brāhmaṇa*'. Müller, F. Max, '*A History of Ancient Sanskrit Literatare*', The Panini Office, Allahabad, 1912, p. 185.

જોવા મળતી નથી. વાજસનેયીસંહિતાના ૨૧મા અધ્યાયમાં હોતાને લગતા મંત્રો છે, પરંતુ તેમનું વિવરણ શતપથમાં કરવામાં આવ્યું નથી. અશ્વમેધ યજ્ઞને લગતા મંત્રો વાજસનેયી સંહિતાના ૨૨ થી ૨૫ અધ્યાયોમાં છે અને શતપથના ૧૩મા કાંડમાં તેમનું સંક્ષિપ્ત ભાષ્ય છે. આ પછીના સંહિતાના ૨૬ થી ૨૯ અધ્યાયોમાં પહેલાં ચર્ચાઈ ગયેલા યજ્ઞવિષયક મંત્રો છે, અને શતપથમાં તેમનું કોઈ વિનિયોગાત્મક ભાષ્ય નથી. તે પછી ૩૦મા અને ૩૧મા અધ્યાયોમાં પુરુષમેધવિષયક મંત્રો છે, જેમનું સંક્ષિપ્ત ભાષ્ય શતપથના ૧૩મા કાંડમાં છે. ત્યાર બાદના ૩૨ થી ૩૪મા અધ્યાયોમાં સર્વમેધથી સંબંધિત અને બ્રહ્મયજ્ઞને લગતા મંત્રો સંગ્રહાયેલા છે. આ મંત્રો પર શતપથમાં કોઈ જ ભાષ્ય નથી. ૩૫મો અધ્યાય પિતૃમેધ અંગેના મંત્રો સંગ્રહે છે, અને શતપથના ૧૩મા કાંડમાં તેમનું સંક્ષિપ્ત વિનિયોગાત્મક ભાષ્ય છે. ૩૬ થી ૩૯મા સંહિતાના અધ્યાયોમાં શુદ્ધ્યવિધિના મંત્રો આવેલા છે. શતપથના ૧૪મા કાંડમાં તેમનું વિવરણ છે. વાજસનેયીસંહિતાનો છેલ્લો ૪૦મો અધ્યાય પ્રસિદ્ધ ઈશાવાસ્ય ઉપનિષદ છે. તેમાં યજુર્વેદની લાક્ષણિક કર્મઠતાને માન્ય કરવા ઉપરાંત આત્મા કે ઈશની વ્યાપકતા તેમજ નિર્લેપતાની સંક્ષિપ્ત છતાં અર્થગંભીર રજૂઆત થઈ છે.

જેમ વાજસનેયીસંહિતાનો છેલ્લો અધ્યાય ઈશોપનિષદ છે, તેમ શતપથ બ્રાહ્મણનો છેલ્લો ૧૪મો કાંડ બૃહદારણ્યક ઉપનિષદ છે. તેનું પ્રાચીન નામ 'વાજસનેયી બ્રાહ્મણોપનિષદ' છે.[૧૩અ] તેના અંતમાં આ વૈદિકી પરંપરાના રક્ષક ઋષિઓનો વંશ આપેલો છે. તેમાં આદિત્ય પાસેથી મેળવેલા આ શુક્લ યજુષમંત્રો વાજસનેય યાજ્ઞવલ્ક્ય વડે આખ્યાત છે એમ ઉલ્લેખ કર્યો છે.[૧૪] પરંતુ રસપ્રદ હકીકત એવી છે કે શતપથ બ્રાહ્મણના ૬ થી ૧૦ કાંડોમાં વિવાદાસ્પદ ચર્ચાઓમાં છેવટનો નિર્ણય આપનારા આધિકારિક ઋષિ તરીકે શાંડિલ્યનો ઉલ્લેખ છે, અને યાજ્ઞવલ્ક્યનો એક વાર પણ ઉલ્લેખ નથી. વળી ૧૦મા કાંડના અંતભાગમાં આપેલા વંશમાં[૧૫] પણ યાજ્ઞવલ્ક્યનો ઉલ્લેખ નથી.

શતપથના અંતમાં આપેલા વંશમાં કુલ ૫૮ નામો છે, તેમાંથી શરૂઆતનાં આદિત્ય, અંભિણી અને વાક્ એ ત્રણ અમાનવીય નામો બાદ કરતાં શેષ પંચાવન નામો ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનાં ગણાય. વેબરના મત મુજબ આ વંશનામો પાછળથી પ્રક્ષિપ્ત કરાયેલાં હોવા છતાં, ઘણા પ્રાચીન સમયથી તેમની સૂચિ તૈયાર કરવામાં આવતી રહી હોવી જોઈએ અને એ કારણે તેમની આધિકારિકતા અને મહત્ત્વ ઓછાં આંકી શકાય નહીં.[૧૬]

૧૩અ શંકરાચાર્ય પોતાના બૃહદારણ્યક ઉપરના ભાષ્યમાં તેને 'વાજસનેયી બ્રાહ્મણોપનિષદ' કહે છે, તેથી જણાય છે કે ઈ. સ. ૮૦૦ સુધી તે અલગ ગ્રન્થ તરીકે ઉપલબ્ધ ન હતું.

૧૪ आदित्यानीमानि शुक्लानि यजूँषि वाजसनेयेन याज्ञवल्क्येनाख्यायन्ते ।

શતપથ બ્રહ્મણ, ૧૪.૯.૫.૩.

૧૫ બૃહદારણ્યક ઉપનિષદના મધુકાંડ અને મુનિ કે યાજ્ઞવલ્ક્યકાંડ એટલે કે બીજા અને ચોથા અધ્યાયના અંતે પણ વંશો આપેલા છે, પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ તેમનું મહત્ત્વ ઓછું હોવાથી, શતપથના ૧૦મા અને ૧૪મા કાંડના અંતમાં આપેલા વંશોનું તૌલનિક અધ્યયન અહીં પ્રસ્તુત છે.

16 Weber, Albrecht. *Indian Studies* Vol. II, London, pp. 201. F. N.

મુખ્ય વંશમાં (શતપથ, ૧૪.૯.૫) ઉલ્લેખાયેલાં નામો નીચે મુજબ છે :

૧ ભારદ્વાજીપુત્ર, ૨ વાત્સીમાંડવીપુત્ર, ૩ પારાશરીપુત્ર, ૪ ગાર્ગીપુત્ર, ૫ પારાશરી-કૌંડિનીપુત્ર, ૬ ગાર્ગીપુત્ર, ૭ ગાર્ગીપુત્ર, ૮ બાડેયીપુત્ર, ૯ મૌષિકીપુત્ર, ૧૦ હારિકર્ણીપુત્ર, ૧૧ ભારદ્વાજીપુત્ર, ૧૨ પૈંગીપુત્ર, ૧૩ શૌનકીપુત્ર, ૧૪ કાશ્યપી બાલાકયામાઠરીપુત્ર, ૧૫ કૌત્સીપુત્ર, ૧૬ બૌધીપુત્ર, ૧૭ શાલંકાયનીપુત્ર, ૧૮ વાર્ષગણીપુત્ર, ૧૯ ગૌતમીપુત્ર, ૨૦ આત્રેયીપુત્ર, ૨૧ ગૌતમીપુત્ર, ૨૨ વાત્સીપુત્ર, ૨૩ ભારદ્વાજીપુત્ર, ૨૪ પારાશરીપુત્ર, ૨૫ વાર્કારુણીપુત્ર ૨૬ આર્તભાગીપુત્ર, ૨૭ શૌંગીપુત્ર, ૨૮ સાંકૃતીપુત્ર, ૨૯ આલમ્બી-પુત્ર, ૩૦ આલમ્બાયનીપુત્ર, ૩૧ જાયન્તીપુત્ર, ૩૨ માંડૂકાયનીપુત્ર, ૩૩ માંડૂકીપુત્ર, ૩૪ શાંડિલીપુત્ર, ૩૫ રાથીતરીપુત્ર, ૩૬ કૌંચિકીપુત્ર, ૩૭ વૈદભૃતીપુત્ર, ૩૮ ભાલુકીપુત્ર, ૩૯ પ્રાચીનયોગીપુત્ર, ૪૦ સાંજીવીપુત્ર, ૪૧ કાર્શકેયીપુત્ર, ૪૨ પ્રાશ્નીપુત્ર આસુરી વાસિન્, ૪૩ આસુરાયણ, ૪૪ આસુરી, ૪૫ યાજ્ઞવલ્ક્ય વાજસનેય, ૪૬ ઉદ્દાલક આરુણેય, ૪૭ અરુણ, ૪૮ ઉપવેશી, ૪૯ કુશ્રી, ૫૦ વાજશ્રવસ્, ૫૧ જિહ્‌વાવત્ બાધ્યોગ, ૫૨ અસિત વાર્ષગણ, ૫૩ હરિત કશ્યપ, ૫૪ શિલ્પ કશ્યપ, ૫૫ નૈધ્રુવી કશ્યપ, ૫૬ વાક્, ૫૭ અંભિણી, ૫૮ આદિત્ય.

આ સૂચી શતપથ બ્રાહ્મણના છેલ્લા ૧૪મા કાંડના અંતમાં આપેલી છે. શતપથના ૧૦મા કાંડના અંતમાં આપેલી સૂચીમાં કુલ ૫૨ નામો છે અને ૪૦મા સાંજીવીપુત્ર સુધીનાં નામો એક સરખાં છે. ત્યાર પછીનાં નામો નીચે મુજબ છે :

૪૦ સાંજીવીપુત્ર, ૪૧ માંડૂકાયની, ૪૨ માંડવ્ય, ૪૩ કૌત્સ, ૪૪ માહિત્થી, ૪૫ વામકક્ષાયણ, ૪૬ વાત્સ્ય, ૪૭ શાંડિલ્ય, ૪૮ કુશ્રી, ૪૯ યજ્ઞવચસ્ રાજસ્તમ્બાયન, ૫૦ તુર કાવષેય, ૫૧ પ્રજાપતિ, ૫૨ બ્રહ્મ સ્વયંભૂ.

આ બે વંશોનો ઝીણવટથી અભ્યાસ કરતાં કેટલીક અગત્યની માહિતી મળે છે. ૧૪મા કાંડના અન્તે :

'आदित्यानीमानि शुक्लानि यजूँषि वाजसनेयेन याज्ञवल्क्येनाख्यायन्ते ।'

એમ લખ્યું છે. જ્યારે સૂચી મુજબ આદિત્યપાસેથી, અંભિણી અને વાક્ એ બેને બાદ કરતાં, કશ્યપ નામના ઋષિએ આ જ્ઞાન મેળવ્યું એમ જણાય છે. ૧૦મા અધ્યાયના અંતે આપેલ સૂચી મુજબ બ્રહ્મ સ્વયંભૂએ પ્રજાપતિને અને તેમણે આ જ્ઞાન તુર કાવષેય[૧૭] નામના ઋષિને આપ્યું. બન્ને સૂચીઓમાં સાંજીવીપુત્ર ઉપરાંત કુશ્રીનો ઉલ્લેખ સૂચવે છે કે એ બન્ને વંશો એટલે કે શાખાઓ પરસ્પર સંબંધિત હતા. કશ્યપથી ૧૦મું નામ યાજ્ઞવલ્કયનું છે. તેઓ ઉદ્દાલકના શિષ્ય તેમજ આસુરીના ગુરુ હતા. કશ્યપથી ૧૫મું નામ સાંજીવીપુત્રનું છે.

---

૧૭ ઐતરેય બ્રાહ્મણ, ૭.૨૧માં જણાવ્યું છે કે તુર કાવષેય પરીક્ષિતપુત્ર જનમેજયના રાજ્યા-ભિષેક પ્રસંગે મુખ્ય પુરોહિત હતા.

તે બન્ને વંશોની એકતા દર્શાવે છે. એક સૂચી પ્રમાણે તેમના ગુરુ કાર્શકેયીપુત્ર હતા જ્યારે બીજી સૂચી મુજબ માંડૂકાયની હતા. આ ઉપરથી અનુમાન કરી શકાય કે પ્રજાપતિ પાસેથી તુરકાવષેયે જે ક્રિયાકાંડનું જ્ઞાન મેળવ્યું તે સંપૂર્ણ યજ્ઞવિધિનું નહીં પરંતુ અગ્નિરહસ્યનું હોવું જોઈએ. કેમકે શતપથ બ્રાહ્મણમાં ૬ થી ૯ સુધીના કાંડોમાં યાજ્ઞવલ્ક્યને બદલે શાંડિલ્યનું નામ અધિકારી નિર્ણાયક તરીકે નોંધાયેલું છે જ્યારે તે સિવાયના તમામ કાંડોમાં યાજ્ઞવલ્ક્યનું નામ અધિકારી તરીકે નિહાળવામાં આવે છે. ષષ્ટિપથમાં જે વિષયોનો સમાવેશ થયો છે, તેમાંના અગ્નિરહસ્યના વિષયના અધિકારી શાંડિલ્ય હતા એ વાત વાજસનેયી શાખામાં સ્વીકાર પામી હતી અને તેથી જ શતપથના ૧૦મા કાંડના અંતમાં આપેલી વંશસૂચીમાં યાજ્ઞવલ્કયના નામનો નિર્દેશ કરવામાં આવ્યો ન હતો.

બીજું, સાંજીવીપુત્ર સુધીનાં વંશસૂચીનાં બધાં ચાલીસ નામો માતાના નામ આગળ પુત્ર શબ્દ મૂકીને રચવામાં આવ્યાં છે. ત્યારપછીનાં નામોમાં પાણિનીએ આપેલ નિયમ મુજબ માતાના નામને વિશેષ પ્રત્યય લગાડીને રચવામાં આવેલાં નામો પણ મળે છે, તેથી એવું અનુમાન કરી શકાય કે સાંજીવીપુત્રના સમયમાં ષાષ્ટ્પથમાં સમાવાયેલા હવિર્યજ્ઞ, સોમયજ્ઞ તેમજ અગ્નિરહસ્ય જેવા વિષયો પરત્વે છેવટનો નિર્ણય અને તે તે વિષયના અધિકારી વ્યક્તિવિશેષનો નિર્ણય થયો હોવો જોઈએ. તે સમય પાણિનિ પહેલાંનો હોવો જોઈએ.

અધ્વર્યુનાં યજ્ઞવિષયક કાર્યોમાં માર્ગદર્શન માટે રચાયેલા યજુર્વેદના સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદ ભાગના આખા યે વિસ્તાર ઉપર યાજ્ઞવલ્કયની પ્રતિભાની પ્રભાવક છાપ પડેલી જોઈ શકાય છે. એ કારણે યાજ્ઞવલ્કયનો સમય નક્કી કરવાનું કાર્ય મુશ્કેલ બને છે. છતાં તે માટે વિદ્વાનોએ પ્રયત્ન કર્યા છે. તેની ટૂંકી નોંધ લેવી આવશ્યક છે.

પાણિનિએ પ્રાચીનકાળના ઋષિઓએ રચેલાં બ્રાહ્મણો અને કલ્પસૂત્રો માટે 'ઇન' પ્રત્યય લગાડીને 'શાટ્યાયનિનઃ', 'ઐતરેયિનઃ' વગેરે શબ્દરૂપો સિદ્ધ[૧૮] કર્યાં છે. શૌનકાદિગણમાં જેનો પાઠ થયો છે તે વાજસનેય શબ્દ ઉપરથી 'વાજસનેયિનઃ' એવું શબ્દરૂપ પણ પાણિનિ સિદ્ધ કરે છે.[૧૯] વાજસનેય યાજ્ઞવલ્કયનું નામ છે કેમ કે તેમના પિતાનું નામ વાજસનિ હતું. તેથી યાજ્ઞવલ્કય દ્વારા આખ્યાત બ્રાહ્મણ એટલે કે શુક્લયજુર્વેદનું શતપથ બ્રાહ્મણ પ્રાચીન ઋષિ વડે પ્રોક્ત છે, એ હકીકત પાણિનિ જાણતા હતા એમ સાબિત થાય છે.

પાણિનિના ઉપર દર્શાવેલ સૂત્ર ઉપર કાત્યાયનનું વાર્તિક[૨૦] જણાવે છે કે આ નિયમ યાજ્ઞવલ્કય વગેરેથી સંબંધિત બ્રાહ્મણોને લાગુ પડતો નથી કેમકે તે તુલ્યકાલ છે, તેથી યાજ્ઞવલ્કય-પ્રોક્ત બ્રાહ્મણોને યાજ્ઞવલ્કિનઃ નહીં પણ યાજ્ઞવલ્કાનિ કહેવાં જોઈએ. પરંતુ પતંજલિ પોતાના આ વાર્તિક ઉપરના ભાષ્યમાં અને કૈય્યટ તે ઉપરના પોતાના પ્રદીપમાં સ્પષ્ટ રીતે જણાવે

---

૧૮ पुराणप्रोक्तेषु ब्राह्मणकल्पेषु, ४–३–१०५

૧૯ शौनकादिभ्यश्छन्दसि, ४–३–१०६

૨૦ याज्ञवल्क्यादिभ्यः प्रतिषेधः तुल्यकालत्वात् ।

છે કે પાણિનિએ 'યાજ્ઞવલ્કાનિ બ્રાહ્મણાનિ' એવું શબ્દરૂપ સિદ્ધ કર્યું છે કારણ કે તે બ્રાહ્મણો પણ અન્ય પ્રાચીન ઋષિઓના બ્રાહ્મણો સાથે 'તુલ્યકાલ' છે.[૨૧]

પરંતુ ગોલ્ડસ્ટકરે પોતાના ગ્રન્થ 'પાણિનિ'માં જ્યાં સુધી પતંજલિના ભાષ્યમાં અને કૈય્યટના પ્રદીપમાં ઉપર દર્શાવેલ વાર્તિકનું તાત્પર્ય જે રીતે સ્પષ્ટ કર્યું છે તેની જાણ કરી નહીં, ત્યાં સુધી મેક્સમૂલર[૨૨] તેમજ વેબર[૨૩] બન્ને એમ માનતા રહ્યા કે યાજ્ઞવલ્કયપ્રોક્ત બ્રાહ્મણ પાણિનિ સાથે 'તુલ્યકાલ' હોવાથી વાર્તિકકારે તેનો અપવાદ કરીને 'યાજ્ઞવલ્કિનઃ'ને બદલે 'યાજ્ઞવલ્કાનિ' એવું રૂપ સિદ્ધ કર્યું હતું.

થિઓડોર ગોલ્ડસ્ટકરે આ વિષયની વિગતવાર ચર્ચા કર્યા પછી એમ તારણ કાઢ્યું હતું કે પાણિનિ યાજ્ઞવલ્કયપ્રોક્ત શતપથ બ્રાહ્મણથી અજાણ હતા.[૨૪] પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે શૌનકાદિગણમાં પઠિત વાજસનેય શબ્દથી પાણિનિ પરિચિત હતા અને તેમના ઉપર જણાવેલા સૂત્ર (૪.૩.૧૦૬) મુજબ વાજસનેયિનઃ એવું રૂપ સિદ્ધ થાય છે, તે પ્રમાણિત કરે છે કે પાણિનિ શતપથ બ્રાહ્મણને તથા તેના કર્તા કે સમ્પાદક યાજ્ઞવલ્કયને પણ જાણતા હતા તેમજ તેમની પ્રાચીનતા પણ તેમને માન્ય હતી.

મેકસમૂલર પ્રાચીન વૈદિક સાહિત્યના ચાર વિભાગોને–સૂત્રકાળ (ઈ. પૂ. ૬૦૦ થી ૨૦૦) બ્રાહ્મણકાળ (૮૦૦ થી ૬૦૦) મંત્રકાળ (૧૦૦૦ થી ૮૦૦) અને છંદકાળ (૧૨૦૦ થી ૧૦૦૦)[૨૫] તરીકે વર્ણવે છે, તે મુજબ શતપથ બ્રાહ્મણના કર્તા કે સમ્પાદક યાજ્ઞવલ્કયનો સમય ઈ. પૂ. ૮૦૦ ગણાય. અગાઉ જણાવ્યું તેમ મેકસમૂલર યાજ્ઞવલ્કયને પાણિનિ સાથે તુલ્યકાલ માને છે, તે દૃષ્ટિએ તેમનો સમય ઈ. પૂ. ૬૦૦ કે તેથી પણ પહેલાંનો ગણાય.

બેલ્વેલ્કર અને રાનડેના અભિપ્રાય મુજબ ગોપથ બ્રાહ્મણ સૌથી છેલ્લું છે, કેમકે તેમાં અન્ય બ્રાહ્મણ ગ્રંથોનો ઉલ્લેખ જોવા મળે છે. યાસ્ક પોતાના નિરુક્ત (૮.૨૨)માં ગોપથ બ્રાહ્મણનો ઉલ્લેખ કરે છે. યાસ્કનો સમય ઈ. પૂ. ૭૦૦ માન્ય થયેલ છે. ગોપથ પહેલાં બ્રાહ્મણ સાહિત્યના વિકાસના પાંચ સ્તરો સ્પષ્ટ થાય છે, તેથી શતપથને તેઓ ઈ. પૂ. ૧૨૦૦[૨૬] સુધીમાં લખાયેલું માને છે, તે યાજ્ઞવલ્કયનો સમય ગણાય.

---

૨૧ तुल्यकालत्वादिति । शाट्यायनादिप्रोक्तैर्ब्राह्मणैरेककालत्वादित्यर्थः ।
કૈયટ, મહાભાષ્ય પ્રદીપ, ચતુર્થ અધ્યાય, સમ્પાદક, શાસ્ત્રી, ગુરુપ્રસાદ, કાશી, પૃષ્ઠ, ૨૪૦.

22 Muller, F. Max, *Op. Cit.* p. 186.

23 In his review of Goldstucker's book, *Pāṇini: His place in Sanskrit Literature*, Vārāṇasi, 1965.

24 Theodor Goldstucker, *Pāṇini: His place in Sanskrit Literature*, Chowkhamba Sanskrit Series, Varanasi, 1965. pp. 152 ff.

25 Muller, F. Max, *History of Ancient Sanskrit Literature*, Allahabad, 1926, pp. 127 ff.

26 Belvalkar, S. K. and Ranade, R. D. *History of Indian Philosophy*, The Creative Period, Delhi, 1974, p. 37.

બાલગંગાધર તિલક નોંધે છે કે શતપથ બ્રાહ્મણ ૨.૧.૩.૧.૩માં વસન્ત, ગ્રીષ્મ અને વર્ષા એ ત્રણ ઋતુઓને દેવો સાથે સંબંધિત કહી છે અને ઈતર ઋતુઓને પિતૃઓ સાથે સંકળાયેલી માની છે. તેથી ઉત્તરાયણ તેમજ વર્ષનો આરંભ વસંતસંપાતના વખતથી થતો હશે એમ અનુમાન કરી શકાય. શતપથના પ્રથમ કાંડમાં કૃત્તિકાનક્ષત્રનો ઉદય પૂર્વમાં થતો હોવાનો ઉલ્લેખ છે. ગણિતની સહાયથી તેમણે આ ઘટનાને ઈ. પૂ. ૩૦૦૦માં બનેલી સાબિત કરી છે તે મુજબ શતપથનો પણ એ જ સમય હશે એમ એમણે સૂચવ્યું છે.[૨૭]

સી. વી. વૈદ્યના અભિપ્રાય મુજબ સાંખ્ય સિદ્ધાન્તનો ઉલ્લેખ કરનાર સૌથી છેલ્લા ઉપનિષદ મૈત્રાયણી (૬.૧૪)માં શ્રવિષ્ઠા નક્ષત્રમાં વસંતસંપાત–ઉદગયન–નો ઉલ્લેખ છે. તિલકની ખગોળશાસ્ત્રીય ગણતરી પ્રમાણે ઈ. પૂ. ૧૮૦૦ થી ૧૬૮૦ સુધીમાં શ્રવિષ્ઠામાં વસંતસંપાત થયો હોવો જોઈએ. તેથી મૈત્રાયણી ઉપનિષદની રચના ઈ. પૂ. ૧૯૦૦માં થયેલી માનવી જોઈએ. આ ગણતરીએ પ્રાચીન ઉપનિષદ બૃહદારણ્યકની રચના ઈ. પૂ. ૨૫૦૦માં થયેલી માની શકાય. બૃહદારણ્યક ઉપનિષદ, ૩.૩.૧.૨માં પારીક્ષિતો એટલે કે જનમેજય અને તેના ત્રણ ભાઈઓનો ઉલ્લેખ છે. ઉપરાંત શતપથ બ્રાહ્મણ, ૧૩.૫.૪.૧.૩માં પારીક્ષિતોએ ચાર અશ્વમેધ યજ્ઞો કર્યાનો ઉલ્લેખ મળે છે. તેથી અનુમાન કરી શકાય કે શતપથના રચનાકાળમાં પરીક્ષિતના પુત્રોએ કરેલા અશ્વમેધની સ્મૃતિ તાજી હતી. મહાભારતનો કાળ જો ઈ. પૂ. ૩૧૦૦ માનીએ તો પારીક્ષિતોનો ઉલ્લેખ કરનાર શતપથ બ્રાહ્મણનો સમય ઇ. પૂ. ૨૫૦૦ માનવો જોઈએ.[૨૮]

મહેતા જણાવે છે કે કોઈપણ ઉપનિષદમાં બુદ્ધ અને જૈનોના ૨૪મા તીર્થંકર મહાવીર કે ચાર્વાકનો અથવા તેમના મતોનો ઉલ્લેખ નથી. આ કારણે મુખ્ય ઉપનિષદોનો રચનાકાળ ઈ. પૂ. ૨૬૦૦ થી ૨૦૦૦ હોવો જોઈએ.[૨૯]

બૃહદારણ્યકમાં યાજ્ઞવલ્કયના વિચારોનો સંગ્રહ છે પરંતુ તે તેના લેખક કે સમ્પાદક નથી એ હકીકત જો માન્ય રાખવામાં આવે તો શતપથ બ્રાહ્મણના પ્રમુખ સમ્પાદક અને શુક્લયજુર્વેદની વાજસનેયીસંહિતાની વ્યવસ્થિત અધ્યાય રચનામૂલક ગોઠવણીના નિર્દેશક તરીકે યાજ્ઞવલ્કયનો સમય ઈ. પૂ. ૨૫૦૦ની આસપાસ માનવો યોગ્ય ગણાય.

મહાભારત, ૧૨.૩૬૦માં જણાવ્યા મુજબ યાજ્ઞવલ્કયના પિતાનું નામ દેવરાત હતું. તેઓ મિથિલા (બિહાર)માં રહેતા હતા. યાજ્ઞવલ્કયે ચારે વેદોનું અધ્યયન કર્યું હતું. ઉપરાંત

---

27 Tilak, Bala Gangadhar, *Orion or Researches into the Antiquity of the Vedas*, Poona, 1916, pp. 24 ff.

28 Vaidya, C. V. *History of Sanskrit Literature*, Poona, 1930, Section II, pp. 173 ff.

29 Mehta, Vasisthadev Mohan, *The Antiquity of the Upanishads*, Vishveshvarananda Indological Journal, Hoshiarpur, Vol. XVIII, 1980, pp. 58–66.

તેઓ યોગાભ્યાસી હતા. વ્યાસશિષ્ય વૈશમ્પાયન તેમના શિક્ષક તેમ જ મામા હતા. તેમની પાસેથી તેઓ યજુર્વેદ શીખ્યા હતા. પાછળથી તેઓ વચ્ચે કલહ થયો. પરિણામે યાજ્ઞવલ્કયે સૂર્યની ઉપાસના કરીને શુક્લ યજુર્વેદ મેળવ્યો. તેમના આધ્યાત્મિક ગુરુ ઉદ્દાલક હતા. તેમને મૈત્રેયી અને કાત્યાયની નામની બે પત્નીઓ હતી. તેઓ મહાન યાજ્ઞિક, શ્રેષ્ઠ કર્મકાંડી હોવા ઉપરાંત યોગી અને જ્ઞાની હતા. યોગી યાજ્ઞવલ્કય, યાજ્ઞવલ્કયસ્મૃતિ, યાજ્ઞવલ્કયશિક્ષા વગેરે ગ્રન્થો તેમણે સ્વયં કદાચિત્ ન પણ લખ્યા હોય છતાં તેમના ગહન તેમજ શાસ્ત્રીય તથા પ્રગતિશીલ, સમાજ સુધારણા વિષયક વિચારોના આધારે પાછળથી રચાયા હોય એ શકય છે. વૈદિક સાહિત્યમાં સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ એ ચારેય સાહિત્યપ્રકારોના એકમાત્ર અધિકારી ઋષિ તરીકે યાજ્ઞવલ્કય સર્વોત્તમ સાહિત્યિક, કર્મકાંડી, જ્ઞાની તેમજ આત્મદર્શી સિદ્ધયોગી હતા. તેમની સૌથી વધુ મહત્તા તેમના આધ્યાત્મિક વિચારોને લીધે છે. તેમના અદ્વૈત આત્મવિષયક વિચારોનો પ્રભાવ આખાય ઉપનિષદ સાહિત્ય ઉપર જોવા મળે છે. શાંકરવેદાન્ત તેમના વિચારોનું પલ્લવિત અને ફલિત સ્વરૂપ છે. બુદ્ધના ઉપદેશો ઉપર યાજ્ઞવલ્કયનો પ્રભાવ હતો એમ ડ્યુસેન, કીથ, રાધાકૃષ્ણન્ વગેરે વિદ્વાનો સ્વીકારે છે.

ત્રિવેન્દ્રમમાંથી મળેલાં તેર રૂપકો ભાસનાં નથી !

રસિકલાલ ચિ. ત્રિપાઠી

ભાસ નામના પ્રાચીન નાટ્યકારનો મહાકવિ કાલિદાસે તેના **मालविकाग्निमित्रम्** નામે નાટકમાં આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે. તે કહે છે :

प्रथितयशसां भासकविपुत्रसौमिल्लकादीनां प्रबन्धानतिक्रम्य वर्तमानकवेः कालिदासस्य क्रियामिमां द्रष्टुं कथं परिषदो बहुमानः ।[1]

આ રીતે કાલિદાસના કાળમાં ભાસનું નામ નાટ્યકાર તરીકે અસંત લોકપ્રિય હતું તે સ્પષ્ટ છે; પરંતુ તે કવિની એક પણ કૃતિ લાંબા કાળ સુધી આપણને પ્રાપ્ત થઈ ન હતી. હા, તેણે રચેલી એક નાટ્યકૃતિનું નામ કેટલાક પ્રાચીનગ્રન્થોમાં આપેલું છે, અને તે કૃતિ તે **स्वप्नवासवदत्त** નામે નાટક; પરંતુ ઈ. સ. ૧૯૧૦માં પં. આનન્દસ્વરને એક નાટકની હસ્તપ્રત પ્રાપ્ત થઈ, જેનું નામ તેની વસ્તુકથા ઉપરથી, **स्वप्नवासवदत्त** રાખવામાં આવ્યું ! અને તે પછી ઈ. સ. ૧૯૧૨માં પં. ગણપતિ શાસ્ત્રીને હસ્તપ્રતોનો એક ગુટકો મળી આવ્યો, જેમાં તેર રૂપકો હતાં. એ તેર રૂપકો વસ્તુકથાની દૃષ્ટિએ મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય : (૧) રામાયણ–મહાભારત તથા પુરાણોની આધારકથાઓવાળાં, (૨) અને લોકકથાઓની આધારકથાઓવાળાં :

(૧) अ રામાયણની કથા ઉપર આધારિત : **प्रतिमा, अभिषेक.**

 ब મહાભારતમાંની કથાઓ ઉપર આધારિત : **पञ्चरात्र, दूतवाक्य, मध्यमव्यायोग, दूतघटोत्कच, कर्णभार, ऊरुभङ्ग.**

 इ કૃષ્ણકથા ઉપર આધારિત : **बालचरित.**

(૨) **बृहत्कथा** કે એવી લોકકથા ઉપર આધારિત : **स्वप्नवासवदत्त, प्रतिज्ञायौगन्धरायण, अविमारक, चारुदत्त.**

આ બધાં રૂપકોની રજૂઆતની લઢણ એક જ લેખકની કૃતિઓ હોય તેવું અનુમાન કરવા પ્રેરે છે, અને તે બધી જ એક જ અભિનેતા વર્ગ માટેની રંગાવૃત્તિઓ લાગે છે; કદાચ તે અભિનેતા વર્ગ સવેતન રંગભૂમિનો પણ હોય !

આ રૂપકો વાંચીને શરૂઆતના અતિ ઉત્સાહના કાળમાં કીથ જેવા મોટા વિદ્વાન વિવેચક પણ પ્રસન્ન થઈને ડૉ. ગણપતિ શાસ્ત્રીએ પ્રસારેલી ગૂંથણીમાં સાથ આપીને ભાસનાં નાટકો મળી

---

૧ मालविकाग्निमित्रम् :—(સં.) પરબ કે. પી.—નિર્ણયસાગર પ્રેસ, પ્રથમ અંક, પૃ. ૨, પંક્તિ ૬–૮

આવ્યાં તેનો ભારે આનંદ વ્યક્ત કરવા લાગ્યા ! પરંતુ સમય વીત્યો, ને આનન્દના અતિરેકનો ઉભરો શમ્યો ત્યાં તો આ રૂપકોના કર્તૃત્વને તેના નાટ્યતત્ત્વના મૂલ્યાંકનોની ચર્ચાવિચારણા થવા લાગી અને પ્રો. દેવધર[2] જેવા વિદ્વાનોએ પણ પોતપોતાની શંકાઓ આ રૂપકત્રયોદશીના કર્તૃત્વ પ્રત્યે વ્યક્ત કરવા માંડી ! (૧) એક વિદ્દદ્દ વર્ગ એવું માને છે કે આ બધાં રૂપકો ભાસનાં જ છે, (૨) બીજો વિદ્દદ્દ વર્ગ માને છે કે કેરલના ચાક્યાર નામના અભિનેતા વર્ગે પોતાને ભજવવા માટે તૈયાર કરેલી ભાસનાં જ રૂપકોની આ રંગાવૃત્તિઓ છે, (૩) ત્રીજો વિદ્દદ્દ વર્ગ એમ માને છે કે આ તેર રૂપકો ચાક્યારોએ પોતાના ઉપયોગ માટે સંપાદિત કરેલી, કોઈક નાટ્યકારોએ રચેલાં નાટકોની સંક્ષિપ્ત કે મૂળ રંગાવૃત્તિઓ છે, અને તે ભાસની કૃતિઓ જ નથી ! હવે આ છેલ્લા પક્ષમાં કેટલું તથ્ય છે તે વાચકો સમક્ષ હું રજૂ કરું છું :

ભાસ અંગેના **પ્રાચીન** ઉલ્લેખો મુખ્યત્વે બે પ્રકારના છે : (૧) ભાસની નાટ્યકાર તરીકેની પ્રશસ્તિરૂપના, અને (૨) ભાસની વિખ્યાતકૃતિ ' સ્વપ્નવાસવદત્ત ' નાટક અંગેના.

પ્રથમ આપણે ભાસની નાટ્યકાર તરીકેની પ્રશસ્તિરૂપ ઉલ્લેખોનો વિચાર કરીએ, અને પેલાં ભાસનાં કહેવાતાં તેર રૂપકોના અનુસંધાનમાં તેની યોગ્યતા ચર્ચીએ.

આ પ્રકારે ભાસ માટેના ઉલ્લેખો કરનારામાં મુખ્ય બાણ, દંડી, વાક્પતિરાજ, રાજશેખર અને જયદેવ છે.

બાણ[3] : **હર્ષચરિતની પ્રસ્તાવનામાં** બાણ ભાસનાં નાટકોની પ્રશસ્તિ આ પ્રમાણે કરે છે.

सूत्रधारकृतारम्भैर्नाटकैर्बहुभूमिकैः ।
सपताकैर्यशो लेभे भासो देवकुलैरिव ॥[4]

ઉપરના શ્લોકમાંનાં મુખ્ય, અર્થ ઘટાવનારાં પદો જોઈએ.

सूत्रधारकृतारम्भैः ' ભાસનાં નાટકોની શરૂઆત સૂત્રધાર કરતો; ' આમે ય સૂત્રધાર નાટ્યસૂત્રનો ધારણ કરનાર છે, તેથી તે નાટકની શરૂઆત કરે તે યોગ્ય જ છે. સંસ્કૃત-પ્રાકૃત, બધાં નાટકોમાં સામાન્ય રીતે આમ જ જોવા મળે છે. **नान्द्यन्ते** પછી મંગલશ્લોક બોલાતો હોય છે. કેટલાક આને ભાસનાં નાટકોનું વિશિષ્ટ લક્ષણ લેખે છે, પણ ઘણીખરી દાક્ષિણાત્ય પ્રતોમાં આવું જ જોવા મળે છે : ભગવદજ્જુકીય, ત્રૈવિક્રમ, દામકપ્રહસન વગેરેમાં પણ આમ જ છે. મત્તવિલાસ તથા મહેન્દ્રવિક્રમમાં આ જ રીતે **नान्द्यन्ते**નો ઉપયોગ થયેલો છે. ખરું

2 Devadhar C. R., *The Plays ascribed to Bhasa, Their authenticity and Merits*; The Oriental Book Agency, 1927, Poona.

૩ બાણનો સમય—ઈસુની સાતમી સદી આશરે, જૂઓ-संस्कृत साहित्यका इतिहास-મૂ. લે. ડૉ. કીથ, હિન્દી ભાષા, ડૉ. મંગલદેવ શાસ્ત્રી-પ્રકા૦ મોતીલાલ બનારસીદાસ, પૃ. ૩૭૨

૪ हर्षचरितम्—પ્રકા૦ નિર્ણયસાગર પ્રેસ, ૭મી આવૃત્તિ, ૧૯૪૬; પૃ. ૫, શ્લો. ૧૫

જોતાં તો ભાસનાં રૂપકનું વિશિષ્ટ લક્ષણ **कविनामविवर्जितैः** એવું હોવું જોઈએ, જે બાણે ઉપરના શ્લોકમાં નોંધ્યું નથી ! આ શું એવું સૂચવે છે કે ભાસનાં મૂળ રૂપકોમાં ભાસનું તથા રૂપકનું નામ મૂકેલાં હતાં ? મુદ્રારાક્ષસમાં પણ **नान्द्यन्ते પછી** તુર્ત સૂત્રધાર પ્રવેશ કરે છે, અર્થાત્ **सूत्रधारकृतारम्भैः** એ પદ ભાસની કોઈ વિશિષ્ટતાસૂચક નથી.

नाटकैर्बहुभूमिकैः 'બહુ ભૂમિકાવાળાં નાટકો વડે' એટલે : (૧) જેમાં વિવિધ પ્રકારની ભૂમિકા ભજવતાં પાત્રો હોય છે તેવાં નાટકો વડે, અથવા (૨) એક પાત્ર પણ અનેક ભૂમિકા ભજવે તેવાં નાટકો વડે; હવે : (૧) પ્રમાણે જોઈએ તો, અનેક ભૂમિકાવાળાં વિવિધ ભૂમિકાવાળાં અનેક પાત્રો, આ તેર રૂપકોમાં છે, તેમાં કશો વિવાદ નથી; (૨) પ્રમાણે એક પાત્ર અનેક ભૂમિકા ભજવે તેવું કથાવસ્તુ સ્વપ્નવાસવદત્ત તથા પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ નામે બે ત્રિવેન્દ્રમ નાટકોમાં છે, પણ આ બન્ને પ્રકારનાં બહુભૂમિક રૂપકોનો સંસ્કૃત–પ્રાકૃત સાહિત્યમાં તોટો નથી. આ બહુભૂમિકપણું ભાસનું કોઈ વૈશિષ્ટ્ય સૂચવતું નથી.

सपताकैः : 'પતાકા' એટલે ગૌણવસ્તુકથા. ત્રિવેન્દ્રમનાં તેર રૂપકોમાં આવી પતાકા કેટલી ? કેટલાક વિવેચકોએ ખોળીખોળીને આવી પતાકાઓ આ તેર રૂપકોમાંથી બતાવી છે, જેમકે 'સ્વપ્નવાસવદત્ત'માં પદ્માવતીપરિણય, 'અભિષેક'માં વિદૂષકકથા, 'મધ્યમવ્યાયોગ'માં બ્રાહ્મણની કથા, 'બાલચરિત'માં સંકર્ષણ કથા, રામવૃત્તોમાં વાલીવધ, વગેરે; પણ આવાં પતાકાવૃત્ત લગભગ બધાં સંસ્કૃત પ્રાકૃત રૂપકોમાં હોય છે જ, અને તેથી તો તે રૂપકો સફળ થયાં છે ! હજી ગઈ કાલનાં હિન્દી–ઊર્દૂ–ગુજરાતી કે બીજી પ્રાદેશિક ભાષાનાં રંગભૂમિનાં નાટકોમાં અને ભારતીય ફિલ્મી દુનિયામાં આવાં પતાકાવૃત્ત હતાં અને આજે પણ હોય છે. આ તો રૂપકનું એક આવશ્યક અંગ જ છે. ભાસનાં નાટકોનું આ વિશિષ્ટ લક્ષણ ન ગણી શકાય.

વળી, બાણે **नाटकैः** : શબ્દનો ઉપયોગ કર્યો છે, અને ભારતીય નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલાં રૂપકોમાં 'નાટક' એક પ્રકારનું રૂપક છે. આ રીતે વિચારતાં ત્રિવેન્દ્રમનાં તેર રૂપકો 'નાટકો' શી રીતે કહી શકાય ? સંસ્કૃત નાટકના 'લક્ષણ' પ્રમાણે તો આ તેરમાંથી માત્ર સ્વપ્નવાસવદત્ત, બાલચરિત, અવિમારક, અભિષેક અને પ્રતિમા જ નાટક નામને યોગ્ય છે, બાકીના આઠ તો માત્ર એકાંકી રૂપકો જ છે. આ પ્રમાણે વિચારતાં, બાણની ઉપરની સ્તુતિ ત્રિવેન્દ્રમનાં તેર રૂપકોની લાગતી નથી; તે તો કોઈ બીજાં જ ભાસનાં સાચાં નાટકોની જ પ્રશસ્તિ લાગે છે. આ ઉપરાંત, **देवकुलैरिव**એ પ્રશસ્તિ પણ રૂપકોનું–નાટકોનું પાવિત્ર્ય, આદરણીયત્વ સૂચવે છે. આ તેર રૂપકોમાં તેમને માટે દેવકુલ જેવું આદરણીયત્વ જાગે તેવું કેટલું છે ?

દંડી[૫] : 'અવન્તીસુન્દરીકથા'ને દંડીની કૃતિ માનવામાં આવે છે. તેના મંગલ શ્લોક પછી કવિ પોતાને વિષે ઉલ્લેખ કરતો હોય છે ત્યાં કવિએ આપેલો ભાસની પ્રશસ્તિ કરતો શ્લોક આ પ્રમાણે છે :

૫ દંડીનો સમય—આશરે ૬૬૦–૬૮૦ ઈ. સ. જૂઓ :

Kane M. M., History of Sanskrit Poetics, Pub. Motilal Banarasidass, Third Rev. Ed. 1961; Page 99

[6]सुविभक्तमुखाद्यङ्गैर्व्यक्तलक्षणवृत्तिभिः ।
परेतोऽपि स्थितो भासः शरीरैरिव नाटकैः ॥

"સ્વર્ગે ગયેલો ભાસ પોતાનાં શરીરો જેવાં નાટકો વડે (હજુ) જીવન્ત છે"। એવો આ શ્લોકનો ભાવ છે. ભાસનાં નાટકોની કેટલીક વિશિષ્ટતાઓ દંડીએ બતાવી છે. તેનાં નાટકોમાં મુખ વગેરે સંધિઓ તેનાં અંગો સાથે સ્પષ્ટ દર્શાવેલી છે, નાટકનાં લક્ષણો તથા (ભારતી વગેરે) વૃત્તિઓ સુન્દર રીતે વ્યક્ત થયેલી છે; આવા નાટ્યરચના કૌશલ્યવાળો ભાસ ભલે આજે જીવતો ન હોય, પણ તે તેનાં નાટકોરૂપી શરીરોથી જીવન્ત જ છે, અમરત્વને વરેલો છે! ખરું જોતાં ઉપર વર્ણવેલાં ભાસનાં નાટ્યકાર તરીકેનાં લક્ષણો દરેક સફળ નાટ્યકારનાં લક્ષણ છે. ભાસનું જ એ વૈશિષ્ટ્ય ન લેખાય. વળી, આ તેર રૂપકોમાં આ બધું છે તેમ સ્વીકારી લઈએ તો પણ તે બધાં રૂપકો માટે ભાસનું કર્તૃત્વ સ્વીકારવાનું કોઈ પ્રમાણ નથી.

વાક્પતિરાજ[7] : પોતાની વિખ્યાત કૃતિ ગૌડવહો[8] (ગૌડવધ)માં વાક્પતિરાજ **भासे जलणमित्ते** એવું ભાસ માટે કહે છે એવું માનીને 'જ્વલનમિત્ર' એ વિશેષણની[8अ] યોગ્યતા—જે શંકાસ્પદ છે—ભાસ માટે સિદ્ધ કરવા સારુ ડૉ. વિન્ટરનીટ્ઝ, ડૉ. બૅનરજી શાસ્ત્રી અને પ્રો. ઘટક વગેરે આ તેર રૂપકોમાંથી અગ્નિનાં દશ્યો કે તેના ઉલ્લેખો શોધી બતાવે છે; જેમકે

૬ અવન્તીસુન્દરી કથા :—(સંપા.) શાસ્ત્રી રામનાથ શે. કૃ. દક્ષિણ ભારતી ગ્રન્થમાલા, નં. ૩, મદ્રાસ, ૧૯૨૪, પૃ. ૨, શ્લો. ૧૧

૭ વાક્પતિરાજનો સમય—આશરે ૮મી સદી ઈસુની; જૂઓ ગૌડવહો-બૉમ્બે સંસ્કૃત પ્રાકૃત સીરીઝ, ૧૯૨૭, Introduction Page C.

૮ વાક્પતિરાજ—ગૌડવહો, એજન, પૃ. ૨૨૧-શ્લોક ૮૦૦

૮अ પરન્તુ આપણે મૂળ ગાથા જોઈએ :

भासम्मि जलणमित्ते कन्तीदेवे अ जस्स रहुआरे ।
सोबन्धवे अ बन्धम्मि हारियन्दे अ आणन्दो ॥ (गौडवहो–श्लोक ८००)

ગૌડ૦નો ટીકાકાર ભટ્ટ હરિપાલ (આશરે ઈસુની ૧૭મી સદી પૂર્વે) સંસ્કૃત ટીકામાં લખે છે: **भासः ज्वलनमित्रः कुन्तीदेव इति कवयः।** સ્પષ્ટ છે કે ટીકાકારે "ભાસ, જ્વલનમિત્ર, કુન્તીદેવ (વગેરે) કવિઓ" એવો અર્થ કર્યો છે; ડૉ. વિન્ટરનીટ્ઝ વગેરે ज्वलनमित्र એ પદને ભાસનું વિશેષણ સમજ્યા છે! ટીકાકારને મતે જ્વલનમિત્ર નામનો કવિ થઈ ગયો!

ટીકાકારે कवयः એ 'कवि'નું બહુવચન કરેલું પદ વાપર્યું છે; 'ज्वलनमित्रः' એ સ્વતંત્ર પદ છે, 'भास' પદનું વિશેષણ નથી; જો તે પદ વિશેષણ હોત તો ટીકાકારે कवि શબ્દ દ્વિવચનમાં જ વાપર્યો હોત! कवयः એ પદ 'ભાસ, જ્વલનમિત્ર તથા કુન્તીદેવ એ ત્રણ કવિઓ છે', એમ સમજાવે છે. ગૌડવહો'ના સંપાદક શ્રી. ઉત્ગીકર પણ 'જ્વલનમિત્ર' નામનો કોઈ કવિ જ સમજે છે: V. 800 mentions Bhasa, Jvalanmitra, Kantidev, Raghukar, Subandhu and Harichanda-in whose works Vakpati had his delight. (Intro.) વધારામાં તે સૂચવે છે કે આ ગાથાની પ્રથમ પંક્તિમાં વિખ્યાત પદ્ય કવિઓનો તથા બીજી પંક્તિમાં ગદ્ય કવિઓનો કવિએ ઉલ્લેખ કર્યો છે.

આ રીતે 'જ્વલનમિત્ર'એ કોઈ કવિનું નામ જ છે, માટે તે પદને 'ભાસ'નું વિશેષણ સમજીને 'ભાસનાં નાટકો'માં અગ્નિનો સંબંધ શોધવાનો પ્રયાસ મિથ્યા છે.

યજ્ઞનો અગ્નિ, ક્રોધનો અગ્નિ, માનસિક તનાવરૂપી અગ્નિ વગેરે; વળી અભિષેકમાં ૬, ૨૪-૨૭, અવિમારકમાં ૪-૮, પંચરાત્રમાં ૧-૬-૧૯, બાલચરિતમાં ૨-૨૪, દૂતવાક્યમાં-૩૨, દૂતઘટોત્કચમાં-૨૨, તથા સ્વપ્નવાસવદત્તમાં ૧લા અંકમાં લાવાણકદહનનું વર્ણન વગેરે છે; પણ એમ તો રત્નાવલીમાં પણ અગ્નિનું દશ્ય કયાં નથી ? રામાયણવૃત્તનાં રૂપકોમાં લંકાદહનનું વૃત્ત આવે જ છે; ટૂંકામાં અગ્નિનું કે અગ્નિદાહનું વર્ણન કરનાર ભાસ માટે 'જ્વલનમિત્ર' એવું વિશેષણ, આ તેર રૂપકોમાંની વર્ણનાને લીધે આપી શકાય તેવી યોગ્યતા નથી.

રાજશેખર[૯] : 'સૂક્તિમુક્તાવલી' નામે જલ્હણની કૃતિમાં રાજશેખરને નામે ચઢેલો એક આ શ્લોક છે:

भासनाटकचक्रेऽपि च्छेकैः क्षिप्ते परीक्षितुम् ।
स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥[१०]

આ શ્લોક ઉપરથી સમજાય છે કે ભાસનાં નાટકોનું એક ચક્ર થાય તેટલાં નાટકો તેણે રચ્યાં હતાં, અને તે બધાંમાં "સ્વપ્નવાસવદત્ત" એ વિવેચકોને મતે સર્વશ્રેષ્ઠ હતું. હવે 'નાટકચક્ર' નાટકોની સંખ્યા સૂચવે છે, તેથી ચક્રમાં આરા હોઈ શકે તેટલાં, સંખ્યાબંધ નાટકો ભાસે રચ્યાં હતાં; સામાન્ય રીતે ચક્રમાં ચાર, આઠ, બાર કે સોળ આરા હોય, તેર ન હોઈ શકે, જે સંખ્યા ત્રિવેન્દ્રમપ્રાપ્ત રૂપકોની છે. શબ્દકલ્પદ્રુમમાં[૧૧] 'ચક્ર'નું લક્ષણ આ પ્રમાણે એક ઉદ્ધરણ આપીને સમજાવ્યું છે :

द्वादशारंस्तु षट्कोणं वलयत्रयसंयुतम् ।
चक्रं स्याद्... ... ...

રાશિચક્રની જેમ તે બાર આરાનું હોવાનો વિશેષ સંભવ છે. એ દૃષ્ટિએ પણ ત્રિવેન્દ્રમનાં તેર રૂપકો ભાસનાં ન હોવાનો મત દઢ થાય છે. ઉપર ઉદ્ધૃત રાજશેખરનો શ્લોક 'સ્વપ્નવાસવદત્ત'ની માત્ર લોકપ્રિયતા જ સૂચવે છે. (અત્રે એ નોંધવું જોઈએ કે રાજશેખરે પોતાની કોઈ બીજી કૃતિમાં ભાસ અથવા તેની કોઈ કૃતિનો ઉલ્લેખ નથી કર્યો) ઉપરના શ્લોકમાં કહ્યું છે તેમ ભાસે 'નાટકચક્ર'માં સૂચવ્યા પ્રમાણે 'નાટકો' રચ્યાં હતાં; વીથી, પ્રહસન, ભાણ, વ્યાયોગ, કે એવું કોઈ રૂપક નહિ, કારણ કે નાટ્યશાસ્ત્રીઓએ દશ પ્રકારનાં રૂપકો વર્ણવ્યાં છે, તેમાં 'નાટક' નામનું એક રૂપક છે. ત્રિવેન્દ્રમનાં 'તેર'માં માત્ર થોડાં જ 'નાટક' નામને યોગ્ય છે, એ આ પૂર્વે મેં દર્શાવ્યું જ છે. અલબત્ત, એ નિર્વિવાદ છે કે ભાસે 'સ્વપ્નવાસવદત્ત' નામે એક અપૂર્વ નાટક રચ્યું હતું; પણ તે કયું 'સ્વપ્નવાસવદત્ત' ? આજે જેને શ્રી. ગણપતિ

---

૯ રાજશેખર—સમય ઇસુની ૯મી સદીની છેલ્લી પચ્ચીશથી ૧૦મી સદીનો પૂર્વાર્ધ-જૂઓ काव्यमीमांसा, ગાયક૦ ઓ૦ સીરીઝ વૉ. ૧, Introduction to Kāvya mimāṁsā. P. 31

૧૦ જલ્હણ ભગદત્ત—સૂક્તિમુક્તાવલી-ગાયક૦ ઓ૦ સીરીઝ-વૉ. No. LXXXII-૧૯૩૮; પૃ. ૪૩, શ્લો. ૪૮

૧૧ चक्र—જૂઓ-બરદપ્રસાદ બસુ અને હરિચરણ બસુ, સંપાદિત-शब्दकल्पद्रुम-प्रथम भाग કલકત્તા-ઈ. સ. ૧૮૮૭, પૃ. ૪૦૯

શાસ્ત્રીએ આપણને લાવી આપ્યું છે તે, કે કોઈ બીજું ? તે 'સ્વપ્નવાસવદત્ત' કોઈ બીજું જ હશે. આ 'તેર'ની હસ્તપ્રતોની કોઈ પણ પ્રસ્તાવનામાં ક્યાં યે કવિનું કે કૃતિનું પણ નામ નથી, તેથી એ 'તેર' ભાસની કૃતિઓ છે નહિ અને સંભવતી પણ નથી.

જયદેવ[૧૨] : જયદેવ તેમની કૃતિ 'પ્રસન્નરાઘવ'માં **भासो हास: कविकुलगुरु: कालिदासो विलास:**[૧૩] । એમ કહીને ભાસને 'કવિતાદેવીનું હાસ' એવું બિરુદ આપે છે, પણ આ 'તેર' રૂપકોને આધારે ભાસને 'કવિતાદેવીનું હાસ' એ બિરુદ અપાય તેવું તેમાં શું છે ? હસવા-હસાવવાનું કાર્ય તો રૂપકોમાં વિદૂષક, વિટ, ચેટ, દાસીઓ વગેરે કરતાં જ હોય છે, અને કોઈ પણ રૂપકમાં–Performing Art હોવાથી, હાસ્યનાં છાંટણાં તો આવે જ છે. એથી વિશેષ હાસ્ય તો પ્રહસનમાં આવે, પણ એવું કોઈ વિશિષ્ટ હાસ્યતત્ત્વ આ 'તેર'માંથી કોઈમાંય દેખાતું નથી ! સાધારણ હાસ્ય તો 'અવિમારક'માં સંતુષ્ટ, 'ચારુદત્ત'માં મૈત્રેયને શકાર, 'સ્વપ્નવાસવદત્ત'માં વિદૂષક, 'પ્રતિમા'માં સુધાકર, 'મધ્યમવ્યાયોગ'માં ભીમ-ઘટોત્કચ વગેરે હાસ્યના પ્રેરકો છે, પણ આટલો હાસ્યરસ તો દરેક રૂપકમાં અંગરસરૂપે હોય છે જ, ને હોવો પણ જોઈએ, નહિ તો માત્ર એક અંગીરસને લીધે રૂપક ભારેખમ અને કંટાળાજનક બની જાય. આથી **भासो हास:** એ ઉક્તિ આ 'તેર' રૂપકોને લાગુ પડતી નથી; ભાસનાં કોઈ બીજાં રૂપકોને–નાટકોને તે યોગ્ય હશે, જે 'નાટકો' હજુ આજે આપણને પ્રાપ્ત થયાં નથી. અલબત્ત, ભાસ હાસ્યરસ પ્રધાન કોઈક નાટકો રચી ગયો છે, એ વિધાનને આથી બાધ આવતો નથી. આ ઉદ્ધરણથી માત્ર એટલું જ સિદ્ધ થાય છે કે આ 'તેર' રૂપકોનો કર્તા ભાસ નથી; તેનાં હાસ્યરસ પ્રધાન 'નાટકો' તો બીજાં જ હશે.

ઉપરની વિચારણાના ઉપસંહારમાં એટલું કહેવું જોઈએ કે બાણ, દંડી, વાક્પતિરાજ, રાજશેખર કે જયદેવે જે નાટ્યકાર ભાસની પ્રશસ્તિ કરી છે, તેના જે નાટચકાર ગુણની પ્રશંસા કરી છે તે યોગ્ય છે, પણ તે બધી પ્રશંસા આ 'તેર' રૂપકોના કોઈ કર્તા કે કર્તાઓને ઘટતી નથી; કારણ કે તે રૂપકોમાં ઉપર પ્રશંસાયેલી ગુણસમૃદ્ધિ નથી ! બાકી, ભાસને જે નાટકોના સર્જનથી આટલી કીર્તિ પ્રાપ્ત થઈ, એટલો આદરભાવ સાંપડયો કે જેને લીધે કાલિદાસ જેવા સમર્થ નાટચકારને પણ પોતાના 'માલવિકાગ્નિમિત્ર'માં ભાસ માટે 'પ્રથિતયશસ્' જેવું સમ્માનપદ વાપરવાનું મન થયું, તે ભાસનાં નાટકો આ 'તેર' નથી; તે તો બીજાં જ હોવાં જોઈએ, જે હજુ આપણને પ્રાપ્ત થયાં નથી; ભારતની સંસ્કૃતપ્રેમી જનતાને તેની પ્રાપ્તિનું સૌભાગ્ય તો જ્યારે પ્રાપ્ત થાય ત્યારે ખરું !

ભાસ વિષેના પ્રાચીન ઉલ્લેખો વિષે આપણે વિચાર કર્યો. હવે ભાસની વિખ્યાત કૃતિ 'સ્વપ્નવાસવદત્ત' વિષેના પ્રાચીન ઉલ્લેખો આપણે જોઈએ.

---

૧૨ જયદેવ—સમય ઈસુની બારમી તથા તેરમી સદીનો સન્ધિકાલ-જૂઓ :

Dasgupta & De–History of Sanskrit Literature, Vol. 1, pub. University of Calcutta, P. 560

૧૩ જયદેવ—प्रसन्नराघवम्–प्र. निर्णयसागर प्रेस, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૮૯૪; પૃ. ૨૫, અ. ૧, શ્લો. ૨૨

'સ્વપ્નવાસવદત્ત' વિષેના ઉલ્લેખો નીચેની કૃતિઓમાં મળે છે :

(૧) અભિનવગુપ્તાચાર્યની નાટ્યશાસ્ત્રની 'અભિનવભારતી'[૧૪] ટીકામાં, (૨) શારદાતનયના ભાવપ્રકાશન[૧૫]માં, (૩) સર્વાનન્દના 'અમરકોશટીકાસર્વસ્વ'[૧૬]માં. (૪) ભોજદેવના 'શૃંગારપ્રકાશ'[૧૭]માં (૫) રામચન્દ્ર-ગુણચન્દ્રના 'નાટ્યદર્પણ'[૧૮]માં, (૬) સાગરનન્દીના 'નાટકલક્ષણરત્નકોશ'[૧૯]માં અને (૭) શાકુન્તલ વ્યાખ્યા'[૨૦]માં.

(૧) અભિનવગુપ્તે નાટ્યશાસ્ત્રની (૧-૧૦૬) પોતાની 'અભિવનવભારતી' નામની ટીકામાં 'ક્રીડા'ના ઉલ્લેખ પ્રસંગે લખ્યું છે :

क्वचित् क्रीडा–यथा स्वप्नवासवदत्तायाम् ।

અલબત્ત, પેલાં 'તેર' રૂપકોમાંના એક 'સ્વપ્નવાસવદત્ત'ના બીજા અંકમાં કંદુક ક્રીડાનો પ્રસંગ છે ખરો, પણ મ. મ. કુપ્પુસ્વામી શાસ્ત્રી એવું માને છે કે અભિનવગુપ્ત કોઈક બીજી 'સ્વપ્નવાસવદત્ત' નામની કૃતિનો ઉલ્લેખ કરે છે કારણ કે 'તેર'માંના 'સ્વપ્નવાસવદત્ત'માં ક્રીડાનો પ્રસંગ બહુ જ ગૌણ છે, ને જરા યે મહત્ત્વનો નથી; પણ આથી પણ અગત્યનો બીજો પ્રશ્ન અહીં જાગે છે. અભિનવે 'ધ્વન્યાલોક'ના પોતાના 'લોચન'માં, ત્રીજા ઉદ્યોતની ટીકામાં, 'સ્વપ્નવાસવદત્ત'માંથી ઉદ્ધૃત કરેલો એક શ્લોક આજે પ્રાપ્ત પેલા 'સ્વપ્નવાસવદત્ત'માં કેમ નથી ? 'ધ્વન્યાલોક'ના ગદ્યખંડમાં આમ કહ્યું છે :

दृश्यन्ते च कवयोऽलंकारनिबन्धनैकरसा अनपेक्षितरसाः प्रबन्धेषु ।[૨૧]

---

૧૪ કવિ એમ. રામકૃષ્ણ—સં. ભરત-नाटयशास्त्र, अभिनवभारती ટીકા સાથે; વૉ. ૧, ગાયક૦ ઓ૦ સી૦ નં. ૩૬, ૧૯૨૬, પ્રથમ અધ્યાય, પૃ. ૩૮, શ્લો. ૧૦૬ તથા પૃ. ૩૯ ટીકા; પંકિત ૧૭-૧૮

૧૫ શારદાતનય—भावप्रकाशनम्, ગાયક૦ ઓ૦ સી૦ વડોદરા, નં. ૪૫, ૧૯૩૦, પૃ. ૨૩૯, અધિ. ૮, ૨૭ પંક્તિ.

૧૬ સર્વાનન્દ—अमरकोशटीकासर्वस्व-જૂઓ :

Dasgupta and De, History of Sanskrit Literature, Ed. 1962, Pub. Uni. of Calcutta, P. 714, F. N. 1

૧૭ ભોજદેવ—शृङ्गारप्रकाशम् : Vol. II–Ed. G. R. Jaysov, Pub. International Academy of Sanskrit Research, Mysore, 1963; P. 502

૧૮ રામચન્દ્ર અને ગુણચન્દ્ર, नाटयदर्पणम्—ગાયક૦ ઓ૦ સી૦ Vol. 48, A. D. ૧૯૨૯, પૃ. ૩૫

૧૯ સાગરનન્દી—नाटकलक्षणरत्नकोशम्-સં. ધીલોન, એમ. પ્રકા૦ ઑક્ષફર્ડ યુનિ. પ્રેસ, ૧૯૩૭, પૃ. ૫૧

૨૦ લેખક—અજ્ઞાત शाकुन्तलव्याख्या, R. No. 2778, Govt. Oriental Mss. Lib., Madras.

૨૧ આનન્દવર્ધન—ध्वन्यालोक-लोचन સહિત; હરિદાસ સંસ્કૃત ગ્રન્થમાલા, ચૌખમ્બા સં૦ સી૦ ૧૯૪૦; ૩-उद्योत, મૂળ પૃ. ૩૪૨, તથા પૃ. ૩૪૪, લોચન-પૃષ્ઠની છેલ્લી ત્રણ પંક્તિ.

ત્યાં અભિનવ પોતાની ટીકામાં દૃષ્ટાન્ત આપતાં કહે છે:

यथा स्वप्नवासवदत्ताख्ये नाटके,
सञ्चितपक्ष्मकपाटं नयनद्वारं स्वरूपतडनेन ।
उद्घाटच सा प्रविष्टा हृदयगृहं मे नृपतनूजा ॥

ધ્વન્યાલોકકાર કહે છે કે કેટલીકવાર કવિઓ અલંકારસૌંદર્ય નીપજાવવામાં એવા લીન બની જાય છે કે પ્રબંધના મુખ્ય રસની નિષ્પત્તિને તેઓ અવગણી બેસે છે! અહીં અગત્યની બીના એ છે કે **सञ्चितपक्ष्म॰** એ શ્લોક 'તેર'માંના 'સ્વપ્નવાસવદત્ત'માં નથી! વળી, આ કહેવાતા 'સ્વપ્નવાસવદત્ત' નાટકમાં કોઈ સ્થળે તેને મૂકી (ઘૂસાડી) શકાય તેમ નથી, એવું બધા સ્વીકારે છે! આનો અર્થ એ થયો કે અભિનવગુપ્ત આ શ્લોક કોઈક બીજા 'સ્વપ્નવાસવદત્ત' નાટકમાંથી ઉદ્ધૃત કરી રહ્યો છે, અને તેથી ન્યાયપૂર્વક પ્રો. કુપ્પુસ્વામી શાસ્ત્રી, પીશારોટી, ભટ્ટનાથ અને ડૉ. કાણે જેવા એવું માનવા પ્રેરાયા છે કે આ ત્રિવેન્દ્રમપ્રાપ્ત 'સ્વપ્નવાસવદત્ત' કહેવાતું નાટક ભાસનું રચેલું નાટક નથી!

વસ્તુત: **सञ्चितपक्ष्म॰** એ શ્લોક 'પ્રથમ દૃષ્ટિએ પ્રેમ'ના પ્રસંગને અનુરૂપ છે. કહેવાતાં 'સ્વપ્નવાસવદત્ત'માં આ શ્લોક ક્યાંયે, કેમે ય, બંધ બેસતો નથી. ખુદ ગણપતિ શાસ્ત્રી પણ આ મત સાથે સંમત થાય છે. અભિનવગુપ્ત જેવો વિદ્વાનને પ્રામાણિક વિવેચક ખોટું અવતરણ ટાંકે નહિ, એ તો બધા સ્વીકારે છે. પ્રો. પુસાલકર એમ બચાવ કરવા યત્ન કરે છે કે લહિયો ભૂલથી, શરતચૂકથી આ શ્લોક લખવો ચૂકી ગયો હશે, પરંતુ આ વિશ્વાસપ્રેરક દલીલ નથી.

ભોજદેવ પોતાના 'શૃંગારપ્રકાશ'ના બારમા 'પ્રકાશ'માં નોંધે છે:

२१अ(स्वप्न) वासवदत्ते पद्मावतीमस्वस्थां द्रष्टुं राजा समुद्रगृहकं गतः । पद्मावतीरहितं च तदवलोक्य तस्या एव शयनीये सुष्वाप । वासवदत्तां च स्वप्नवदस्वप्ने ददर्श । स्वप्नायमानश्च स वासवदत्तामाबभाष । स्वप्नशब्देन चेह स्वापो वा स्वप्नदर्शनं वा स्वप्नायितं वा विवक्षितम् ।

ઉપરના ગદ્યખંડનું વૃત્ત આજે પ્રાપ્ત **स्वप्नवासवदत्त**ના વૃત્ત સાથે મળતું આવે છે, એટલું જ માત્ર. મૂળ ભાસના નાટકમાં ઉપરનું વૃત્ત હશે, પણ તેથી આજનું સપ્નવાસવદત્ત ભાસનું છે તેવું સિદ્ધ થતું નથી. આ પ્રસંગ મૂળ તથા આજના, બન્ને નાટકોમાં હોઈ શકે, પણ તેથી આજના 'સ્વપ્નવાસવદત્ત' નાટકનું ભાસનું કર્તૃત્વ સિદ્ધ થતું નથી.

શારદાતનય: પોતાના 'ભાવપ્રકાશન'ના આઠમા અધિકારમાં શારદાતનય પ્રશાન્ત નાટકનું ઉદાહરણ આપે છે, અને ત્યાં 'સ્વપ્નવાસવદત્ત' નાટકનો સાર આપે છે. આ કથાસાર સામાન્ય રીતે આજના 'સ્વપ્નવાસવદત્ત' નાટકની કથાને મળતો આવે છે, પણ કેટલીક વિસંગતતાઓ પણ નોંધવા જેવી છે.

૨૧अ મૂળ પુસ્તકમાં 'स्वप्न' એ પદ નથી.

દા. ત. पद्मावत्या मुखं वीक्ष्य विशेषकविभूषितम् ।
जीवत्यवन्तिकेत्येतज्ज्ञातं भूमिभुजा यथा ॥

આજે પ્રાપ્ત 'સ્વપ્નવાસવદત્ત'માં આ શ્લોક નથી! આ શ્લોક પ્રતિમુખ સન્ધિનો પ્રસંગ નોંધે છે; પણ આવો કોઈ પ્રસંગ ત્રિવેન્દ્રમપ્રાપ્ત નાટકમાં નથી; છતાં પ્રતિકૃતિદર્શનના પ્રસંગે આ શ્લોક યોગ્ય રીતે ગોઠવી શકાય એમ કહેવા માત્રથી કશું સિદ્ધ થઈ શકતું નથી. પ્રો. કેશવ હ. ધ્રુવ તો વિદૂષકની ઉક્તિ સુધારીને, આ શ્લોકને ત્યાં ગોઠવી દેવા માગે છે, પણ પ્રો. દેવધર યોગ્ય રીતે જ, આ યુક્તિને અયોગ્ય ઠેરવે છે. વળી, શારદાતનયે પોતાને અનુકૂળ ફેરફાર કરીને આ પ્રસંગ મૂકયો હશે એમ કહેવું તે શારદાતનયને અન્યાય કરવા જેવું તથા આપણા જેવા વાચકને મૂર્ખ ઠરાવવા સરખું છે. એક જ કૃતિની જુદી જુદી પ્રતોમાં જુદાં જુદાં વાકયો હોવાનું સંભવે છે, પણ જુદી જુદી પ્રતોમાં પ્રસંગો પણ જુદા જુદા હોય તે માની શકાય તેવું નથી! 'શાકુન્તલ' તથા 'મેઘદૂત' જેવી કૃતિઓની દાક્ષિણાત્ય તથા પૌરસ્ત્ય કે ઉત્તરાપથની પ્રતોમાં પાઠફેર મળી આવે છે, પણ પ્રસંગફેર કેટલા?

સર્વાનન્દ : તેના 'અમરકોશટીકાસર્વસ્વ'માં શૃંગાર રસના ત્રણ પ્રકાર વર્ણવે છે: ધર્મશૃંગાર, અર્થશૃંગાર અને કામશૃંગાર. ધર્મશૃંગારના દૃષ્ટાંત તરીકે તે 'નન્દયન્તી' નામની કૃતિનું નામ આપે છે, અને કામશૃંગારના દૃષ્ટાન્ત તરીકે ઉદયન–વાસવદત્તાનું 'સ્વપ્નવાસવદત્ત'માં થયેલું લગ્ન ઉદાહૃત કરે છે! આનો અર્થ એ થયો કે સ્વપ્નવાસવદત્તનું વસ્તુ ઉદયન–વાસવદત્તાની પ્રણયકથાનું હતું, જે આજના 'સ્વપ્નવાસવદત્ત'માં નથી! પ્રાપ્ત 'સ્વપ્નવાસવદત્ત'માં તો ઉદયનપદ્માવતીના લગ્નની કથા છે! તેથી આજનું 'સ્વપ્નવાસવદત્ત' નાટક ચાકયારો કે બીજા કોઈએ રચેલું કે રચાવેલું, મૂળ ભાસના 'સ્વપ્નવાસવદત્ત' કરતાં કોઈક જુદું જ, નાટક છે એમાં કોઈ સન્દેહ રહેતો નથી. આથી ભાસનું નાટક તો કોઈ જુદું જ, કોઈ બીજું જ હતું તેવો ભટ્ટનાથ સ્વામી, પિશારોટી વગેરેનો મત તર્કસંગત છે. અર્થશૃંગારનું ઉદાહરણ સર્વાનન્દે પોતાનાં નીચેનાં વાકયોમાં આપ્યું છે. વાકયો આ પ્રમાણે છે:

त्रिविधः शृङ्गारः धर्मार्थकामभिन्नः । तत्राद्यो यथा नन्दयन्त्यां ब्राह्मणभोजनम् । द्वितीयः स्वदि(दे)शमात्मसात्कर्तुमदयनस्य पद्मावतीपरिणयोऽर्थशङ्गारः । तृतीयः स्वप्नवासवदत्ते तस्यैव वासवदत्तापरिणयः कामशृङ्गारः ।

આ વાકયોનું અર્થઘટન કરીએ: શૃંગારના ત્રણ પ્રકાર છે, ધર્મશૃંગાર, અર્થશૃંગાર અને કામશૃંગાર. પહેલો, ધર્મશૃંગાર 'નન્દયન્તી'માં છે, જ્યાં બ્રહ્મભોજનનો પ્રસંગ છે; બીજો, અર્થશૃંગાર છે, જેમાં પોતાનો ગૂમાવેલો દેશ પાછો મેળવવા માટે ઉદયન પદ્માવતી સાથે લગ્ન કરે છે, અને ત્રીજો, કામશૃંગાર છે જે 'સ્વપ્નવાસવદત્ત'માં છે, જ્યાં ઉદયન વાસવદત્તા સાથે વિવાહ કરે છે. આ છેલ્લું વિધાન ભાસના 'સ્વપ્નવાસવદત્ત' નાટકની વસ્તુકથાને આજના 'સ્વપ્નવાસવદત્ત' નાટકની કથાથી બિલકુલ વિપરીત બતાવે છે! ખરું જોતાં આજના 'સ્વપ્નવાસવદત્ત' નાટકમાં અર્થશૃંગાર છે, કારણ કે અહીં ઉદયન પોતાનું રાજ્ય પાછું મેળવવા પદ્માવતી સાથે લગ્ન કરે છે! આ સિદ્ધ કરે છે કે ત્રિવેન્દ્રમનું

'સ્વપ્નવાસવદત્ત' નાટક ભાસનું રચેલું વિખ્યાત 'સ્વપ્નવાસવદત્ત' નાટક નથી. આથી આજનું 'સ્વપ્નવાસવદત્ત' ભાસ સિવાયની કોઈ વ્યક્તિએ રચેલું છે એમાં વિવાદને લેશ પણ અવકાશ નથી. વળી, ઉપર આપેલાં સર્વાનન્દનાં વાક્યો એમ પણ સૂચવે છે કે ઉદયનકથાના પ્રસંગો ઉપરથી ઓછામાં ઓછાં બે જુદાં નાટકો તો રચાયાં જ હશે, એકમાં વાસવદત્તાની પ્રણયકથા તથા બીજામાં પદ્માવતીના પરિણયની કથા. આ ઉપરથી તો શ્રી કુન્હનરાજા જેવા વિદ્વાન એવા નિર્ણય ઉપર આવ્યા છે કે વાસવદત્તા–ઉદયનની પ્રણયકથા મૂર્ત કરતું ભાસરચિત કોઈ બીજું જ 'સ્વપ્નવાસવદત્ત' નાટક હશે.

'સ્વપ્નવાસવદત્ત' વિષે બીજો એક અગત્યનો ઉલ્લેખ આપણને રામચંદ્ર–ગુણચંદ્ર નામના નાટ્યશાસ્ત્રીઓએ પોતાના 'નાટ્યદર્પણ' નામે ગ્રન્થમાં કર્યો છે. તેઓ લખે છે :

यथा भासकृते स्वप्नवासवदत्ते शेफालिकाशिलातलमवलोक्य वत्सराजः–

पादाक्रान्तानि पुष्पाणि सोष्म चेदं शिलातलम् ।
नूनं काचिदिहासीना मां दृष्ट्वा सहसा न(ग)ता ॥

ડૉ. લેવી 'भासकृते' એ પદ ઉપરથી એવો અર્થ તારવે છે કે ભાસના લખેલા 'સ્વપ્નવાસવદત્ત'માં આ પ્રમાણે છે. બીજા કોઈના લખેલા, કોઈક બીજા 'સ્વપ્નવાસવદત્ત'માં નહિ! જેમાં આ શ્લોક નથી! પ્રો. પુસાલકર દલીલ કરે છે કે એક જ શીર્ષકવાળાં બે નાટકો હજુ જોવા મળ્યાં નથી! પરંતુ આજે ય 'રામાયણ' કેટલાં મળે છે? વાલ્મીકિ રામાયણ, અધ્યાત્મ રામાયણ, તુલસી રામાયણ અને એવાં બીજાં પણ! રામકથા કે કૃષ્ણકથા ઉપરથી રચાયેલી કૃતિઓ પણ એક જ નામવાળી આજે મળે જ છે ને? અલબત્ત, આજ બે લેખકો–રામચંદ્ર–ગુણચંદ્ર, 'મૃચ્છકટિક' માટે પણ शूद्रकविरचितम् એમ કહે છે, તો 'મૃચ્છકટિક' પણ બીજું હશે? કદાચ 'દરિદ્ર ચારુદત્ત' કે 'ચારુદત્ત'નાં નામ જ 'મૃચ્છકટિક' હશે, ને નવાં નામ પાછળથી અપાયાં હશે? અલબત્ત, भासकृतेમાંથી કશો વિશેષ અર્થ સાંપડતો નથી. લહિયાઓની ચૂકથી આ શ્લોક લખવો રહી ગયો હશે, એવી દલીલ હવે નિરર્થક છે. દરેક વખતે આવી ચૂક બતાવીને કશું સિદ્ધ ન થઈ શકે. વળી, આ રીતે ક્યાંક ક્યાંક મળી આવતા ખંડો આજના 'સ્વપ્નવાસવદત્ત'માં નથી, પણ આ 'સ્વપ્નવાસવદત્ત'માં તે કોક કોક સ્થળે સંદર્ભ ગોઠવીને મૂકી શકાય એવી દલીલ આપણું અજ્ઞાન અને આપણી અશક્તિ સિવાય બીજું કશું જાહેર કરતી નથી. ડૉ. રાજા આવી છૂટ લેવાનો યોગ્ય રીતે જ વિરોધ કરે છે. પ્રો. કે. હ. ધ્રુવ પણ મૂળ હસ્તપ્રત ત્રુટિત છે એટલે ફાવતા ફેરફાર, તેમની ટેવ મુજબ, કરે છે તે પણ બરાબર નથી. 'નાટયદર્પણ'માંનું ઉપરનું અવતરણ એક જ વાત સિદ્ધ કરે છે કે વિખ્યાત નાટયકાર ભાસે 'સ્વપ્નવાસવદત્ત'નામે એક લોકપ્રિય નાટક રચ્યું હતું. આ નાટક આજે પ્રાપ્ય નથી. ત્રિવેન્દ્રમમાંથી પ્રાપ્ત થયેલાં રૂપકોમાંનું એક પણ ભાસનું રચેલું છે તેવું સિદ્ધ કરી શકાય તેવું કોઈ પ્રમાણ નથી, કારણ કે આપણે ચર્ચેલા ભાસના મૂળ નાટકના વસ્તુ સાથે આજે આપણે ભાસના માની બેઠેલા પેલાં તેર રૂપકોમાંના 'સ્વપ્નવાસવદત્ત' નાટકનું વસ્તુ બિલકુલ મળતું આવતું નથી.

ડૉ. લેવી સાગરનન્દીના ' નાટકલક્ષણરત્નકોષ 'માં ' સ્વપ્નવાસવદત્ત 'માંથી લીધેલું એક અવતરણ ટાંકે છે. પ્રસ્તાવના પછી નાટકના મુખ્ય દશ્યને રંગ પર લાવવા માટેની યુક્તિની ચર્ચા કરતાં સાગરનન્દી લખે છે :

यथा स्वप्नवासवदत्ते, नेपथ्ये सूत्रधारः (उत्सारणां श्रुत्वा पठति) अये कथं तपोवनेऽप्युत्सारणा । (विलोक्य) कथं मन्त्री यौगन्धरायणो वत्सराजस्य राज्यप्रत्यायनं कर्तुंकामः पद्मावतीयजनेनोत्सार्यते । इत्युत्सारणाशब्दोऽत्र पूर्वकप्रयोगमुत्सार्य नाटकार्थसूचक इति प्रयोगातिशयः ।

આજે ત્રિવેન્દ્રમપ્રાપ્ત ' સ્વપ્નવાસવદત્ત 'માં આ નથી. ત્યાં તો :

सूत्रधार :—अङ्ग पश्यामि । (नेपथ्ये) उस्सरह उस्सरह । अय्या उस्सरह ।

सूत्र० :—भवतु विज्ञातम् ।

भृत्यैर्मगधराजस्य स्निग्धैः कन्यानुगामिभिः ।
धृष्टमुत्सार्यते सर्वस्तपोवनगतो जनः ॥

આ પ્રમાણે છે. આવા ભારે તફાવતને લીધે ડૉ. લેવી, પ્રો. પિશારોટી અને બીજા વિદ્વાનો આ ' તેર 'માંના કહેવાતા ' સ્વપ્નવાસવદત્ત ' નાટકને ચાક્યારોએ પોતાને અનુકૂળ પડે તે રીતે બનાવેલી રંગાવૃત્તિ જ લેખે છે. પરંતુ, આવી પરિસ્થિતિમાં પણ ત્રિવેન્દ્રમપ્રાપ્ત ' સ્વપ્નવાસવદત્ત ' નાટકનું ભાસકર્તૃત્વ સિદ્ધ કરવા માટે ડૉ. ગણપતિ શાસ્ત્રી, ડૉ. ટૉમસ, ડૉ. સુકથન્કર ને પ્રો. ધ્રુવ જેવા એમ કહે છે કે સાગરનન્દી, મૂળ પુસ્તકમાંથી નહિ, પણ માત્ર પોતાની યાદદાસ્તીને આધારે જ અવતરણ મૂકી રહ્યો છે! ને તેથી આ પાઠભેદ થયો છે! પણ આ રીતે આવા અગત્યના પાઠભેદને અવગણી શકાય નહિ.

' શાકુન્તલ વ્યાખ્યા 'માં પણ આજના ' સ્વપ્નવાસવદત્ત 'માં છે તેવી પ્રસ્તાવનાનો ઉલ્લેખ છે :

यथा स्वप्नवासवदत्तायाम्—एवमार्यमिश्रान्विज्ञापयामि । अये । किन्नु खलु मयि विज्ञापन—व्यग्रे शब्द इव श्रूयते । अङ्ग पश्यामि । (नेपथ्ये) उस्सरह उस्सरह अय्या उस्सरह ।

આ વ્યાખ્યાકાર ' સ્વપ્નવાસવદત્ત 'ની કોઈ દાક્ષિણાત્ય હસ્તપ્રતથી પરિચિત દેખાય છે; છતાં અહીં નોંધવું જોઈએ કે કાલિદાસના ' વિક્રમોર્વશીય 'માં પણ લગભગ આવી જ પ્રસ્તાવના છે :

सूत्रधार :—(कर्णं दत्त्वा) अये किं नु खलु मद्विज्ञापनानन्तरं कुररीणामिव शब्दः श्रूयते ।

આ ઉપરથી એમ કહી શકાય કે ઘણાં નાટકોમાં પ્રસ્તાવના લગભગ એક સરખી મળી આવે છે, અને જે કાંઈ ભેદ દેખાય છે તે હસ્તપ્રતોની પ્રાદેશિકતાને લીધે હોવાનો સંભવ છે.

આમ ઉપર દર્શાવેલાં સ્થળોએ 'સ્વપ્નવાસવદત્ત' નામનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો મળી આવે છે. આમ અભિનવગુપ્ત બીજા તથા પાંચમા અંકનો, ભોજદેવ પાંચમા અંકનો શારદાતનય પહેલા, ચોથા અને પાંચમા અંકોનો, રામચંદ્ર–ગુણચંદ્ર ચોથાનો, સાગરનન્દી તથા શકુન્તલાવ્યાખ્યાકાર પ્રસ્તાવનાનો ઉલ્લેખ કરે છે. આમ છતાં મૂળ સ્વપ્નવાસવદત્તમાંથી જે બીજાં કેટલાંક અવતરણો મળી આવ્યાં છે તેમાંનું તો એક પણ ત્રિવેન્દ્રમપ્રાપ્ત 'સ્વપ્નવાસવદત્ત'માં નથી, તે આપણી માન્યતા દઢ કરે છે કે ભાસકૃત 'સ્વપ્નવાસવદત્ત' નાટક કોઈ બીજું જ હતું, ત્રિવેન્દ્રમમાંથી મળેલું તે નહિ! આપણે આવાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

દંડીના 'કાવ્યાદર્શ', ૨-૮૦[૨૨]માં આપેલો નીચેનો શ્લોક :

मृतेति प्रेत्य संगन्तुं यया मे मरणं मतम् ।
सैषावन्ती मया लब्धा कथमत्रैव जन्मनि ॥[२२अ]

હાલના 'સ્વપ્નવાસવદત્ત'માં નથી; તે શ્લોક, કોઈ બીજા, પણ હાલ અપ્રાપ્ત અને કદાચ અપ્રાપ્ય, 'સ્વપ્નવાસવદત્ત'માં હશે.

આ ઉપરાંત ભાસને નામે ચઢેલા તેર શ્લોક જુદા જુદા સંગ્રહગ્રન્થોમાં મળી આવ્યા છે, જેમાંનો એક પણ શ્લોક આજે મળેલા ત્રિવેન્દ્રમનાં 'તેર' રૂપકોમાં નથી! અલબત્ત, ભાસને નામે ચઢેલા કે ચઢાવેલા બધાયે શ્લોક ભાસના ન પણ હોય.

'શાર્ઙ્ગધરપદ્ધતિ'[૨૩]માં આ એક શ્લોક ભાસને નામે છે :

तीक्ष्णं रविस्तपति नीच इवाचिराढ्यः शृङ्गं रुरुस्त्यजति मित्रमिवाकृतज्ञः ।
तोयं प्रसीदति मुनेरिव चित्तमन्तः कामी दरिद्र इव शोषमुपैति पङ्कः ॥

પ્રો. પુસાલકર ઉપરના શ્લોકમાંના ભાવને મળતા ભાવવાળો 'અવિમારક'નો ૪-૯ શ્લોક બતાવે છે, પણ તે શ્લોક અનેક રીતે ઉપરના શ્લોકથી જુદો પડે છે.

જૂઓ—'અવિમારક' શ્લોક :

असितजलदवृन्दैर्मिश्रसंदिग्धशृङ्गो गगनचरकुलानां विश्रमस्थानभूतः ।
सुकविमतिविचित्रो मिश्रसंयोगहृद्यो नरपतिरिव नीचो दृश्यते निष्फलाढ्यः ॥

---

૨૨ દંડી—કાવ્યાદર્શ, સં. બેલ્વલકર એસ. કે., પ્રકા૦ ધી ઓરિ૦ બૂક સપ્લાય એજન્સી, ઈ. સ. ૧૯૨૪

૨૨અ "કાવ્યાદર્શનો ૨-૮૦મો શ્લોક અનુષ્ટુપ્‌માં છે. આમ તો આખો પરિચ્છેદ અનુષ્ટુપ્‌માં છે, એટલે એવું પણ બની શકે કે દંડીએ પોતે મૂળ શ્લોકનો સાર લઈને પોતાના અનુષ્ટુપ્‌માં તે સમાવી લીધો હોય, તેથી આ શ્લોક ભાસનો ન પણ હોય.

૨૩ શાર્ઙ્ગધર—शार्ङ्गधरपद्धति-સં. પીટર પીટર્સન, ઈ. સ. ૧૮૮૮, પૃ. ૫૯૩, શ્લો. ૩૯૦૭

થોડુંક વિચારસામ્ય અને ઉપર મોટા ટાઈપવાળા ગણુત્રીના શબ્દોની સમાન ઉક્તિથી એક કર્તૃત્વ સિદ્ધ થઈ શકે નહિ.

'આશ્ચર્યચૂડામણિ'ની પ્રસ્તાવનામાં પ્રો. કુપ્પુસ્વામી શાસ્ત્રી 'અભિનવભારતી'માંથી એક અવતરણ આપે છે, જેમાં ભાસનો એક શ્લોક મૂકેલો છે :

महाकविना भासेनापि स्वप्रबन्ध उक्तम् ।

त्रेतायुगं......तद्धि न मैथिली सा रामस्य रागपदवी मृदु चास्य चेत: ।
लब्धा जनस्तु यदि रावणमस्य कायं प्रोत्कृत्य तन्न तिलशो न वितृप्तिगामी ॥

ત્રિવેન્દ્રમપ્રાપ્ત રૂપકોમાં તો ક્યાંયે આ શ્લોક નથી! તો પછી, "એ તેરમાંના કોઈક રામરૂપકમાં આ શ્લોક લખવો રહી ગયો હશે, અને કોઈક યોગ્ય સ્થળે તે મૂકી શકાશે," એવા વાણીવિલાસનો શો અર્થ? વળી, અભિનવના ઉપરની ઉક્તિમાં વપરાયેલો શબ્દ 'स्वप्रबन्धे' એક અગત્યનો પ્રશ્ન ઊભો કરે છે તેણે કહેલો એ પ્રબન્ધ કયો, જેમાંથી અભિનવે ઉપરનો શ્લોક ઉદ્ધૃત કર્યો છે? સહજ કલ્પના કરવી પડે કે **આપણા પેલા તેર સિવાયનો એ કોઈક પ્રબન્ધ જરૂર હશે.** પ્રો. ધ્રુવ[૨૩અ] સૂચવે છે કે સંદર્ભનો વિચાર કરતાં એ શ્લોક 'પ્રતિમા' નાટકમાં મૂકી શકાય! તો પ્રો. પુસાલકર તે શ્લોક 'અભિષેક'માં મૂકી શકાય તેવું ધારે છે! તે ઉમેરે છે કે 'અભિષેક'ની કોઈક હસ્તપ્રતમાં બે શ્લોક લખવા રહી ગયા છે, તેવી રીતે આ ત્રીજો શ્લોક પણ લહિયો લખવાનું ચૂકી ગયો હશે! ત્રિવેન્દ્રમપ્રાપ્ત રૂપકો ભાસનાં લખેલાં છે તે સાબિત કરવા કેવી કેવી દલીલો થાય છે?!

હવે સૌથી મહત્ત્વનું એક કારણ આપણને પ્રાપ્ત છે, જેને આધારે આપણે દૃઢતાથી કહી શકીએ છીએ કે ત્રિવેન્દ્રમપ્રાપ્ત **તેર રૂપકોમાંથી એક પણ રૂપક ભાસનું રચેલું નથી.**

આપણે જાણીએ છીએ કે નાટ્યશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રના વિખ્યાત ગ્રન્થોમાં અનેક રૂપકોનાં તથા તેના કર્તાઓનાં નામોનો ઉલ્લેખ છે, તથા અવારનવાર રૂપકોમાંથી અવતરણો પણ મૂકાયેલાં છે; પરંતુ, ભાસની આ કહેવાતી કૃતિઓમાંથી, એક 'સ્વપ્નવાસવદત્ત'ના નામ સિવાય, કોઈ પણ રૂપકનું નામ પણ નથી! આ શું સૂચવે છે? જે નાટ્યકાર ભાસની, આપણે આગળ જોઈ ગયા તેવી, પ્રશસ્તિઓ ગવાઈ છે, તેની બધી જ કૃતિઓ ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષો સુધી અપ્રાપ્ય જ હતી? કે ગૂમ થઈ ગઈ હતી? તેમનાં નામ પણ લુપ્ત થઈ ગયાં હશે? અને હમણાં ઈ. સ. ૧૯૧૦–૧૨માં જ તે કૃતિઓ મળી આવી? ભાસ વિખ્યાત નાટ્યકાર હતો તે તો નિર્વિવાદ હકીકત છે, પણ તેની કૃતિઓ, જેમને માટે 'ભાસનાટકચક્ર' જેવો શબ્દપ્રયોગ થયો છે, તે ('સ્વપ્નવાસવદત્ત' નામ સિવાય) શું સંપૂર્ણ રીતે નામશેષ પણ રહી નહિ? કે પછી વિવેચનાના અગ્નિમાં 'સ્વપ્નવાસવદત્ત' સિવાયની બધી કૃતિઓ ભસ્મીભૂત થઈ ગઈ? વિવેચકોને પણ સોગન ખાવા 'સ્વપ્નવાસવદત્ત' એ નામ જ બાકી રહ્યું? ને મૂળકૃતિ કાલગ્રસ્ત થઈ, ને આજની રંગાવૃત્તિ જ માત્ર રહી ગઈ?

૨૩અ પ્રો. ધ્રુવ 'પ્રતિમા' તથા 'અભિષેક'નું ભાસકર્તૃત્વ સ્વીકારતા નથી!

આ પ્રશ્નો અંગે વિશેષ વિચારણા માટે જુદા જુદા નાટ્યશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રના ગ્રન્થોમાં મળતાં રૂપકોનાં નામ નીચે આપ્યાં છે (જેમાં ભાસની એક પણ કૃતિનું નામ નથી):

(૧) दशरूपकम्[૨૪] (ले. धनञ्जय, टी० घनिक) [સમય: ઈ. સ. ૯૬૦ થી ૧૦૦૦]: रत्नावली, वेणीसंहार, मालतीमाधव, महावीरचरित, उत्तररामचरित, मृच्छकटिक, मालविकाग्निमित्र, हनुमन्नाटक, नागानन्द, अभिज्ञानशाकुन्तल, प्रियदर्शिका, मुद्राराक्षस, उदयनचरित, उदात्तराघव, पाण्डवानन्द, छलितराम, कर्पूरमञ्जरी, तरङ्गदत्त, पुष्पदूषित(क), त्रिपुरदाह, जामदग्न्यजय (व्यायोग), समुद्रमन्थन, विद्धशालभञ्जिका. [૨૩]

(૨) काव्यानुशासनम्[૨૫] आ. हेमचन्द्र [સમય: ઈ. સ. ૧૦૮૮ થી ૧૧૭૨] उदात्तराघव, उषाहरण, कृष्णचरित, मधुमथनविजय, मारीचवध, मुद्राराक्षस, मृच्छकटिक, राघवविजय, रावणवध, सुभद्राहरण, अभिज्ञानशाकुन्तल, उत्तररामचरित, कर्पूरमञ्जरी, छलितराम, तापसवत्सराज, नागानन्द, बालरामायण, महावीरचरित, मालतीमाधव, रत्नावली, विक्रमोर्वशीय, विद्धशालभञ्जिका, विषमबाणलीला, वेणीसंहार, सेतुबन्ध, हनुमन्नाटक, हयग्रीववध, हरविजय. [૨૮]

(૩) साहित्यदर्पणम्[૨૬]–विश्वनाथ [સમય: ઈ. સ. ૧૨૦૦ થી ૧૩૫૦ આશરે] बालरामायण, अनर्घराघव, पुष्पमाला, विक्रमोर्वशीय, उदात्तराघव, रत्नावली, अभिज्ञानशाकुन्तल, मुद्राराक्षस, वेणीसंहार, कुन्दमाला, छलितराम, मालतीमाधव, कुलपत्यंक, चन्द्रकला, प्रभावती, चण्डकौशिक, जानकीराघव, मृच्छकटिक, मालविकाग्निमित्र, उदयनचरित, कृत्यारावण, कर्पूरमञ्जरी, ययातिविजय, गृहवृक्षवाटिका, कुंभाङ्क, राघवाभ्युदय, पुष्पभू(दू)षित(क), तरंगवृत्त, लीलामधुकर (भाण), सौगन्धिकाहरण, समुद्रमथन, त्रिपुरदाह, कुसुमशेखरविजय, शर्मिष्ठाययाति, कन्दर्पकेलि, धूर्तचरित, लटकमेलक, विद्धशालभञ्जिका, स्तम्भितरम्यम्, रैवतमदनिका, नर्मवती, विलासवती, देवीमहादेव, यादवोदय, वालिवध, मेनकाहित, मायाकापालिक, क्रीडारसातल, कनकावतीमाधव, बिन्दुमती, केलिरैवतक, कामदत्ता. [૫૨]

ઉપરની સર્વ સામગ્રી ઉપરથી એ સિદ્ધ થાય છે કે:

(૧) હાલ મળી આવેલાં ત્રિવેન્દ્રમપ્રાપ્ત રૂપકોમાંથી એક પણ રૂપક પેલા વિખ્યાત નાટ્યકાર ભાસનું રચેલું નથી; (૨) એક માત્ર 'સ્વપ્નવાસવદત્ત'નું નામ જ પ્રાચીન વિવેચકોએ વિખ્યાત ગણેલું છે; (૩) વળી પ્રાચીન વિવેચકોએ 'સ્વપ્નવાસવદત્ત'માંથી આપેલાં અવતરણોમાંથી એક પણ ત્રિવેન્દ્રમપ્રાપ્ત 'સ્વપ્નવાસવદત્ત'માં નથી, તેથી તે ભાસકૃતિ નથી; (૪) ત્રિવેન્દ્રમપ્રાપ્ત રૂપકોનાં નામ તો સંપાદક ડૉ. ગણપતિ શાસ્ત્રીએ પોતે આપેલાં શીર્ષક છે;

૨૪ ધનઞ્જય—ટી. ધનિક, दशरूपकम्, પ્રકા૦ નિર્ણયસાગર પ્રેસ, ૪થી આ., ૧૯૪૧

૨૫ હેમચન્દ્રાચાર્ય—काव्यानुशासनम् વૉ. ૧–૨, સં. પરીખ આર. સી. પ્રકા૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૮

૨૬ વિશ્વનાથ—साहित्यदर्पणम्–પ્રકા૦ નિર્ણયસાગર પ્રેસ, ૧૯૨૨

હસ્તપ્રતોમાં એવાં નામ નથી; અરે, કવિનું કે કવિનાં પણ નામો નથી! આટલા વિખ્યાત નાટ્યકાર ભાસની કૃતિઓનાં નામ, તેમાંથી અવતરણો પણ, દશરૂપક, કાવ્યનુશાસન કે સાહિત્ય-દર્પણમાં ન હોય તે આશ્ચર્યજનક છે. શું ભાસનાં બધાં નાટકો ઈ. સ.ની દસમી સદી પછી અપ્રાપ્ય બન્યાં હશે? તે નામશેષ પણ ન રહ્યાં? કાલિદાસનાં નાટકો સચવાયાં તો ભાસનાં કેમ અદૃશ્ય થઈ ગયાં? આ પ્રશ્નો હજી અનુત્તર જ રહે છે.

ત્રિવેન્દ્રમપ્રાપ્ત રૂપકોમાં કેટલાંક સુન્દર રૂપકો છે તેની ના નથી, પણ તેમને માટે ભાસનું કર્તૃત્વ ઠોકી બેસાડવું તે સંશોધકોને શોભતું નથી. બની શકે કે આજનું 'સ્વપ્નવાસવદત્ત' ચાકયારોએ બનાવેલી કે બનાવડાવેલી કોઈ રંગાવૃત્તિ હોય જે કોઈક 'સ્વપ્નવાસવદત્ત'માંથી રચાઈ હોય, પણ તે ભાસની કૃતિમાંથી હોય પણ ખરી, ને ન પણ હોય! બાકી તે 'તેરે' કૃતિઓને ભાસકૃતિ તરીકે માની લેવામાં તો આપણી અતિત્વરા, અતિ ઉત્સાહ કે સંશોધન પ્રવૃત્તિની અપૂર્ણતા જ પ્રતિબિમ્બિત થાય છે!

સમાસોક્તિ અને અતિશયોક્તિ અલંકાર*

અનંતરાય જ. રાવલ

भामह : "સમાન વિશેષણોને લીધે જ્યાં ઉક્ત અર્થમાં બીજો અર્થ પ્રતીત થાય ત્યાં તેને સંક્ષિપ્તતાને કારણે સમાસોક્તિ કહે છે".[1] આમ ભામહ આ રીતે સમાસોક્તિનું લક્ષણ આપીને પછી શ્લેષવાળાં વિશેષણોવાળું ઉદાહરણ આપે છે.

दण्डिन् : દંડીના મતે "કોઈ પદાર્થને મનમાં રાખીને તે પદાર્થ (વસ્તુ)ની સમાન કોઈ અન્ય વસ્તુનું કથન સંક્ષિપ્ત હોવાને કારણે સમાસોક્તિ કહેવાય છે.[2]

દંડી સમાસોક્તિના ઉપભેદ પણ આપે છે, જેમાં કાર્યસામ્યઘટિતા વિશેષણસામ્યઘટિતા અને અપૂર્વ સમાસોક્તિનો સમાવેશ થાય છે.

उद्भट : ઉદ્ભટ જણાવે છે તેમ "જ્યાં પ્રકૃતાર્થપરક વાક્યથી અપ્રકૃતાર્થનું કથન સમાન વિશેષણથી થતું હોય ત્યાં સમાસોક્તિ થાય છે".[3]

ઉદ્ભટે આપેલું સમાસોક્તિનું આ લક્ષણ વૈજ્ઞાનિક છે. તેમાં પ્રકૃતાર્થ અને અપ્રકૃતાર્થની વાત કરવામાં આવી છે એટલું જ નહીં પરંતુ પ્રકૃતાર્થ વર્ણિત હોય અને અપ્રકૃતાર્થ ગમ્ય હોય એવી વાત કરી છે અને તેથી અપ્રસ્તુતપ્રશંસા અને સમાસોક્તિનો ભેદ પણ સ્પષ્ટ થઈ જાય છે. ઉત્તરવર્તી આચાર્યોએ પણ સમાસોક્તિનું લક્ષણ આપતી વખતે ઉદ્ભટને આધાર બનાવેલ છે.

वामन : "ઉપમેયનું કથન ન થવાથી સમાન વસ્તુરૂપ ઉપમાનનું વર્ણન કરવું તે સમાસોક્તિ અલંકાર છે".[4]

વામન જણાવે છે કે સંક્ષિપ્ત વચનને કારણે તેને સમાસોક્તિ કહે છે. વામને સમાસોક્તિનું લક્ષણ આપ્યા પછી તેનું જે ઉદાહરણ આપ્યું છે તેમાં ભામહે આપેલ ઉદાહરણની સ્પષ્ટ છાપ દેખાઈ આવે છે.

---

* પૂર્વ ભૂમિકા માટે જુઓ—રાવલ અનંતરાય જ.
"રૂપક અલંકાર એક અધ્યયન"
સ્વાધ્યાય પુસ્તક ૨૦ અંક ૧ પૃષ્ઠ ૧૯

१ यत्रोक्ते गम्यतेऽन्योऽर्थस्तत्समानविशेषणः ।
सा समासोक्तिरुद्दिष्टा संक्षिप्तार्थतया यथा ॥ भामह–काव्यालंकार २/७९

२ वस्तु किंचिदभिप्रेत्य तत्तुल्यस्यान्यवस्तुनः ।
उक्तिः संक्षिप्तरूपत्वात् सा समासोक्तिरिष्यते ॥ दण्डिन्–काव्यादर्श–२/२०५

३ प्रकृतार्थेन वाक्येन तत्समानैर्विशेषणैः ।
अप्रस्तुतार्थकथनं समासोक्तिरुदाहृता ॥ उद्भट–काव्यालंकारसारसंग्रह–२/१०

४ अनुक्तौ समासोक्तिः । वामन–काव्यालंकारसूत्रवृत्ति–४/३/३

રુદ્રટ : "જ્યાં સકલ સમાન વિશેષણોથી સંપન્ન ઉપમાન કહેવામાં આવતું હોય અને તેનાથી ઉપમેયની પ્રતીતિ થતી હોય ત્યાં સમાસોક્તિ થાય છે".[૫]

રુદ્રટે આપેલું આ લક્ષણ અત્યંત સરળ અને પરંપરાગત છે એટલું જ નહીં પરંતુ તેના ઉદાહરણમાં પણ વિશિષ્ટતા નથી.

મમ્મટ : મમ્મટે શ્લેષ અલંકાર પછી સમાસોક્તિનું વિવેચન કર્યું છે અને તેણે આપેલ લક્ષણ અત્યંત સંક્ષિપ્ત છે.

"શ્લિષ્ટ વિશેષણોથી યુક્ત અપ્રસ્તુત ઉક્તિ સમાસોક્તિ છે કે જે પ્રસ્તુત અર્થનું પ્રતિપાદન કરવામાં સમર્થ થાય".[૬] આ લક્ષણની વિસ્તૃત સમજૂતી મમ્મટે વૃત્તિમાં કરી આપી છે.

રુય્યક : રુય્યકે સમાસોક્તિનું અત્યંત વિસ્તારથી વર્ણન કર્યું છે એટલું જ નહીં પરંતુ અનેક અલંકારો સાથે સમાસોક્તિનો સંબંધ પણ દર્શાવ્યો છે અને તેના અનેક ભેદોનું પણ વર્ણન કર્યું છે.

"વિશેષણોના સામ્યથી જો અપ્રસ્તુત ગમ્ય બને તો સમાસોક્તિ થાય છે".[૭]

જયદેવ : જયદેવે આપેલ સમાસોક્તિનું લક્ષણ અત્યંત સંક્ષિપ્ત અને સામાન્ય છે. "જો પ્રસ્તુતમાં અપ્રસ્તુતની પ્રતીતિ થાય તો તે સમાસોક્તિ થાય છે".[૮]

અપ્પય્ય દીક્ષિત : જયદેવે આપેલ સમાસોક્તિની વ્યાખ્યા અને ઉદાહરણનો એ જ શ્લોક દીક્ષિતના કુવલયાનંદમાં[૯] મળે છે એટલે દીક્ષિત કોઈ વિશિષ્ટ વ્યાખ્યા આપતા નથી.

વિશ્વનાથ : "જ્યાં સમાન કાર્ય, લિંગ અને વિશેષણો વડે પ્રસ્તુત વસ્તુમાં બીજી અપ્રસ્તુત વસ્તુના વ્યવહારોનો આરોપ થાય તે સમાસોક્તિ અલંકાર છે".[૧૦]

વિશ્વનાથે આપેલ આ વ્યાખ્યા અને સમાસોક્તિનું વર્ણન રુય્યકે આપેલા વર્ણન ઉપર આધારિત છે, એટલું જ નહીં પરંતુ લગભગ રુય્યકના જ શબ્દોમાં સમાસોક્તિના અનેક ભેદ–પ્રભેદનું વર્ણન પણ કર્યું છે.

---

૫ सकलसमानविशेषणमेकं यत्राभिधीयमानं सत् ।
उपमानमेव गमयेदुपमेयं सा समासोक्तिः ॥ रुद्रट–काव्यालंकार–८/६७

६ परोक्तिर्भेदकैः श्लिष्टैः समासोक्तिः । मम्मट–काव्यप्रकाश–१०/९७

७ विशेषणानां साम्यादप्रस्तुतस्य गम्यत्वे समासोक्तिः । रुय्यक–अलंकारसर्वस्व–सूत्र ३२

८ समासोक्तिः परिस्फूर्तिः प्रस्तुतेऽप्रस्तुतस्य चेत् ।
अयमैन्द्रीमुखं पश्य रक्तश्चुम्बति चन्द्रमाः ॥ जयदेव–चन्द्रालोक–५/६२

९ समासोक्तिः परिस्फूर्तिः प्रस्तुतेऽप्रस्तुतस्य चेत् ।
अयमैन्द्रीमुखं पश्य रक्तश्चुम्बति चन्द्रमाः ॥ अप्पय्य दीक्षित–कुवलयानंद–६१

१० समासोक्तिः समैर्यत्र कार्यलिङ्गविशेषणैः । विश्वनाथ–साहित्यदर्पण १०/५६

જગન્નાથ : "જ્યાં પ્રસ્તુત ધર્મીનો વ્યવહાર સાધારણ વિશેષણો દ્વારા એ રીતે વર્ણવવામાં આવે કે તે અપ્રસ્તુત ધર્મીના વ્યવહાર સાથે અભિન્ન થઈને ભાસિત થાય ત્યાં સમાસોક્તિ થાય છે".[૧૧]

જગન્નાથ પરંપરાથી પ્રચલિત રીતે જ લક્ષણ આપે છે.

ઉપસંહાર કરતાં જોઈએ તો સૌ પ્રથમ આ અલંકારનું વિવેચન ભામહે કર્યું છે. ભામહે તેનાં ત્રણ અંગો ઉપર ભાર મૂકયો છે: (૧) સમાન વિશેષતા, (૨) પ્રકૃત અર્થ દ્વારા અપ્રકૃત અર્થની પ્રતીતિ અને (૩) સંક્ષિપ્ત કથન. આગળ જતાં ઉદ્ભટે આ બાબતમાં થોડો વિકાસ કર્યો કે સમાસોક્તિમાં અભિપ્રેતાર્થ પ્રકૃત હોય છે અને ઉક્તાર્થ અપ્રકૃત. મમ્મટે આ લક્ષણનો વધારે વિસ્તાર કર્યો અને શ્લિષ્ટ વિશેષણોની વાત કરી, તો રુય્યકે સમાસોક્તિના ભેદ–પ્રભેદની ચર્ચા કરી અને વ્યવહાર–સમરોપ શબ્દ ઉમેર્યો. આ અલંકારના લક્ષણમાં અંતિમ પ્રદાન વિશ્વનાથનું છે, જેમણે વિશેષણોની સાથે 'કાર્ય' અને 'લિંગ' શબ્દ પણ ઉમેરી દીધા. સમાસોક્તિ અને બીજા અલંકારોના તફાવતને પણ આલંકારિકોએ ધ્યાનમાં લીધા છે. રુય્યક અપ્રસ્તુતપ્રશંસા અને સમાસોક્તિના તફાવતની વાત કરે છે તેમ જ શ્લેષ સાથે પણ તેના અંતરને સ્પષ્ટ કરે છે.

રુય્યકે સમાસોક્તિના અનેક ભેદની કલ્પના કરી છે, પરંતુ તે માત્ર સામાન્ય વર્ણન છે. વિશ્વનાથે આપેલ લક્ષણ પ્રમાણે કાર્ય, લિંગ અને વિશેષણોને આધારે સમાસોક્તિના ત્રણ ભેદ થઈ શકે છે.

* * *

अतिशयोक्ति

ભામહ : "કોઈ કારણવશ જગતમાં લોકોત્તર અર્થવાળું વચન (કહેવામાં આવે તો તે) અતિશયોક્તિ અલંકાર મનાય છે".[૧૨]

આ સૌંદર્યનો આધાર ગુણાતિશય યોગ છે. ભામહ કહે છે તેમ આ રીતે અતિશયોક્તિ વક્રોક્તિ છે. એના અર્થમાં સૌંદર્ય આવે છે. કવિએ તેનો પ્રયત્ન કરવો જોઈએ કારણ તેના વિના કોઈ સૌંદર્ય સંપાદિત થતું નથી.

ભામહે અતિશયોક્તિનું ક્ષેત્ર બહુ વ્યાપક બનાવી દીધું છે. કારણ તેણે અતિશયોક્તિને વક્રોક્તિનો પર્યાય માન્યો છે અને સૌંદર્ય માત્ર તથા કાવ્યનું મૂળ સિદ્ધ કરેલ છે.

---

૧૧ यत्र प्रस्तुतधर्मिको व्यवहारः साधारणविशेषणमात्रोपस्थापि-
ताप्रस्तुतधर्मिकव्यवहाराभेदेन भासते सा समासोक्तिः ।
काव्यमाला सीरीझ–१२ रसगंगाधर निर्णयसागर प्रेस, इ. स. १८८८ पृ. ३१७

૧૨ निमित्ततो वचो यत्तु लोकातिक्रान्तगोचरम् ।
मन्यतेऽतिशयोक्तिं तामलङ्कारतया यथा ॥ भामह–काव्यालंकार २/८१

આગળ જતાં અતિશયોક્તિ અને વક્રોક્તિ બન્ને સીમિત સૌંદર્યના પર્યાય બની ગયા.

ભામહે અતિશયોક્તિનાં બે ઉદાહરણો આપ્યાં છે અને આ બન્ને ઉદાહરણ ભિન્ન પ્રકારનાં છે. એક ભેદકાતિશયોક્તિ પ્રકાર અને બીજું સંબંધાતિશયોક્તિનું ઉદાહરણ છે.[13]

दण्डिन् : દંડીને મતે "પ્રસ્તુત ગત વિશેષની લૌકિક વાક્વ્યવહારનું અતિક્રમણ કરનારી વિવક્ષા અતિશયોકિત છે અને તે સર્વશ્રેષ્ઠ અલંકાર છે".[14]

ઉપર પ્રમાણે દંડીના મતે અતિશયોકિત વિશેષ અર્થાત્ ધર્મ વિશેષની અધિકતાના વર્ણનમાં થાય છે, ધર્મીના વર્ણનમાં નહીં.

અતિશયોક્તિનાં ચાર ઉદાહરણ દંડીએ આપ્યા છે. પ્રથમ ઉદાહરણમાં જે વર્ણન છે તેને પછીના આલંકારિકો મીલિત અલંકાર માને છે.[15]

બીજું ઉદાહરણ સંશયાતિશયોક્તિનું છે.[16] ત્રીજું ઉદાહરણ નિર્ણયાતિશયોક્તિ અને ચોથું ઉદાહરણ આશ્રયાતિશયોક્તિનું છે. આમાં આશ્રયાતિશયોક્તિના ઉદાહરણને અર્વાચીન આલંકારિકો અધિક અલંકારનું ઉદાહરણ માને છે.[17]

उद्भट : ઉદ્ભટે કાવ્યાલંકારસારસંગ્રહના બીજા વર્ગમાં અતિશયોક્તિનું વર્ણન કર્યું છે. ઉદ્ભટે અતિશયોક્તિનું લક્ષણ ભામહમાંથી જ લઈ લીધું છે અને જણાવ્યું છે કે લોકાતિક્રાન્તગોચર એ અતિશયોક્તિનાં પ્રાણ છે.[18] ઉદ્ભટે અતિશયોકિતનું વર્ણન વૈજ્ઞાનિક રીતે આપ્યું છે. પછીના આલંકારિકોએ આ વ્યાખ્યાને આધારરૂપ માનેલ છે.

---

१३ स्वपुष्पच्छविहारिण्या चन्द्रभासा तिरोहिताः ।
अन्वमीयन्त भृङ्गालिवाचा सप्तच्छदद्रुमाः ॥
अपां यदि त्वक्शिथिला च्युता स्यात्फणिनामिव ।
तदा शुक्लांशुकानि स्युरङ्गेष्वम्भसि योषिताम् ॥ भामह–काव्यालंकार २/८२–८३

१४ विवक्षा या विशेषस्य लोकसीमातिवर्तिनी ।
असावतिशयोक्तिः स्यादलंकारोत्तमा यथा ॥ दण्डिन्–काव्यादर्श–२/२१४

१५ मल्लिकामालभारिण्यः सर्वाङ्गीणार्द्रचन्दनाः ।
क्षौमवत्यो न लक्ष्यन्ते ज्योत्स्नायामभिसारिकाः ॥ दण्डिन्–काव्यादर्श–२/२१५

१६ स्तनयोर्जघनस्यापि मध्ये मध्यं प्रिये तव ।
अस्ति नास्तीति संदेहो न मेऽद्यापि निवर्तते ॥ दण्डिन्–काव्यादर्श–२/२१७

१७ अहो विशालं भूपाल भुवनत्रितयोदरम् ।
मति मातुमशक्योऽपि यशोराशिर्यदत्र ते ॥ दण्डिन्–काव्यादर्श–२/२१९

१८ निमित्ततो यत्तु वचो लोकातिक्रान्तगोचरम् ।
मन्यतेऽतिशयोक्तिं तामलंकारतया बुधाः ॥
भेदेऽनन्यत्वमन्यत्र नानात्वं यत्र बध्यते ।
तथा संभाव्यमानार्थनिबन्धेऽतिशयोक्तिगीः ॥
कार्यकारणयोर्यत्र पौर्वापर्यविपर्ययात् ।
आशुभावं समालम्ब्य बध्यते सोऽपि पूर्ववत् ॥ उद्भट–काव्यालंकारसारसंग्रह २/११-१३

ઉદ્ભટ અતિશયોક્તિના ચાર ભેદ કરે છે:

१ भेदेऽनन्यत्वम्.

२ अन्यत्र नानात्वम्.

३ संभाव्यमानार्थनिबन्ध.

४ आशुभाव.

આમાં પહેલા બે ભેદ મમ્મટે પણ અપનાવી લીધા છે અને બીજા આચાર્યોએ ત્રીજો અને ચોથો ભેદ પણ સ્વીકારી લીધેલ છે.

वामन : "સંભાવ્ય ધર્મ તેમ જ તેના ઉત્કર્ષની કલ્પના અતિશયોક્તિ છે".[१९]

આમ વામને આ લક્ષણ આપ્યું છે તેમાં અતિશયોક્તિનાં બે સ્વરૂપ નોંધી લીધાં છે. તેમાં પહેલું સ્વરૂપ તો મોટે ભાગે બધા આચાર્યોએ સ્વીકારેલું જણાય છે, પરંતુ બીજું સ્વરૂપ એ અતિશયોક્તિ નથી, પરંતુ અત્યુક્તિ છે.

मम्मट : મમ્મટે શરૂઆતમાં અતિશયોક્તિના પ્રકાર વર્ણવ્યા છે. પછી તેનું લક્ષણ આપ્યું છે. તેમણે અતિશયોક્તિના ચાર પ્રકાર બતાવ્યા છે, જેના ઉપર ઉદ્ભટની અસર જણાય છે.[२०]

रुय्यक : "અધ્યવસાયની સાધ્યતામાં ઉત્પ્રેક્ષાની ચમત્કૃતિ છે તો તેના સિદ્ધત્વમાં અતિશયોક્તિ છે".[२१] રુય્યકે અતિશયોક્તિના પાંચ ભેદ માન્યા છે અને આ પાંચ ભેદના બે ઉપભેદ પણ જણાવ્યા છે. રુય્યકે આપેલ અતિશયોક્તિનું આ સ્વરૂપ અને ભેદ-પ્રભેદ પછીના આલંકારિકોએ પણ સ્વીકારી લીધા છે.

जयदेव : જયદેવે ચંદ્રાલોકમાં અતિશયોક્તિનું લક્ષણ નથી આપ્યું, પરંતુ તેના છ ભેદોનું વર્ણન કર્યું છે.[२२]

---

१९ संभाव्यधर्मतदुत्कर्षकल्पनाऽतिशयोक्तिः । वामन–काव्यालंकारसूत्रवत्ति ४/३/१०

२० निगीर्याध्यवसानन्तु प्रकृतस्य परेण यत्
प्रस्तुतस्य यदन्यत्वं यद्यर्थोक्तौ च कल्पनम् ॥
कार्यकारणयोर्यश्च पौर्वापर्यविपर्ययः ।
विज्ञेयाऽतिशयोक्तिः सा । मम्मट–काव्यप्रकाश १०/१००–१०१

२१ अध्यवसितप्राधान्ये त्वतिशयोक्तिः । सूत्र २३
कार्यकारणयोः समकालत्वे
पौर्वापर्यविपर्यये चातिशयोक्तिः । सूत्र ४४ रुय्यक–अलंकारसर्वस्व

२२ अक्रमातिशयोक्तिश्चेद् युगपत्कार्यकारणे ।
आलिङ्गन्ति समं देव ज्यां शराश्च पराश्च ते ॥ जयदेव–चन्द्रालोक ५/४१

विश्वनाथ : વિશ્વનાથે રુય્યકના મત અનુસાર અતિશયોકિતના પાંચ ભેદ કર્યા છે અને એ જ રીતે એક ભેદના બે ઉપભેદ પણ વર્ણવ્યા છે. વિશ્વનાથે આપેલ લક્ષણ સરળ, સ્પષ્ટ અને વૈજ્ઞાનિક છે અને ઉત્પ્રેક્ષા તથા અતિશયોકિત વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ કર્યો છે.[૨૩]

अप्पय्यदीक्षित : દીક્ષિતે કરેલું અતિશયોક્તિનું વર્ણન જયદેવ અનુસાર છે. પરંતુ જયદેવે રૂપકાતિશયોક્તિ પ્રકાર અંતે આપ્યો છે તે દીક્ષિતે પ્રારંભમાં આપ્યો છે અને તેના બે ઉપભેદ કર્યા છે.[૨૪]

जगन्नाथ : "વિષયી વડે વિષયનું નિગરણ એ અતિશય અને તેવા વર્ણનની ઉકિત એ અતિશયોક્તિ છે."[૨૫]

આમ જગન્નાથે અતિશયોક્તિનું વર્ણન પરંપરાગત રીતે જ આપ્યું છે.

ઉપરોક્ત વિવેચન ઉપરથી જણાય છે કે ભામહે અતિશયોક્તિનું વર્ણન આપ્યું તેમાં "લોકાતિક્રાન્તગોચરત્વ" ઉપર ભાર મૂકયો છે. આ જ મુખ્ય તત્ત્વ અંત સુધીના આચાર્યોમાં સચવાઈ રહેલું આપણને જોવા મળે છે.

આ પછી મમ્મટ, રુય્યક, વિશ્વનાથ વગેરેએ 'અધ્યવસાન' ઉપર ભાર મૂકયો છે અને ઉત્પ્રેક્ષા તથા અતિશયોકિત વચ્ચેના ભેદને બતાવવા માટે પ્રયત્ન કર્યો છે.

ભેદ-પ્રભેદની વાત કરીએ તો ઉદ્ભટે સૌ પ્રથમ અતિશયોકિતના ચાર ભેદનું નિરૂપણ કર્યું છે. રુય્યકે પાંચ ભેદ આપ્યા તો જયદેવે છ અને દીક્ષિતે આઠ વર્ણવ્યા અને વિશ્વનાથે રુય્યકે આપેલા જ પાંચ ભેદનો ઉલ્લેખ કર્યો. સામાન્ય રીતે અતિશયોકિતના પાંચથી આઠ ભેદ જોવા મળે છે.

---

२३ सिद्धत्वेऽध्यवसायस्यातिशयोक्तिर्निगद्यते । विश्वनाथ–साहित्यदर्पण १०/४६

२४ अप्पय्य दीक्षित–कुवलयानंद ३६–४३

२५ विषयिणा विषयस्य निगरणमतिशयः तस्योक्तिः ॥

काव्यमाला सीरीझ–१२ रसगंगाधर निर्णयसागर प्रेस इ. स. १८८८ पृ. २३५.

ગાલાશ્રીવર્ધમાનસૂરિનો પ્રબન્ધ

જયન્ત પ્રે. ઠાકર

માળણ **નામલ**ના પ્રબન્ધનું એક અધ્યયન આ પહેલાં 'સ્વાધ્યાય'ના વિદ્વાન્ વાચકો સમક્ષ રજૂ કરાયું છે. એવો જ એક બીજો પ્રબન્ધ છે **ગાલાશ્રીવર્ધમાનસૂરિ**નો પ્રબન્ધ. તે 'लघुप्रबन्धसंग्रह'નો દશમો પ્રબન્ધ છે. આ પ્રબન્ધની કથા પણ કોઈ પણ સ્વરૂપે અન્યત્ર દૃષ્ટિગોચર થતી નથી. આથી આ પ્રબન્ધ પણ 'लघुप्रबन्धसंग्रह'નું એક આગવું પ્રદાન ગણાય. તેનું અધ્યયન આપવાનો આ લેખનો હેતુ છે.

આ પ્રબન્ધની 'જૈન સંસ્કૃત' ભાષામાં નિરૂપાયેલી કથા કંઈક આવી છે :

લઘુકાશ્મીરા એવી **વામનસ્થલી**માં **બૃહસ્પતિ** નામના રાણાનું શાસન હતું. ત્યારે ત્યાં **કપોલશ્રીવર્ધમાનસૂરિ** રહેતા હતા. આ સૂરિ જ્યારે વ્યાખ્યાન આપવા બિરાજતા ત્યારે તેમની બન્ને બાજુએ બાર બાર આચાર્યો બેસતા. તે સમયે તે પુષ્પમંડપમાં તેમની જમણી બાજુએ નવ કચોળાં મૂકવામાં આવતાં, જેમાં સૂરિજીના વ્યાખ્યાનમાંથી ઝરતા નવે રસોને ઝીલી શકાય ! એ જ રીતે તેમની ડાબી બાજુએ એક ક્ષુરિકા રાખવામાં આવતી, જેથી વ્યાખ્યાન કરતાં કરતાં ક્યાંય કોઈ અપશબ્દ આવી જાય અથવા પુનરુક્તિ થઈ જાય ત્યારે તેના વડે જીભ ઉપર કાપ મૂકી શકાય !

હવે એક દિવસ **શ્રીપત્તન**માં એક ગૌડદેશનિવાસી પ્રખર વાદીનું આગમન થયું. તે વાદીનું નામ હતું **દેવમહાનન્દ.** તેણે પોતે જીતેલા વાદીઓના પ્રતીક સમાં ૮૪ પૂતળાં પોતાને પગે બાંધ્યાં હતાં. આવીને તેણે **સોમનાથ**ના બારણે ઘાસ–પાણી મૂકી દ્વાર બંધ કરીને આહ્વાન આપ્યું :

"જે કોઈ વાદી હોય તે મારી સાથે શાસ્ત્રાર્થ કરવા આવી જાય; નહિ તો પોતાનો પરાજય સ્વીકારી મારી સમક્ષ પશુ થઈને ઊભો રહે !"

આ પછી એમ ને એમ ત્રણ દિવસ વીતી ગયા. છેવટે **સરસ્વતી** દેવીએ રાત્રે સ્વપ્નમાં આવીને **વર્ધમાનસૂરિ**ને કહ્યું : "તું **સોમનાથ** જઈને પેલા વાદીને જીતી લે."

આચાર્ય કહે : "હું કંઈ ત્યાં જવાનો નથી. કેમ કે પેલા પતિતાત્વયો પાદરમાં જ ત્યાં જનાર વ્રતીઓ પાસેથી યે માથાદીઠ પાંચ પાંચ દ્રમ્મ મૂંડકાવેરો ઉઘરાવે છે."

"અરે ! તેઓ બધા તો તને આમંત્રણ આપવા જાતે આવશે," માતા **ભારતી**એ સમજાવ્યું, "આ કમંડળમાંથી અમૃતજળ લઈને પી જા."

આચાર્યે પોતાના **વાલલઉ** અને **સિલલઉ** નામના બે શિષ્યોને તે અમૃતજળ પાયું. તે પીતાં જ તે બન્નેમાં મહાવિદ્યા જાગૃત થઈ.

બીજી બાજુ પેલા પતિતાત્વયોને પણ મા **ભારતી**એ આદેશ આપ્યો, "જાઓ, **વામનસ્થલી** જઈને ગુરુ **શ્રીવર્ધમાનસૂરિ**ને મનાવી લાવો; તો વાદી હારશે."

સરસ્વતીના આ આદેશને માન આપી તેઓ બધા ભેગા મળીને **વામનસ્થલી**માં સૂરિજી પાસે પહોંચ્યા અને તેમને પગે પડીને વીનવ્યા :

"ગુરુજી, કૃપા કરીને **સોમનાથ** પધારો અને ગૌડીય વાદીને હરાવો."

વર્ધમાનસૂરિ પોતે તો તેમની સાથે ન ગયા, પરન્તુ તેમના પેલા બે શિષ્યોને તેમણે અશ્વારૂઢ કરીને રવાના કર્યા. વચ્ચે **દેથી** નદી આવી. તેમાં આવેલું પૂર. ગુરુએ **વામનસ્થળી**માં રહ્યે રહ્યે પોતાની શક્તિ વડે નદીને થંભાવી દીધી અને તે બધાને બચાવી લીધા અને નદી સહીસલામત રીતે ઓળંગાવી દીધી. પેલા શિષ્યોના ઘોડા પણ નદી પાર કરી ગયા. તે બધા આથી આશ્ચર્યચકિત થઈ ગયા અને **દેવપત્તન** પહોંચી ગયા.

ત્યાં જઈને તે બે શિષ્યોએ ગુરુએ આપેલી પોથી છોડી અને **દેવમહાનન્દ** સાથે વાદનો પ્રારંભ કર્યો. સતત અઢાર દિવસ સુધી આ વાદ ચાલ્યો, પરન્તુ અન્તે પેલો વાદી પરાજિત થયો. પોતાની જાતને મહાવિજયી માનનાર તે અભિમાનીથી આ પરાજય સહી શકાયો નહિ. તેથી આઘાત લાગતાં હૃદયસ્ફોટ થતાં તે તત્કાળ મરણને શરણ થયો. પતિતાત્વયોએ તેની પાસેના દ્રવ્યમાંથી યતિઓની વસતિ સાથેની ચોવીસ પૌષધશાળાઓ **શ્રીદેવપત્તન**માં બંધાવી.

આ **શ્રીવર્ધમાનસૂરિ**એ '**શ્રીવાસુપૂજ્યચરિત્ર**'ની રચના કરી હતી.

આવી **ગાલાશ્રીવર્ધમાનસૂરિ**ની કથા છે.

હવે આ પ્રબન્ધમાંનાં પાત્રોની ઐતિહાસિકતા વિષે વિચાર કરીએ, તો પ્રથમ આવે છે **બૃહસ્પતિરાણાક**. 'રાણાક' પદ તે નાનો રાજા હશે તેવો નિર્દેશ કરે છે. તે પ્રસ્તુત કથાના સમયે **વામનસ્થલી**નો રાણો હતો, એ હકીકત સિવાય બીજી કશી વિગત આ રાજા વિષે પ્રસ્તુત પ્રબન્ધમાંથી પ્રાપ્ત થતી નથી. બીજા ગ્રન્થોમાંથી પણ તેના વિષે કોઈ માહિતી મળી શકતી નથી. આથી તે સ્થળના તત્કાલીન રાજાનું નામ **બૃહસ્પતિ** હતું કે કેમ તેનો નિર્ણય પણ થઈ શક્તો નથી. તેના રાજ્યમાં રહેલા **વર્ધમાનસૂરિ**ના રચેલા '**वासुपूज्यचरित**'માં પણ તેનો નામોલ્લેખ નથી. જે કંઈ માહિતી તે સ્થાન વિષે ઉપલબ્ધ થાય છે, તે પરથી એટલું નિષ્પન્ન થાય છે કે તે કાળે **વામનસ્થલી**માં નાના રાજાઓનું શાસન હતું જે 'ઠક્કુર' કહેવાતા. **રાજશેખર**કૃત '**प्रबन्धकोश**'માં એવું આલેખન કરેલું છે કે **વામનસ્થલી**ના રાજન્યબન્ધુઓ **સાંગણ** અને **ચામુંડ** **ધવલક્કક** અર્થાત્ **ધોળકા**ના રાજા **વીરધવલ**ની રાણી **જયતલદેવી**ના ભાઈઓ હતા અને તેથી આક્રમણ કરતાં પહેલાં

તેણે તેમને પોતાને તાબે થઈ જવા સૂચવ્યું, પરન્તુ તેઓએ નમતું ન આપતાં છેવટે તેણે તેમને મારીને **વામનસ્થલી**નું રાજ્ય લઈ લીધું.[1] ટૂંકમાં, આ **બૃહસ્પતિ** નામના રાણા વિષે કશી માહિતી ઉપલબ્ધ થતી નથી.

પ્રસ્તુત પ્રબન્ધમાં સૌથી વધારે મહત્ત્વનું ઐતિહાસિક પાત્ર તો છે **શ્રીવર્ધમાનસૂરિ**નું. જૈન ઇતિહાસમાં **વર્ધમાનસૂરિ** તો અનેક થઈ ગયા છે; પરન્તુ આ પ્રબન્ધનું અન્તિમ વિધાન **'વાસુપૂજ્યચરિત્ર'** નામના સંસ્કૃત કાવ્યના રચયિતા **વર્ધમાનસૂરિ**નો આ પ્રબન્ધ છે તેવી સ્પષ્ટતા કરે છે. **વાસુપૂજ્યસ્વામી** જૈન ધર્મના બારમા તીર્થંકર છે અને તેમનું ચરિત આ **વર્ધમાનસૂરિએ** રચ્યું હતું. આ કાવ્યના અન્તે આપેલી પ્રશસ્તિમાંથી તેમના વિષે કેટલીક માહિતી મળી શકે છે:

આ આચાર્ય નાગેન્દ્રગચ્છના આચાર્ય **વિજયસિંહસૂરિ**ના શિષ્ય હતા. સોલંકી રાજા **ભીમદેવ** બીજાનો એક ગલ્લકકુલોત્પન્ન **દંડનાયક** હતો જેનું નામ હતું **આહ્લાદન**. તેણે વસન્તતિલકા છન્દમાં યમકથી અલંકૃત દસ શ્લોકનું એક 'पार्श्वनाथस्तोत्र' રચેલું. તે પ્રસ્તુત આચાર્ય **વર્ધમાનસૂરિ**નો પરમ ભક્ત હતો. પોતાના ગુરુની પ્રેરણાથી આ દંડનાયકે ઘણાં ચૈત્યોનો ઉદ્ધાર કર્યો હતો. તેવી જ રીતે તેણે તેમની પ્રેરણાથી **અણહિલવાડ પાટણ**માં પોતાના ગુરુની વસતિ તેમ જ **વાસુપૂજ્યસ્વામી**ના નાગેન્દ્રગચ્છીય ચૈત્યનો પણ જીર્ણોદ્ધાર કર્યો. આ દંડનાયક **આહ્લાદન**ની વિનંતિથી આ આચાર્યે તે **વાસુપૂજ્ય**-દેવાલય સાથેના ઉપાશ્રયમાં જ રહીને વિક્રમ સંવત્ ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)માં ચાર સર્ગ અને ૫૪૯૪ ગ્રન્થસંખ્યાનો વિસ્તાર ધરાવતા સંસ્કૃત કાવ્ય 'वासुपूज्यचरित'ની રચના કરી.[2] આ કૃતિમાં **આહ્લાદન** મંત્રીએ કરેલાં સત્કાર્યોની નોંધ આપી છે એટલું જ નહિ, પરન્તુ તે કાવ્યને **આહ્લાદન**ાંક બનાવ્યું છે, અર્થાત્ તેના પ્રત્યેક સર્ગના અન્તિમ શ્લોકમાં 'આહ્લાદન' શબ્દ પ્રયોજી પોતાના આ પરમ ભક્તના નામને અમર કરી દીધું છે.

વર્ધમાનસૂરિ વિષેની આ સર્વ હકીકત 'नागेन्द्रगच्छपट्टावलि'માં પણ આપેલી છે.[3] તેમાં તેમને તે ગચ્છના આચાર્યોમાં નવમો ક્રમાંક આપ્યો છે.

આ રીતે પ્રસ્તુત પ્રબન્ધના નાયક આચાર્ય **વર્ધમાનસૂરિ** ઈ. સ.ના તેરમા શતકમાં થઈ ગયેલ ઐતિહાસિક વ્યક્તિ છે તે નિર્વિવાદ છે.

---

૧ **રાજશેખરસૂરિ**કૃત 'प्रबन्धकोशः', સં. મુનિ **જિનવિજયજી**, સિંઘી જૈન ગ્રન્થમાળા, અંક ૬, કલકત્તા, ૧૯૩૫, પૃ. ૧૦૩–૧૦૪; **જિનહર્ષગણિ**કૃત 'वस्तुपालचरित', ક્ષાન્તિસૂરિ જૈન ગ્રન્થમાળા, અંક ૫, મહુધા, ૧૯૪૧, પ્રકરણ ૨.

૨ **વર્ધમાનસૂરિ**વિરચિત 'वासुपूज्यचरितम्', સં. રોમના વિદ્વાન ડૉ. **અગ્નોજિયો બાલિનિ**, જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, ૧૯૧૦, પ્રશસ્તિ, શ્લોક ૧૬–૨૮, પૃ. ૪૭૧.

૩ મુનિ **દર્શનવિજય**, મુનિ **જ્ઞાનવિજય** અને મુનિ **ન્યાયવિજય**: "જૈન પરંપરાનો ઇતિહાસ", ભાગ ૨, ચારિત્ર સ્મારક ગ્રન્થમાળા, અંક ૧૪, અમદાવાદ, ૧૯૬૦, પૃ. ૫, ૬૭૬.

પ્રબન્ધનું નામ **'ગાલાશ્રીવર્ધમાનસૂરિપ્રબન્ધ'** એવું આપ્યું છે. તેમાંનું **'ગાલા'** પદ તે **સૌરાષ્ટ્ર**માં **સુરેન્દ્રનગર** જિલ્લામાં **ધ્રાંગધ્રા** પાસે આવેલ **'ગાળા'** ગામનું નામ જ હોય, જે આ આચાર્યની જન્મભૂમિ કે નિવાસસ્થળ હશે, તેથી તેમના નામની પૂર્વે તે ગામનું નામ મૂક્યું છે. તે જ પ્રમાણે પ્રબન્ધના પ્રારંભમાં જ તેમને **'કપોલશ્રીવર્ધમાનસૂરિ'** કહ્યા છે. આ સૂરિ મૂળ **'કપોળ'** જ્ઞાતિના હશે તેથી આ જ્ઞાતિસૂચક પદ તેમના નામની પૂર્વે પ્રયોજ્યું હશે. આ વિગત બીજી રીતે પણ મહત્ત્વપૂર્ણ ગણાય, કેમ કે આ ઉપરથી ચોક્કસ કહી શકાય કે વાણિકોની **કપોલ** જ્ઞાતિ ઈ. સ.ના તેરમા શતકના પૂર્વાર્ધ જેટલી તો જૂની છે જ.

પ્રસ્તુત પ્રબન્ધના પ્રારંભમાં જ કહેવાયું છે કે **વર્ધમાનસૂરિ** જ્યારે દેશના આપતા ત્યારે તેમની બન્ને બાજુએ બાર બાર આચાર્યો બિરાજતા. આથી એમ સ્પષ્ટ સમજાય છે કે તેમના યુગમાં તેઓ આચાર્યશિરોમણિ ગણાતા હશે. વળી ત્યાં એક એવું રસસભર વિધાન કરેલું છે કે જ્યારે તેઓ ધર્મોપદેશ આપવા બેસતા ત્યારે તેમના જમણા હાથે નવ કચોળાં મૂકવામાં આવતાં જેમાં તેમની વાણીમાંથી ઝરતા નવે રસોને ઝીલી શકાય! તે જ રીતે તેમની ડાબી બાજુએ એક ક્ષુરિકા–છરી–રાખવામાં આવતી, જેથી વ્યાખ્યાન આપતાં ભાષા કે ઉચ્ચારની કોઈ ક્ષતિ થઈ જાય અર્થાત્ અપશબ્દ પ્રયોજાય અથવા પુનરુક્તિદોષ આવી જાય, તો તેના વડે જીભ ઉપર કાપ મૂકી શકાય! આ આલેખનને અતિશયોક્તિયુક્ત લેખી શકાય; પરન્તુ તે પરથી એટલી હકીકત તો તારવી શકાય જ કે આ આચાર્ય **વર્ધમાનસૂરિ**ની વાણી મીઠી અને સર્વરસસભર હશે, વિવિધ રસોની નિષ્પત્તિ સહજ રીતે તેમાંથી થતી હશે અને બોલવામાં તેઓ બહુ ચોક્કસ હશે. પોતાના વ્યાખ્યાનમાં ક્યાંય કશી ક્ષતિ ન આવી જાય કે પુનરુક્તિ પણ ન પ્રવેશી શકે એવી જાગરુકતા તેઓ ધરાવતા હશે. આચાર્યનો આવો અપ્રમાદ શિષ્યો અને શ્રાવકોમાં પણ અપ્રમાદ પ્રેરે એ સ્વાભાવિક છે.

સરસ્વતીદેવીને પણ સ્પષ્ટ શબ્દોમાં આચાર્યે કહી દીધું કે પોતે **સોમનાથ** જશે નહિ. આ વિધાન તેમનું નિર્ભય સ્પષ્ટવક્તૃત્વ દશાવે છે. મહાન્ આચાર્યો વિદ્યાઓ તથા તાન્ત્રિક શક્તિઓની પ્રભાવના ધરાવતા હોય છે તેવા ઉલ્લેખો મળતા હોય છે. આ આચાર્યની પણ એવી અદ્ભુત પ્રભાવનાનું એક સુન્દર ઉદાહરણ આ કથામાં નિરૂપેલું છે. તેમના શિષ્યો અને બીજાઓ **પ્રભાસપાટણ** તરફ જતા હતા ત્યારે માર્ગમાં **દેચી** નદીમાં પૂર આવેલું. તે વખતે **વામનસ્થલી**માં બેઠા બેઠા તેમણે પોતાની પ્રભાવક શક્તિ દ્વારા નદીને સ્તંભિત કરીને તે બધાને પૂરમાં તણાઈ જતા બચાવ્યા અને નદી સરળતાથી ઓળંગાવી દીધી! આમ આ નાગેન્દ્રગચ્છીય **વર્ધમાનસૂરિ** ૧૩મા શતકમાં થઈ ગયેલા એક પ્રભાવક આચાર્ય હતા.

ત્રીજું મહત્ત્વનું પાત્ર છે **દેવમહાનન્દ**. તે **ગૌડ** દેશનો નિવાસી હતો, મહાપ્રખર વાદી હતો. શાસ્ત્રાર્થ અર્થે તે સારા દેશમાં ઘૂમતો હતો. તેણે ૮૪ વાદીઓને વાદમાં હરાવ્યા હતા અને તેના પ્રતીક તરીકે ગર્વપૂર્વક તેણે પોતાના પગે ૮૪ પૂતળાં બાંધ્યાં હતાં! ફરતો ફરતો તે **પ્રભાસપાટણ** આવ્યો અને શાસ્ત્રાર્થ માટે આહ્વાન ફેંક્યું. ૧૮ દિવસના શાસ્ત્રાર્થને અન્તે તેનો પરાજય થયો. **વર્ધમાનસૂરિ**ના બે શિષ્યો દ્વારા તેના મિથ્યાભિમાનના ચૂરે ચૂરા થઈ જતાં

તેને આઘાત લાગ્યો, તે જીરવી ન શકતાં તેનું હૃદય ફાટી પડયું અને તે મરણ પામ્યો. આ વાદીનું નામ તથા **સોમનાથ** મંદિરમાંના તેના વાદનો **પ્રસંગ અન્યત્ર** દૃષ્ટિગોચર થતાં નથી. તેથી તેની ઐતિહાસિકતા પ્રમાણિત થઈ શકે તેમ નથી. તેના વિષે તથા તેના આ વાદ વિષે કેવળ પ્રસ્તુત સંક્ષિપ્ત પ્રબન્ધ દ્વારા જ માહિતી મળે છે.

પછીનાં બે પાત્રો પ્રમાણમાં નાનાં છે. તે છે **વર્ધમાનસૂરિ**ના બે શિષ્યો જેમનાં નામ '**વાઘલઉ**' અને '**સિંઘલઉ**' એવાં આપ્યાં છે. અર્વાચીન ગુજરાતીમાં તેમને '**વાઘલો**' અને '**સિંહલો**' કહેવાય. આ તેમનાં મૂળ નામ નહિ હોય, પરંતુ લાડનાં નામ હશે, જે દ્વારા તેમને અનુક્રમે વાઘ અને સિંહ સાથે સરખાવવાનો પ્રયત્ન હશે. **સરસ્વતી**એ સ્વપ્નમાં આવી ગૌડીય વાદી **દેવમહાનન્દ**ને પરાજિત કરવા માટે પોતાના કમંડળમાંથી અમૃત-જળ પીવા આચાર્યને આદેશ આપ્યો ત્યારે આચાર્યે પોતે ન પીતાં પોતાના આ બે શિષ્યોને તે પાયું, જેથી તેમનામાં મહાવિદ્યા જાગૃત થઈ અને ગુરુની આજ્ઞાનુસાર **સોમનાથ પાટણ** જઈને તેમણે તે પ્રખર વાદી સાથે શાસ્ત્રાર્થ કર્યો અને ૧૮ દિવસના શાસ્ત્રાર્થને અન્તે તેને હરાવ્યો. આવા મોટા સર્વત્ર વિજય પ્રાપ્ત કરનાર વાદીને પરાજિત કરવો એ તેમની નાની-સૂની સિદ્ધિ ન ગણાય. પરન્તુ જેમ **દેવમહાનન્દ** વિષે તેમ આ બે વિજયી વીરો વિષે પણ પ્રસ્તુત લઘુ પ્રબન્ધ સિવાય બીજા કોઈ પ્રબન્ધગ્રન્થમાં કે અન્ય પ્રકારના ગ્રન્થોમાં યે કશી જ માહિતી ઉપલબ્ધ થતી નથી. ગુરુને બીજા ઘણા શિષ્યો હશે, પરન્તુ આ બેને જ તેમણે અમૃત-જળ પીવા માટે તથા વાદીનો પ્રતિવાદ કરવા જવા માટે પસંદ કર્યા તે હકીકત તેમની વિદ્વત્તા તથા વાક્ચાતુર્યમાં ગુરુના પૂર્ણ વિશ્વાસને દ્યોતિત કરે છે.

આ પ્રબન્ધમાં નિરૂપાયેલ પ્રસંગ બીજા કોઈ પ્રબન્ધગ્રન્થમાં અથવા અન્ય સાહિત્યમાં ઉપલબ્ધ થતો નથી તેથી તેની ઐતિહાસિકતા સંદિગ્ધ બને છે; તથાપિ તેને કેવળ કપોલકલ્પિત ગણી કાઢવો તે યોગ્ય નથી લાગતું. ભવિષ્યમાં વધારે કૃતિઓ પ્રકટ થાય અને અન્ય ઐતિહાસિક સાધનો દ્વારા જે સંશોધન થાય તેમાંથી કદાચ આ ઘટના વિષે કંઈ માહિતી મળી પણ શકે, તે અસંભાવિત તો નથી જ. એટલે જ્યાં સુધી આવાં બીજાં પ્રમાણો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવા પ્રસંગોને અનૈતિહાસિક ગણી ફેંકી દેવાને બદલે સંદિગ્ધ ઇતિહાસ તરીકે સાચવી રાખવા તે વધારે ઉચિત લાગે છે.

ભૌગોલિક ઉલ્લેખોમાં પ્રથમ આવે છે **વામનસ્થલી**. તે જ આજનું **વંથળી**, જે સૌરાષ્ટ્રમાં **જૂનાગઢ** જિલ્લામાં **જૂનાગઢ**થી આશરે ૮ માઈલ નૈર્ઋત્યમાં આવેલું છે. '**महाभारत**'માં '**વામનતીર્થ**'નો ઉલ્લેખ છે તે જ કદાચ આ સ્થળ હોય. આજે પણ ત્યાં **વામન**નું એક પ્રાચીન મન્દિર છે. પ્રસ્તુત પ્રબન્ધમાં તેને 'લઘુકાશ્મીરા' એવું વિશેષણ આપવામાં આવ્યું છે. તેનાં બે કારણ હોઈ શકે: એક તો તે વિદ્યાનું કેન્દ્ર હતું તે અને બીજું તેની આસપાસનું પ્રકૃતિસૌન્દર્ય. અહીં એ નોંધવું રસપ્રદ થશે કે 'पुरातनप्रबन्धसंग्रह'માં પણ **વામનસ્થલી**ને 'લઘુકાશ્મીરા' કહી છે.[૪] તે સ્થળે આજથી ૭૦૦ વર્ષ પૂર્વે ૧૩મા

---

૪ મુનિ જિનવિજયજી-સંપાદિત 'पुरातनप्रबन्धसंग्रहः' સિંઘી જૈન ગ્રન્થમાળા, અંક ૨, કલકત્તા, ૧૯૩૬, પૃ. ૧૧૪.

શતકના પૂર્વાર્ધમાં **બૃહસ્પતિરાણાના** શાસનકાળમાં '**वासुपूज्यचरित**'ના પ્રસિદ્ધ કર્તા **વર્ધમાનસૂરિ** રહેતા હતા અને મધુર તથા સંયમી વાણીમાં દેશના આપતા હતા તથા તેમના બે શિષ્યોએ **સોમનાથ** જઈ ગૌડીય વાદીને હરાવી ગુજરાતની વિદ્વત્તાની લાજ રાખી હતી એવું પ્રસ્તુત પ્રબન્ધનું કથન છે.

બીજો મહત્ત્વનો ભૌગોલિક ઉલ્લેખ છે **શ્રીપત્તનનો**. તેને અહીં **દેવપત્તન** પણ કહ્યું છે. તે જ સૌરાષ્ટ્રના દક્ષિણ તીરે આવેલું પ્રસિદ્ધ યાત્રાધામ **પ્રભાસ, પ્રભાસક્ષેત્ર, પ્રભાસ પાટણ** કે **સોમનાથ પાટણ.** તેની ગણના ભારતનાં પ્રાચીનતમ નગરોમાં થાય છે અને તે **સોમનાથ મહાદેવના** મંદિરથી વિશ્વવિખ્યાત બનેલું છે. **સોમનાથનું** લિંગ સમસ્ત દેશના બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે. તેના પર અનેક વાર મુસલમાનોનાં ઝનૂની આક્રમણો થયેલાં. પ્રથમ આક્રમણ **ગઝની**(અફઘાનિસ્તાન)ના **મહમૂદે** ૬ઠ્ઠી જાન્યુઆરી, ઈ. સ. ૧૦૨૬ના રોજ કર્યું, જે ત્રણ દિવસ ચાલ્યું. છેલ્લું આક્રમણ ઈ. સ. ૧૫૩૦માં **મુઝફ્ફર** બીજાએ કરેલું અને મન્દિરની મસ્જિદ બનાવી દીધેલી. આજનું **સોમનાથનું** મન્દિર સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી બંધાયું જેમાં ૧૯૫૦ના મે માસમાં ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ **ડૉ. રાજેન્દ્ર-પ્રસાદના** વરદ હસ્તે નૂતન લિંગની પ્રતિષ્ઠા કરવામાં આવી અને તે ભારતના સ્વાતંત્ર્યયુદ્ધના મહાન્ સેનાની અને સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન **સરદાર વલ્લભભાઈ પટેલની** જહેમતને આભારી છે તેની નોંધ લેવી તે પણ અહીં અસ્થાને નહિ લેખાય. પ્રસ્તુત પ્રબન્ધના કથન અનુસાર **વાઘલો-સિંઘલો** તથા **દેવમહાનન્દ** વચ્ચેનો અઢાર દિવસ ચાલેલો વાદ **સોમનાથના** મન્દિરમાં થયેલો. ગૌડીય વાદી હારતાં અને મૃત્યુ પામતાં તેના અઢળક દ્રવ્યમાંથી **પ્રભાસ પાટણમાં** યતિઓની વસતિથી યુક્ત ૨૪ પૌષધશાળાઓ બાંધવામાં આવી તેવું સ્પષ્ટ કથન આ પ્રબન્ધનું છે.

ત્રીજો ભૌગોલિક નિર્દેશ **દેયી** નદીનો આવે છે. **વામનસ્થલી** અર્થાત્ **વંથળીથી** **પ્રભાસ** જતાં વચ્ચે આ નદી આવતી અને તેમાં પૂર આવે ત્યારે મુસાફરો મુશ્કેલીમાં મુકાતા. **વાઘલો** અને **સિંઘલો** વાદ માટે **પ્રભાસ** જતા હતા ત્યારે તેમના ગુરુની ચમત્કારિક શક્તિથી તેમનું રક્ષણ થયું અને તેઓ આ નદી ઓળંગી શક્યા. આ **દેયી** નદી તે કઈ તેનો નિર્ણય કરી શકાયો નથી. કદાચ કોઈ નાની નદી હશે.

પ્રસ્તુત પ્રબન્ધનું બીજી રીતે પણ મહત્ત્વ છે. '**लघुप्रबन्धसंग्रह**'ના રચનાકાળનો નિર્ણય કરવામાં તે ઉપયોગી નીવડ્યો છે. **વર્ધમાનસૂરિએ** '**वासुपूज्यचरित**'ની રચના **પાટણમાં** વિ. સં. ૧૨૯૯ અર્થાત્ ઈ. સ. ૧૨૪૩માં કરી એવું સ્પષ્ટ વિધાન '**वासुपूज्यचरित**'ની પ્રશસ્તિમાં તેમણે કરેલું છે :

ततोऽसौ निधिनिध्यर्क–संख्ये विक्रमवत्सरे ।
आचार्यश्चरितं चक्रे वासुपूज्यविभोरिदम् ॥[5]

---

૫ 'वासुपूज्यचरित'ની ઉપરિનિર્દિષ્ટ આવૃત્તિ, પ્રશસ્તિ શ્લોક ૨૮, પૃ. ૪૭૧.

અને પ્રબન્ધમાં સ્પષ્ટ વિધાન કરેલું છે કે **વર્ધમાનસૂરિએ** '**वासुपूज्यचरित**'ની રચના કરી. આથી '**लघुप्रबन्धसंग्रह**'ની રચના ઈ. સ. ૧૨૪૩ **પછી** થઈ હોય એમ ચોક્કસ નિર્ણય કરી શકાય છે. અન્ય પ્રમાણુને આધારે તે ઈ. સ. ૧૩૦૫ પહેલાં રચાયો હોવો જોઈએ તેવો નિર્ણય લઈ શકાયો છે. આથી '**लघुप्रबन्धसंग्रह**'ની રચના ઈ. સ.ના ૧૩મા શતકના ઉત્તરાર્ધમાં થઈ તેમ નિશ્ચયપૂર્વક કહી શકાય છે. આમ, સમગ્ર ગ્રન્થના રચનાકાળના નિર્ણય માટે પણ આ પ્રબન્ધ મહત્ત્વપૂર્ણ બની રહે છે.

આ નાનકડા પ્રબન્ધમાંથી કેટલાંક સામાજિક તથા સાંસ્કૃતિક તથ્યો ઊપસી આવે છે :

૧ તે જમાનામાં મહાન્ આચાર્યો માટે ખાસ પુષ્પગૃહો રચવામાં આવતાં જ્યાં બેસી તેઓ વ્યાખ્યાનો આપતા.

૨ પ્રખર પંડિતો દેશ–દેશાન્તરમાં ફરીને તે તે સ્થાનના પંડિતો સાથે શાસ્ત્રચર્ચા કે વાદ કરતા અને પ્રતિવાદીને હરાવી પોતાનો મત સ્થાપી પોતાનો વિજયડંકો વગાડતા.

૩ અભિમાની વાદીઓ પોતાના આવા દિગ્વિજયના **પ્રદર્શન અર્થે** જેટલા પ્રતિવાદીને પરાજિત કર્યા હોય તેટલાં પૂતળાં પોતાના પગે બાંધીને પોતાનો અહંકાર પોષતા.

૪ સામાના દ્વારમાં (કે નિવાસમાં) તૃણુ અને પાણી નાખવાં તે વાદ માટેના આહ્વાનનો સંકેત હતો.

૫ જો આવા આહ્વાનનો સ્વીકાર કરી સામો વાદી વાગ્યુદ્ધમાં ઊતરવા ન માગતો હોય, તો પોતે પરાજય સ્વીકાર્યો છે તેવું દર્શાવવા તેની સમક્ષ તેણે પશુની જેમ ચાર પગે, કે સંભવતઃ પગના અંગૂઠા પકડીને, ઊભા રહેવું પડતું.

૬ પરાજિત વાદીના ધનનો ઉપયોગ વિજેતાનાં ધાર્મિક સ્થાનો બાંધવા માટે કરવામાં આવતો.

૭ મુસાફરો ઘોડા ઉપર બેસીને મુસાફરીએ જતા. સાધુઓ પણ અશ્વારૂઢ થઈને ગ્રામાન્તરે જતા.

૮ માર્ગમાં આવતી નાની–મોટી નદીઓમાં પૂર આવે ત્યારે યાત્રીઓનું જીવનું જોખમ બની જતું.

૯ આજની જેમ ત્યારે પણ યાત્રાળુ–વેરો ભરવો પડતો. **પ્રભાસ પાટણ**ના પાદરમાં યતિઓ પાસેથી પણ વ્યક્તિદીઠ પાંચ દ્રમ્મ લેવામાં આવતા.[૬]

---

૬ આ સ્થળે એ નોંધવું રસપ્રદ થશે કે **સોમનાથ**ના યાત્રાળુઓ પાસેથી આવો મૂંડકાવેરો **સિદ્ધરાજ જયસિંહ**ના વખતમાં પણ ઉઘરાવવામાં આવતો જેની વાર્ષિક આવક ૭૨ લાખની થતી. સાધુઓ પાસેથી પણ આ વેરો લેવામાં આવતો અને **સિદ્ધરાજ**ની માતા **મીનળદેવી**એ આ યાત્રાળુ–વેરો બિલકુલ બંધ કરાવી દીધો હતો. આની વિગત માટે જુઓ **મેરુતુંગસૂરિ**વિરચિત '**प्रबन्धचिन्तामणि**' (ઈ. સ. ૧૩૦૫), સં. મુનિ **જિનવિજયજી,** સિંઘી જૈન ગ્રન્થમાળા, અંક ૧, કલકત્તા, ૧૯૩૩, કંડિકા ૯૮ તેમ જ ઉપરિનિર્દિષ્ટ '**पुरातनप्रबन्धसंग्रह**', કંડિકા ૬૭.

૧૦ કેટલીક વાર વતનનું નામ વિશિષ્ટ વ્યક્તિના નામની પૂર્વે જોડવામાં આવતું. **વર્ધમાનસૂરિ** માટે '**गालाश्रीवर्धमानसूरि**' એવો પ્રયોગ થયો છે.

૧૧ જ્ઞાતિનો નિર્દેશ પણ આવી રીતે કરવામાં આવતો. **વર્ધમાનસૂરિને** '**कपोलश्री-वर्धमानसूरि**' કહ્યા છે.

૧૨ વૈશ્યોની '**કપોલ**' જ્ઞાતિ ઈ. સ.ના ૧૩મા સૈકાના પૂર્વાર્ધ જેટલી પ્રાચીન તો છે જ.

મધ્યયુગના પ્રબન્ધ–સાહિત્યની સંસ્કૃતભાષા પ્રાકૃત તથા પ્રાદેશિક બોલીઓની પ્રબળ અસરવાળી ભાષા છે. તેથી જેને આપણે લોકભાષા કહી શકીએ એવી એ ભાષા બની ગઈ છે. સંસ્કૃત રાષ્ટ્રભાષા તરીકે કેવી હશે તેનો ખ્યાલ આ સમૃદ્ધ ભાષા ઉપરથી આવી શકે તેમ છે. આ વિશિષ્ટ ભાષાને કેટલાક વિદ્વાનોએ 'જૈન સંસ્કૃત' એવું નામ આપ્યું છે. આ 'જૈન સંસ્કૃત'નાં લક્ષણોથી આ નાનો પ્રબન્ધ પણ સભર ભરેલો છે. આથી આવા થોડા શબ્દપ્રયોગોનું અવલોકન જો અહીં કરવામાં ન આવે તો આ પ્રબન્ધનું અધ્યયન અપૂર્ણ જ લેખાય. તેથી આ અધ્યયન પૂરું કરતાં પહેલાં તેવા કેટલાક પ્રયોગો જોઈ લઇએ :

૧	**कच्चोलक** (નપું.)	: 'કચોળું'. સરખાવો પ્રાકૃત **कच्चोल, कच्चोलय**; ગુજરાતી **कचोळुं, कोचळुं**; હિન્દી **कचोरा**.
૨	**कपाट** (નપું.)	: 'બારણું'. સર૦ ગુજ. **कमाड**.
૩	**कमण्डला** (પં. એ. વ.)	: 'કમંડળમાંથી'. આ માટે સાચો પ્રયોગ '**कमण्डलोः**' એવો થાય, તેનું આ વિકૃત રૂપ હોય. અથવા વધારે સંભવિત તો સંસ્કૃત '**कमण्डलु**'નું પ્રા. '**कमण्डल**', તેનું પંચમી વિભક્તિ એ. વ. '**कमण्डलात्**' થાય, તેનું આ અપભ્રષ્ટ રૂપ ગણાય.
૪	√ **छुट्** (પ્રેરક)	: 'છોડવું'. '**पत्रं छोटितम्**' = '(પોથીનું) પાનું છોડયું, ખોલ્યું'. પ્રેરક કર્મણિ ભૂત કૃદંત નપુંસક લિંગ પ્રથમા એક વચન. સર૦ ગુજ., હિં. √ **छोड**; મરાઠી √ **सोड**. જૂની ગુજ. √ **छोड** < પ્રા. √ **छोड** < સં. √ **छुट्**નું પ્રેરક **छोटय**.
૫	√ **दा**	: 'બંધ કરવું'. સર૦ ગુજ. √ **दे**. '**कपाटानि दत्तानि**' = 'કમાડ દીધાં, દ્વાર બંધ કર્યાં'. **दत्तानि** ક. ભૂ. કૃ. નપું. પ્ર. બ. વ.
૬	**देवपत्तने समेतः** **देवपत्तने समायातः**	: 'દેવપત્તને આવ્યો'. સંસ્કૃત વ્યાકરણના નિયમ અનુસાર **देवपत्तनम्** એવો પ્રયોગ થાય. અહીં દ્વિતીયાને સ્થાને સપ્તમીનો પ્રયોગ પ્રાદેશિક ભાષાની રૂઢિની અસર સૂચવે છે.

૭ **पतितात्वय** (પુ.) : આ શબ્દનો અર્થ સ્પષ્ટ નથી. 'જૈનેતર', 'જૈન ધર્મમાં નહિ માનનાર'ના અર્થમાં તિરસ્કારસૂચક પ્રયોગ લાગે છે. કદાચ '**पतितान्वय**' 'હલકા કુળનો, હલકો' હોય, પરન્તુ પ્રસ્તુત પ્રબન્ધમાં ત્રણ સ્થળે આ શબ્દ પ્રયોજાયો છે અને તે ત્રણે સ્થળે પૃષ્ઠમાત્રાયુક્ત હસ્તપ્રતમાં '**त्व**' સ્પષ્ટ છે.

૮ **पादम् + अव + √ धृ** : 'આવવું, પધારવું'. '**पादमवधारयन्तु**' = '(આપ) પધારો'. આજ્ઞાર્થ ત્રી. પુ. બ. વ. સર૦ જૂની ગુજ. √ **पाउधार**; ગુજ. √ **पधार**. પ્રબન્ધોમાં **पादौ + अव + √ धृ**, **पदम् + अव + √ धृ** તથા **पादौ + आ + √ धृ**ના પ્રયોગો પણ આ અર્થમાં થયા છે.

૯ **पार्श्वात्** (નપું. પં. એ. વ., અવ્યય તરીકે) : 'પાસેથી'. '**व्रतिनां पार्श्वात्**' = 'વ્રતીઓની પાસેથી.' '**मुण्डपार्श्वात्**' = 'દરેક વ્યક્તિ પાસેથી, માથાદીઠ'. ગુજ. **पासे, पासेथी** < જૂની ગુજ. **पासि, पासि** < અપભ્રંશ **पासहिं** < પ્રા. **पासम्मि** < સં. **पार्श्वे**.

૧૦ **पुत्तलक** (પુ.) : 'પૂતળું' (નપું.), **पुत्तलका:** 'પૂતળાં'. પ્ર. બ. વ.

૧૧ **पुप्फ** (નપું.) : 'પુષ્પ, ફૂલ'. સં. **पुष्प** > પ્રા. **पुप्फ** > જૂની ગુજ. **पुफ**.

૧૨ **√ मन्** (પ્રેરક) : 'મનાવવું, મનાવી લેવું'. '**मनाप्यन्तु**' = 'મનાવી લેવાઓ'. પ્રે. ક. આ. ત્રી. પુ. બ. વ. '**गुरवो मनाप्यन्तु**' = 'ગુરુજી મનાવી લેવાઓ' અર્થાત્ 'ગુરુજીને મનાવી લો'. સર૦ ગુજ. પ્રેરક √ **मनाव**.

૧૩ **√ मुच्** : 'મૂકવું'. [સામાન્ય રીતે સંસ્કૃતમાં આ અર્થમાં √ **स्था**નો પ્રયોગ કરાય છે.] (૧) '**मुच्यन्ते**' = 'મુકાય છે'. કર્મણિ વર્તમાન ત્રી. પુ. બ. વ. '**नवकच्चोलकानि मुच्यन्ते**' = 'નવ કચોળાં મુકાય છે' અર્થાત્ 'નવ કચોળાં મૂકવામાં આવતાં'. (૨) **मुक्तम्** 'મૂક્યું'. ક. ભૂ. કૃ નપું. પ્ર. એ. વ. '**तृणपानीयं मुक्तम्**' = 'ઘાસ અને પાણી મૂકયાં અર્થાત્ નાખ્યાં'.

આવા નાના નાના પ્રબંધો પણ ઐતિહાસિક, ભૌગોલિક, સાંસ્કૃતિક તેમ જ ભાષાકીય દૃષ્ટિએ કેવું મહત્ત્વ ધરાવે છે તે સ્પષ્ટ કરવા માટે જ અહીં આ લઘુ પ્રબન્ધનું અધ્યયન આપવામાં આવ્યું છે.

લક્ષ્મીદાસકૃત દશમસ્કંધ

કુમુદ પરીખ

આ અપ્રસિદ્ધ કૃતિની ત્રણ હસ્તપ્રતો ગુજરાત વિદ્યાસભામાં મળી છે, જેમાં હસ્તપ્રત નં. ૧૭૧૧નાં ૧૫૯ પૃષ્ઠોમાં અધ્યાય ૪૭, ક. ૧૦૧ સુધીનું અધૂરું કાવ્ય મળે છે. બીજી બે હસ્તપ્રતો સંપૂર્ણ છે. હસ્તપ્રત નં. ૪૭૦ અને હસ્તપ્રત નં. ૨૦૪૮ બંનેમાં અધ્યાય ૯૦ સુધીની કથા છે.

હસ્તપ્રત નં. ૨૦૪૮નો રચ્યાસંવત ૧૬૦૪ આસો સુદ ૭ છે. ઘોષાસુત લક્ષ્મીદાસકૃત ભાગવત–દશમસ્કંધની આ હસ્તપ્રતનું પરિમાણ ૨૬.૫ × ૧૪.૫ છે. પત્ર ૨ થી ૨૬૯ છે.

આ કૃતિમાં વચ્ચે ચોથું પાન નથી, તો આદિ–અંત પણ તૂટક છે. પાન નં. ૨૬૩ થી ૨૬૬ને ઊધઈ લાગી ગઈ છે. આખી કૃતિમાં બબ્બે પાન જોડેલાં છે. તેથી પૃ. ૧ના ઉલ્લેખ પૂરતી હસ્તપ્રત નં. ૪૭૦નો ઉપયોગ પાદટીપ નં. ૨માં કર્યો છે.

આખ્યાનયુગમાં ધ્યાન ખેંચે એવો આ લક્ષ્મીદાસ નામનો કવિ મહેમદાવાદમાં સં. ૧૬૩૯ થી સં. ૧૬૭૨ દરમ્યાન હયાત હતો. 'ગજેન્દ્રમોક્ષ' અને 'ચંદ્રહાસ આખ્યાન'ને અંતે તેણે પોતાની માહિતી આપી છે. વાત્રક નદીને કાંઠે આવેલા મહેમદાવાદના જીતુલી પરામાં બ્રાહ્મણ જ્ઞાતિના આ ઓખાસુત (ઘોષાસુત) લક્ષ્મીદાસની સાહિત્યસેવા આદર ઉપજાવે તેવી છે. ઉપરોક્ત બંને કૃતિ ઉપરાંત એની 'દશમસ્કંધ' જેવી કૃતિ ખાસ ધ્યાન ખેંચે છે. શ્રીમદ્ ભાગવતના 'દશમસ્કંધ'ને આધારે રચેલો અધ્યાયવાર ૧૯૫ કડવાંનો આ કાવ્યગ્રંથ છે.

કાવ્યાંતે કવિનું નામ મળતું નથી. પણ માત્ર 'ઘોષાસુત'નો ઉલ્લેખ મળે છે; પરંતુ ૧૪મા અધ્યાયને અંતે એનું નામ મળે છે :

'એટલે અધ્યા થયા ચતુર્દશ, એમ કહે છે લક્ષ્મીદાસ.' ૪૮ પૃ. ૧૬

આ ત્રણ કૃતિ ઉપરાંત એનું ચોથું મોટું કાવ્ય 'કર્ણપર્વ' મળે છે. એના આદિ–અંત મળતા નહિ હોવાથી ચોક્કસપણે એ કૃતિ એની જ છે એમ ન કહી શકાય. વચ્ચે એક જ સ્થળે એના નામનો ઉલ્લેખ મળે છે :

એ કથા તાં વૈશંપાયન જન્મેજિની કિહિસિ,
લખ્યમીદાસ કિહિ કર્ણસંઘાતિ અર્જન યુધિ જસિ. ૨૫ પૃ. ૭૩

આ પ્રત તૂટક છે. એનાં નાનાં કાવ્યોમાં 'જ્ઞાનબોધ' (૧૬૭૨), 'લક્ષ્મણાહરણ' (૧૬૬૦), 'રામરક્ષાસ્તુતિ' અને 'અમૃતપચીસીરસ' છે. આમાં છેલ્લું કાવ્ય મહત્ત્વનું છે.

એમાં કવિના નામ સિવાય કોઈ માહિતી મળતી નથી. આ કવિએ સ્વતંત્ર નાનાં પદ પણ રચ્યાં છે. તેમાં રામ અને કૃષ્ણની સ્તુતિ મળે છે. એની ભાષા પણ મિશ્રિત છે. એમાં જૂની વ્રજભાષાની છાંટ કે પૂરી એ જ ભાષા હોય એવાં પદ મળે છે:

૧ અંબર ચારુ યૂ તડીત પીતાંબર સુંદર ગઢે ટચિ ભૂંનાં,
કંઠ મનોહર હાર બીજી તજ લઘર ઘોર છબી સૂતના,
સીર મોર કે ચંદ આનંદ બદન કવલ્લ ભૂઝાલ ટકિકૂદનાં,
લક્ષમીદાસ કિહિ બાંલ જાઉં નરભેષ ઘોષપાંત નંદ કે લલના. પૃ. ૨૬અ

૨ શુદ્ધ પદ—રાગ કેદારુ.
આજુ સરે સફલ ભયે નયન,
કોટિ મનમથરૂપ ચતુર જુ નિરખે ગીરિધર ચિન. પૃ. ૨૬અ

બીજું એક પદ કેદારમાં, એક રામગરીમાં ને એક કાનરામાં મળે છે. એક વસંતનું પદ ગુજરાતીમાં મળે છે:

'રાગ વસંત'

સુણિ સજનિ કહુ વાત દુર્જનિ જુ રાખિ મનમાહિ.
નંદસુવન યાહારિ નયણે દિઠા, ગ્રિહિ આંગણુ ન સોહાએ.
ભૂલિ પ્રીત પરિવાર હરિ વિણુ સ્વજનસ્વ દૂરિ ણિ કાંઈ અન દેખુ,
રયણિ દિવસ ક્ષણ સુતાં બિસતાં ચ્યંતિ ચતુર્ભુજ પેખુ...સુણિ સજનિ. પૃ. ૨૬બ

અહીં એના ઉપર ભાલણની અસર જોવા મળે છે, કારણ કે ઉપરનું ગુજરાતી પદ ભાલણની ગરબીની પદ્ધતિનું છે. વિષ્ણુદાસનો સમકાલીન કવિ એક ખૂણે રહી આટલો પ્રયત્ન કરી ગયો, એ વાત જ અપ્રસિદ્ધ રહી છે.

એનો શ્રીમદ્‌ભાગવતના 'દશમસ્કંધ'ના અનુવાદનો પ્રયત્ન ઓછો નથી. એણે ૧૯૫ કડવામાં 'દશમસ્કંધ'ના ૯૦ અધ્યાય સમાવ્યા છે અને તેની કથા પ્રામાણિક રીતે ઉતારી છે.

ભાલણના 'દશમસ્કંધ'માં રાસપંચાધ્યાયીનાં કડવાં ૧૫૭થી ૧૬૭ આ લક્ષ્મીદાસની જ 'રાસપંચાધ્યાયી'નાં છે. ત્યાં સ્પષ્ટ રીતે લક્ષ્મીદાસની જ છાપ આપવામાં આવી છે:

મુજને વા'લા શ્રીજુગદીશજી, અધ્યાય પૂર્ણ થયા તેત્રીશજી. ૧૮
શ્રોતાજનની પહોતી આશજી, બુદ્ધિમાને કહે લક્ષ્મીદાસજી.[1] ૧૯

પદ ૧૬૭, પૃ. ૧૩૧

બેશક, ભાલણે રાસનાં સુંદર પદ રચ્યાં છે, પરંતુ હ. દ્વા. કાંટાવાળાને મળેલી હસ્તપ્રતમાં લક્ષ્મીદાસની રાસપંચાધ્યાયી મળવાથી એ પણ છાપી નાખેલી.

---

૧ કાંટાવાળા, હ. દ્વા. (સંપા.), ભાલણકૃત 'દશમસ્કંધ': પ્રકા. વિ. આ. ઠક્કર, વડોદરા, ૧૯૧૫, પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૩૧

લક્ષ્મીદાસનાં પ્રૌઢ પદ્ધતિનાં કાવ્યો મળે છે. નાકર પછીના કવિઓમાં, વિષ્ણુદાસના કવનકાળમાં અમદાવાદ નજીકનો કવિ આમ આખ્યાનપદ્ધતિનાં કાવ્યો એટલા જૂના સમયમાં આપે છે, એ એ પ્રદેશને માટે ગૌરવભરી વાત છે.

દશમસ્કંધના આરંભમાં કવિએ ગણેશ, સરસ્વતી તથા નારાયણને વંદના કરી છે :

ૐ નમઃ શ્રીગણેશાય, શ્રી સરસ્વત્યૈ નમ: નારાયણં નમસ્કૃત્ય નરચૈવ નરોત્તમં દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમુદીરયેત્ ॥ ૧

ત્યાર પછી સંસ્કૃતમાં સાત શ્લોક આપ્યા છે. છેલ્લા શ્લોકમાં ગુજરાતી સંસ્કૃત મિશ્રભાષા છે :

શ્રવણે યેણી સુણ્યુ નહી ભુવિ ભાગવત પુરાંણ,
માનુષરૂપિ અવતરયા તે ચાલંતા પાષાંણ.[2] ૭

પછી રાગ સામેરીમાં કૃષ્ણવંદના આપી છે :

શ્રીવર સુંદર સકલ અંતર પૂરણ પરમાનંદ,
સકલ સૂરપતિ તણુ સ્વાંમી જયો શ્રી ગોવિંદ. ૧ પૃ. ૧

અધૂરી પાંચમી કડીથી પાન ૨ શરૂ થાય છે :[3]

કલા સોલિ અવતરયા વૈકુંઠપતિ ભગવાન,
ચરિત્ર વરણુન જોઉ અધ્યા દશમ પર્મનિધાન. ૭
તે મહાયજ્ઞ સુધાસાગર લિહિરિ કોટિ તુરંગ,
કોટિ કવિયશ વર્ણવિ તે યથા બુદ્ધિસુઅંગ. ૮

પોતાની નમ્રતા દર્શાવતાં કવિ કહે છે કે કયાં પાખંડી યતિ નેં કયાં મહાદેવ ? કયાં આગિયો ને કયાં ચંદ્ર? કયાં મર્કટ ને કયાં હનુમાન ? બીજા કવિઓની સુધા સમાન વાણી આગળ હું તો અજ્ઞાની જીવ છું.[4]

લક્ષ્મીદાસે મૂળ ભાગવતની કથાને અનુસરી અનુવાદ આપવાનો પ્રયત્ન કર્યો છે, છતાં તેની મૌલિક પ્રતિભાના ચમકારા અહીંતહીં જોવા મળે છે. એવા કેટલાક પ્રસંગો જોઈએ :

દેવકીના લગ્નમાં પહેરામણીનું વર્ણન કર્યા પછી–
કંસરાય વોલાવા જાય, અંગ તે આનંદ ન માય– ૨૯
તેણે સમયે ઉપની તે ધૂન્ય, વાણી અતિ ગંભીર ગગંન્ય– ૩૦ પૃ. ૬

---

૨ ગુજરાત વિદ્યાસભા : હસ્તપ્રત નં. ૪૭૦, પૃ. ૧

૩ ગુજરાત વિદ્યાસભા : હસ્તપ્રત નં. ૨૦૪૮, પૃ. ૨

૪ ગુજરાત વિદ્યાસભા : હસ્તપ્રત નં. ૨૦૪૮, પૃ. ૨. હવે પછીનાં અવતરણો આ જ હસ્તપ્રતનાં છે.

આકાશવાણી સાંભળી કંસ દેવકીને મારવા જતાં, વસુદેવ તેને સમજાવે છે ત્યારે કંસ કહે કે બેન તો ખરી, પણ એના પુત્રથી મરણ હોય તો તેને કેમ જીવિત રખાય ?

'એ વાત કયમ વીસારીયે, કનક છરી થઈ ઉદરે મારીયે.' ૩૫ પૃ. ૬
'સોનાની કટારી કેડે ખોસાય, પેટમાં નહિ'
—એ કહેવતનો પડઘો અહીં સંભળાય છે.

પ્રથમ બાળક કંસે વસુદેવને પાછો આપ્યો ત્યારે નારદ કંસને સમજાવતાં કહે છે :

'અરે કંસ કાંઈ નવિ લહે, ઈમ જીવતુ તું કિમ રહે, ૩૬
આઠમો મુખ્ય એહ જ હશે, તો તુજને નિશ્ચે મારશે.'[૫] ૩૭ પૃ. ૮

યોગમાયા કંસના હાથમાંથી છટકી, જતાં જતાં કહે છે :

'પાપ તાહારૂં મલ્યુ આવી વર્ષ થોડે દિન.' ૧૨ પૃ. ૧૩

અહીં 'વર્ષ થોડે દિન'માં કૃષ્ણ ૧૧ વર્ષ ને ૫૨ દિવસ ગોકુલમાં રહ્યા પછી મથુરા જઈ કંસને મારે છે, તેનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

બાળકી છટકી જતાં કંસને પારાવાર પશ્ચાત્તાપ થાય છે કે બેનનાં સાતે બાળકો મારી નાખ્યાં. 'ધીક જીવતર માહરુ', 'માહારે પાપે પૃથ્વી ડૂબે'–કહી નર્કમાં પણ મને વાસ નહિ મળે, તેમ વિચારે છે. બેન–બનેવીને બધાં પૂજે છે ત્યારે મેં તેમને કારાગૃહમાં પૂરી દુષ્ટવચન કહ્યાં. તેથી જ તે અંતરના સાચા પશ્ચાત્તાપથી દેવકીને કહે છે :

'દેવકીજી હું અપરાધિ તહ્મારો શાપ દઉ વિચારી
કયમે છૂટવું નથી મૂહને હાથ તહ્મે શિર ધારો ૫
કાલાવાલા કોટિ કરે નિ મુખ મેહેલિ નિશ્વાસ
વસુદેવ તે ચર્ણે નિમે નિ રુદન કરે ઉદાસ' ૬ પૃ. ૧૪

મૂળમાં કર્મના સિદ્ધાંતને લીધે કંસ જાણે કે પોતાની જવાબદારીમાંથી છટકી જવા માગતો હોય તેમ લાગે છે. એને બદલે, અહીં એક માનવીય અભિગમથી કંસનો સાચા દિલનો પસ્તાવો દર્શાવ્યો છે, જેથી એનું પાત્ર વધુ આકર્ષક લાગે છે. તો કૃષ્ણજન્મના ઉત્સવનું વર્ણન એવું જ સુંદર છે :

---

૫ પ્રેમાનંદના 'દશમસ્કંધ'માં પણ નારદ કહે છે કે ચક્રાકારે મૂકતાં પ્રથમ બાળક આઠમો થાય, તેથી તેને જીવતો ન રહેવા દેવો જોઈએ :

'ચક્રાકારે આઠ પુત્ર મેહેલો, જે લીજે તે છેલ્લો પહેલો,
જે ગણીએ તે અષ્ટમો સહી, કનિષ્ટ કારણ જોવું નહિ. ક. ૭. પૃ. ૧૪

(પ્રેમાનંદકૃત 'દશમસ્કંધ', સં. મનસુખલાલ ઝવેરી, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૫૮, આવૃત્તિ બીજી).

'ઘેરૂય ઘેરૂય ઘોડા ઉછલિ, તરીઆ તોરણુ દ્વાર. ૨
ધરી શ્રીફળ કુંકુમ કરય થાલ, કરિ મંગલગાંન વિશાલ. ૪
દેવના દુંદુભ્ય વાજિ મ્યલી અંત્રક્ષભૂ નભ ગાજે. ૮
સ્વરવેદ તણી ધૂની હોય, બ્રહ્માઆદિ કૌતુક જોય.' ૯ પૃ. ૧૫

'કરી મુક્તાહાર વધાવિ લેઈ ભાંમણાં વાહરિ આવે. ૬
દધી હલદર તે છંટાય, અતિ કુમકુમ કર્દમ થાય.' ૮ પૃ. ૧૬

રોજ નવા નવા વેષ ધારણ કરી પૂતનાએ સહસ્ર બાળકો માર્યાં. કૃષ્ણને મારવા તે ગોકુલ આવી ત્યારે જશોદા ઘરનાં અન્ય કાર્ય કરતાં હતાં, તેથી :

'પાલણાનિ સમીપે આવિ પૂતના તતખેવ,
વાંકી દૃષ્ટિ જૂયે સાંમૂ ત્યાહારે શ્રીવાસુદેવ.' ૧૬

આ જોઈ :

'પૂતના વિસ્મે થઈ વિપરીત દિસે બાલ,
ગ્રહીનિ ઉછંગ્યે લીધા જાંણી લીધુ વ્યાલ.' ૧૭ પૃ. ૧૭

પૂતનાના દારુણ ઉત્પાતની વાત સાંભળી જશોદા તો મૂર્છા ખાઈ પડ્યાં. વ્રજજનો ભેગાં થઇ ગયાં, ત્રાસ પામ્યાં અને :

'ગોપ ધાયા તે તત્કાલ, લીધા ઉપરથા દયાલ.' ૧૪ પૃ. ૧૭

એક વખત જશોદા હાલરડું ગાતાં રામનું ચરિત્ર કહે છે ત્યારે :

'લાવ્ય ધનુષ્ય લક્ષ્મણ એ કહી ઊભા સમે અંતરજાણી
ઉધરક્યા જાણીને ધાયા ત્યાંહા યશોદા રાણી.' ૧૨ પૃ. ૧૯

આ તે સ્વપ્ન કે સાચું ? વિસ્મય પામી જશોદાએ 'જલલવણ' ઉતારી નજર વાળી, દાનપુણ્ય કર્યાં.

કૃષ્ણની બાળલીલા ગાતાં કવિ કહે છે કે ગોપીઓનાં દ્વાર ઉઘાડી તે દહીં, દૂધ, માખણ ખાઈ જાય છે. કોઈનાં સૂતાં બાળક જગાડી, છાનાંમાનાં હાસ્ય કરે છે. કોઈકનાં વાછડાં છોડી ગાય સાથે મેળવી દે :

'કોહોનિ જૈ છંદૈઆં પાડે કોહોના આંખલે કાંન,
કઉની ધરિ લઘુશંકા, કહી નાચે કહી ગાંન. ૧૦
ઉર્ધઅધુખલ ધરણી ઉપર બાલક રાખે સંચ
તે ઉપરે ગ્રહી ચેષ્ટિકા ભેદે નંદકુમાર
માંડી મુખ અધુ કરીનિ પડે મુખમાં ધાર' ૧૪ પૃ. ૨૨

કોઈકનાં ઘરમાં કશું ન મળે તો તેનાં બાળકને મસ્તકે ટકોરા મારે તો દહીં ભરેલી ગોળી પાષાણ વડે ભાંગી નાખે ને:

'મંદિર માંહાં ચાલ્યા રેલ્ય સઘલે થ્યૂં છેલ્યરેલ્ય.' ૭ પૃ. ૨૪

આ જોઈ, હાથમાં 'છીમડી' લઈ જશોદા કૃષ્ણને પકડવા દોડ્યાં:

'સાસ ભરાયે બલ ખૂટે, ધાય યમ મીરાત્ય લૂટે,
મસ્તકવેણી વછૂટે માલે તે તૂટિ. ૧૬
સ્થૂલ તે નીતંબ ભાગ, માતાજીના હારા પાગ,
સ્વેદ ભરયિ મહાભાગ, ન પામે લાગ.' ૧૭ પૃ. ૨૫

માતાને હારેલી જાણી કૃષ્ણ પકડાયા, પરંતુ:

'થરથર ધ્રૂજે સાંહાંમૂ દેખીજી
અતિ ઓશીઆલા દીનવદંનજી, યમ તે શશીઅર છાયા ઘંનજી. ૧
છાયા ઝીણી માંહિ વિરાજે, ચંદ્ર યમ દરશંનજી,
સારંગધરય મ ગ્રહા પાંણિ, કરે અતિ રુદન.' ૫ પૃ. ૨૫

યમલાર્જુનઆખ્યાનને અંતે કવિનું નામ મળે છે:

'તેહને ક્રીપા કરી ભગવાન રે યમલાર્જુન આખ્યાંન રે. ૨૬
પ્રેમે સૂણ યે જંન રે, તેનું છૂટે યમબંધન રે. ૨૭
પુરુયે મનની આસ રે, એમ કહિ જન લક્ષ્મીદાસ રે.' ૨૮ પૃ. ૨૮

ઊખલે બાંધેલા કૃષ્ણએ વૃક્ષ ભાંગ્યાં ત્યારે એક સુંદર પદ કવિએ આપ્યું છે:

'ઘોષ ભયંકર શબ્દ સાંભલ્યુ, ધાયા સઉ વ્રજજનજી,
રાંક ને રત્ન કેહિ પેરે છાજે, ભાગ્ય આપણું મંદજી.' ૧ પૃ. ૨૯

તો આ વૃક્ષ કેવી રીતે ભાંગ્યાં? અન્ય ગોપબાળકો એનો સાચો ચિતાર આપે છે. કૃષ્ણ ઊખલ સાથે બે વૃક્ષ વચ્ચે ગયા અને:

અલવે તાંણી તરુઅર ભાગા પ્રગટ થયાં બે રૂપજી,
વૃક્ષમાંહેથા તે નીસરા, સુંદર તે જ અરૂપજી. ૯
હાથ જોડી તે ઉભા રહા તે વીપરીત તે દરશંનજી,
તેણે કાંઈક કઉ કૃષ્ણને અહ્મે નવ્ય સમઝા મંનજી. ૧૦
વલતા તિ આકાશ ગયા ને કૃષ્ણ રમિ આનંદજી. ૧૧ પૃ. ૨૯

ક. ૩૯માં કવિએ હરિના ' પરમ સખા 'ઓનાં નામ આપ્યાં છે :

સુબલ સુબાહુ અંશા બેહેરુ શ્રીદાંમજી,
... ...
સુરસેન કેવલસેન ગોપીરાયસેનજી,
મતીરાજ ગોકુલરાજ બલીરાજુ વીરરાયસેનજી. ૧૪ પૃ. ૫૪

આ ઉપરાંત ગોપરાજ, ગોખરાજ, અમનગજરાજ, મધુમંગલ,—ઇ. નામ પણ મળે છે.

કવિએ શરદઋતુનું સુંદર વર્ણન આપ્યું છે :

તેહવે આવ્યુ વરીખારતી નભ ધાયું જલકિ વિદ્યુતી,
જલસંઘાતયે નભ ગજયિ અદ્દભુત તડીત તણી શોભાય. ૬
નીલાં તે વક્ત શોભે ત્રર્ણુ ઈંદ્રગોપના તારા વર્ણ. ૧૪
ઉડિ મેઘમાંહા વાંણીઆ વીદ્યૂતના ઝલકારાં જાંણીયા. ૨૪
સારસડાં બકીક શબ્દ જ કરે, પછે આર્ફણિયે મન ધરે. ૩૩
નક્ષત્રમાલ શોભે ઈંદ્ર યમ ગોપી શોભે ગોવ્યંદ ૫૮ પૃ. ૫૭

કૃષ્ણના કહેવાથી વ્રજજનોએ ગોવર્ધનપૂજા આરંભી, વિપ્રોને ભોજન કરાવ્યાં. ધૂપ, દીપ, નૈવેદ્ય અને આરતી કરવામાં આવ્યાં અને ગોવર્ધનની પ્રદક્ષિણા કરી, વિવિધ દાનપુણ્ય આપવામાં આવ્યાં આ બધું દર્પભર્યા ઈંદ્રથી શે સહન થાય ?

એ ગોવર્ધન કોણ કાંકરો, માહરે ઠાંમ પૂજાયે. ૨
સહસ્ર નૈયંણુ જલહલતાં રાતાં, સૂર્ય સમા ભ્રકુટિ ભમે આકાર રે. પૃ. ૬૯

અને ' પ્રલ્લેકાલ 'ના મેઘને તેણે આજ્ઞા કરી. ' ઘણા દિવસના હાથ ચલવલે ' તેથી આ મોકો મળતાં આભમાં વાદળ છવાયાં, વીજના ચમકારા થવા લાગ્યા :

પવન પ્રબલ વ્રા દ્રુમ આંદોલ વર્તે હાહાકાર
પશુપક્ષી થયા અકુલાં વ્યાકુલ વ્રજજન કરે વીચાર ૬
ઝબઝબ વીજ કરે ઝણુકાર ગાજે દશ દીસાઘંન
શ્રવણે ધાક ને હ્રદયા કંપે મહા ભયંકર મંન ૧૧ પૃ. ૭૦

અંતે ઈંદ્રે હાર કબૂલી. દીન થઈ ગોકુલ જઈ, કૃષ્ણને દંડવત પ્રણામ કરી, તે પ્રાર્થના કરવા લાગ્યો.[૬]

ક. ૫૫માં પ્રથમ શ્લોક સંસ્કૃતમાં આપી, કવિએ પછી **વ્રજભાષાનું પદ** આપ્યું છે :

ગ્રેહગ્રેહેથી ભાંમ્યની વ્રજ નીતંબ નીતંબ ચકીત ભઈ સુંદર
શ્રવંન સૂની ચંચલકુંડલ ગલસ્થલ સતરમા આનંન
હરખી જાત સકલ ગજગવની. ૩

૬ ગુજરાત વિદ્યાસભા : હસ્તપ્રત નં. ૨૦૪૮, પૃ. ૭૨

અચલબન પવન થકીત યમુનાં જલ વન
સ્થીર રહત ગવન યોગયેહી મૂની,
સકલ સૂરરી ગંધર્વ અપ્છરા મોહોહિ સર્વ લે,
લક્ષ્મીદાસ કહત રયણી બની. ૬ પૃ. ૭૪

ત્યારપછી રાસપંચાધ્યાયીનું વર્ણન આપ્યું છે, જે ભાલણના 'દશમસ્કંધ'માં મળે છે. રાસલીલાના વર્ણનને અંતે કવિએ પોતાનું નામ આપ્યું છે.

જ્યારે અક્રૂર કૃષ્ણને લેવા ગોકુલ આવ્યા, ત્યારે તેમણે દૂરથી કૃષ્ણ અને રામને ગાય દોહતા જોયા :

જાણે મર્કતરૂપ ગિરી ઉભે ધર્યા હેમશ્રુંગાર
અક્રૂર પ્રેમે વિકલ થયા, જાંણિ ધન્ય અવતાર ૧૫
પછા ઉતરી રથીકા જાંણે કનકનો દંડ
ગદગદ કંઠ ત્યાંહા થાયે સ્નેહ જેહેનો અખંડ ૧૬ પૃ. ૯૬

કૃષ્ણ મથુરા જવાના, સાંભળી ગોપીઓની દશા તો જુઓ :

શોકનીવારણ યે મુખસુંદર તેહનો હસે વીયોગજી
નહી ભલું કીધું તે બ્રહ્મા, કર્મ અમારે યોગજી ૨૧
એ અક્રૂર કેહે છે સઉકો ક્રૂર ભયંકર જાંણોજી
એ સ્નેહવીપક્ષ તે કોણ જન્મજન્મનુ ઉચિતુ એ જાંણ્યોજી ૧
ચીત્રહરા છે સૂની સરખી આસ ભરાતી ધાય રે ૬
યમ ચક્રવાકી દીનકર પાખે ત્યમ વ્રજસ્ત્રીયા આલાપજી
હરીવીહાતુર સુધી વીના રે અંગ પછાડે આપજી ૧૬ પૃ. ૯૯

કંસને માર્યા પછી કૃષ્ણ નંદની પાસે જઈ, હાથ જોડી ગંભીર વાણીથી કહેવા લાગ્યા કે તમે હવે ગોકુલ પધારો. કારણ બધા વ્રજજનો વાટ જોતા હશે. તમે અમોને પાળ્યા, પોષ્યા, લાડ લડાવ્યાં. અમારી પાછળ તમે દેહ વિસાર્યો :

માતા યશોદાનો યે સ્નેહ નહીં વીસરે અહ્મને તેહ ૩૭
દંપતિ અહ્મને આપો માંન, ઉદરે ઉપના યમ સંતાન ૩૮
તેહથી અધિક રમાડ્યો આપ, સાક્ષાત જાંણ્યાં માય ને બાપ ૩૯
વેહેથી અહ્મારે દુખીયા થશો, અહ્મને મુકી કયમ વ્રજ જશો ૪૦ પૃ. ૧૧૮

અમૃતથી કોઈ ધરાતું નથી, પરંતુ નંદને તો આ વાતની કંઈ સમજ જ ન પડી. અરે દૈવ, આ તે કેવો ઉત્પાત ! :

ગદગદ કંઠે દુખિ રૈધાય ઉતર વલતો નવ દેવાય. ૪૭
નેયણે વેહે જલ અમોઘધાર, કરે પ્રણામ બ્રિભ્રાંત ઉદાર. ૪૮ પૃ. ૧૧૯

ઉદ્ધવ નંદજશોદાને મળતાં, નંદ કંઈક 'રુદે કંઠ આણિ' બોલવા ગયા, પણ ગદ્દગદ્દ સ્વર પણ નીકળી ન શક્યો. તો જશોદાની શી દશા ?

કંઠે ગદગદ પ્રેમ વીકલ પછે નવી બોલાય
નામ ચરીત્ર કુઅરનાં સુણી થયાં વિસ્મે માય ૨૪
અશ્રૂધારા દુગ્ધધારા એગઠી થઈ જાય
ઉધવજી તે થયા વિસ્મે ત્રાહિ વૈકુંઠરાય ૨૫ પૃ. ૧૨૩

ઉદ્ધવગોપીસંવાદમાં ગોપીઓ ભ્રમરને મિષે કૃષ્ણને ઉદ્દેશીને, કૃષ્ણની કપટચાતુરી, એની ધૂર્તતાની વાત કરે છે અને એના સખા અર્જુન આગળ એના ગુણ ગાવાનું કહે છે, જે તેને પ્રશ્ચિત ન આપે. એ કાળાનાં લક્ષણ તો જુઓ ! એનો શો વિશ્વાસ ?

પેય પાતાં ભુજંગ ડસે ને ચાતુર્ક જલધર આસજી ૨૭
માગ્યો જલદ તેહેને નવ્ય આપે, સંતોષ અષ્ટમાસજી
સુંદર ચંપક ભ્રમર ત્યજે તો કાલાની શી આસજી ૨૮ પૃ. ૧૨૯

ભાગવતશ્રવણનો મહિમા ગાતાં કવિ કહે છે કે હરિજશની કથા એ અમૃતરસ છે. હરિરસ-સિંધુમાં મજ્જન કરતાં માનવી ધન્ય ધન્ય બની જાય છે. અંતમાં કવિ કેટલા રાગ, કેટલાં કડવાં અને કેટલા શ્લોકોમાં આ કથા કથી તે જણાવે છે :

સહસ્રષટ્ દસમ એ પુણ્યશ્લોક, બુધી સારૂ વર્ણન મેં કીધું છે સ્તોક
શબ્દસુધિ તે કાંઈ હું નવ્ય જાંણુ, યદુનંદનજી તે ગુણ વિખાણુ ૧૧
ભાષાફેર રાગબંધ કહ્યા ચાલીસ, એકશત પંચાણું મેં કડવાં શીસ ૧૩

સંવત કલાસિંધૂ આગલ્યે સંખ્યાની ગંમ
અશ્વન માસ તે સુંદર પક્ષ સત્તમ ૧૬
તૃતીયા તિથિ સંયોગ્ય ક્ષીતીવાર
વૃષચંદ્ર લગ્ન કલ્યાંણુકાર ૧૭
સુંદર તીર્થ વેત્રવતી સરીત
મધ્યનગરીનીવાસ આદર પ્રીત્ય ૧૮
ઘોષાંસુત કરજોડી પ્રણમે શીસ
માહારી મતી સ્થિર રહો ચર્ણે જગદીસ ૧૯ પૃ. ૨૯૯

અહીં અંતમાં કવિએ વર્ષ, સાલ, તિથિ, વાર જણાવી પોતાના પિતાનું નામ અને નિવાસ જણાવ્યાં છે. ભાલણ, કેશવરામની જેમ આ કવિએ પણ વ્રજભાષાનાં પદ આપ્યાં છે. કવિત્વ બહુ ઉત્કૃષ્ટ ન હોવા છતાં તે ધ્યાન ખેંચે એવું રસિક છે, એમાં શંકા નથી.

ખંભાતની વિષ્ણુપ્રતિમાઓ

જે. પી. અમીન

હિન્દુદેવોમાં વિષ્ણુનું સ્થાન અગ્રપદે આવે છે. વિશ્વના કર્તા, ભર્તા અને સંહર્તાના અધિનાયકો બ્રહ્મા, વિષ્ણુ, અને રુદ્ર પૈકી તેઓ જગતનું પાલન કરનાર વિશ્વપાલક છે. ઋગ્વેદમાં સંખ્યાની દૃષ્ટિએ વિષ્ણુનાં ફક્ત પાંચ સંપૂર્ણ સૂક્ત છે. લગભગ ૧૦૦ વાર એમનું નામ આવે છે, પણ હકીકતે વિષ્ણુનું પરમાત્મશક્તિ તરીકેનું મહત્ત્વ હોઈ, બીજા દેવોની અપેક્ષાએ ભલે વેદોએ એમનો વારંવાર ઉલ્લેખ ન કર્યો હોય, તો પણ પછીથી ઋષિ-મુનિઓએ જ્યારે સમાધિમાં એ પરમ તત્ત્વને સ્પષ્ટ અનુભવ્યું ત્યારે વિષ્ણુ ઋગ્વેદમાં જે લગભગ ચોથી શ્રેણીના દેવ ગણાયા તે બ્રાહ્મણગ્રંથોમાં સર્વશ્રેષ્ઠ અત્યંત મહત્ત્વપૂર્ણ દેવ બની ગયા, સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપક બની ગયા તથા એમનો "નેતિ નેતિ" દ્વારા ઉલ્લેખ થયો અને ઈશ્વરત્વ સાથે અભેદ પામ્યા. ઐતરેય તથા તૈત્તિરીય બ્રાહ્મણમાં વિષ્ણુને જનપદના શિરમોર દેવ તરીકે વર્ણવ્યા છે.

ગોપાલોત્તરતાપનીયોપનિષદ વિષ્ણુના સ્વરૂપનું વિશદ વર્ણન કરે છે. દર્શનોપનિષદ્‌માં પણ એનો સ્પષ્ટ ઉલ્લેખ છે. નારાયણ ઉપનિષદ્, મહાનારાયણ ઉપનિષદ્, નૃસિંહતાપનીય ઉપનિષદ્, ત્રિપાદવિભૂતિ ઉપનિષદ્, રામરહસ્ય ઉપનિષદ્, રામતાપનીય ઉપનિષદ્, વાસુદેવ ઉપનિષદ્, કૃષ્ણ ઉપનિષદ્, વરાહ ઉપનિષદ્, સીતા ઉપનિષદ્, હયગ્રીવ ઉપનિષદ્, ગરુડ ઉપનિષદ્, મૈત્રેયી ઉપનિષદ્ આદિમાં વિષ્ણુ અને એમના અવતારોની ઉપાસના દર્શાવાઈ છે.

પુરાણો એટલે મોટેભાગે વિષ્ણુની કથાઓથી ભરપૂર ભક્તિમાર્ગનું વિવેચન. પુરાણોમાં સર્ગ-પ્રતિસર્ગ, દેવતાઓ, મન્વન્તર અને મહાન વંશોના ચરિત્રોમાં જૂજ પુરાણો બાદ કરતાં વિષ્ણુભક્તિનો જ વિસ્તાર છે. પુરાણોમાં **वेवेष्टीति विष्णुः** એવી વ્યુત્પત્તિના આધારે શુદ્ધ બ્રહ્મ એ જ મુખ્યત્વે વિષ્ણુ છે, એવો અર્થ લઈ વેદના આધારે સર્વ કથાઓ દર્શાવી છે. પુરાણોએ વિષ્ણુને અતિ મહાન બનાવી વેદ, વેદાંગ, તંત્ર આદિ ન સમજનાર સામાન્ય પ્રજાને પરમાત્માની સંમુખ કરી છે.[1]

આ સર્વ સાહિત્યમાંથી વૈષ્ણવદર્શન રચાયાં; તેમાં નારાયણની ભક્તિથી વિષ્ણુપૂજા અને ચતુર્વ્યૂહ ઉપાસના સુધી વિકાસક્રમે ભક્તિનું પ્રાધ્યાન્ય છે. શ્રી શુકદેવજી, ગૌડપાદાચાર્ય,

---

૧ (૧) નારદપુરાણ, (૨) વિષ્ણુપુરાણ, (૩) પદ્મપુરાણ, (૪) ભાગવતપુરાણ, (૫) વરાહપુરાણ, (૬) વામનપુરાણ, (૭) કૂર્મપુરાણ, (૮) મત્સ્યપુરાણ, (૯) અગ્નિપુરાણ, (૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ, (૧૧) સ્કંદપુરાણ અને (૧૨) બ્રહ્મપુરાણમાં મુખ્યત્વે વિષ્ણુની કથાઓ પ્રચુર પ્રમાણમાં આપેલી છે.

શ્રી પુષ્કરભાઈ ગોકાણી, 'વિષ્ણુનાં વિભિન્ન સ્વરૂપ' "પથિક" (તંત્રીશ્રી, માનસંગજી બારડ) જુલાઈ-ઓગસ્ટ ૧૯૭૪, અમદાવાદ, પૃ. ૧૦૬

ગોવિંદપાદાચાર્ય, શ્રી શંકરાચાર્ય એ પરંપરાએ એનો પ્રસાર થયો. એમાં આ સંપ્રદાયોનો ઉદય ભગવાન વિષ્ણુ દ્વારા લક્ષ્મી બ્રહ્મા રુદ્ર તથા સનત્કુમારોએ કર્યો. દરેકે પાંચરાત્રને પ્રામાણ્ય ગણ્યું છે. શ્રી વૈષ્ણવદર્શનના પ્રધાનાચાર્ય રામાનુજે વિશિષ્ટાદ્વૈત પ્રતિપાદન દ્વારા બ્રહ્મસંપ્રદાય પ્રસરાવ્યો તેમાં એમણે વિષ્ણુપુરાણને મહત્ત્વનું ગણ્યું છે.[૨]

સર્વપ્રથમ મૂર્તિવિધાનમાં મનોમય પ્રતિમાઓનું મહત્ત્વ હતું. પણ પાછળથી માનવમનના અવલંબન અર્થે માટીની, ધાતુની અને પાષાણની પ્રતિમાઓનું સર્જન થવા લાગ્યું.[૩] એમાં વિવિધ પુરાણો અને શાસ્ત્રોને આધારે વિષ્ણુનાં કુલ બાવન (૫૨) સ્વરૂપો મળી આવે છે.[૪] ઉપરાંત આયુધક્રમભેદથી ચતુર્ભુજ વિષ્ણુનાં ૨૪ સ્વરૂપો મળી આવે છે.[૫]

---

૨ એજન

૩ વિસ્તૃત વર્ણન માટે જુઓ, એજન, પૃ. ૧૦૭

૪ (૧) અજિત (વિભુ) (ચાક્ષુષમન્વંતર), (૨) અનિરુદ્ધ, (૩) સારસ્વત વ્યાસ, (૪) ઈન્દ્ર, (૫) ઉરુક્રમ (ભાગવત ૧, ૩, ૧૩), (૬) ઋષભ, (૭) કચ્છ, (૮) કપિલ, (૯) કલ્કિ, (૧૦) કૂર્મ, (૧૧) કૃષ્ણ, (૧૨) ચતુર્વ્યૂહ, (૧૩) પરશુરામ, (૧૪) દત્તાત્રેય, (૧૫) ધન્વંતરિ, (૧૬) ધર્મસેતુ, (સાવર્ણિ મન્વંતર), (૧૭) નરનારાયણ, (૧૮) નૃસિંહ (૧૯) નારદ, (૨૦) નારાયણ, (૨૧) પદ્મનાભ, (૨૨) પૌષ્કરક, (૨૩) બલરામ, (૨૪) બાલમુકુંદ, (૨૫) બુદ્ધ, (૨૬) બૃહદ્‌ભાનુ, (૨૭) મત્સ્ય, (૨૮) માંધાતા, (૨૯) મોહિની, (૩૦) યજ્ઞ, (૩૧) શ્રી રામ, (૩૨) રામકૃષ્ણ (ભાગવત ૧, ૩, ૨૩), (૩૩) રુદ્ર, (૩૪) વરાહ, (૩૫) વામન, (૩૬) વિષ્વકસેન, (૩૭) વૈકુંઠ, (૩૮) વ્યાસ, (૩૯) શિવ, (૪૦) સંકર્ષણ, (૪૧) સત્યસેન, (૪૨) સનક, (૪૩) સનત્કુમાર, (૪૪) સનંદન, (૪૫) સનાતન, (૪૬) સાર્વભૌમ, (૪૭) સુયજ્ઞ, (૪૮) સ્વધામ, (૪૯) હંસ, (૫૦) હયગ્રીવ, (૫૧) હરિ, (૫૨) ઉપેન્દ્ર (પ્રાચીન ચરિત્રકોષ), અને ચાર વિભાગમાં દર્શાવાયા છે. વળી આયુધભેદથી ચતુર્ભુજ વિષ્ણુનાં ૨૪ સ્વરૂપો મળી આવે છે. (એજન પૃ. ૧૦૭).

૫

નંબર	મૂર્તિનું નામ	ઉપરનો જમણો હાથ	ઉપરનો ડાબો હાથ	નીચેનો ડાબો હાથ	નીચેનો જમણો હાથ
૧	૨	૩	૪	૫	૬
૧	કેશવ	શંખ	ચક્ર	ગદા	પદ્મ
૨	નારાયણ	પદ્મ	ગદા	ચક્ર	શંખ
૩	માધવ	ચક્ર	શંખ	પદ્મ	ગદા
૪	ગોવિંદ	ગદા	પદ્મ	શંખ	ચક્ર
૫	વિષ્ણુ	પદ્મ	શંખ	ચક્ર	ગદા
૬	મધુસૂદન	શંખ	પદ્મ	ગદા	ચક્ર
૭	ત્રિવિક્રમ	ગદા	ચક્ર	શંખ	પદ્મ
૮	વામન	ચક્ર	ગદા	પદ્મ	શંખ
૯	શ્રીધર	ચક્ર	ગદા	શંખ	પદ્મ
૧૦	હૃષિકેશ	ચક્ર	પદ્મ	શંખ	ગદા

વિષ્ણુનું મૂળ સ્વરૂપ વેદના મંત્રોને આધારે બ્રાહ્મણગ્રંથોમાં આલેખાયું. તેમાં એમને ચતુર્ભુજ વર્ણવાયા, એ તંત્રની વૈજ્ઞાનિક પ્રાયોગિક દેણગી છે. ત્યાર પછી ભક્તિના ભાવમાં ક્રમશઃ માનવોએ વિષ્ણુનાં અનેક સ્વરૂપ બનાવ્યાં. જેમ ૨૪ સ્વરૂપ આયુધક્રમભેદથી થયાં તેમ

૧	૨	૩	૪	૫	૬
૧૧	પદ્મનાભ	પદ્મ	ચક્ર	ગદા	શંખ
૧૨	દામોદર	શંખ	ગદા	ચક્ર	પદ્મ
૧૩	સંકર્ષણ	શંખ	પદ્મ	ચક્ર	ગદા
૧૪	વાસુદેવ	શંખ	ચક્ર	પદ્મ	ગદા
૧૫	પ્રદ્યુમ્ન	શંખ	ગદા	પદ્મ	ચક્ર
૧૬	અનિરુદ્ધ	ગદા	શંખ	પદ્મ	ચક્ર
૧૭	પુરુષોત્તમ	પદ્મ	શંખ	ગદા	ચક્ર
૧૮	અધોક્ષજ	ગદા	શંખ	ચક્ર	પદ્મ
૧૯	નરસિંહ	પદ્મ	ગદા	શંખ	ચક્ર
૨૦	અચ્યુત	પદ્મ	ચક્ર	શંખ	ગદા
૨૧	જનાર્દન	ચક્ર	શંખ	ગદા	પદ્મ
૨૨	ઉપેન્દ્ર	ગદા	ચક્ર	પદ્મ	શંખ
૨૩	હરિ	ચક્ર	પદ્મ	ગદા	શંખ
૨૪	શ્રીકૃષ્ણ	ગદા	પદ્મ	ચક્ર	શંખ

આજ પ્રમાણે પદ્મપુરાણના પાતાળખંડમાં વિષ્ણુની ચોવીસ મૂર્તિઓનાં લક્ષણો આપેલાં છે. પદ્મપુરાણમાં કેશવ, પ્રદ્યુમ્ન, પદ્મનાભ, અને પુરુષોત્તમનાં એકસરખાં આયુધો આપેલાં છે. તેથી તેઓને ભેદ પાડી શકાય એમ નથી. છતાં ચાર આયુધો ચાર હાથમાં જુદી જુદી રીતે પકડેલાં છે. વિષ્ણુની ૨૪ મૂર્તિઓમાંના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ જુદી જુદી રીતે આપેલાં છે. તેને આપણે પદ્મપુરાણના માતાખંડના આધારે જોઈએ.

નંબર	વિષ્ણુનું નામ	ઉપરનો જમણો હાથ	ઉપરનો ડાબો હાથ	નીચેનો ડાબો હાથ	નીચેનો જમણો હાથ
૧	૨	૩	૪	૫	૬
૧	કેશવ	શંખ	ચક્ર	ગદા	પદ્મ
૨	નારાયણ	પદ્મ	ગદા	ચક્ર	શંખ
૩	માધવ	ચક્ર	શંખ	પદ્મ	ગદા
૪	ગોવિંદ	ગદા	પદ્મ	શંખ	ચક્ર
૫	વિષ્ણુ	પદ્મ	શંખ	ચક્ર	ગદા
૬	મધુસૂદન	શંખ	પદ્મ	ગદા	ચક્ર
૭	ત્રિવિક્રમ	ગદા	ચક્ર	શંખ	પદ્મ
૮	વામન	ચક્ર	ગદા	પદ્મ	શંખ
૯	શ્રીધર	ચક્ર	પદ્મ	શંખ	ગદા
૧૦	હૃષિકેશ	ચક્ર	ગદા	શંખ	પદ્મ

દશાવતારનાં ૧૦ સ્વરૂપ ઉત્ક્રાંતિ દર્શાવતાં બનાવાયાં. આ સ્વરૂપો પાછળ વૈજ્ઞાનિક તાંત્રિક દષ્ટિ નહિ હોય, પણ ભક્તિ, સ્તુતિ અને પૂજામાં વિવિધતા લાવવાની દષ્ટિ હશે એમ જણાય છે.

૧	૨	૩	૪	૫	૬
૧૧	પદ્મનાભ	પદ્મ	શંખ	ગદા	ચક્ર
૧૨	દામોદર	શંખ	ગદા	ચક્ર	પદ્મ
૧૩	સંકર્ષણ	શંખ	પદ્મ	ચક્ર	ગદા
૧૪	વાસુદેવ	ચક્ર	શંખ	ગદા	પદ્મ
૧૫	પ્રદ્યુમ્ન	શંખ	ચક્ર	ગદા	પદ્મ
૧૬	અનિરુદ્ધ	ગદા	શંખ	પદ્મ	ચક્ર
૧૭	પુરુષોત્તમ	પદ્મ	શંખ	ગદા	ચક્ર
૧૮	અધોક્ષજ	ગદા	શંખ	ચક્ર	પદ્મ
૧૯	નૃસિંહ	પદ્મ	ગદા	શંખ	ચક્ર
૨૦	અચ્યુત	પદ્મ	ચક્ર	શંખ	ગદા
૨૧	જનાર્દન	પદ્મ	ચક્ર	શંખ	ગદા
૨૨	ઉપેન્દ્ર	શંખ	ગદા	ચક્ર	પદ્મ
૨૩	હરિ	શંખ	ગદા	ચક્ર	પદ્મ
૨૪	શ્રીકૃષ્ણ	ગદા	પદ્મ	ચક્ર	શંખ

વિષ્ણુની ૨૪ મૂર્તિઓમાંની કેટલીક મૂર્તિઓ સાથે શક્તિ સંકળાયેલી છે. તેની નોંધ નારદપંચરાત્રાગમમાંથી મળી આવે છે. તેમાં ચૌદ મૂર્તિઓની સાથે શક્તિ બતાવેલી છે. બાકીની દસ મૂર્તિની સાથે શક્તિ કેમ નથી તેનું કાંઈ કારણ આપેલું નથી.

નંબર	વિષ્ણુનું નામ	તેની સાથે સંકળાયેલ શક્તિ
૧	કેશવ	કીર્તિ
૨	નારાયણ	કાન્તિ
૩	માધવ	તુષ્ટિ
૪	ત્રિવિક્રમ	શાન્તિ
૫	વામન	ક્રિયા
૬	અચ્યુત	દયા
૭	શ્રીધર	મેધા
૮	હૃષિકેશ	હર્ષા
૯	પદ્મનાભ	શ્રદ્ધા
૧૦	દામોદર	લજ્જા
૧૧	વાસુદેવ	લક્ષ્મી
૧૨	સંકર્ષણ	સરસ્વતી
૧૩	પ્રદ્યુમ્ન	પ્રીતિ
૧૪	અનિરુદ્ધ	રતિ

શાહ (ડૉ.) પ્રિયબાળાબહેન, "હિંદમૂર્તિવિધાન", પૃ. ૫૫ થી ૫૮

એવી જ રીતે અર્વાચીન ભક્તજનોએ વિષ્ણુનાં નવાં જ વિવિધ સ્વરૂપ કલ્પ્યાં છે. ભક્તિના ભાવમાં એમણે પરમાત્માનો જે રીતે આવિષ્કાર કર્યો, સાક્ષાત્કાર કર્યો, તે રીતે મૂર્તિ બની છે, એટલી એની પાછળ વૈજ્ઞાનિક દષ્ટિ છે. આવાં સ્વરૂપોમાં વિઠ્ઠલનાથ, રંગનાથ વગેરે સ્વરૂપોને ગણી શકાય.

વિષ્ણુમાં બળની અભિવ્યક્તિ કરવા તથા વિવિધ કાર્યોમાં, પ્રમુખ ગણવા વિષ્ણુની ચાર ભુજાને બદલે દશભુજ, દ્વાદશભુજ, ષોડશ, વિંશતિભુજ સ્વરૂપો રચાયાં છે. વિષ્ણુનું વિરાટ સ્વરૂપ એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા–ઉપનિષદની અભિવ્યક્તિનું સુંદર સ્વરૂપ છે.[૬]

વિષ્ણુપ્રતિમાઓમાં યાનક, સ્થાનક, આસન અને શયન એમ ચાર પ્રકાર છે. આમાં યાનક (ઉત્સવમૂર્તિ–ઊભી, બેઠેલી, સૂતેલી) નગરયાત્રામાં લઈ જવાના મૂર્તિસ્વરૂપ ;સિવાયના બાકીના ત્રણ પ્રકારોનાં લક્ષણ ગ્રંથોમાંથી મળી આવે છે. બીજા બધા દેવો કરતાં વિષ્ણુ-પ્રતિમાઓમાં આવા ભેદ હોવાથી વિષ્ણુમૂર્તિવિધાન કેટલીક નવીનતા ધરાવે છે. યોગસ્થાનક, ભોગસ્થાનક, અભિચારિકસ્થાનક, યોગાસન, ભોગાસન, વીરાસન, અભિચારિકાસન, યોગશયન, ભોગશયન, નીરશયન, અભિચારિકાશયન એ એના પેટા પ્રકાર છે. વિષ્ણુની કેટલીક પ્રતિમાઓ બે હાથની જોવામાં આવે છે. આવી મૂર્તિઓને "લોકપાલ વિષ્ણુ" તરીકે હેમાદ્રિ અને વિષ્ણુધર્માન્તરે જણાવી છે. સામાન્યતઃ વિષ્ણુનું પ્રતિમાવિધાન શાસ્ત્રીય રીતે આ પ્રમાણે કલ્પવામાં આવે છે, જેમાં વિષ્ણુ ઊભા, ચાર હાથ, દરેકમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલાં હોય છે. શિરપ્રદેશ પાસે બંને બાજુ શિવ તથા બ્રહ્મા, નીચે પગ પાસે "ગૌતમીતંત્ર" પ્રમાણે રુક્મિણી અને સત્યભામા, 'અગ્નિપુરાણ' અનુસાર શ્રી અને પુષ્ટિ, 'કાલિકાપુરાણ' પ્રમાણે શ્રી તથા સરસ્વતી, શારદાતિલકના મત પ્રમાણે ઇન્દિરા તથા વસુમતી એમ બે સ્ત્રીઓ, માથે મુકુટ, ગળામાં લાંબી ઘૂંટણ સુધીની વનમાલા, નીચે પૃથ્વીદેવી અને ગરુડ તથા આજુબાજુ ભક્તો તેમ જ આયુધપુરુષોને કલ્પવામાં આવે છે. વિષ્ણુની ઘણીખરી પ્રતિમાઓમાં આમાં જણાવેલ કેટલાંક વિધાન મળી આવે છે.[૭]

વૈષ્ણવધર્મના મૂળમાં વિષ્ણુને દેવાધિદેવ તરીકે સમજવામાં અને પૂજવામાં આવે છે. સૃષ્ટિના સર્જક, સંવર્ધક અને સંહારક દેવ તરીકે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ગણાયા છે, એમાં વિષ્ણુને જગતના સંવર્ધક તરીકે ઓળખવામાં આવે છે.

ઋગ્વેદમાં વિષ્ણુને લગતાં અનેક સૂક્તો આવેલાં છે અને તે ઉપરથી વિષ્ણુનું આદ્યસ્વરૂપ સૂર્યમાંથી પ્રાદુર્ભાવ પામ્યું હોવાનું જણાય છે. પણ પાછળથી વિષ્ણુ સૂર્ય કરતાં ભિન્ન એવા સ્વતંત્ર દેવ મનાયા. ભારતવર્ષ અને ભારત બહારના દેશોમાંથી વિષ્ણુનાં પ્રાચીન મંદિરો, મૂર્તિઓ અને અવતારલીલાઓનાં પ્રતીકો છેક ઈ. સ. પૂર્વેથી પ્રાગ્કાલનાં પણ મળી

૬ શ્રી ગોકાણી પુષ્કરભાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૦૯

૭ શ્રી જોશી મુનીન્દ્ર વી., 'વિષ્ણુનાં વિભિન્ન સ્વરૂપ', "પથિક", જુલાઈ–ઓગસ્ટ, ૧૯૭૪, પૃ. ૯૩

આવે છે. એટલે વિષ્ણુપૂજાનો પ્રચાર ઐતિહાસિકકાળ પહેલાંનો હોવાનું અનુમાન કરી શકાય.[૮] ગુજરાતમાં પણ વિષ્ણુપૂજાનો પ્રચાર પ્રાચીનકાળથી હતો તે બતાવતા સંખ્યાબંધ પુરાવાઓ મળી આવ્યા છે.[૯]

ખંભાત ગુજરાતનું પૌરાણિક નગર છે.[૧૦] વેપાર–વાણિજ્યના બંદર તરીકે જ નહિ પણ વિદ્યાધામ અને ધર્મક્ષેત્ર તરીકે એટલે સંસ્કૃતિના ક્ષેત્ર તરીકે પણ ખંભાતની ખ્યાતિ વિસ્તરેલી છે. સ્કંદપુરાણના માહેશ્વરખંડ અંતર્ગત આખો કૌમારિક ખંડ આ તીર્થક્ષેત્રના માહાત્મ્યને વર્ણવે છે.[૧૧]

અન્ય દેવતાઓની જેમ ખંભાતમાં આજે પણ વૈષ્ણવ દેવ–દેવીઓની પૂજાઅર્ચાના ઘણા પુરાવા ઉપલબ્ધ થાય છે.[૧૨] ખંભાતમાં વૈષ્ણવસમાજની મોટી વસ્તી છે. તેઓ અન્ય વિષ્ણુમંદિરો ઉપરાંત કપાસીપોળમાં આવેલ વૈષ્ણવોના મોટા મંદિરમાં (પુષ્ટિમાર્ગીય) તથા શહેરથી એકાદ માઈલ દૂર ઉત્તર દિશામાં નારેશ્વર સરોવરના રમ્ય તટ પર આવેલ ગોસાંઈજી મહાપ્રભુજીની બેઠકમાં નિયમિત રીતે દર્શન કરવા જાય છે અને ત્યાં તમામ વૈષ્ણવઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. અદ્યતન પુરાવા ઉપરાંત ખંભાતમાંથી વિષ્ણુપૂજાના કેટલાક પૌરાણિક પુરાવા પણ પ્રાપ્ત થાય છે. તેની પ્રતીતિરૂપે કેટલીક પ્રાચીન વિષ્ણુપ્રતિમાઓ જોવા મળે છેઃ તેનું નીચે સંક્ષિપ્ત આલેખન કર્યું છે.

---

૮ શ્રી દવે કનૈયાલાલ, "ગુજરાતનું મૂર્તિવિધાન", પૃ. ૧૬૯

૯ વિગત માટે જુઓ :

१. पाणिनि अष्टाध्यायी ८-३-९८

2. Bhandarkar (Dr.) R. G., Vaishṇavism, Śaivism and other minor religions of India, P. 50

૩. શ્રી શાસ્ત્રી દુર્ગાશંકર કે., "વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૪૨

4. Archaeological Survey of India, Annual Report, 1913–14, part I, P. 18

5. Cambridge History of India, Vol. I, P. 526

૬. દવે ક. ભા., 'ગુજરાતનું મૂર્તિવિધાન', પૃ. ૧૬૯

૧૦ વિસ્તૃત વર્ણન માટે જુઓ :

૧. શ્રી જોટે રત્નમણિરાવ, "ખંભાતનો ઇતિહાસ", પૃ. ૧૪

૨. શ્રી શાસ્ત્રી કે. કા., 'પ્રાચીન ભૌગોલિક ઉલ્લેખો.' "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" (સંપાદક શ્રી રસિકલાલ છો. પરીખ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી) ગ્રંથ ૧, પૃ. ૩૮૮

૧૧ પૌરાણિક ઉલ્લેખ અને લોક–અનુશ્રુતિ પ્રમાણે ઘણાં નામ ધરાવે છે. જુઓ ડૉ. જે. પી. અમીન, 'ખંભાતની વિશિષ્ટ શૈવ પ્રતિમાઓ,' "વિદ્યા" જાન્યુઆરી, ૧૯૭૩, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, તથા ડૉ. જે. પી. અમીન, 'ઇતિહાસની આરસીમાં ખંભાત', "પથિક", અમદાવાદ

૧૨ ગુજરાતમાં વૈષ્ણવ ધર્મના પ્રસરણ માટે જુઓ :
શાસ્ત્રી શ્રી દુર્ગાશંકર, "વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૩૪૯ થી ૩૬૩

ખંભાતમાં, વડાવાસુદેવની પોળમાં, શ્રીમાળી વણિક જ્ઞાતિની વાડીની બાજુના મકાનમાં વાસુદેવ ભગવાન તથા ગોવર્ધનધારી શ્રીકૃષ્ણની એમ બે વિષ્ણુપ્રતિમાઓ વર્ષોથી છે.

આ બે પ્રતિમાઓની પ્રાપ્તિ વિશેની અનુશ્રુતિ ખાસ ઉલ્લેખવા યોગ્ય છે.

લગભગ દોઢસો વર્ષ પહેલાં આ મકાનના માલિક માજી જેઠીબહેન મણિશંકર આચાર્યને સ્વપ્નમાં વાસુદેવ ભગવાનનું વૃદ્ધ સ્વરૂપ દેખાયું અને એમણે પોતાને ઘરની સામેના કૂવામાંથી બહાર કાઢવાનો આદેશ આપ્યો. માજીએ પ્રથમ સ્વપ્ન વખતે ખાસ ધ્યાન આપ્યું નહિ પણ આવું સ્વપ્ન બીજી વખત અને ત્રીજી વખત આવ્યું ત્યારે તેમણે, આ શહેરના દેવવેદશાસ્ત્રસંપન્ન વિદ્વાન શ્રી મયાનાથ ત્ર્યંબકનાથ શુકલને આ સ્વપ્નની વાત કરી. એમણે સ્કંદપુરાણ અંતર્ગત કૌમારિકાખંડમાં ઉલ્લેખેલા વૃદ્ધ વાસુદેવ ભગવાનની વાત પરથી આ સ્વપ્નને પુષ્ટિ આપી. એ પ્રમાણે તપાસ કરતાં કૂવાના તળિયેથી આ બે પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ.

સ્કંદપુરાણ અંતર્ગત કૌમારિકાખંડનો આખો ૪૨મો અધ્યાય માત્ર આના વર્ણનથી સમૃદ્ધ છે.[૧૩] એના અંતે લખ્યું છે કે: **इति श्री वृद्धवासुदेवमाहात्म्यवर्णनं य ऐतरेय ब्राह्मणवर्णनंनाम अध्याय ॥ ४२ ॥**

આ પ્રતિમાઓ કોઈ મંદિરમાં પ્રતિષ્ઠિત નથી. જે સામાન્ય મકાનમાં સ્થાપિત હતી, તે બાજુની શ્રીમાળી વણિક જ્ઞાતિની વાડીના મંદિરમાં પ્રતિષ્ઠિત કરી છે; જેનો મહિમા અલૌકિક છે. મોટા ભાગના વૈષ્ણવ–ભકતો વાસુદેવ ભગવાનની આ પ્રતિમાથી પરિચિત છે, એટલું જ નહિ પણ 'વડાવાસુદેવ'ની પોળનું નામ, આ વૃદ્ધ (વડા) વાસુદેવ ભગવાન પરથી પડ્યાની અનુશ્રુતિ છે. એટલે આ પ્રતિમા લોકપરંપરામાં અત્યંત મહત્ત્વની છે.

૭૫ સે.મી. ઊંચા અને ૩૭ સે.મી. પહોળા, શ્યામ આરસના પાષાણમાંથી આ પ્રતિમા કંડારેલી છે (ચિત્ર ૧). એનો શિરોભાગ અર્ધવર્તુલાકારે શોભે છે. એના મધ્યમાં નાનું મંદિર તથા એના ગર્ભગૃહમાં નાનું દેવસ્વરૂપ અંકિત કરેલું હોવાથી તથા મૂર્તિની બે બાજુની પેનલ પર વિષ્ણુ ભગવાન દશાવતારસ્વરૂપે કંડારેલા હોવાથી, કેન્દ્રસ્થ વાસુદેવ ભગવાનના સ્વરૂપનો

---

૧૩ ભક્તશિરોમણિ નારદજીએ વાસુદેવ ભગવાનના અષ્ટાક્ષર મંત્ર 'ॐ नमो नारायणाय'નો જપ કરી, એમને પ્રસન્ન કરી, આ સ્થળે સ્થિર થવાનું વરદાન માગ્યું અને ભક્તવત્સલ ભગવાને નારદજીની મનોકામના પૂર્ણ કરી.

આ વાસુદેવ ભગવાનની કૃપાથી ઐતરેય બ્રાહ્મણ મોક્ષ પામેલો એવી આખ્યાયિકા આવેલી છે. ઐતરેયની ભક્તિથી પ્રસન્ન થઈ વાસુદેવ ભગવાન પ્રતિમામાંથી પ્રગટ થયા અને તેમણે ઐતરેય તથા એમની માતાને આશીર્વાદ આપી પ્રતિમામાંથી પુનઃ પ્રવેશ કર્યો એવું વર્ણન આવે છે. (स्कंदपुराण, माहेश्वर खंड, कौमारिका खंड, अ. ४२)

અહીંના વતની શ્રી નર્મદાશંકર ત્ર્યં. ભટ્ટે કૌમારિકાખંડનો ગુજરાતીમાં અનુવાદ કરી ભક્તોમાં આના મહિમાનો પ્રચાર કર્યો છે. (જુઓ કુમારિકાખંડ અથવા સ્તંભતીર્થમાહાત્મ્ય ખંભાત, ૧૯૬૧), ડૉ. રમણલાલ ના. મહેતા અત્યારે ઉપલબ્ધ કૌમારિકાખંડ સત્તરમી સદીમાં રચાયો હોવાની સંભાવના રજૂ કરે છે. (કૌમારિકાખંડ અને ખંભાત) 'સ્વાધ્યાય', પુ. ૨, અંક–૪, પૃ. ૪૬૬



ચિત્ર ૧ : ત્રિવિક્રમ ભગવાન
(વડા વાસુદેવના નામે પ્રસિદ્ધ)
વડા વાસુદેવની પોળ, ખંભાત



ચિત્ર ૨ : શેષશાયી વિષ્ણુ,
મોટા રણછોડજીનું મંદિર, ખંભાત



ચિત્ર ૬ : શ્રીધર ભગવાન
ચોંવીસી બ્રહ્મપોળ સામે,
મોઢવણિક જ્ઞાતિનું
મન્દિર, ખંભાત
સોલંકી વાઘેલા



ચિત્ર ૭ : વિષ્ણુ ભગવાન
નારાયણદેવની પોળ, ખંભાત

ઉઠાવ એકદમ કલાત્મક છે. આને લીધે એમનું સૌંદર્યસ્વરૂપ તત્ક્ષણ આગંતુકના અંતઃકરણમાં પૂરેપૂરું ઉતરી જાય છે. ભક્તિસભર ભકતોનાં નયનો કલાકો સુધી એને નિરખ્યા કરે તો પણ દર્શનતૃષ્ણા તૃપ્ત ન થાય એવું અદ્દ્ભુત અલૌકિક એમનું સૌંદર્ય છે.

ભગવાન વાસુદેવના મસ્તકે ૮ સે.મી. ઊંચો સુંદર કિરીટમુકુટ શોભે છે. એમનો કર્ણ-પટલ એકદમ લાંબો છે. જૈન તીર્થંકરો કે બુદ્ધ ભગવાનની પ્રતિમાઓ જેવો લાંબો છે અને એમાં કુંડલ શોભી રહ્યાં છે. ગ્રીવાપ્રદેશ એકદમ ઊંચો (૨ સે.મી.) હોવાથી તથા ગળામાં એકદમ બંધબેસતી ત્રણ સેરની કંઠાવલી ધારણ કરેલી હોવાથી, મૂર્તિનો ઉઠાવ એકદમ અલૌકિક અને પુરુષાતનયુક્ત લાગે છે. બીજો લાંબો ચપટો હાર, વક્ષઃસ્થલ પરથી પસાર થઈ નીચે ઉદર પ્રદેશ સુધી પથરાયેલો છે. છાતી મધ્યે શોભતું "શ્રીવત્સ" તથા શરીર પરનું ઉપવીત વક્ષઃસ્થલના સૌંદર્યમાં અનેરો વધારો કરે છે. કમ્મરે ચાર સેરવાળી કટિમેખલા શોભે છે. એની બે સેર બંને થાપા પર અર્ધચંદ્રકારે પથરાયેલી છે. અને બીજી બે સેર નીચે જંઘાપ્રદેશ સુધી પથરાયેલી છે. હાથમાં વલય, બાહુમાં બાજુબંધ તથા પગમાં નૂપુર શોભી રહ્યાં છે.

આ મૂર્તિ સમભંગ છે તથા આજાનુબાહુ છે. ભગવાનના અક્ષમાલાયુક્ત દક્ષિણ હસ્તની તથા શંખધારી વામ હસ્તની લંબાઈ ઠેઠ ઢીંચણ સુધી પહોંચે તેટલી છે.

આમાં વાસુદેવ ભગવાને ઉપરના જમણા હાથમાં ગદા તથા ઉપરના ડાબા હાથમાં ચક્ર ધારણ કરેલ છે. એમના નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા હાથમાં વરદમુદ્રાયુક્ત માળા શોભાયમાન છે. રૂપમંડન તથા પદ્મપુરાણના પાતાળખંડમાં વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોનું મૂર્તિવિધાન આપેલું છે, એ પ્રમાણે ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ, અને નીચેના જમણા હાથમાં પદ્મ ધારણ કરેલ વિષ્ણુના સ્વરૂપને "ત્રિવિક્રમ" તરીકે ઓળખાવ્યું છે. પણ મૂર્તિકલાવિધાયકો કેટલીક વખત ઉક્ત આયુધોમાં પદ્મને બદલે માલા અથવા વરદમુદ્રા કે અભયમુદ્રા સૂચવવાની સ્વતંત્રતા ભોગવતા માલુમ પડે છે. અલબત્ત, આ મુદ્રામાં પદ્મચિહ્ન હોવાનું મનાય છે. એ રીતે જોઈએ તો આ મૂર્તિ વિષ્ણુનું "ત્રિવિક્રમ" સ્વરૂપ કહેવાય.

આ મૂર્તિની બે બાજુની બે પેનલમાં દશાવતારનાં ચાર સ્વરૂપો કંડારેલાં છે અને બાકીનાં બે સ્વરૂપ ઠેઠ ઉપરના ભાગમાં-એક વિષ્ણુની ગદાના ઉપરના ભાગમાં અને બીજું ચક્રના ઉપરના ભાગમાં-કોતરેલાં છે, જે સ્પષ્ટ થતાં નથી. જમણી બાજુની પેનલમાં ઉપરના ભાગમાં કલ્કિ અવતારનું (૭ સે.મી. ઊંચું) સ્વરૂપ કંડારેલું છે. એની નીચે આવેલું સ્વરૂપ સ્પષ્ટ થતું નથી. એની નીચે પરશુરામનું (૧૧ સે.મી.) સ્વરૂપ કોતરેલું છે. એમણે જમણા હાથમાં પરશુ ધારણ કરેલ છે. સૌથી નીચે નરસિંહઅવતાર છે. ડાબી બાજુની પેનલમાં સૌથી નીચે વરાહઅવતાર (૧૦ સે.મી. ઊંચું)નું સ્વરૂપ તથા મધ્યમાં રામાવતાર (૮ સે.મી. ઊંચું)નું સ્વરૂપ આવેલું છે. બાકીનાં બે સ્વરૂપ સ્પષ્ટ થતાં નથી.

શિરોભાગના અર્ધવર્તુલાકાર ભાગની કમાનની વચ્ચે નાના મંદિર જેવો આકાર કોતરેલો છે, અને એના ગર્ભગૃહમાં એક ઊભું નાનું સ્વરૂપ (૫ સે.મી. ઊંચું) શોભી રહ્યું છે.

વાસુદેવ ભગવાનના બંને ચરણ નીચે બે બે આયુધપુરુષો શોભી રહ્યા છે. એમાં જમણી બાજુના આયુધપુરુષો એકદમ સ્પષ્ટ છે. તેમાં પુરુષનું ૧૫ સે.મી. ઊંચું ઊભું સ્વરૂપ છે. એ દ્વિભુજ છે અને એમણે માથે મુકુટ, કાને કુંડલ તથા કમરે કટિમેખલા ધારણ કર્યાં છે, એમની જમણી બાજુએ ઊભેલ સ્ત્રી–સ્વરૂપનું જમણું અંગ દૃશ્યમાન છે. એમના માથે જટા–મુકુટ શોભે છે. ડાબી બાજુના પુરુષસ્વરૂપે માથે મુકુટ, કાને કુંડલ અને કમ્મરે કટિમેખલા ધારણ કર્યાં છે. એમની ડાબી બાજુએ આવેલ આકૃતિનું અડધું અંગ દેખાય છે.

નીચે પીઠિકામાં એકદમ ઘસાયેલ લેખ છે. પીઠિકા (ઉપસેલો ભાગ) ૧૬ સે.મી. લાંબી ૬ સે.મી. પહોળી છે. પીઠિકા જમણી બાજુએ સહેજ ખંડિત છે. બાકીના ભાગમાં આવેલ લેખ નીચે પ્રમાણે વાંચી શકાય છે.......। रधारी. લેખને અંતે સ્વસ્તિક છે અને તે ચતુષ્કોણમાં મૂકેલો છે. એટલે આરંભમાં પણ એવો સ્વસ્તિક હોવો જોઈએ તથા પ્રથમ અક્ષર गि હોવાનું અનુમાન કરીએ તો गिरिधारी એવું વાંચન થઈ શકે, પણ આ પ્રતિમા વાસુદેવસ્વરૂપરૂપે લોકોમાં પ્રચલિત છે. અલબત્ત એની બાજુની પ્રતિમા સ્પષ્ટતઃ ગિરિધારી યા ગોવર્ધનધારી વેણુગોપાલ શ્રીકૃષ્ણની છે. શ્યામવર્ણી પાષાણમાંથી આ પ્રતિમા કંડારેલી છે. એમાં શ્રીકૃષ્ણ જમણા પગથી આંટી મારી, ડાબો પગ જમીન પર સ્થિર રાખી ત્રિભંગાવસ્થામાં ઊભા રહી, મુખારવિંદ પર ગાનનો આનંદ લેતા નિહાળાય છે એટલે આ સ્વરૂપને ગાનગોપાલ શ્રીકૃષ્ણ પણ કહી શકાય. અષ્ટભુજધારી શ્રીકૃષ્ણ પરમાત્માએ ઉપરના જમણા હાથથી ગોવર્ધનપર્વત તોળ્યો છે. એમના જમણા અને ડાબા હાથમાં વાંસળી શોભી રહી છે. એથી નીચેના જમણા હાથમાં ગદા અને સૌથી નીચેના હાથમાં વરદમુદ્રાયુક્ત માળા શોભે છે. જ્યારે ડાબા હાથમાં અનુક્રમે પદ્મ, વાંસળી, ચક્ર અને શંખ શોભે છે. આ પ્રતિમા ચૌદમા–પંદરમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

ખંભાતના માદળા તળાવના તટની સામે આવેલ રણછોડજીના મંદિરમાં સેવ્ય પ્રતિમાઓ તરીકે રણછોડજી, ત્રિવિક્રમ અને શેષશાયી વિષ્ણુનાં મનોહર સ્વરૂપો જોવા મળે છે.

શ્વેત આરસની ૪૨" (૧૦૪ સે.મી.) ઊંચી ચોરસ પીઠિકા (૧૮૭ × ૧૮૭ સે.મી.) પર ચાંદીના ભવ્ય સિંહાસન પર શ્યામ કસોટીના ચમકતા પાષાણમાંથી કંડારેલું. (૧૨૫ સે.મી.) ઊંચું અને (૬૦ સે.મી.) પહોળું એવું રણછોડજીનું અલૌકિક ઊભું સ્વરૂપ દર્શનાર્થીઓને આનંદવિભોર કરે છે.

રણછોડજીએ જમણા ઊર્ધ્વગામી હાથમાં ગદા ધારણ કરી છે, નીચલા દક્ષિણ હસ્તમાં પદ્મ અંકિત કરેલું છે. ઉપલા ઊર્ધ્વગામી વામ હસ્તમાં ચક્ર અને નિમ્ન હસ્તમાં શંખ શોભી રહ્યાં છે.

રણછોડજીએ મસ્તકે મુકુટ, કાને કુંડલ, કંઠે હાર, કમ્મરે કટિમેખલા ધારણ કરેલ છે. કંઠહાર ઠેઠ ચરણ સુધી પહોંચે છે અને એનું પેંડલ પીઠિકાની મધ્યે અંકિત કરેલું છે.

એમના બંને ચરણ આગળ બે બે આયુધપુરુષો (૩૫ સે.મી.) ઊભા છે. તેમણે માથે મુકુટ, કાને કુંડલ અને કમ્મરે કટિમેખલા ધારણ કરેલ છે. એમના ડાબા ચરણ આગળ આવેલ

આયુધપુરુષોએ ડાબા હાથમાં શંખ અને જમણા હાથમાં અક્ષમાલા ધારણ કર્યાં છે તથા જમણી બાજુના આયુધપુરુષોએ જમણા હાથમાં ગદા અને ડાબા હાથમાં શંખ ધારણ કર્યાં છે.

મુખ પરની સૌંદર્ય–પ્રભા, તક્ષણકલા વગેરે જોતાં આ પ્રતિમા તેરમા ચૌદમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

રણછોડજીના મંદિરની અંદર આવેલ દક્ષિણાભિમુખ દ્વારવાળા મંદિરમાં ત્રિવિક્રમનું સમભંગ સ્વરૂપ આવેલું છે. એમણે ઊર્ધ્વગામી જમણા હાથમાં ગદા, ઊર્ધ્વગામી ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ તથા નીચેનો જમણો હાથ વરદમુદ્રામાં છે કે પદ્મચિહ્ન ધારણ કરેલ છે. ચક્રયુક્ત હાથ સિવાયના ત્રણે હાથની અનામિકાઓ પર મુદ્રિકા શોભી રહી છે. માથે મુકુટ, કાને કુંડલ, છાતીમાં શ્રીવત્સ, ગળામાં હારજી, હાથમાં વલય, બાહુમાં બાજુબંધ, કમ્મરે કટિમેખલા અને પગમાં નૂપુરને કારણે વિષ્ણુનું ત્રિવિક્રમ સ્વરૂપ અદ્‌ભુત લાવણ્ય પ્રગટ કરે છે.

નીચે નમસ્કારમુદ્રામાં બન્ને બાજુએ એક એક એમ સર્વ અલંકારથી ભૂષિત બે દિગ્પાલ સૌંદર્યવૃદ્ધિ કરે છે. ચોરસ પીઠિકા નીચે નમસ્કારમુદ્રામાં કંઠહારસુશોભિત ગરુડજી ભક્તિ-ભાવના પ્રસરતાં દર્શન આપે છે.

શ્યામ ચમકતી (૧૦૬ સે.મી.) ઊંચી અને (૪૮ સે.મી.) પહોળી કંડારેલ આ પ્રતિમા તક્ષણકલા જોતાં, પંદરમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે. પરંતુ આ મંદિરનું તથા અહીંના વૈષ્ણવભક્તોનું મોટું આકર્ષણ તો "શેષશાયી" વિષ્ણુ ભગવાન છે. (ચિત્ર નં. ૨) ક્ષીરસાગરના ચંચલ જલ–તરંગોમાં શેષનાગની ભવ્ય સર્પફણા (૨૫ સે.મી. ઊંચી અને ૨૫ સે.મી. પહોળી) પર, વામ હસ્તનું ઓશીકું કરીને એના પર પોતાનું મેધાવી મસ્તક અઢેલીને, સૃષ્ટિના સંવર્ધક વિષ્ણુ ભગવાન સહજભાવે પોઢી રહ્યા છે. અને એમના નાભિકમળમાંથી સૃષ્ટિના સર્જક બ્રહ્મા (૧૨ સે.મી. ઊંચા) પ્રગટ થઈ રહ્યા છે. આને કારણે મૂર્તિના સૌંદર્ય-સ્વરૂપનો ઉઠાવ એકદમ ભવ્ય અને કલાત્મક રીતે ઉપસી આવે છે. પરિણામે આ સ્વરૂપ, દર્શનાર્થીના અંતઃકરણમાં પૂરેપુરું ઉતરી જાય છે.

વિષ્ણુ ભગવાને ઉપલા જમણા હાથમાં શંખ (૨૨ સે.મી. મોટો) ધારણ કર્યો છે. નીચલા જમણા હાથની હથેળીમાં પદ્મ અંકિત કરેલું છે. ઉપલો ડાબો હાથ ભગવાને મસ્તક નીચે શેષનાગની સર્પકલા પર ઓશીકાસ્વરૂપે અઢેલ્યો છે અને આ હસ્તમાં ત્રણ શિખરવાળી ભવ્ય ગદા (૩૭ સે.મી. મોટી) ધારણ કરી છે. તેનો શિરોભાગ સર્પફણાને સ્પર્શે છે. ડાબી બાજુના બીજા હાથમાં ચક્ર શોભે છે.

ભવ્ય અદામાં પોઢેલા ભગવાનના ચરણ–કમળ આગળ લક્ષ્મીજી (૨૫ સે.મી. મોટાં) ચરણચંપી કરતાં બેઠાં છે. તેઓ વામ હસ્તથી ભગવાનના વામ ચરણને દાબી રહ્યાં છે.

માથાનો મુકુટ અને ગળાનો હાર અનેરી શોભા આપે છે. પેન્ડલયુક્ત ચાર સેરવાળા હારની નીચે, એક બીજો હાર શોભે છે, જે ઠેઠ ઉદર–પ્રદેશ સુધી પથરાયેલો છે. હાથમાં વલય, કમ્મરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકારોને કારણે સ્વરૂપસૌંદર્ય એકદમ અલૌકિક અને આહ્‌લાદદાયક લાગે છે.

કાળા કસોટી પત્થરમાંથી કંડારેલી, ૧૦૫ સે.મી. લાંબી અને ૪૨ સે.મી. પહોળી આ પ્રતિમા તેરમા-ચૌદમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

વાડાપોળની સામે આવેલી મોઢ વણિક જ્ઞાતિની વાડીની અંદર માધવરાય ભગવાનની મૂર્તિ ઊભી પ્રસ્થાપિત કરી છે. (ચિત્ર ૩ જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપર) એમાં ભગવાને ચાર હાથ પૈકી ઉપરના જમણા હાથમાં ગદા (૩૫ સે.મી. ૧૪ ઇંચ) ઉપરના ડાબા હાથમાં ચક્ર અને નીચેના હાથમાં શંખ ધારણ કરેલ છે. જ્યારે નીચેનો જમણો હાથ વરદમુદ્રા સૂચવે છે. તથા એમાં અક્ષમાળા છે. એની નીચે દિક્પાલ છે. ભગવાને માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર વક્ષસ્થલ પર શ્રીવત્સ, કમ્મરે કટિમેખલા વગેરે અલંકાર ધારણ કરેલ છે.

શ્યામવર્ણી, પથ્થરમાંથી કંડારેલી આ પ્રતિમા ૧૦૦ સે.મી. પહોળી છે. આ પ્રતિમાની પ્રાચીનતા ૧૫મા, ૧૬મા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે. રૂપમંડન તથા પદ્મપુરાણના પાતાળખંડમાં વિષ્ણુ ભગવાનનાં ૨૪ સ્વરૂપનું શિલ્પવિધાન આપેલું છે. તે પ્રમાણે ત્રિવિક્રમ-સ્વરૂપમાં ચતુર્ભુજ વિષ્ણુના ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા હાથમાં પદ્મ આયુધ તરીકે ગણાવ્યાં છે. શિલ્પકારો પદ્મને બદલે અક્ષમાળા મૂકવાની સ્વતંત્રતા લેતા હતા. એ દૃષ્ટિએ આ મૂર્તિ "ત્રિવિક્રમ" સ્વરૂપની ગણી શકાય. આ પ્રતિમા સલ્તનતકાળના ઉત્તરાર્ધની પ્રતીત થાય છે.

બાજુમાં શ્વેત આરસમાંથી કંડારેલ લક્ષ્મીજીની નાની પ્રતિમા સ્થાપિત કરેલ છે. જે ૪૩.૭૫ સે.મી. (સાડા સત્તર ઇંચ) ઊંચી અને ૩૦ સે.મી. (૧૨ ઇંચ) પહોળી છે. તથા અર્વાચીનકાળની પ્રતીત થાય છે.

ભાટવાડાની સામે આવેલ સત્યનારાયણના મંદિરમાં ભગવાન વિષ્ણુની પ્રતિમા સ્થાપિત કરેલી છે. એમના ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ, અને નીચેનો જમણો હાથ વરદમુદ્રા સૂચવે છે, અને એમાં માળા ધારણ કરેલ છે.

શ્યામ પાષાણમાંથી કંડારેલ આ પ્રતિમા (૭૫ સે.મી.) ૩૦ ઇંચ ઊંચી તથા (૩૦ સે.મી.) ૧૨ ઇંચ પહોળી છે.

રૂપમંડન અને પદ્મપુરાણ પાતાળખંડમાં વિષ્ણુ ભગવાનનાં આપેલાં ૨૪ સ્વરૂપોના શિલ્પવિધાનની દૃષ્ટિએ આ સ્વરૂપ "ત્રિવિક્રમ" સ્વરૂપ કહી શકાય પરંતુ લોકોમાં તે સત્યનારાયણ નામે ઓળખાય છે. અને એને કારણે સામેનો મહોલ્લો સત્યનારાયણના ભાટવાડાના નામે ઓળખાય છે.

એમની બાજુમાં લક્ષ્મીજીની પ્રતિમા સ્થાપિત કરેલી છે.

કૂટાપોળના નાકે આવેલા સિદ્ધનાથ મહાદેવના મંદિરમાં પ્રવેશતાં ડાબી બાજુએ આવેલ બાલાજીના મંદિરમાં વિષ્ણુનાં બે સ્વરૂપ આવેલાં છે. એમાં મોટું સ્વરૂપ બાલાજીના નામે જાણીતું છે. એમના ચાર હાથમાં અનુક્રમે ગદા, ચક્ર, શંખ અને પદ્મ છે. એટલે શિલ્પવિધાનની દૃષ્ટિએ આને પણ વિષ્ણુનું ત્રિવિક્રમસ્વરૂપ કહી શકાય.

એમની બાજુમાં આવેલ શ્વેત આરસની ૪૬ સે.મી. ઊંચી ૨૮ સે.મી. પહોળી વિષ્ણુની પ્રતિમાના ઉપરના જમણા હાથમાં શંખ તથા ઉપરના ડાબા હાથમાં પદ્મ છે. નીચેના બન્ને હાથ વરદમુદ્રા સૂચવે છે. આ પ્રતિમા સોલંકીકાલીન પ્રતીત થાય છે.

ચોકસીની પોળમાં આવેલ દામોદરરાયજીના મંદિરમાં ભગવાન દામોદરની પ્રતિમા સેવ્ય પ્રતિમા તરીકે વિદ્યમાન છે. (ચિત્ર ૪ જુઓ આ અંકના ત્રીજા પૂઠા ઉપર) એમાં ભગવાને ઉપરના જમણા હાથમાં શંખ, ઉપરના ડાબા હાથમાં ગદા, નીચેના ડાબા હાથમાં ચક્ર તથા નીચેના જમણા હાથમાં પદ્મ ધારણ કરેલ છે. એમના માથે મુગટ, કાને કુંડલ, ગળામાં હાર, વક્ષઃસ્થલ પર શ્રીવત્સ, શરીર પર ઉપવીત, કમરે કટિમેખલા, પગમાં નૂપુર, હાથમાં વલય વગેરે છે. અલંકારથી સુશોભિત આ પ્રતિમાનું સૌંદર્ય આહ્લાદક, આકર્ષક અને અલૌકિક પ્રતીત થાય છે. એમાં કેન્દ્રસ્થ દામોદર ભગવાનના સ્વરૂપની ઉપરના ભાગમાં ડાબી બાજુએ નંદીઆરૂઢ મહાદેવજી તથા જમણી બાજુએ બ્રહ્માજીની નાની આકૃતિઓ કંડારેલી છે. તથા દામોદર ભગવાનની બન્ને ચરણની બાજુમાં બે બે એમ કુલ ચાર આયુધપુરુષો દિક્પાલ ઊભેલા છે. રૂપમંડન તથા પદ્મપુરાણના પાતાળખંડમાં વિષ્ણુ ભગવાનનાં ચોવીસ સ્વરૂપોનું મૂર્તિવિધાન આપેલ છે. તે પ્રમાણે આ સ્વરૂપ ભગવાન દામોદરનું જ છે.

શ્યામ ચળકતા કસોટી પથ્થરમાંથી કંડારેલ આ પ્રતિમા ૧૦૦ સે.મી. (૪૦ ઇંચ) ઊંચી, ૫૭ સે.મી. (૨૩ ઇંચ) પહોળી છે. તથા એ સોલંકીકાળની પ્રતીત થાય છે.

આ જ મંદિરમાં વિષ્ણુ ભગવાનની બીજી નાની પ્રતિમા વિદ્યમાન છે. જેમાં ભગવાને ઉપરના જમણા હાથમાં ચક્ર, ઉપરના ડાબા હાથમાં ગદા નીચેના ડાબા હાથમાં માળાયુકત વરદમુદ્રા તથા નીચેના જમણા હાથમાં શંખ ધારણ કરેલ છે.

રૂપમંડન અને પદ્મપુરાણના પાતાળખંડમાં વર્ણવેલ વિષ્ણુ ભગવાનનાં ચોવીસ સ્વરૂપોનું મૂર્તિવિધાન આપેલ છે. તે પ્રમાણે ભગવાનનું આ સ્વરૂપ વામન ભગવાનનું કહી શકાય.

શ્યામ કસોટી પથ્થરમાંથી કંડારેલ આ પ્રતિમા ૪૦ સે.મી. (૧૬ ઇંચ) ઊંચી તથા ૩૦ સે.મી. (૮ ઇંચ) પહોળી છે. તથા એ સોલંકીકાળની પ્રતીત થાય છે.

કોલમપાડામાં આવેલા કુમારેશ્વર મહાદેવના નામે જાણીતા શિવાલયમાં પ્રવેશતાં જમણી બાજુએ આવેલા વિભાગમાં રણછોડજીના નામથી જાણીતું વિષ્ણુ ભગવાનનું સુંદર સ્વરૂપ ઊંચા સિંહાસન પર સ્થાપિત કરેલું છે. એમાં ભગવાને ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા વરદમુદ્રાયુક્ત હાથમાં અક્ષમાલા ધારણ કરેલ છે. રૂપમંડન તથા પદ્મપુરાણના પાતાળખંડમાં આપેલ વિષ્ણુનાં ૨૪ સ્વરૂપોનાં આયુધો પ્રમાણે આને ત્રિવિક્રમસ્વરૂપ કહી શકાય. એમની આસપાસ એકદમ કલાત્મક રીતે દશાવતાર કંડારેલા છે. બન્ને ચરણ પાસે દિક્પાલદંપતી નિહાળાય છે. કાળા કસોટીના પાષાણમાંથી કંડારેલું આ સ્વરૂપ ૯૦ સે.મી. (૩૬ ઇંચ) ઊંચું, તથા ૫૨ સે.મી. (૨૧ ઇંચ) પહોળું મુગલકાળનું છે તથા એની પ્રાચીનતા મુગલકાળના આરંભની પ્રતીત થાય છે. પાણિયારી-દરવાજા નજીક નારાયણદેવની પોળમાં નારાયણદેવના મંદિરમાં વિષ્ણુની બે પ્રતિમાઓ આવેલી છે.

એમાંથી શ્યામ આરસમાં કંડારેલી પ્રતિમા ૭૪ સે.મી. ઊંચી તથા ૩૯ સે.મી. પહોળી છે. એમાં વિષ્ણુ ભગવાનના જમણા હાથ ઉપરના ઊર્ધ્વગામી હાથમાં ગદા અને ડાબા ઊર્ધ્વગામી હાથમાં ચક્ર શોભાયમાન છે. એમના નીચલા ડાબા હાથમાં શંખ અને જમણા હાથમાં માળા છે. શિલ્પશાસ્ત્રોની દષ્ટિએ આ વિષ્ણુ ભગવાનનું ત્રિવિક્રમસ્વરૂપ છે અને મુગલકાળ જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

બીજી શ્વેત આરસમાંથી કંડારેલ વિષ્ણુપ્રતિમાના ઊર્ધ્વગામી જમણા હાથમાં પદ્મ અને ઊર્ધ્વગામી ડાબા હાથમાં શંખ શોભાયમાન છે, બાકીના બંને હાથ વરદમુદ્રામાં છે. આ મૂર્તિની ઊંચાઈ ૧૨.૫ સે.મી. (૫ ઇંચ) તથા પહોળાઈ ૧૫ સે.મી. (૬.૭ ઇંચ) છે. આ પ્રતિમા પંદરમા સૈકા જેટલી પ્રાચીન છે. (ચિત્ર નં. ૭)

લાંબી ઓટીમાં આવેલી દરજીની વાડીમાં પુરુષોત્તમ ભગવાનનું સ્વરૂપ પ્રતિષ્ઠિત કરેલું છે. એ બાળસ્વરૂપ છે. એટલે દ્વિભુજ છે. હાથમાં કોઈ આયુધ નથી. માથે મુગટ, કાને કુંડલ, ગળામાં હાર, કમરે કટિમેખલા વગેરે અલંકાર ધારણ કરેલા છે. શ્યામવર્ણી પાષાણમાંથી કંડારેલ આ પ્રતિમા ૪૦ સે.મી. (૧૬ ઇંચ) ઊંચી છે.

અહીંના શ્રી ર. પા. આર્ટ્સ એન્ડ કે. બુ. કોમર્સ કોલેજના મ્યુઝિયમના શિલ્પસંગ્રહમાં વિષ્ણુ ભગવાનની પાંચ પ્રતિમાઓ સંગ્રહીત છે.

એમાંની બે પ્રતિમાઓ અખંડ છે. એક એકદમ સારી સ્થિતિમાં છે. જ્યારે બીજી પ્રતિમાને ઘસારો લાગ્યો છે. આમાંથી ભૂખરા પાષાણમાંથી કંડારેલી પ્રથમ પ્રતિમા ૪૦ સે.મી. ઊંચી અને ૨૨ સે.મી. પહોળી છે. એમાં ચતુર્ભુજવિષ્ણુ ભગવાનને માથે મુગટ, કાને કુંડલ, છાતીમાં શ્રીવત્સ, કમરે કટિમેખલા વગેરે અલંકાર ધારણ કરેલા છે. નીચે વિષ્ણુ ભગવાનના ચરણની બન્ને બાજુએ બે બે આયુધપુરુષો શોભે છે. નીચે પીઠિકામાં લેખ કોતરેલ હોવાનું અનુમાન છે. પણ અત્યંત ઘસારાના કારણે કાંઈ પણ સ્પષ્ટ વાંચી શકાતું નથી.

ચતુર્ભુજ વિષ્ણુ ભગવાનના ઊર્ધ્વગામી જમણા હાથમાં ગદા, ઊર્ધ્વગામી ડાબા હાથમાં ચક્ર શોભાયમાન છે. નિમ્નગામી ડાબો હાથ ખંડિત છે. એમાં શંખ હોવો જોઈએ. જ્યારે વરદમુદ્રા સૂચવતા નીચલા જમણા હાથમાં અક્ષમાળા છે. આ પ્રતિમા સલ્તનતકાલના આરંભ જેટલી પ્રાચીન લાગે છે. આ વિષ્ણુ ભગવાનના ત્રિવિક્રમ સ્વરૂપ જેટલી પ્રાચીન હોવાનું અનુમાન કરી શકાય.

બીજી રેતીના પાષાણમાંથી કંડારેલી વિષ્ણુની પ્રતિમા ૭૦ સે.મી. ઊંચી અને ૫૦ સે.મી. પહોળી છે. ચતુર્ભુજ વિષ્ણુ ભગવાને ઊર્ધ્વગામી જમણા હાથમાં ગદા, અને ઊર્ધ્વગામી ડાબા હાથમાં ચક્ર ધારણ કરેલાં છે. નિમ્નગામી ડાબો હાથ અને નિમ્નગામી જમણો હાથ કાંડામાંથી ખંડિત થાય છે. પણ બારીકાઈથી જોતાં નિમ્નગામી ડાબા હાથમાં શંખ હોવાનું અનુમાન કરી શકાય તેમ છે, તો નિમ્નગામી જમણા હાથમાં પદ્મ હોવાનું નક્કી કરી શકાય. આયુધોના આ ક્રમ પ્રમાણે વિચારીએ તો રૂપમંડનમાં વર્ણવેલ વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોમાંનું આ ત્રિવિક્રમસ્વરૂપ હોવાનું નક્કી કરી શકાય.

ચતુર્ભુજ વિષ્ણુ ભગવાનના કાને કુંડલ, કમરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકારો શોભી રહ્યા છે. વિષ્ણુ ભગવાનના ચરણની બન્ને બાજુએ બે નાનાં દિક્પાલ દંપતી (દરેક ૨૦ સે.મી.) ઊંચા કંડારેલાં છે. વિષ્ણુ ભગવાનના મુખારવિંદની પાર્શ્વભૂમિકામાં સૂર્યનારાયણનું પ્રભાચક્ર શોભી રહ્યું છે તથા એની બે બાજુએ વિષ્ણુ ભગવાનની ગદા અને ચક્રના ઉપરના ભાગમાં અંકિત શિવજી અને બ્રહ્મા ઘસારાના કારણે સ્પષ્ટ દેખાતાં નથી. વિષ્ણુ ભગવાનની બન્ને બાજુએ કિનારી પર દશાવતાર કંડારેલા છે પણ અતિશય ઘસારાના કારણે એમનું સ્પષ્ટ દર્શન થઈ શકતું નથી. તક્ષણકલા, સૌંદર્યપ્રભા વગેરે જોતાં આ પ્રતિમા તેરમા સૈકા જેટલી પ્રાચીન લાગે છે.

આમાંની ત્રીજી વિષ્ણુપ્રતિમાના ઉપરના જમણા હાથમાં શંખ તથા ઉપરના ડાબા હાથમાં ગદા શોભાયમાન છે. નીચેનો ડાબો હાથ કાંડામાંથી ખંડિત છે. નીચેનો જમણો હાથ વરદમુદ્રામાં છે અને તેમાં પદ્મ ધારણ કરેલ છે. એટલે નીચેના ડાબા ખંડિત હાથમાં ચક્ર હોવાનું અનુમાન કરી શકાય. જો એ રીતે વિચારીએ તો શિલ્પવિધાનની દૃષ્ટિએ આ પ્રતિમા વિષ્ણુનું દામોદરસ્વરૂપ કહી શકાય.

આ પ્રતિમામાં ઢીંચણથી બન્ને ચરણ ખંડિત છે તો પણ એમનું સૌંદર્યસ્વરૂપ એકદમ આકર્ષક અને આહ્લાદક છે. છાતીમાં શ્રીવત્સ, કંઠમાં શોભાયમાન હાર તથા નાભિપ્રદેશ સુધી પ્રસરતી વૈજયંતીમાળા, બાહુમાં સુશોભિત બાજુબંધ, કમ્મરે અંકિત કટિમેખલા શરીર પર ઉપવસ્ત્ર વગેરે અલંકારોને લીધે શરીરસૌષ્ઠવ એકદમ ચિત્તાકર્ષક અને દર્શનીય અનુભવાય છે.

૭૦ સે.મી. ઊંચી અને ૩૭ સે.મી. પહોળી એવી આ પ્રતિમા સૌંદર્યસ્વરૂપ, તક્ષણકલા, અલંકાર આદિ પરથી બારમા સૈકા જેટલી પ્રાચીન લાગે છે.

ચોથી વિષ્ણુપ્રતિમા ૭૦ સે.મી. ઊંચી અને ૩૫ સે.મી. પહોળી છે પણ ગળા ઉપરનો ભાગ, કોણીમાંથી ચારે હાથ, તથા ઢીંચણમાંથી બન્ને પગ ખંડિત છે. તો પણ કંઠહાર, બાહુબંધ, કટિમેખલા, ઉપવીત વગેરે અલંકારોથી સુશોભિત શેષનાગ એકદમ આકર્ષક અને ભવ્ય પ્રતીત થાય છે. ચારે હાથ ખંડિત હોવાથી વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોમાંનું આ કયું સ્વરૂપ છે તે કહી શકાય તેમ નથી. તક્ષણકલા, અલંકારો વગેરે જોતાં આ મૂર્તિ બારમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

છઠ્ઠી પ્રતિમાના મુખારવિંદનો દક્ષિણ ભાગ, દક્ષિણ કરનો મધ્ય ભાગ, વામ કરનો કોણીનો ભાગ, વગેરે ખંડિત થયેલા છે. મૂળમાં આ પ્રતિમા વક્ષઃસ્થળ તથા ડાબા ખભા પરથી ખંડિત થઈ તેના ત્રણ ટુકડા થયેલા. પાછળથી મ્યૂઝિયમમાં એરટાઈટ સોલ્યુસનથી સાંધી એને અખંડ બનાવવામાં આવી છે. પીત શ્યામ પાષાણમાં કંડારેલી ૮૦ સે.મી. ઊંચી અને ૩૫ સે.મી. પહોળી આ પ્રતિમાનું સૌંદર્ય–સ્વરૂપ એકદમ અલૌકિક અનુપમ અને આહ્લાદદાયક અનુભવાય છે. વિષ્ણુ ભગવાનની જમણી બાજુએ એમની દક્ષિણ જંઘાની સમાંતરે ૫ સે.મી.ના અંતરે લક્ષ્મીજીનું એકદમ નાનું પણ અનુપમ સ્વરૂપ આવેલું છે. એનું કેશકલાગૂંથન અદ્ભુત અને વિરલ છે.

વિષ્ણુ ભગવાનના ઉપરના જમણા હાથમાં ગદા તથા ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ શોભાયમાન છે અને નીચેના જમણા હાથમાં અક્ષમાળાયુક્ત વરદમુદ્રા છે. ગદા,

ચક્ર, શંખ હાથમાં અનુક્રમે ધારણ કરેલ આયુધો પરથી આ પ્રતિમાને ત્રિવિક્રમસ્વરૂપ તરીકે ગણાવી શકાય. તક્ષણકલા પરથી આ પ્રતિમા ચૌદમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

મ્યૂઝિયમમાં વેણુગોપાલ–ગોવર્ધનધારી શ્રીકૃષ્ણનું નાનું પણ નયનરમ્ય અને રમણીય સ્વરૂપ છે. આમાં કૃષ્ણભગવાન ડાબા પગ પર જમણા પગની આંટી મારી, દક્ષિણ કરની અનામિકા વડે અર્ધચંદ્રાકારે ગોવર્ધનપર્વત (૨૦ સે.મી.) ઊંચકીને ત્રિભંગાવસ્થામાં ઊભા છે.

એમના અષ્ટભુજ પૈકીના બે દક્ષિણ કર તથા એક વામ કર બાહુમાંથી ખંડિત છે. બાકીના જમણા હાથ પૈકીના ઊર્ધ્વગામી હાથ વડે ગોવર્ધનપર્વત તોળ્યો છે અને નીચેનો ડાબો હાથ વરદમુદ્રા સૂચવે છે. ડાબા હાથ પૈકીના ઊર્ધ્વગામી હાથમાં ગદા જેવું કંઈક ધારણ કર્યું છે. અને એ રીતે પર્વત ઊંચક્યો છે એમ લાગે છે. મધ્યના ડાબા હાથમાં સુદર્શનચક્ર શોભી રહ્યું છે. નીચલો ડાબો હાથ વરદમુદ્રા સૂચવે છે. મધ્ય ડાબા હાથ પૈકીના ઊર્ધ્વગામી હાથમાં ગદા જેવું કંઈક ધારણ કર્યું છે. અને એ રીતે પર્વત ઊંચક્યો છે એમ લાગે છે. મધ્યના ડાબા હાથમાં સુદર્શન શોભી રહ્યું છે. નીચલો ડાબો હાથ વરદ–મુદ્રા સૂચવે છે. મધ્ય દક્ષિણ કર તથા મધ્ય વામ કર વડે મોરલી ધારણ કરેલી હોવી જોઈએ પણ આ બંને હાથ ખંડિત હોવાથી મોરલી વિદ્યમાન નથી. પરંતુ તેનું ચિહ્ન ચિબુક પર સ્પષ્ટ પ્રતીત થાય છે.

બંને ચરણ આગળ બે ગોપબાળ અને બે ગાય શોભી રહ્યાં છે. આ મૂર્તિ આરપાર કોરેલી છે એને કારણે એનું સ્વરૂપ એકદમ નયનરમ્ય બનેલ છે.

માથા પર મુકુટ, હાથમાં વલય, બાહુમાં બાજુબંધ, ગળામાં હાર, છાતીમાં શ્રીવત્સ, શરીર પર ઉપવીત, કમરે કચ્છ, પગમાં નૂપુર વગેરે અલંકારોને કારણે તથા અર્ધચન્દ્રકારે ઊંચકેલા ગોવર્ધનપર્વત અંતર્ગત અંકિત ધેનુ–દ્વયને કારણે ૩૦ સે.મી. ઊંચી ને ૧૫ સે.મી. પહોળી એવી આ પ્રતિમાનું સૌંદર્યસ્વરૂપ એકદમ આકર્ષક, અલૌકિક અને આહ્‌લાદદાયક અનુભવાય છે અને તે સલ્તનતકાલીન છે.

શહેરમાં અલિંગ વિસ્તારમાં કાછિયાપાડામાં આવેલ દશાપુરવાડ વણિકજ્ઞાતિના મંદિરમાં વાસુદેવના મંદિરમાં વિષ્ણુ ભગવાનનાં ત્રણ સેવ્ય સ્વરૂપ આવેલાં છે. એના મધ્યમાં આવેલું વાસુદેવ ભગવાનનું સ્વરૂપ એકદમ અલૌકિક અને આહ્‌લાદદાયક છે. (ચિત્ર નં. ૫) (જુઓ આ અંકના છેલ્લા પૂઠા ઉપર) શ્વેત આરસમાંથી કંડારેલ આ પ્રતિમા ૧૧૦ સે.મી. ઊંચી અને ૪૫ સે.મી. પહોળી છે. એમણે ઉપલા જમણા ઊર્ધ્વગામી હાથમાં ચક્ર, નીચલા જમણા હાથમાં વરદ અક્ષમાળા, ઉપલા ડાબા હાથમાં ભવ્ય ગદા (૪૦ સે.મી. મોટી) અને નીચલા ડાબા હાથમાં શંખ (૨૦ સે.મી. મોટો) ધારણ કરેલ છે. માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, કમ્મરે કટિમેખલા અનામિકા તથા આંગળીએ મુદ્રિકા, વક્ષઃસ્થલમાં શ્રીવત્સ, પગમાં નૂપુર આદિ અલંકાર ધારણ કરવાને કારણે પ્રતિમાનું સૌંદર્ય એકદમ અનુપમ અને આકર્ષક લાગે છે. એમના બંને ચરણ આગળ અલંકારયુક્ત બે દિગ્પાલદંપતી આવેલાં છે. મસ્તકની બંને બાજુએ–ડાબી બાજુએ બ્રહ્માજી અને જમણી બાજુએ શિવજી બિરાજેલા છે.

રૂપમંડનમાં વિષ્ણુ ભગવાનનાં ૨૪ સ્વરૂપોનું શિલ્પવિધાન આપેલું છે. તે પ્રમાણે "શ્રીધરસ્વરૂપમાં ચતુર્ભુજ વિષ્ણુના ઉપરના જમણા હાથમાં ચક્ર, ઉપરના ડાબા હાથમાં ગદા, નીચેના જમણા હાથમાં પદ્મ અને નીચેના ડાબા હાથમાં શંખ આયુધ તરીકે ગણાવ્યાં છે. શિલ્પકારો પદ્મને બદલે અક્ષમાળા મૂકવાની સ્વતંત્રતા લેતા હતા. એ દષ્ટિએ આ મૂર્તિ શ્રીધર-સ્વરૂપની ગણી શકાય. જ્યારે પદ્મપુરાણના પાતાળખંડમાં આપેલ વિષ્ણુના ૨૪ સ્વરૂપોના મૂર્તિવિધાનની દષ્ટિએ આ મૂર્તિ "હૃષિકેશ" સ્વરૂપની ગણી શકાય. આ પ્રતિમા ઉત્તર સોલંકીકાલ જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

વાસુદેવ "હૃષિકેશ" (શ્રીધર) ભગવાનની ડાબી બાજુએ પીઠિકામાં લેખવાળું ત્રિવિક્રમનું સ્વરૂપ સ્થાપિત કરેલું છે. એમાં વિષ્ણુ ભગવાને ઉપરના જમણા હાથમાં ગદા (૨૫ સે.મી. ઊંચી) તથા ઉપરના ડાબા હાથમાં ચક્ર (૨૫ સે.મી.) ધારણ કરેલ છે. નીચેના ડાબા હાથમાં શંખ (૫ સે.મી.) ધારણ કરેલ છે. તથા નીચેના જમણા હાથમાં માળા છે. બન્ને ચરણ આગળ દિગ્પાલદંપતી આવેલાં છે. એમાં જમણી બાજુના દંપતીના અગ્રભાગના પુરુષની પીઠિકામાં પાંચ અક્ષરવાળો એક પંક્તિમાં લેખ છે. વિષ્ણુ ભગવાનનાં ચરણ નીચે નમસ્કારમુદ્રામાં આવેલા ગરુડજીની જમણી બાજુની પીઠિકામાં ત્રણ અક્ષરો કોરેલા છે. ૭૦ સે.મી. ઊંચી અને ૩૫ સે.મી. પહોળી એવી પ્રતિમા મોગલકાલીન પ્રતીત થાય છે. અર્થાત્ સત્તરમી સદીની છે. ચોકસીની પોળમાં આવેલ દામોદરરાયજી ભગવાનના મંદિરની સામે વૈદ્ય શંકરલાલના ગૃહદેરાસરમાં ત્રિવિક્રમજીની મોટી મૂર્તિ સેવ્ય પ્રતિમા તરીકે સ્થાપિત છે. એમાં વિષ્ણુ ભગવાને ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા હાથમાં પદ્મ ધારણ કરેલ છે. રૂપમંડન તથા પદ્મપુરાણના પાતાલખંડમાં વિષ્ણુ ભગવાનનાં ચોવીસ સ્વરૂપોનું મૂર્તિવિધાન આપેલ છે. તે પ્રમાણે આ સ્વરૂપ ત્રિવિક્રમજીનું કહી શકાય.

શ્યામવર્ણી, પાષાણમાંથી કંડારેલી આ પ્રતિમા આશરે ૬૦ સે.મી. (૨૪ ઇંચ) ઊંચી છે. જ્યારે ૪૫ સે.મી. (૧૮ ઇંચ) પહોળી છે.

ખંભાતની નજીકમાં આવેલ નગરા ગામના બ્રહ્માજીના મંદિરની અંદર પ્રવેશતાં ડાબી બાજુએ દીવાલ સાથે વિષ્ણુ ભગવાનની મૂર્તિ ચોઢેલી છે. એમાં વિષ્ણુ ભગવાને ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર તથા નીચેના જમણા હાથમાં અક્ષરમાળા ધારણ કરેલ છે. જ્યારે નીચેનો ડાબો હાથ કોણીમાંથી ખંડિત છે. પણ આ હાથમાં શંખ હોવાનું અનુમાન કરી શકાય. એ પ્રમાણે ધારણા કરીએ તો શિલ્પગ્રંથો પ્રમાણે આ પ્રતિમાને વિષ્ણુ ભગવાનનું ત્રિવિક્રમસ્વરૂપ કહી શકાય. આમાં વિષ્ણુ ભગવાને માથે મુગટ, કાને કુંડલ, ગળામાં હાર, કમરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકારો ધારણ કરેલ છે. પીત શ્યામ પાષાણમાંથી કંડારેલ આ પ્રતિમા ૬૦ સે.મી. (૨૪ ઈંચ) ઊંચી અને ૪૫ સે.મી. (૧૮ ઇંચ) પહોળી છે. તથા સોલંકીકાલ જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

વડાવાસુદેવની પોળમાં શ્રીમાળી વણિકની વાડીની સામે શ્રી નિરંજનભાઈ કનૈયાલાલ ત્રિવેદીના મંદિરમાં વિષ્ણુ ભગવાનનું ત્રિવિક્રમસ્વરૂપ સ્થાપિત કરેલું છે, જેમાં વિષ્ણુ ભગવાને

ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા હાથમાં માળા ધારણ કરેલ છે.

શ્યામવર્ણી, પાષાણમાંથી કંડારેલી આ પ્રતિમા આશરે ૬૦ સે.મી. (૨૪ ઇંચ) ઊંચી અને ૫૦ સે.મી. (૨૦ ઇંચ) પહોળી છે. તથા સત્તરમા સૈકાના આરંભની પ્રતીત થાય છે.

વાંસડાવાડમાં આવેલ પંચાલની વાડીમાં આવેલ શિવાલયની બાજુમાં નાના મંદિરમાં વિષ્ણુની નાની પ્રતિમા આવેલી છે. એમાં વિષ્ણુ ભગવાને ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર અને નીચલા ડાબા હાથમાં શંખ અને નીચલા જમણા હાથમાં પદ્મ ધારણ કરેલ છે. રૂપમંડનમાં તથા પદ્મપુરાણના પાતાળખંડમાં વિષ્ણુનાં ચોવીસ મૂર્તિસ્વરૂપવિધાનો આપેલાં છે. તે પ્રમાણે આ મૂર્તિ ત્રિવિક્રમસ્વરૂપની છે. એમાં ભગવાને માથે મુગટ, કાને કુંડલ, ગળામાં હારજી, જંઘા પર કટિમેખલા વગેરે અલંકાર ધારણ કરેલા છે. ચરણ આગળ આયુધપુરુષો નિહાળાય છે. આ પ્રતિમા ૩૪ સે.મી. (૧૩ ઇંચ) ઊંચી અને ૨૦ સે.મી. (૭ા ઇંચ) પહોળી છે. તક્ષણકલા જોતાં આ પ્રતિમા સોલંકીકાલીન પ્રતીત થાય છે.

શ્રી શકુંતલા કાંતિલાલ વાઘેલા કન્યાશાળાની અંતર્ગત આવેલ શ્રી રણછોડજી ઉર્ફે ગિરિધારીજી મહારાજ મંદિરમાં ત્રિવિક્રમ ભગવાનનું સ્વરૂપ સેવ્ય પ્રતિમા તરીકે સ્થાપિત કરેલ છે. એમના ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના જમણા ડાબા હાથમાં ચક્ર, નીચલા જમણા હાથમાં પદ્મ અને નીચલા ડાબા હાથમાં શંખ સુશોભિત છે. એમણે માથે મુગટ, કાને કુંડલ, ગળામાં હારજી, કમરે કટિમેખલા આદિ અલંકાર ધારણ કરેલ છે. આ પ્રતિમા શ્યામ પાષાણમાંથી કંડારેલી છે અને તે ૪૯ સે.મી. (૧૯ ઇંચ) ઊંચી અને સાડા અઠ્ઠાવીશ સે.મી. (૧૧ ઇંચ) પહોળી છે. તથા મરાઠાયુગની પ્રતીત થાય છે.

પીઠમાં આવેલ સત્યનારાયણ ભગવાનના મંદિરમાં વિષ્ણુ ભગવાનનું માધવસ્વરૂપ સેવ્ય પ્રતિમા તરીકે આવેલું છે. આમાં ભગવાને ઉપરના જમણા હાથમાં ચક્ર, ઉપરના ડાબા હાથમાં શંખ, નીચેના ડાબા હાથમાં પદ્મ અને નીચેના જમણા હાથમાં ગદા ધારણ કરેલ છે. નીચે ચરણ આગળ વિષ્ણુ ભગવાનનું વાહન ગરુડજી આવેલા છે. બાજુમાં લક્ષ્મીજીની સફેદ આરસમાંથી કંડારેલી પ્રતિમા આવેલી છે. વિષ્ણુનું આ માધવસ્વરૂપ લોકોમાં સત્યનારાયણ તરીકે પ્રચલિત છે. શ્વેત આરસમાંથી કંડારેલ આ પ્રતિમા આશરે ૪૬ સે.મી. (૧૮ ઇંચ) ઊંચી અને ૧૫ સે.મી. (૬ ઇંચ) પહોળી છે અને અર્વાચીનકાળની પ્રતીત થાય છે.

ચોવીસ બ્રહ્મપોળની સામે આવેલ મોઢવણિક જ્ઞાતિના મંદિરમાં વિષ્ણુ ભગવાનનાં બે સ્વરૂપ આવેલાં છે, એમાં એક સ્વરૂપ લોકોમાં ચતુર્ભુજરાયજીના નામે પ્રસિદ્ધ છે. (ચિત્ર નં. ૬) એમાં વિષ્ણુ ભગવાને ઉપરના જમણા હાથમાં ચક્ર, ઉપરના ડાબા હાથમાં ગદા, નીચેના ડાબા હાથમાં શંખ તથા નીચેના જમણા હાથમાં અક્ષરમાળાયુક્ત વરદમુદ્રા ધારણ કરેલ છે. રૂપમંડનમાં વિષ્ણુ ભગવાનનાં ચોવીસ સ્વરૂપોનું મૂર્તિવિધાન આપેલ છે. તે પ્રમાણે આ સ્વરૂપ વિષ્ણુ ભગવાનનું શ્રીધરસ્વરૂપ કહેવાય પણ પદ્મપુરાણના પાતાળખંડમાં આપેલ વિષ્ણુ ભગવાનનાં ચોવીસ સ્વરૂપોના મૂર્તિવિધાન પ્રમાણે આ "હૃષિકેશ" સ્વરૂપ કહેવાય.

આ પ્રતિમા શ્વેત આરસમાંથી કંડારેલ છે અને તે ૧૦૯ સે.મી. (૪૩ ઈંચ) ઊંચી અને ૫૯ સે.મી. (૨૩ ઇંચ) પહોળી છે. આ પ્રતિમા સોલંકીયુગ–વાઘેલાયુગની પ્રતીત થાય છે.

બીજી મૂર્તિ આ પ્રતિમાની બાજુમાં આવેલ માતાજીના મંદિરમાં સ્થાપિત કરેલ છે. એમાં વિષ્ણુ ભગવાને ઉપરના જમણા હાથમાં ચક્ર, ઉપરના ડાબા હાથમાં પદ્મ, નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા હાથમાં ગદા ધારણ કરેલ છે. રૂપમંડનમાં આપેલ મૂર્તિવિધાન પ્રમાણે આને વિષ્ણુ ભગવાનનું હૃષિકેશસ્વરૂપ કહી શકાય પણ પદ્મપુરાણના પાતાળ-ખંડના વર્ણન પ્રમાણે આને વિષ્ણુ ભગવાનનું "શ્રીધર" સ્વરૂપ કહી શકાય. આ પ્રતિમા સલ્તનતકાલીન પૂર્વાર્ધની પ્રતીત થાય છે.

સરદાર પટેલ ટાવરની સામે આવેલ પટેલભુવનમાં નટવરલાલજીનું સુંદર સ્વરૂપ આવેલું છે. તેઓ ડાબા પગ પર જમણા પગ વડે આંટી મારીને ઊભા રહીને બંને હાથમાં વેણુ ધારણ કરી એના ગાનનો આનંદ લઈ રહ્યા છે. શ્યામ આરસમાંથી કંડારેલ આ પ્રતિમા ૬૭.૭ સે.મી. (૨.૫ ફૂટ) ઊંચી અને અર્વાચીનકાળની પ્રતીત થાય છે.

મોચીવાડ આગળ શ્રીનાથજી ભગવાનનું સ્વરૂપ આવેલું છે. જેમાં શ્રીનાથજીના બે હાથ પૈકી જમણો હાથ કટ્યવલંબિત અને ડાબો હાથ ઊર્ધ્વગામી છે. એમના બંને ચરણ આગળ એક એક ગાય કંડારેલી છે. શ્યામ આરસમાંથી કંડારેલી આ પ્રતિમા ૧૦૭ સે.મી. (૪૪ ઈંચ) અને ૪૪ સે.મી. (૧૭ ઇંચ) પહોળી છે.

માદળા તળાવના તટ પર આવેલા નગરપાલિકાના બગીચાની અંતર્ગત મંદિરમાં નૃસિંહ ભગવાનનું સુંદર સ્વરૂપ સ્થાપિત કરેલ છે. એના પરથી આ મંદિર નૃસિંહજીના મંદિર તરીકે લોકોમાં પ્રચલિત છે.

આ ઉપરાંત પ્રજાપતિની વાડીમાં નૃસિંહ ભગવાનનું સ્વરૂપ આવેલું છે. આ પ્રતિમા શ્વેત આરસમાંથી કંડારેલી અને તે ૬૧.૫ સે.મી. (૨ ફૂટ) ઊંચી અને ૪૬ સે.મી. (૧.૫ ફૂટ) પહોળી છે.

ખંભાતમાં રાધાકૃષ્ણનાં સુંદર સ્વરૂપો મળે છે. માદળા તળાવના તટ પર આવેલા રામજીમંદિરમાં રાધાકૃષ્ણનું પ્રાચીન સ્વરૂપ આવેલું છે. તથા ગુપ્તેશ્વર મહાદેવમાં પ્રતિષ્ઠિત કરેલું રાધાકૃષ્ણનું સ્વરૂપ એકદમ આકર્ષક, આહ્લાદક અને અનુપમ છે પણ અર્વાચીનકાળનું છે. આ ઉપરાંત ધોબીચકલા આગળ આવેલ સ્વામિનારાયણના અનુપમ મંદિરમાં તથા માળીવાડામાં રાધાકૃષ્ણનાં સુંદર સ્વરૂપો સેવ્ય પ્રતિમા તરીકે બિરાજે છે પણ તેઓ અર્વાચીન-કાળનાં પ્રતીત થાય છે.

આ ઉપરાંત મોઢ દુધારા વણિકની વાડીમાં રાધાકૃષ્ણનું શ્વેત આરસમાંથી કંડારેલું મનોહર સ્વરૂપ આવેલું છે, જેમાં શ્રીકૃષ્ણ ભગવાન બંને હાથમાં વાંસળી ધારણ કરી ડાબા પગની આંટી મારી, એક પગ પર ઊભેલા છે, જેને યોગશાસ્ત્રમાં નટવરમુદ્રા કહેવામાં આવે છે. એ મુદ્રા હઠયોગમાં શાંભવી મુદ્રા જેવી મહત્ત્વની ગણાય છે.

તેમની પાછળ ગાય આવેલી છે અને બાજુમાં રાધાજીનું સ્વરૂપ છે. જેમના જમણા હાથમાં પ્રફુલ્લિત પદ્મ છે. ડાબો હાથ આશીર્વાદમુદ્રામાં છે. શ્વેત આરસમાંથી કંડારેલી આ પ્રતિમા ૪૬ સે.મી. (દોઢ ફૂટ) ઊંચી ૧૫ સે.મી. (૧ા ફૂટ) પહોળી છે તથા અદ્યતનકાળની છે.

આ ઉપરાંત ભેંસતવાડામાં પ્રીતમદાસના મંદિરમાં ત્રિવિક્રમરામનું સ્વરૂપ, ઊંચી શેરીમાં વાઘેશ્વરી માતાના મંદિરમાં તથા હાથીવાડામાં અને સમુદ્રતટ પર મકાઈ દરવાજા બહારના ભાગમાં રણછોડરાયજીનું સ્વરૂપ, શાંભવી પોળ સામે હરિહરનિવાસમાં તથા માળીવાડામાં શ્રી લક્ષ્મીનારાયણનાં સ્વરૂપ, ગવારા કન્યાશાળા પાછળ ગિરિરાજધારણનું સ્વરૂપ, કપાસી પોળમાં આવેલ વૈષ્ણવોના મોટા મંદિરમાં બાલકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ, રાણાચકલા આગળ આવેલ હરિકૃષ્ણના મંદિરમાં હરિકૃષ્ણનું સ્વરૂપ, ગુસાંઈજીની બેઠકથી આગળ સાયન્સ કૉલેજના પ્રવેશદ્વાર સામેના વિભાગમાં આવેલ મોચીની વાડીમાં કનૈયાલાલજીનું સ્વરૂપ સેવ્ય પ્રતિમા તરીકે જોવા મળે છે. પણ મહદ્અંશે આ બધાં સ્વરૂપો અર્વાચીન સમયનાં છે. આ ઉપરાંત કેટલાંક વૈષ્ણવ ભક્તોના સેવાખંડમાં વિષ્ણુ ભગવાનનાં નાનાં સ્વરૂપોનું પૂજન–અર્ચન જોવા મળે છે. પાષાણમાંથી કંડારેલ આ સ્વરૂપો ઉપરાંત પિત્તળ વગેરે ધાતુની વિષ્ણુપ્રતિમાઓ પણ મંદિરોમાં તથા વૈષ્ણવ ભક્તોના સેવાખંડમાં પૂજાય છે.

આમ ખંભાતથી પ્રાપ્ત વિષ્ણુપ્રતિમાઓની સમીક્ષા કરતાં પ્રતીત થાય છે કે અહીં મોટા ભાગની પ્રતિમાઓ ત્રિવિક્રમસ્વરૂપની છે.

ખંભાતમાં કેટલીક વાસુદેવને નામે તથા નારાયણદેવને નામે લોકોમાં પ્રચલિત પ્રતિમાઓ પણ ત્રિવિક્રમસ્વરૂપની છે. રણછોડજીને નામે ઓળખાતી તમામ પ્રતિમાઓ પણ ત્રિવિક્રમ–સ્વરૂપ છે.

ત્રિવિક્રમના વાચ્યાર્થ પ્રમાણે વિશ્વને ત્રણ પગલામાં આવરી લેવાતું હોવાથી એ વામનનું સ્વરૂપ મનાય છે, પણ કેશવાદિ ચતુર્વિંશતિ સ્વરૂપોમાં એ અર્થ વિવક્ષિત નહીં મનાતાં, વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોમાં આયુધક્રમના ધોરણે થતાં ચોવીસ મુખ્ય નામ પ્રમાણેનું વિધાન નિરૂપવું ઉચિત છે. આવી પ્રતિમાઓમાં રૂપમંડન પ્રમાણે તથા પદ્મપુરાણ પ્રમાણે ભગવાન ત્રિવિક્રમે ઉપરના જમણા હાથમાં ગદા, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં શંખ અને નીચેના જમણા હાથમાં પદ્મ ધારણ કરેલ હોય છે. મૂર્તિવિષયક વિદ્યાઓ કેટલીક વખત ઉક્ત આયુધોમાં પદ્મને સ્થાને અક્ષમાલા જેવી સર્વસામાન્ય વસ્તુઓ મૂકવાની કે વરદ કે અભયમુદ્રા દર્શાવવાની સ્વતંત્રતા ભોગવતી માલૂમ પડે છે.

ખંભાતમાં વાસુદેવનાં નામનાં કેટલાંક મંદિરો છે, દા. ત. કાછિયાપાડામાં આવેલ વાસુદેવમંદિર. આ મંદિરોમાં સ્થાપિત વાસુદેવપ્રતિમાઓ ઉપરાંત વાસુદેવના નામની સ્વતંત્ર પ્રતિમાઓ, દા. ત. વડાવાસુદેવની પોળમાં આવેલ વાસુદેવ ભગવાન, પણ આવેલ છે. અલબત્ત આ મહદ્અંશે ત્રિવિક્રમસ્વરૂપની છે.

વાસુદેવની જેટલી પ્રતિમાઓ આજ સુધીમાં મળી છે તેમાં પ્રાયઃ માનવની અપેક્ષાએ દૈવી વિભૂતિ વિશેષ ઉલ્લેખાયેલ છે. ચતુર્ભુજ, ઈશબ્રહ્માદિદેવપરિવૃત, શંખ–ચક્ર–ગદા–પદ્મધારી,

રુક્મિણી–સત્યભામા–માહિષીસેવિત અથવા શ્રીપુષ્ટિસેવિત કિરીટીસ્વરૂપે છે. વનમાળા, ગદા તથા ચક્રાદિ આયુધ દેવરૂપમાં પ્રતિષ્ઠિત છે. વાસુદેવની પ્રતિમાઓમાં આયુધપ્રતીકો છે. વાસુદેવની પ્રતિમાઓમાં આયુધપ્રતીકોથી પણ આપણે આ સત્ય પર પહોંચીએ છીએ. માનુષ વાસુદેવ (વસુદેવના પુત્ર) કૃષ્ણની પ્રતિમા પણ ઘણી જ ઓજસ્વી કંડારાય છે. અપરાજિતપૃચ્છામાં વાસુદેવ–મૂર્તિવ્યૂહ પ્રવચનમાં યુગાનુરૂપ વાસુદેવ (કૃત), કૃષ્ણ (ત્રેતા), પ્રદ્યુમ્ન (દ્વાપર), તથા અનિરુદ્ધ, (કલિ), તેમ જ વર્ણાનુરૂપ ક્રમશઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવું વર્ણન છે. પુનઃ ચારેયનાં પ્રતીકોને અનુરૂપ દ્વાદશ વાસુદેવની પ્રતિમાઓ ક્રમશઃ સંકર્ષણ, પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધથી આવિર્ભૂત–અધોક્ષજ કૃષ્ણ કાર્તિકેય, પુરુષોત્તમ, તાર્ક્ષ્યધ્વજ, અચ્યુત, ઉપેન્દ્ર, જયંત, નારસિંહક, જનાર્દન, ગોવર્ધન, હરિ અને કૃષ્ણનો ઉલ્લેખ છે.

"પાંચરાત્રાગમ" નામના એક ગ્રંથ પ્રમાણે વાસુદેવ વિષ્ણુનું આદ્ય સ્વરૂપ ગણાય છે. અને એમના ઉત્તમ પ્રકારના ષડગણો–જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ ઉત્કટ કોટિએ નિહિત મનાય છે. વિષ્ણુનાં ૨૪ સ્વરૂપો પૈકીના કેટલાક ગુણ ન્યૂન રીતે સંકલિત થયેલા હોય છે. તેથી વાસુદેવનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો પ્રગટે છે. આ સ્વરૂપોમાં ચાર આયુધો પૈકી શંખ વિષ્ણુની જ્ઞાનશક્તિ, ચક્ર વિનાશકશક્તિ, પદ્મ સર્જનશક્તિ, અને ગદા બલ અને વીર્યનાં પ્રતીક ગણાય છે. એ પૈકીનું કોઈપણ એક પ્રતીક વિષ્ણુના મુખ્ય હાથમાં આપતાં એમનું સ્વરૂપ એટલે કે વિષ્ણુની વિવિધ શક્તિમત્તા પ્રગટ થાય છે, દા. ત. વિષ્ણુનાં જે સ્વરૂપ નીચેના હાથમાં શંખને ધારણ કરે છે, તે એમની જ્ઞાનશક્તિના વિવિધ આવિર્ભાવ પ્રગટ કરે છે. હવે જો એ જ જમણા હાથમાં ચક્ર કે પદ્મ ધારણ કરાયાં હોય તો વિષ્ણુની અનુક્રમે વિવિધ વિનાશ, સર્જન કરવાની શક્તિને પ્રગટ કરે છે.

રૂપમંડનમાં વિષ્ણુ ભગવાનનાં ૨૪ સ્વરૂપોનું મૂર્તિવિધાન આપેલ છે તે પ્રમાણે વાસુદેવ ભગવાને ઉપરના જમણા હાથમાં શંખ, ઉપરના ડાબા હાથમાં ચક્ર, નીચેના ડાબા હાથમાં પદ્મ અને નીચેના જમણા હાથમાં ગદા ધારણ કરેલ હોય છે. જ્યારે પદ્મપુરાણના પાતાળખંડમાં આપેલ વર્ણન પ્રમાણે વાસુદેવ ભગવાને ઉપરના જમણા હાથમાં ચક્ર, ઉપરના ડાબા હાથમાં શંખ, નીચેના ડાબા હાથમાં ગદા અને નીચેના જમણા હાથમાં પદ્મ ધારણ કરેલ હોય છે.

વિષ્ણુધર્મોતરપુરાણ પર–વાસુદેવનું વર્ણન આપે છે. તે પ્રમાણે વાસુદેવની મૂર્તિને એક મુખ અને ચાર હાથ હોય છે. તે ખૂબ સૌંદર્યવાન હોય છે. તેનો વાદળ જેવો શ્યામવર્ણ હોય છે. તે ખૂબ વિવિધ અલંકારોથી શોભે છે અને પીળાં વસ્ત્રો પહેરે છે. તેણે પહેરેલી લાંબી વનમાળા ઘૂંટણ સુધી પહોંચે છે. ગળાનો આકાર શંખના જેવો હોય છે. કમરે વીંટેલું કપડું ઘૂંટણને સ્પર્શે તેવું લાંબુ છે. કાનમાં સુંદર કુંડલો શોભે છે અને ગળા ઉપર પ્રતિબિંબિત તેનો પ્રકાશ થાય છે. તે અંગદ અને કેયૂર પહેરે છે. વક્ષઃસ્થળ ઉપર કૌસ્તુભમણિ ધારણ કરે છે. મસ્તક ઉપર કિરીટમુકુટ શોભે છે. મસ્તક પાછળ કમલાકારમાં શિરશ્ચક્ર છે. વાસુદેવના હાથ લાંબા અને ઘાટીલા હોય છે. હાથની આંગળીઓના નખ ગુલાબી હોય છે. વાસુદેવના જમણા એક હાથમાં ખીલેલું કમળ અને ડાબા એક હાથમાં શંખ હોય છે. તેમની જમણી બાજુએ માનવાકારમાં ગદા–દેવી હોય છે. તેમની કમર પાતળી અને સુંદર દેખાવવાળી કરવામાં

આવે છે. ગદાદેવીને સુંદર ચમકતી રમતિયાળ બે આંખો હોય છે. તે અનેક આભૂષણોથી શોભતી કરવામાં આવે છે. તેમના એક હાથમાં ચામર હોય છે. વાસુદેવનો જમણો હાથ તેમના મસ્તક ઉપર મૂકેલો હોય છે.

ભૂમિદેવી દેખાવે સુંદર હોય છે, વાસુદેવના પગ પાસે તે હોય છે. વાસુદેવના બે પગ વચ્ચેનું અંતર એક ફૂટનું હોય છે. જમણો પગ સહેજ આગળ કરવામાં આવે છે. વાસુદેવની ડાબી બાજુએ ચક્ર માનવઆકૃતિમાં કરવામાં આવે છે. ચક્રપુરુષને વિશાળ ઉદર તેમ જ ખુલ્લાં ગોળ ચક્ષુઓ કરવામાં આવે છે. વિવિધ અલંકારોથી ચક્ર શોભે છે. તેમના હાથમાં ચામર હોય છે. વાસુદેવનો ડાબો હાથ (શંખ સિવાયનો) માનવાકારવાળા ચક્રના મસ્તક ઉપર હોય છે.

ખંભાતમાં શેષશાયી વિષ્ણુની માત્ર એક પ્રતિમા પ્રાપ્ત થાય છે, જે મોટા રણછોડજીના મંદિરમાં સેવાપ્રતિમા તરીકે વિદ્યમાન છે.

વિષ્ણુ ભગવાને શેષનાગ પર શયન કર્યું હોવાને કારણે તેઓ શેષશાયી અનંત સમય સુધી શયન કર્યું હોવાને કારણે અનંતશાયી અને જલમાં શયન કર્યું હોવાને જલશાયી કહેવાયા.

વિષ્ણુની શયનપ્રતિમાઓમાં ફક્ત શેષશાયીની જ પ્રતિમાઓ મળી આવે છે. એનાં જલશાયી, અનંતશાયી અને શેષશાયી એવાં ત્રણ નામ પાડ્યાં હોઈ એ પ્રમાણે ગુણ ધરાવે છે. ભગવાન વિષ્ણુના શેષશાયી સ્વરૂપનાં વર્ણન અગ્નિપુરાણ, રૂપમંડન, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર, વૈખાનસઆગમ, શ્રી તત્ત્વનિધિ વગેરે જુદા જુદા ગ્રંથોમાં છે. એ બધામાં જણાવ્યા પ્રમાણે વિષ્ણુ શેષ ઉપર ડાબા પડખે સૂતેલા, એક પગ લક્ષ્મીજીના હાથમાં, નાભિમાંથી નીકળેલ કમળ ઉપર બ્રહ્મા સ્તુતિ કરતા, જ્યારે કેટલાકમાં લક્ષ્મીજી માથા પાસે, ચાર હાથવાળા વગેરે વર્ણનવાળા બતાવ્યા છે.

વિષ્ણુનાં અનેક નામોમાં અનંત તથા નારાયણ બે નામ છે. અનંતશાયી નારાયણ મિશ્રિત પ્રતિમા છે. આમાં વિષ્ણુ નાગરાજ અનંતની શય્યા પર શયનમુદ્રામાં અંકિત છે તથા અનંતના સપ્તભોગ ઉપરથી છત્રાકારે છે. નારાયણનો એક પગ લક્ષ્મીના ખોળામાં છે, એક હાથ પોતાના જાનું ઉપર પ્રસારેલો, બીજો નાભિપ્રદેશ ઉપર બતાવેલો છે. નાભિસંભૂત કમલ પર સુખાસીન પિતામહ અને કમલનાલ પર મધુ અને કૈટભ બે અસુર શંખ, ચક્ર, વગેરે લાંછન પાર્શ્વમાં પ્રદર્શ્ય છે.

ખંભાતમાંથી લક્ષ્મીનારાયણની ઘણી પ્રતિમાઓ મળે છે. લક્ષ્મીનારાયણના નામનું સ્વતંત્ર મંદિર પણ આવેલું છે.

જપાનના બે ગદ્યકારોની જીવનમીમાંસા

હસિત હ. બૂચ

(૧)

છેલ્લાં સોએક વર્ષોમાં દુનિયાના પ્રગતિનકશામાં જપાનની પ્રજા વિશિષ્ટ પુરુષાર્થથી અભ્યાસીનું ધ્યાન દોરે એમ છે. દુનિયાની વસતિનો ત્રણ ટકા જેટલો જ એ સમૂહ આર્થિક દરજ્જે દસ ટકાનો છે. ઉદ્યોગમાં એનું નેતૃત્વ છે; તો સૈન્ય, વહીવટ, ખેતીમાં યે જગતમાં એ બીજે ક્રમે છે. એના પર યુદ્ધોનો સખત પંજો ત્રાટક્યો હોવા છતાં, ખાસ દ્રવ્યસામગ્રી મુલકમાં નહીં છતાં, જપાન કોઈ અસામાન્ય જ્વલંત આગેવાન વિના યે થોડા જ સમયમાં વિશ્વનાં મહાન રાષ્ટ્રોને ટેકનોલૉજીથી વેપારનાં ક્ષેત્રોમાં હંફાવી શક્યું છે. એમ કહેવાયું છે કે, એનું કારણ છે, ત્યાં પ્રજાની સામુદાયિક સૂઝ–મહેનત અને નિષ્ઠા. ત્યાં તેથી જ રાજકારણ, સરકારપલટો બહુ અસરકારક નથી. લોકોને ચર્ચામાં રસ નહીં; વ્યવહાર–અમલમાં રસ. તેથી જ એમાં જૂનવાણી પકડ નથી. ગુનાખોરીને રોકવામાં કે તંદુરસ્તીની રક્ષામાં એ યૂરપથી આગળ કહેવાય છે. જો કે ત્યાંના દાઈસકૂ ઇકેડા જેવા આધુનિક જીવનચિંતકો અદ્યતન જપાનના આચાર–વિચારની કેટલીક નબળાઈઓ વિશે ચિંતિત પણ છે.

વહાણુ–મોટર સાયકલ–વીજાણુ માલસામાન–સ્ટીલ–કાર–કેમેરા–ઘડીઆળ–કાચમાં એ અમેરિકા યા પશ્ચિમ જર્મની–સ્વિટ્ઝર્લૅન્ડાદિથી આગળ છે. પરંતુ સૌંદર્યપ્રીતિથી માંડી લજ્જા–મુલાયમ વલણ કે વ્યંજનાત્મક અભિગમ-વર્તન જેવી સામાજિક પોતની એની વીગતોમાં એ આગ્રહી રહી સ્વત્વરક્ષામાં માને છે. ભાષાની બાબતમાં તો એણે ધડો પૂરો પાડ્યો છે. ત્યાં જપાની ભાષા જ સમગ્ર વ્યવહારમાં મુખ્ય છે. જુદા જુદા દેશોમાં એણે અભ્યાસજૂથો મોકલેલાં. ત્યાંના વિદ્યાગ્રંથોના અનુવાદો મેળવીને, ખાસ સ્થાનિક કમિશન દ્વારા એનું સ્વાભાવિક જપાનીકરણ કરાયું. વિદેશી ભાષા વિના–એના માધ્યમ વિના યે આધુનિક તકનિકીવિદ્યા પર પણ એણે એ રાહે જઈ પ્રભુત્વ હાંસલ કર્યું. બતાવાયું છે એમ ('ટાઈમ્સ' ૨૧, મે, ૧૯૭૨), કોઈ પણ વિષય–માહિતી જપાની ભાષામાં મળે જ એવું થયું તે આવી શાન્ત ક્રાન્તિ દ્વારા. પાછો એમ વિવેક હતો. રાજ્યબંધારણ જર્મનીના નમૂને, શિક્ષાણરૂપ ફ્રાન્સ જેવું–કાનૂન–અંગ્રેજી તરાહે, વગેરે એ વિવેકબુદ્ધિનાં દૃષ્ટાન્તો છે. આમાં હાડમાં જ રાષ્ટ્રીયતાનો ગુણ તથા વિશ્વના નવા જીવનસંદર્ભ સાથે તાલમિલાવટ, એ બંને દૃષ્ટિ એણે અપનાવી. અંગ્રેજી શિક્ષણ છે, પણ જપાનમાં ઉચ્ચ પદે જવામાં એ જ્ઞાન વિઘ્ન પણ ખરું. તકનિકીજ્ઞાનાર્થે અંગ્રેજી તો 'મસ્ટ', અનિવાર્ય એમ ત્યાં મનાતું નથી. ભંગારમાંથી ત્વરિત સંગીન નૂતન નિર્માણ જપાને મૂર્ત્ત કરી દેખાડ્યું; એમાં આ ભાષામુદ્દે સવિવેક પ્રસ્થાને પાયાકામ કર્યું છે. કહે છે કે કૉમ્પ્યુટરાદિમાં જપાને અંગ્રેજી ભાષાની પ્રવર્તમાન અનિવાર્યતા ચાલુ રાખી છે. જો આ સદીના ઉઘાડટાણે

રશિયાને મહાત કરી જપાને એશિયાની અસ્મિતાને પ્રજ્જ્વલિત કરી. તો બીજા વિશ્વયુદ્ધે ભાંગી નાખેલ જપાને આ ત્રીસેક વર્ષમાં તો રશિયા–અમેરિકા જેવા દેશોને ય વિદ્યા–વ્યાપાર–હુન્નરમાં ચિંતામાં મૂક્યા છે કે જપાન આગળ જશે કે શું !—એનાં જપાન માટે ભયસ્થાનો યે છે. 'દેશ સમૃદ્ધ, પણ લોકો ગરીબ' જેવી એની દશા જપાની વિચારકોને લાગે તે અર્થસૂચક છે. આ લેખમાં જપાન વિષે આ પ્રાસ્તાવિક ભૂમિકાનો આશયે એ જ છે કે, જપાન આ ભયસ્થાનો અંગે જાગરૂક છે; એની ગવાહી અહીં પ્રસ્તુત ગ્રન્થસંપુટ પૂરે છે. એમાં જીવનનો વ્યાપક અને જપાની ભૂમિકાએ જે પરામર્શ છે તે એ પ્રકારે મહત્ત્વનો છે. એમાં કેટલુંક આપણી સીમિત આંતરરાષ્ટ્રીય વિભાવના માટે દ્યોતક પણ છે; કારણ, આધુનિક પરિપ્રેક્ષ્યમાં જપાને રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય જીવનવલણોના મેળ પર મીટ યોગ્ય બાંધીને વહેતા જીવનને જુદી જુદી દિશામાં આગળ લીધું છે.

(૨)

આ બે ગ્રન્થો જુદા છતાં આ લેખના હેતુ માટે સંબંધ ધરાવનારા છે. વળી બેઉમાં એક લેખક સમાન છે. બંનેમાં નવા જપાન તથા ઇતિહાસગત જપાનની છબી છે. બંને ગદ્યકૃતિ છતાં કવિકલમે લખાઈ હોઈ, એ વિશેષ રંગ–સુગંધ એમાં અનાયાસ છવાયાં છે. બંનેમાં અનુભવ ઘણો અને એથી ચિંતનવ્યાયામ પણ વિશાલ તેમ ઊંડાણવાળો છે. બંને ગ્રંથોમાં જ્ઞાન–વિજ્ઞાન-સંસ્કારની ખાસ રગધબક હોઈ પ્રાસંગિક અંશો પણ સ્થાયી ગુણે સભર છે.

આ ગ્રંથજોડમાં એક ગ્રંથ: 'લેટર્સ ઑવ્ ફોર સીઝન્સ' (ચાર ઋતુના પત્રો) ઈ. ૧૯૮૦માં રિચાર્ડ એલ ગેગે (જીએજીઈ) અંગ્રેજીમાં આપ્યો. મૂળ પત્રલેખકો, દાઈસકુ ઇકેડા અને યાસુશી ઇનોઉ (આઈ એન ઓ યુ ઇ). જપાનના આ બેઉ લેખકોના ગ્રંથો ચીની, અંગ્રેજી, ઇટાલીઅન, સ્પેનિશ, ફ્રેંચ, જર્મન, કોરીઅન, ઇત્યાદિમાં અનૂદિત થયા છે. દાઈસકુ ઇકેડા (જ. ૧૯૨૮) કવિ–નિબંધકાર ઉપરાંત વિશ્વબૌદ્ધસંસ્થા (સોકા ગાક્કાઈ)ના અધ્યક્ષ અને બાળમંદિરથી માંડી યુનિવર્સિટીના વિદ્યાસંકુલના વડા ઉપરાંત ફુજી આર્ટ મ્યુઝીઅમ અને પ્રાચ્યવિદ્યા–અકાદમીના સ્થાપક અને યૂરપાદિનો પ્રવાસ ઘણીવાર ખેડનારા. યાસુશી ઈનોઉ (જ. ૧૯૦૭) વિશેષે નવલકથાકાર; ઐતિહાસિક નવલકથાકાર. પત્રકાર–કવિ–નિબંધકાર તરીકે ય જાણીતા. ચીન–યૂરપનો એમનો યે પ્રવાસાનુભવ. જપાની સમાજમાં બેઉ માટે આદર. આ ગ્રંથમાં ઇકેડા–યાસુશીએ પરસ્પર કરેલ પત્રવ્યવહાર ૧૯૭૫ના એપ્રિલથી આરંભાઈ એક વર્ષ (ચારે ઋતુઓને આવરતો સમય; વસંત–ગ્રીષ્મ–પાનખર–શિશિરનો વર્ષગાળો) પર્યન્ત ચાલે છે. ગ્રંથનામમાં આમ માત્ર બહિર્સંબંધે નહીં; અહીં જપાનનાં ઋતુવર્ણનો યે પત્રોમાંના વિચારવાતાવરણમાં કાવ્યસૌરભ ફરતી કરે છે.

ઘણી મહત્ત્વની છે અહીં બર્ટન વૉટ્સનની પ્રસ્તાવના. વિદેશી ભાષામાં પત્ર: એ ઘણો ગૂંગળાવતો મામલો જ !—એ એમની ટકોર ખૂબ સૂચક. ગાંધીજીએ રાજાજીને લખેલું કે તમે તમિળદેશે રત્ન જેવા જન છતાં પુત્ર સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરો છો? પત્રસ્વરૂપમાં પ્રણાલીનું શિલ્પ અને પ્રણાલી તો દેશે–દેશે વિવિધ, એમ કહીને બર્ટન જપાની પુત્રો પ્રારંભાય એ

રીત તરફ લક્ષ દોરે છે. એ પ્રારંભમાં ઋતુસૂચન હોય, અલબત્ત વ્યંજનાત્મક ઢબે; 'ધ સ્કાય ઈઝ હાઈ ઍન્ડ ધ હોર્સિઝ આર ફેટ' એમ લખી પાનખર સૂચવાય. પ્રસ્તુત પુસ્તકનું જપાની નામ છે : 'શિકિ (Shiki)નો (No) ગાન્શો (Gansho)'; એનું અંગ્રેજી ભાષાન્તર છે : 'વાઈલ્ડ ગૂઝ રાઈટિંગ્ઝ ઑવ ફોર સીઝન્સ'. આ શું? બાર્ટન સમજાવે છે કે એમાં એક કથાસંકેત છે. કેદમાં છે–મર્યો નથી માણસ, એ ખબર જંગલી ગૂઝ વીંધાતાં એને પગે બાંધેલી ચિઠ્ઠીમાંથી મળી! એવી જૂની જપાની વાર્તા. તે પરથી 'વાઈલ્ડ ગૂઝ રાઈટિંગ્ઝ'નો રૂઢ પ્રયોગ. ઇકેડા–યાસુશીનો પત્રવ્યવહાર પુસ્તકરૂપે પ્રગટ થયો એમાં નામ પાછળ આ વાર્તાનો ઈશારો.

બર્ટને પત્રલેખનનાં લક્ષણોમાં, ગદ્ય કશુંક ઢાંકયા કરતું હોય–એ ઘણું સંશ્લિષ્ટ–સઘન લખાણુ હોય, ભાષામાંયે અંગતતત્ત્વ ઘણું આવે, સામસામું કથન–ચિંતન ઘડાયે જાય, એકથી બીજે મુદ્દે ઊડતા રહેવાનું થાય, કંઈક વિસંગત–બિનજવાબદાર થવાની યે મુક્તિ મળે, નવા વિચારોના યત્ન માટે એમાં આદર્શ માધ્યમ સુગમ થાય, વગેરે દાખવે છે. વિચારો, તથ્યો કરતાંયે લેખક ખુદ જ પત્રનો વિષય, એય આ સાહિત્યરૂપનું વૈશિષ્ટ્ય. બર્ટન કહે છે કે આ પુસ્તકનો અભિગમ મોકળાશભર્યો અને પ્રસન્નકર વિહાર–ઉડ્ડયનદર્શી છે. એમાં જરૂરી એવી પરસ્પરના આદરની ખાનદાની છે. લખાવટ પણ છટાળી તથા વિચારસભર છે. દાઈસકૂ ઇકેડા કહે છે કે અમો બે પત્રલેખકો માટે તો આ પત્રો અમારી જિંદગીના માર્ગસૂચક સ્તંભો જ છે.

એ બરાબર. પત્રલેખન આજે પ્રજાકીય જ્ઞાન–સુરુચિમાં વૃદ્ધિ–પ્રકાશપ્રાસન્ન્ય પ્રેરનારું સાહિત્યસ્વરૂપ થયું છે. એ અર્વાચીન પ્રદાન છે. એ જોતાં આ ગ્રંથ ('લેટર્સ ઑવ્ ફોર સીઝન્સ') વાચકો માટે તો મહત્ત્વનો છે એમાંની વિશાળ ફલક પરના ચિંતન–સંવેદનની મબલખ સૃષ્ટિને લીધે, તેમ જ એની સાહજિક અને શિષ્ટ–રમ્ય લખાવટને કારણે; એમાં જે બંનેના જીવન-સર્જનનાં પાસાંઓ હેરી લે છે તેથી પણ. જપાનનો સાંસ્કૃતિક, ઐતિહાસિક ચિતાર એમાંથી ઝળકયા કરે છે એય નાનું કારણ નહીં. એમાં પ્રસંગ–વ્યક્તિ–સાહિત્યરચના વગેરેની જે રજૂઆત–ગૂંથણી તે એવી કે જાણે આપણે ય, વારાફરતી બેઉ પત્રલેખકો લખતા જતા હશે ત્યારે, કોઈ અજબ રીતથી એ લખાણ 'સાંભળી રહ્યા' હોઈએ એવું અનુભવીએ છીએ. આવા પત્રલેખનની ખૂબી જ એ કે, એમાં આપણે સહયાત્રી થઈ જઈએ છીએ. મૂળ જપાની ભાષાનો અહીં અંગ્રેજી અનુવાદ; ઘણું ખોવા છતાં ઘણું પામીએ પણે છીએ.

ઇકેડાના એક પત્રમાં જપાની ભાષાશિક્ષિકા શ્રીમતી વૂ ચીનમાં વિદ્યાર્થીઓમાં કેવી તન્મય છે, કામ કેવું સરસ થઈ રહ્યું છે એ વિશે વિચારતાં કહેવાયું છે કે, અંગત–સ્વાભાવિક–મિત્રતાશીલ વૈયક્તિક સંપર્ક–વિનિમય વિના સરકારકક્ષાની મૈત્રી અશકય જ. ખરી રીતે આવો વ્યક્તિ-સંબંધ ક્રાન્તિ સર્જે છે. આવા વ્યક્તિસંબંધમાં ગત–વર્તમાન–ભાવિ ત્રણે કાળનો માનવભાવ પાયો બનતો ઘટે; ઘણીવાર એમાં વર્તમાન પર વધુ ભાર, એ વિસંવાદિતા ઊભી કરે છે. વચ્ચે આઠમી સદીના જપાની કવિ દુ–ફુની પંક્તિઓ ટાંકે છે :

'યુદ્ધના દિવસો પછી હું બહુ જ કમ જીવ્યો છું.
આ લાંબી, ભેજાળ, પાનખરની રાત વચ્ચે.
કઈ રીતે ટકીશ હું?
ઝંખા છે મને, કે
મોટા–આચ્છાદિત કોઈ ખંડ હું ઢૂંઢું!
જ્યાં પૃથ્વીનાં સૌ અકિંચનો
મળી શકે એકબીજાને આનંદથી–ઉલ્લાસે.
ઓહ્, શું હું
એ ઝંખાને ઊંચે ચડતી જોઈશ નહીં કદીયે?'

રાજકીય અને બીજાં બાહ્યદ્વેષી બળો વચ્ચેની મનુષ્યવેદના–આરઝૂ જે આવી છે, તો એને હટાવી શકશે માત્ર વ્યક્તિગત સાચી મિત્રતા જ. જવાબમાં યાસુશી ઇનોઉ, ચીની પ્રો. વાંગ–જપાની પ્રો. શુકુજિનની મૈત્રી ઉલ્લેખી કહે છે કે, સંશોધક વિદ્વાનો એકબીજાને રાષ્ટ્રીય અભ્યાસસામગ્રી સુલભ કરે, એ મોટી વાત છે જ.

ઇકેડાએ લેનિનના શબને ઊંચકતા ખેડૂતો–સૈનિકોના સમૂહનું શિલ્પ જોયાનું એક પત્રમાં સરસ વર્ણવ્યું છે; તો યાસુશી પોતાની આજુબાજુના પર્વતોની ઘેરી નીલિમા અને ઉપર સ્વચ્છ ગગનતેજ જોઈ લખે છે કે, મને આ અનુભવ ઘણો ગમે છે. યાસુશી અન્યત્ર શાળાના સહાધ્યાયીએ કોઈ તત્ત્વજ્ઞાનીનું વાક્ય કહેલું તે હજીયે સાંભરે છે એમ જણાવી, એ વાક્ય ટાંકે છે કે, આકાશમાં ચળકતા તારાઓ તથા મારી જાતમાં રહેલા નીતિવિચાર પ્રત્યેનું આકર્ષણ, ગમે એટલા પ્રયત્નો કરું તોયે, હું કદી છોડી શકતો નથી! યાસુશી આ 'નીતિવિચાર' એટલે 'ખરે રસ્તે જીવવું' એમ અર્થ ઘટાવે છે. એમે યાસુશી કહે છે કે, વિજ્ઞાનપ્રગતિએ હવેના યુવાનોમાં આકાશ પ્રત્યેનો રોમાન્સ રહેવા દીધો છે? જીવન જીવવામાં નીતિ–સાચો રાહ વિશેનો ખયાલે આજે પહેલાં કરતાં કેટલો બધો ફરી ગયો છે! જપાનની નવી પેઢી જૂનાં મૂલ્યોથી વિખૂટી પડ્યાનું યે નોંધાયું છે. બીજી તરફ ઇકેડા આશા સેવે છે કે વિજ્ઞાન નવા રોમાન્સ લાવશે! ઉદ્યોગવીર–ચિંતક ઓરેલિયો પેસ્સિનો મત તેઓ એક પત્રમાં ટાંકે છે કે, ભૌતિક વિકાસ હવે છેલ્લી હદે પહોંચ્યો છે અને હવેની જરૂરત છે તે માનવમાં–ખુદમાં ક્રાન્તિ સર્જાય એની. તેથી જ ઇકેડા માને છે કે બનતાં માનવમન હૃદયને એકાત્મ કરવામાં થાય તે આપણે કરી છૂટવું જોઈએ.

પોતાતી 'સોકા યુનિવર્સિટી'ના નૈસર્ગિક વાતાવરણ વિશે લખતાં ઇકેડા કહે છે, પ્રકાશ-તિમિરના સંતુલન પર કુદરતી સૌંદર્ય આધારિત છે; પરંતુ વિદ્યાર્થીઓ–યુવાનો અને બધાએ પ્રકાશની સંનિધિમાં જિંદગી જીવવી જોઈએ. તો યાસુશી ઇનોઉ પોતાનું 'સાંજ' કાવ્ય પત્રમાં લખી મોકલી સૂચવે છે કે પોતે જુવાન હતા ત્યારે–પ્રજ્જ્વલિત દિવસોમાં કશુંક મેળવવા બળવું પડે એ આદર્શમાં એમને આસ્થા હતી. 'સાંજ' કાવ્યમાં, લાંબો વરસાદ અટક્યો ત્યારે પોતે સામેનો બાગ જોતા વરંડાખુરશીમાં બેઠા હતા અને પોતાનાં વીતેલાં વર્ષો સંભારતા હતા એવા વર્ણન પછી કવિ સરસ વાત આલેખે છે:

'મને સાંભરે છે આટલું જ :
દિવસોમાં એ, હું ધસ્યો હતો
રાગાવેગી સૂર્યાસ્તવાળા વ્યોમ ભણી.
જાણતો નથી કે ક્યારે,
પણ ચંચલ-પ્રજ્જવલિત હું
લાલચોળ સળગતા આકાશ તરફ
કદમ માંડતો હતો !
હું અને મારી આજુબાજુની વેલાઓની સ્મશાનભૂ
આકાશમાં ન્હાતાં
લાલ-લાલ પ્રજ્જવલિત હતાં !'

યાસુશી અને ઇકેડા સાંપ્રત વૈષમ્યમાં, 'માનવજાતિ એટલે શું ?' 'નામક ચિત્રમંજૂષા જોઈ એકમત છે કે, આવતી કાલની શ્રદ્ધા છે મા-જનની, અને સમસ્યાઓમાંથી એ જ ચીંધી શકશે માર્ગ ! હીરોશીમાના સત્યાનાશ વિશે સ્ત્રીલેખક કિઉકૂ હયાશીના પુસ્તકમાંથી ઇકેડા, જીવન ટકયે જ જતું હોય છે એ સૂચવતો ઉદ્‌ગાર ટાંકે છે, 'અણુબૉમ્બ પડ્યો પછી ત્રણ મહિને છોડવા ફૂટતા હતા, બળેલા ભંગાર વચ્ચે ! ધરતીમાં ગર્ભિત જીવનબળ પુનઃ કામે લાગી ગયું હતું !' વૃદ્ધત્વ જિંદગીના કોઈ પણ સૌંદર્ય કરતાં વધુ સન્માનયોગ્ય છે એમ ઇકેડા ક્યાંક લખે છે ત્યારે યાસુશી કહે છે કે જમવા-રહેવાની સોઈ વૃદ્ધો માટે કરી સરકારે બાળકો-સંતાનોને એમની ફર્જમાંથી આઘાં કરી દીધાં છે. સ્વિડનમાં વૃદ્ધોને સામાજિક સંરક્ષણ છતાં વૃદ્ધો આપઘાત કર્યે જ જાય છે.

આમ વિવિધ પ્રશ્નો વિશે આ બેઉ મહાનુભાવો પોતાની વિચારગોષ્ઠિ, પત્રના માધ્યમથી, મુક્તપણે કરે છે. જપાન ફૂલોનો દેશ-તેમાંયે ચેરીવૃક્ષ મ્હોરે ચારે તરફ, એ તો જપાનનો ઓચ્છવ. શિયાળુ પવનમાંયે ચેરીનું જીવનબળ સક્રિય રહે છે તે ઇકેડાને ગમે છે. અર્થાત્ સાતત્ય એમને ગમે છે. યાસુશી ચેરીફૂલોમાં જપાની વસંતઋતુની મહત્તમ યશગાથા જુએ છે; ઉમેરે છે કે, હમ્બર્ગ-સ્ટૉકહોમાદિમાં સૂર્યવિહોણો શિયાળો જોઈ પોતે નિરાશ થયેલા. બીજી બાજુ યાસુશી ૧૫-૧૬મી સદીથી રિક્યૂ નામના પ્રણેતાએ પ્રચલિત કર્યો એ જપાનનો વિશિષ્ટ 'ચ્હા-ઓચ્છવ' (ટી-સેરિમની) સંભારે છે. એ વિશે યાસુશીએ નવલકથા યે લખી છે. આ ઓચ્છવમાં માણસ હોદ્દો વગેરે ભૂલીને જોડાય છે. ઓચ્છવમાં સાદડી-કટોરા-વાસણોનું જ ચલણ-વાતો હોય તે વ્યવહારુ જગતથી અલિપ્ત. ચ્હા, તે લીલી ચ્હા. લશ્કરી મુખ્યાએ ૭૦ વર્ષના સેન નો રિક્યૂને આપઘાત કરવા હુકમ કરેલો-લાદેલ આત્મહત્યા હતી. એ આ ઓચ્છવનું ધાર્મિક પાસું હવે અજ્ઞાત છે. જેમ બાગ-બગીચામાં તેમ હૉસ્પિટલ-હૉટેલમાં જપાનનું જૂનું વ્યક્તિત્વ ગૂમ થઈ રહ્યાનું યાસુશી કહે છે. એ કહે છે કે આમ છતાં ચ્હા-ઉત્સવ, ચ્હા-ઘર હજી પૂર્વવત્ અકબંધ છે. આમે પોતાના યૌવનકાળના જપાન અને આજના યુવાન જપાનની સરખામણી યાસુશી બીજા પત્રોમાં યે કરે છે. જાણે એમાં પૂર્વના દેશોની યે છબી પકડાય છે ! એ જણાવે છે કે, 'અમારા યૌવનકાળે અમને અમારી જાતને ભરુંસે છોડાયા ન હતા; કોઈ ઈશ્વરી તત્ત્વમાં

અમે માનતા; વિદ્વાન કે વિદ્વત્તામાં અમને વિશ્વાસ હતો; અમે માનતા કે સત્ય એ હકીકત છે-હયાતી ધરાવે છે જ'. લેખક કહે છે કે એ બધું આજે તણાઈ ગયું છે. નવો ધર્મ–નવી ફિલસૂફી-નવી નીતિદૃષ્ટિ હવે ઠેઠ ભોંયથી સર્જવી પડશે!

ઇકેડા હાડે શિક્ષક છે. પોતાની શિક્ષણસંસ્થામાં દીક્ષાન્તસમારોહને વર્ણવતાં એ લખે છે કે સ્નાતિકા થતી મોટી કન્યાઓ માટે પાછળની નાની વિદ્યાર્થિનીઓમાં કૃતજ્ઞતા–સ્નેહભાવ કેવો મજાનો લાગે છે? એ નાની બાળાઓએ ખૂબ પ્રેમથી સ્નાતિકાઓ જવાની હતી તે ઓસરીને ય ચમકતી કરેલી, એમને માટે કાગળનાં ગુલાબ તથા સ્વાગતકમાનો યે એમણે ઊભી કરેલી. ખુદ પ્રિન્સિપાલ આવી રહેલી સ્નાતિકાઓને વંદે. ઇકેડા તેથી જ કહે છે કે કોઈ આર્થિક–રાજકીય ક્રાન્તિ કરતાં શૈક્ષણિક ક્રાન્તિ જ વધુ જીવનવિધાયક છે. એવી ક્રાન્તિમાં જ મનુષ્યની ક્રાન્તિનો પાયો છે. આમે ય ઇકેડાની દૃષ્ટિ શ્રદ્ધાસભર વધુ છે. યાસુશી પોતાની નવલકથા 'ફ્રોસિલ્સ' (જપાની નામ, 'કાસેકી') વિશે લખે છે કે પોતે કેન્સર ઘેરાઈ રહ્યાના ખયાલની સખત પકડમાં હતા તેથી આ નવલ લખી શકાઈ; જો પોતે સાચે જ કેન્સરગ્રસ્ત હોત તો પુસ્તક પોતે લખી ન શકતે! ત્યારે ઇકેડા લખે છે કે પીડા–વેદના નહીં, એ પરની જીત અને એ રીતે હયાત રહેવું જ મનુષ્યજીવનને તેજોમય કરે છે.

બેઉ પત્રલેખકોમાં સંવેદન–મંથન છે અને શ્રદ્ધા યા નિરાશા પણ સ્પષ્ટ છતાં ઋજુ રૂપે મૃદુતાથી વ્યક્ત થયાં છે. એમાં ઇકેડામાંનો શિક્ષકજીવ, તો યાસુશીમાં સર્જકઅંશ અગ્ર છે. છતાં બંને જીવનઘડતરની વાત હંમેશાં ધ્રુવતારા જેમ નજરમાં રાખે છે. પરસ્પરની આત્મીયતાથી શૈલી બેઉની નોખી છતાં કોઈ મૈત્રીરંગે હળતી–મળતી યે થઈ છે. બંને વિશ્વસંદર્ભે જપાનનું ચિંતન પ્રસંગોપાત્ત કર્યે જાય છે. આવા પત્રોના ગુચ્છ આપણે ત્યાં હજી નથી.

૩

બીજો ગ્રંથ દાઈસકૂ ઇકેડાનો 'ગ્લાસ ચિલ્ડ્રન ઍન્ડ અધર એસેઝ' નામે (પ્ર. ૧૯૭૯) છે. એમાં આત્મચરિત્રના અંશ, પ્રવાસનાં અનુભવપાસાં, આજુબાજુની કુદરત કે માનવજિંદગીનાં વિચારશીલ ચિત્રો, સાહિત્યકૃતિ કે ચિત્ર કે ઘટનાની દ્યોતક સાહજિક વિચારણા ગુંથાતાં આવ્યાં છે. એના ફલકમાં રાજ્યતંત્ર–શિક્ષણ–તત્ત્વચિંતન–સમાજપ્રવાહ, ઇતિહાસ, ગૃહજીવન–સંસાર, સ્ત્રીત્વ–માતૃત્વ–યૌવન, એમ વિવિધ વિષયો આવરી લેવાયા છે. છૂટક લખાએલા આ નિબંધોમાં કેટલુંક પુનરાવર્તન અહીં-ત્યાં આવી જાય છે, છતાં એ સુવાચ્ય-પ્રકાશક તો નીવડે જ છે. સમગ્રપણે એક સદાજાગૃત અર્વાચીન સંસારપર્યેષકરૂપે ઇકેડા અહીં પ્રભાવ પ્રસારે છે. નિબંધ અહીં કોઈ જ ભાર થયા વિના પ્રસન્ન ગાંભીર્યની હવા જમાવે છે–કયારેક કાકાસાહેબ કાલેલકર યા આ. આનંદશંકર ધ્રુવની હળવીક યાદ જાગે. જેમ યાસુશી સાથેના પત્રવ્યવહારમાં, તેમ અહીં યે ઇકેડા વ્યક્તિની અદ્વિતીયતા અને વ્યક્તિક્રાન્તિના બિંદુમાં વિશ્વહિત જુએ છે; નિર્દંભ પ્રેમાળ માનવ–માનવસંબંધ તેમ જ પ્રજાકીય વ્યક્તિત્વ ઘડાય કુટુમ્બ–ઘરને આધારે એ એમનો વિશ્વાસ છે. તેઓ કહે છે કે, એઓ નથી ઇતિહાસકાર કે નથી વિશ્વસંસ્કૃતિના વિવેચક. પરંતુ અનાયાસ એમના નિબંધોમાં એ ઉભય રૂપ વણાઈ આવ્યાં છે. પોતાને તેઓ ધર્મના–જનતાના માણસ તરીકે

ઓળખાવે છે એ ય અહીં સત્ય ઠરે છે. કારણ, અદ્ધરપદ્ધર સિદ્ધાંતવલોણામાં એમને રસ નથી જણાતો. એમનો રસ સમગ્ર મનુષ્યજીવન અને વીશેષે પ્રત્યક્ષ જીવનવહેણોમાં કેન્દ્રિત છે. આ નિબંધસંચય અંગ્રેજીરૂપ પામે છે બર્ટન વૉટ્સનની કલમે–'લેટર્સ–ના' પ્રસ્તાવનાકારની કલમે. અહીં કુલ ૩૩ નિબંધો મળે છે.

ગ્રંથનામમાં આકર્ષણ પૂરતો 'ગ્લાસ ચિલ્ડ્રન' નિબંધ જ જુઓ. નવા વર્ષે આજુ-બાજુની ઊજવણીના વર્ણનથી પ્રારંભ. બાળકો યે ઉલ્લાસમાં, નવાં વસ્ત્રમાં ઘૂમાઘૂમ કરે છે. વડીલો આવે દિને બાળકોને લોકકથાઓ કહે એ ય કેટલું મહત્ત્વનું એમ સૂચવી ઇકેડા તોલ્સ્તોયની 'ઈવાન, ધ ફુલ (મૂર્ખ)' વાર્તા કથે છે. મોટાભાઈ-ભાભી લશ્કરી–ઉમરાવ મિજાજનાં. વચેટ ભાઈ પૈસાનો એવો પૂજક કે રળવા ખાતર ગમે તે કરે! નાની બહેન જનમમૂંગી. ઈવાન એની સેવા કરે. મહેનતુ, સાફ–ઉદાર દિલનો, પ્રામાણિક અને માયાળુ ઈવાન છેતરાય તે જાતે સમજે પણ સામાને કહે કે 'ફરી આમ ન કરતો!' આજુબાજુમાં સહુ એને મૂરખો માને! આ સુખી બેઠુકુટુમ્બને ફસાવવા ચાર શેતાનો છત્રીસ પ્રપંચો કરી છૂટ્યા. બીજા બે ભાઈ એમાં ફસાયા, પણ ઈવાન એ પકડમાં ન આવ્યો. એમ કહેવાય છે કે આજની સંસ્કૃતિ સામે લડેલા તોલ્સ્તોયનું આ ઈવાન પ્રતીક હતો. ઇકેડા કહે છે કે આવી વાર્તાઓ બાળકોને કહો, ને જુઓ કે એમનામાં એથી કેવી દ્યુતિ જાગે છે! બાળકો નાસી જાય–આત્મહત્યા કરે–ગાંડાં થઈ જાય એવું હવે શાથી વધ્યું છે? એ આપણું ભાવિ નુકસાન છે. મોટાંઓને દોષ દઈ બેઠાં રહેવું છે? મોટાંની નિષ્ફળતાનો, આ સ્થિતિ, પડઘો છે? બાળકો આજે કાચનાં બન્યાં કેમ લાગે છે? એ બરડ કેમ થયાં છે? એ કેમ ખડતલ નથી? આજે ફળ કાપતા બાળકને મા રોકે છે અને વાગવાની બીક બતાવે છે! પેન્સિલ છોલવા યે હવે વીજળીક સંચો બાળકને અપાય છે! સ્વાશ્રય શીખવાતો જ નથી. નવી સવડોએ બધે પંગુતા આણી છે અને બાળકોમાં તે પ્રથમથી નખાય છે. પોતે બાળપણમાં ઘણા ઉઝરડા–ઘા વેઠેલા અને સખત મહેનત ને ઓછી સગવડ વચ્ચે પોતે મોટા થયાનું સંભારી કહે છે કે, દરેક બાળકમાં શક્તિ છે અને જીવન-જગતને જાણવાનો અદમ્ય રસ છે. એને દોરો, પણ રોકો નહીં. એને ખોટું કરે તોયે લાડ ન હોય, વઢવાનું હોય, માફી મગાવવાનું યે હોય. પ્રેમ અને સખતાઈ બંને ઉચિત યોજીને, એનામાં સારાસાર બુદ્ધિ જગાડીને સ્વાશ્રય પ્રેરવો જ જોઈશે. એની કેળવણીમાં શાળા–મહાશાળાઓએ પણ સ્વાશ્રય કેન્દ્રમાં રાખવો જોઈએ. વરસ શરુ થાય કે જીવન બાળપણ વચ્ચે હોય, પ્રારંભિક તબક્કો જ કીમતી છે. નિબંધના આરંભ–અંતને ઘાટ આપવાની કલાથી માંડી વિચાર વચ્ચે વાર્તા–જીવનાનુભવને ગૂંથવાની રીતિથી આ નિબંધના વ્યાપક મૂલ્યનું વસ્તુ રસાળ-ઊજળું થયું છે. એના શીર્ષકના નામે, કલ્પન તથા એની ભાવચિંતનશીલતા હળી જઈ ને નક્કર આકર્ષણ પ્રેરે છે.

નવાં પરણેલાં, ગૃહિણી, માતા, રોજિંદું ગૃહજીવન, એવી સંસારગૂંથણી અહીં ઘણા નિબંધોમાં ઊપસી છે. જપાનના મોકકુરી મંદિરે પ્રૌઢો ત્વરિત–કષ્ટહીન મૃત્યુ પ્રાર્થવા જાય; પણ યુવાન દમ્પતીઓની ત્યાં હવે ભીડ કેમ? નિખાલસ મિત્રો શાં નવાં પરણેલાં કુટુંમ્બથી જુદાં ભલે રહે, પણ પોતાની અલગ દુનિયા રચવામાં સમાજને એ છાંડે–ઉપેક્ષે, ઘર–કુટુમ્બતાંતણે જે એની સંજીવની તે ન કળે–જુએ તેમાં, છેવટે એમને નસીબે ભગ્નતા–નૈરાશ્ય રહે છે. પુસ્તક કરતાંયે વધુ શિક્ષણ મળે છે ઘર–કુટુંમ્બમાંથી. એ સમાજકડી છે. પ્રજાનું પ્રજાપણું જ એથી આકાર

પામે છે. કુટુંબધ્વંસ, આજના જપાનની વિપત્તિ છે. પુશ્કિનની રૂસીકથાની તાતિયાના નામની નાયિકા પોતાના પૂર્વપ્રેમીને કહે છે તેમ, સુખ કોઈ દૂરસુદૂર ઠેકાણે નથા–પણ જ્યાં તમે છો ત્યાં જ છે એ સીધું સત્ય 'તું ભૂલી ગયો! હવે મને મળ્યે શો અર્થ?' જીવન એટલે જ મુશ્કેલી. એની સામે વિજય મેળવો. ઇકેડા નવયુગલ કે દમ્પતી માટે પ્રતીકસૂત્ર યોજે છે કે 'ટુ પીપલ (બે જણ), એ ચેરી–ટ્રી (એટલે એક ચેરી વૃક્ષ)' એ કેમ ઊગે, વિકસે તે જુઓ. કવિ ઇકેડા છાના ન જ રહે.

નવી માતાઓ માટે ય ઇકેડા વાતો કરે છે. સ્ત્રી અબળા હશે, પણ જનની–મા તો સબળ જ; એ એમનું વાકય મનમાં ઘૂંટાયા કરે એવું છે. શ્રીમતી 'એન્' દાક્તર સાથે લગ્ન પછી નેત્રજ્યોત ગુમાવતાં, છૂટાછેડા પામીને નાના પુત્રને એકલપંડ ઉછેરે છે; મુશ્કેલીઓ, ગરીબીનાં ૧૦ વર્ષ! થોડી આંખસુધારણા સાથે એક્સ–રે શાખામાં કામે લાગે છે, ત્રણ વર્ષના શિશુને કામસ્થળે સાથે રાખીને. પછી તો દીકરો મોટો થઈ કાનૂનવિદ બને છે અને બાળપણમાં એણે લખી તે 'મારી મા' કવિતા ઇકેડા આખી ટાંકે છે–એમાંના જીવનબળને જોઈને: 'મા, તું કેવી મૃદુ છે! કેવી સખત છે! પાછો પડું, તો પડતું ન મૂકવા તું કહે છે; કશુંક સારું કરું તો, હરખથી જુએ છે!...મા, મા, હું મારો ઉત્તમ પુરુષાર્થ કરીશ જ; બસ, તું મારા પર તારી મીટ રાખ્યા કરજે, મા!' આજની નૂતન મા સમક્ષ આમ ઇકેડાએ શ્રીમતી 'એન્'નો કિસ્સો પ્રેરક રીતે ધર્યો છે. પોતાની મા–'ઇચિ' (જ. ૧૮૯૫) અભણ તોયે જીવનમરમી; 'જૂઠું ન બોલવું. બીજાને દુઃખ ન દેવું'–એ જ શીખવે. હસતે મોંએ ઇચિએ ચાર દીકરાને યુદ્ધમાં મોકલેલા. બાળકો તંદુરસ્ત રહે, એ માટે ચોવીસે કલાકની એની કાળજી–મહેનત. જન્મદિને, બીમાર રહેતા ઇકેડાને એ સિગારેટ ભેટ આપે પણ કહે, 'બહુ ન પીતો!' સાથે ચિંતવે છે કે આજે શું છે? ભવિષ્યે કેન્દ્રમાં છે વ્યક્તિ, છતાં રોજિંદી જિંદગીને બળવાન–સુંદર કરે છે ઘર–કુટુમ્બ. નારીનું સામર્થ્ય–વ્યક્તિત્વવિકસન એના માતૃરૂપે છે એ ભુલાતું જાય છે અને બજારે માણસ–કુટુમ્બની મહેનત ભાંગી નાખી છે. ઇતિહાસનો આલેખ પણ આ વાતે ભુલાય છે. કુટુમ્બજીવનની પ્રણાલી–ટેકનિક સાચવ્યે જ જયવારો છે. ઇકેડાનો સમ આ છે. એમ થયા કરે કે, 'વિશ્વગાંધી' ક્યાં–ક્યાંથી દીવો ધરે છે! પુરુષ કામધંધે નીકળે કે સાંજે પાછો ફરે એ બે સમયબિન્દુઓએ ઘર અને સમાજનો ભેટો રચાય છે. તેથી એ બેઉ સમયે કલેશ ન થાય, પ્રસન્નતા પ્રસરે, તે જોજો! નહીં તો ઘર અને સમાજ બંને વ્યાધિગ્રસ્ત થશે. થાકીને આવતા, કલેશ વચ્ચે કામે ગયેલા પતિને પત્ની કલેશ ભૂલી કહે, 'થાકયા લાગો છો. ચાલો, રસોઈ ગરમ તૈયાર છે; જમી લેશોને?' એ બોલ જાદુ સર્જશે. ઇકેડાનો નિબંધ અહીં શીર્ષક આપે છે, 'ધ પોઈન્ટ, વ્હેર હોમ એન્ડ સોસાયટી મીટ!' બીજા વિશ્વયુદ્ધ બાદ થઈ રહ્યાં છે અણુકુટુમ્બો, પણ એ ભંગાણ નહીં, પરિવર્તન છે એમ કહેતા આ નિબંધકાર શ્રદ્ધા ટંકારે છે: હજારો વર્ષોની કુટુમ્બસંસ્થા ન તૂટે!

એમાં ગૃહિણી–માતા મહત્ત્વનો આધાર. તેથી જ નવા લોકશાસન–શિક્ષણના લાભ, નવા જીવનઆદર્શોના લાભ આગલી પેઢીની સ્ત્રીને નૂતન નારીએ સમજાવવા–પહોંચાડવા જોઈશે. તેમ, જૂની નારી પાસે નવી નારીએ કુટુમ્બજીવનની અનેક ઝીણી–મોટી વીગતો અને અનુભવ-સંપત્તિ મેળવી જીવનસુખને માર્ગે જવું જોઈશે. જુવાનોને ય તેથી એઓ, પોતાના વર્ષોના વાચન–સંગીત–મહેનત–ખડતલપણાના પ્રેમને ટાંકી કહે છે: મુશ્કેલી સામે ઝૂઝો, વાંચો,

સંગીતાદિ ખાસ શોખોથી વ્યક્તિત્વ વિશાળ અને રંગભર્યું રાખો, વિઘ્નો આગળ ઝૂકી ન જ જશો–મુશ્કેલીનો મુકાબલો કરી એને સર કરતા યૌવન જેવું બીજું કોઈ સૌંદર્ય જગતમાં નથી. ઇકેડા જૂની–નવી પેઢીનાં ચાલુ વહેણો વચ્ચે માનવજીવનના મૂળ મર્મ પર ફોકસ માંડે છે.

એક અમલદારો મોડા પડે તેથી વિમાન મોડું ઊપડે એ પ્રવાસના યૂરપીય અનુભવ, પ્રેગમાં નવી સરકારમાં લેખકસંઘના માણસો આવ્યા અને અગાઉ ન હતું તે વાણીસ્વાતંત્ર્ય મળ્યું–પણ મૂડીવાદી દેશોમાં એવી છૂટ સાથે ખોટો સરકારી પ્રચારે ધડાકેદાર,–એ ન ભૂલીએ એવી ટકોર; જપાની નવલકથા–'હાર્ટ'માં સૂચિત છે કે માનવહૃદયની ગૂંચ એ કે ઘણીવાર સદ્‌ગુણીઓ જ દુષ્ટોમાં ફેરવાય છે એ સંભારી, પશ્ચિમનો શુભ–દુષ્ટ પરસ્પર વિરુદ્ધ જ એ દૃષ્ટિકોણ અયથાર્થ અને માણસમાં બેઉ તત્ત્વોનું મિશ્રણ છે એ બૌદ્ધસિદ્ધાન્ત સ્પષ્ટ કરી અપાતી સમજૂતી; ઉદ્દંડ સાંપ્રત 'વિચ્છેદ' કે 'અમાનવીયકરણ'ની ભૂમરાણ વચ્ચે જરા આયનામાં પોતાને ભાળે–એવી ચીમટી; લોકો સરકાર સામે મીટ માંડે, પણ સરકાર તો હોય છે 'લિટલ બૅગ ઑવ્ ટ્રિક્સ' (કરામતોની ટચૂકડી કોથળી) એવી ચમચમતી મજાક; માણસનાં દુઃખ ન ટળ્યાં અને ઉકેલતા થયા છીએ ચન્દ્ર લગી પૂગી બ્રહ્માંડરહસ્યો ઉકેલતા, એની વેદના;–આ નિબંધોમાં ઇકેડા આમ ભાવ–ચિંતનનાં વિવિધ પાસાં છતાં કરે છે. બૌદ્ધતત્ત્વવિચાર અહીં થોડાએક નિબંધોમાં પૂરો યા મિશ્રિત ગૂંથાય છે, પણ વ્યાપક છે તે તો યુદ્ધોત્તર દુનિયા–જપાનની જિંદગીની અનેકદેશીય પર્યેષણા. બાહ્ય વાસ્તવના રોજિંદા સંબંધવ્યવહારમાંથી જ આત્મસાક્ષાત્કાર થાય એવું કહેતા આ ચિંતકે બૌદ્ધદર્શનસૂત્ર સ્પષ્ટ કર્યું છે કે રોજિંદી ઘટમાળથી ઘડીભરની અલિપ્તતા જ માનવ-જીવનનો મર્મ–અર્થ સમજાવી શકશે.

મોન્ટેઈનના વાક્યમાંના 'સ્ત્રી' શબ્દને બદલે 'મનુષ્ય' શબ્દ મૂકીને ઇકેડા કહે છે કે, માનવી જગતનું અનન્ય સૌંદર્ય છતાં માણસ પોતાના મેક–અપ (બાહ્ય ટાપટીપ–દેખાવ)ને જ કીમતી ગણે છે! ઘરમાં સરેરાશ પાંચ કલાક દૂરદર્શન (ટી. વી.) જોવાય એને તેઓ 'શોકિંગ'–આઘાતક વર્ણવે છે. પોતે તૂટેલો આયનો સાથે રાખે–યુદ્ધમાં મૃત ભાઈ તેથી સાંભરે અને ખોટું કંઈ ન કરવા કહેતી તે મા સાંભરે, કારણ આયનો એ બેઉએ આપેલો; એવું 'નાનું' નિમિત્ત અને 'મોટું' કથને કરે છે. 'સુખની વ્યાખ્યા'માં વૃદ્ધ ઇતિહાસવિદ આર્નોલ્ડ ટોયંબીને ઘેર પોતે રહ્યા એ દિવસો યાદ કરી કહે છે કે, શ્રીમતી આર્નોલ્ડ બધિર નિર્બળ પતિને સમજદાર સાથીરૂપે શાન્ત સહાય–માવજત ધૈર્યે જતાં હતાં–આવી વયે દામ્પત્યમાં 'લવ'–પ્રેમથી યે વિશાળ કંઈક છે એમે ઇકેડા સરસ વાત મૂકે છે. ભેગાભેગી ઓ' હેનરીની વાર્તા ઉલ્લેખે છે. એમાં પત્ની નાતાલભેટરૂપે પતિ માટે પ્લેટિનમની ઘડીઆળ લાવે છે, પોતાના સુંદર બ્રાઉન વાળ વેચીને! પતિ પોતાનું પ્યારું જૂનું સોનાઘડીઆળ વેચીને પત્ની–ડેલા માટે લાવે છે કાચબાશેલનો દાંતિયો! પરસ્પર હકીકત જાણતાં પતિ કહે છે, 'આ ભેટો આપણે હમણાં દૂર જ રાખીએ!'–પ્રેમની બક્ષીસ અપાઈ જ ગએલી પરસ્પર. આમાં રહ્યું છે સુખ. ૩૭ વર્ષની જેલ વેઠી વૃદ્ધ–ઇઓરિ ઘર વસાવે ત્યાં વૃદ્ધા પત્ની–રન સાથે વસવા આવે. મજાનું સહજીવન બંને જીવે. મોર્ગિ ઉગાઈની આ વાર્તા યે સંભારે છે ઇકેડા.

આવા જીવંત અનુભવો યા સાહિત્યિક કથાનકોનાં ચિત્રો સતત ગૂંથીને દાઈસકૂ ઇકેડા નિબંધના પ્રૌઢત્વને–ઊંડાણને સોહામણું કરી દે છે. નિબંધો તેથી સુવાચ્ય અને હૃદયસ્પર્શી

થયા છે. એમાં જપાન વિશે તેઓ લખે છે ત્યાં ગરવાઈ, સ્વત્વપ્રેરિત વહાલ સાથે આત્મપરીક્ષણ પણ છે. સહજપણે એમાં યૂરપ–પશ્ચિમ તથા જપાન–પૂર્વની તુલના યે થતી રહી છે. જપાનના આસુકા ગામની કબરનાં છઠ્ઠી સદીનાં ભીંતચિત્રોમાંની ગ્રામીણ શાન્તિ, નારીવેશનું એમાં વિદેશીપણું, તેમાંના ગ્રહચિત્રણે પ્રાચીનોનો બ્રહ્માંડસંબંધ વર્ણવી તેઓ કહે છે, એ જમાનાના શાણપણ આગળ આપણે છીછરા છીએ. જપાનમાં ખૂબ લોકપ્રિય ચાલુ ફિલ્મ ‘ટુ ડાઈ ફૉર લવ’નું વસ્તુ કહે છે કે ફ્રાન્સમાં ૧૯૬૮ની ક્રાંતિ થઈ ત્યારે એક બત્રીસ વર્ષની શિક્ષિકા અને સત્તર વર્ષના વિદ્યાર્થી વચ્ચેનો પ્રણય, લોકવિરોધે અને અદાલતે મામલો ગયો તેથી, કરુણ અંત પામે છે–બંને આપઘાત કરે છે. રાત્રિકલબોની મોકળી ભૂમિ ફ્રાન્સમાં યે રૂઢિની પકડ કેવી છે, તે એમાં દેખાય છે. કહે છે કે, આજે યુવાનસમૂહ આ ફિલ્મ પાછળ ઘેલો છે, કારણ એમાંથી કોઈ આવું સમર્પણ (‘મરવું, પ્રેમ માટે’) કરવા તૈયાર નથી ! મૃત્યુહદે એમને જવું નથી; મૂલ્યો સામે થઈ હિપ્પીજીવન જીવવું છે ! કે પછી, હિંસાનો માર્ગ લેવો છે ! પશ્ચિમના એક વિચારકે લખ્યું છે કે પૂર્વ જીવન–મૃત્યુને એક પૃષ્ઠે જુએ છે, તો પશ્ચિમ જીવનને પહેલે પૃષ્ઠે અને મૃત્યુને છેલ્લે પૃષ્ઠે જુએ છે; ઇકેડા એમાં સંમત છે. યૂરપ પ્રાચીન વસ્તુઓને રક્ષે છે અને રોજિંદા જીવન સાથે તેને જોડીને પૂજ્યભાવને જીવંત રાખે છે; પણ જપાન જૂનાં મકાનોથી માંડી વન–સરોવર બધે જૂનું ભૂંસવામાં પડયું છે. પશ્ચિમની સાથે થવાની અને તેનાથી આગળ જવાની અતિચિંતામાં જપાન ઉત્કૃષ્ટ ‘એન્જિન’ લાવ્યું પણ તેની ‘બ્રેક’ કેમ વાપરવી એ શોધવામાં બેદરકાર રહ્યું. અહીં કવિ ઇકેડા પુનઃ ઝળકે છે.

ફૂલો માટે પ્યાર અને એનાં કલ્પનાશીલ પ્રદર્શનોમાંના ઉમંગને ઇકેડા જપાની લોકસ્વભાવનું સમૃદ્ધ કાવ્યરૂપ કહી એક ફૂલપ્રદર્શન વર્ણવે છે. વિપરીત સાંપ્રત વચ્ચે યે, કુદરતપ્રેમ હજી યે જપાનની સાધારણ જનતામાં છે. કુદરતમાંથી સર્જન કરવાની તમન્ના યે છે. એમાં જપાનની સૂક્ષ્મ સંવેદનશીલતા છે. ચહા–ઓચ્છવ (ટી–સેરિમની) કે હાઈકૂ કાવ્યરૂપમાં યે એ જ નસ ધબકે છે. પ્રાચીનકાળથી જપાનમાં, ‘વબિ’–WABI (શાંત સંયમ), ‘સબિ’ (SABI–એકાકીપણું અને મ્લાન–ઝાંખું લાવણ્ય), ફ્યુર્યુ–FURYU (છટા–ગરિમા–વિશુદ્ધિ) એવી સૌંદર્યવિભાવનાઓ વિકસેલી છે એમ કહી, પાશ્ચાત્યો જપાનીઓમાં સંદિગ્ધપણું અને અસ્પષ્ટપણું જુએ છે એમાં ઇકેડા યથાર્થદર્શન જોતા નથી. જપાનની સંદિગ્ધ રીત–વ્યંજનાત્મક રીતમાં માનવસંબંધોને સુખદ રાખવાની દૃષ્ટિ છે. પાશ્ચાત્ય યજમાન સ્ત્રી આગ્રહ કરશે, ‘કંઈક લ્યો; સરસ છે આ !’ જપાનની નારી કહેશે, ‘આમાં ખાસ વિશેષ કંઈ નથી; લ્યો કંઈક !’ જપાનમાં સમાજ–સજગતા છે અને પશ્ચિમમાં અંતઃકરણસજગતા એ પૃથક્કરણ ફેલાતાં થયું એવું જપાનીઓને કે પશ્ચિમની બૌદ્ધિકતા લાવી દઈએ હવે ! આપણે ત્યાં ‘બૌદ્ધિક’ થવાની ચડસાચડસીમાં કેવા નમૂના નીપજે છે તે, હિન્દી વ્યંગલેખક શ્રી. હરિશંકર પરસાઈએ (‘અપની અપની બીમારી’) સચોટ રીતે એક પ્રાધ્યાપકના પાત્ર દ્વારા વર્ણવ્યું છે. એની યાદ આ વાંચતાં જાગે. ઇકેડા લખે છે કે, બૌદ્ધિકતા વ્યક્તિગત સ્તરે ખીલે એ સારું છે, પરંતુ પ્રજા એમાં તણાતાં માણસ ખુદ એનો દાસ જ થઈ જાય છે. ઇકેડા સ્પષ્ટ સૂચવે છે: લગીર સંદિગ્ધતા–મૃદુ વ્યંજનાત્મકતા–કંઈક લજ્જાશીલતાથી તો જિંદગીની સુગંધ વધે છે; જુઓને, ચેરીફૂલોનો ઝાંખો રંગ–જાણે રંગ જ ન હોય એવો રંગ !

'ગ્લાસ ચિલ્ડ્રન ઍન્ડ અધર એસેઝ'ના આ નિબંધોનું એક સારું પાસું છે, એનું ટૂંકાણ. એ ટૂંકાણ વિચાર–ભાવ–વસ્તુને હાનિ કરે એવું નહીં, પણ સંયમથી શોભતું–સુગ્રથિત. એમાં પોતાના જીવનની ઘટનાઓની, ઘરઆંગણાના કે વિદેશપ્રવાસોના અનુભવોની, વાંચેલા કથા–કવિતાદિની સંદર્ભપોષક યાદની અંગતતા સળંગ રોચક તથા પ્રેરક થઈ છે. શૈલીમાં યે હળવી–ગંભીર છટા સ્વાભાવિક પ્રગટી આવી છે. સાંપ્રત એમાં સતત વણાતો રહ્યો છે. તે સાથે સમગ્ર ગતનું તત્ત્વ કે ભાવિનું ઇંગિત પણ હેરે છે. આપણી આંતરરાષ્ટ્રીયતાની સમજ હજી પશ્ચિમ ભણી મોં વકાસીને ઘસતી રહી છે ત્યારે આવા વ્યુત્પન્ન સર્જકો એ સમજને વિસ્તારવા-ઢંઢોળવામાં મદદરૂપ થશે? ભારત પાસે તત્ત્વવિચાર, કલા, જીવનપ્રણાલી–વ્યવસ્થાનો કીમતી વારસો છે. આજે, પૂર્વ–પશ્ચિમ સંબંધે પશ્ચિમનો એકચક્રી સમો પ્રભાવ પૂરું પરીક્ષણ માગે છે. એમાં આવા ગ્રંથો પ્રેરક છે. સ્વતંત્ર ભારત પોતાના વાઙ્મય પુરુષાર્થોને વિશ્વભાષાઓમાં ઢાળે એની વેળા પાકી ગઈ ગણાય. મોટું કામ, પણ કર્તવ્યરૂપ.

પાશ્ચાત્ય ચિંતક હેગલની વિચારધારા*

મહેન્દ્રકુમાર મો. દેસાઈ 'કુમાર'

(૧)

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં વિશ્વની ઉત્પત્તિ અને ઉત્ક્રાન્તિના વિષયે પશ્ચિમના વિદ્વાનોનું ધ્યાન આકર્ષિત કર્યું. પરિણામે દોઢ સૈકા દરમ્યાન એ વિચારને વ્યવસ્થિત આકાર આપનારી યાંત્રિકવાદી (mechanistic) દૃષ્ટિબિન્દુઓથી વિવિધ વિચારધારાઓ રજૂ થઈ. તેમાં ચાર્લ્સ ડાર્વિન, હર્બર્ટ સ્પેન્સર, લેમાર્ક, વેઈઝમેન, લોઈડ મોર્ગન, બર્ગ્સન, હેગલ, એલેકઝાન્ડર, સ્મટ્સ, વ્હાઈટહેડ વગેરે અનેક વિદ્વાનોનો નોંધપાત્ર ફાળો છે. એ સૌમાં હેગલની વિચારધારાએ કેટલુંક વિશિષ્ટ પ્રદાન કર્યું છે તેનો આ લેખમાં ટૂંકમાં પરિચય પામીએ.

પોતાની બુદ્ધિવાદી વિચારસરણી (Idealistic Theory)થી વિચાર-વિશ્વમાં ભારે પરિવર્તન પ્રકટાવનાર મહાન ચિન્તક હેગલે સૌ પ્રથમ સર્વોપરિ તત્ત્વ (Absolute)ને ઉત્ક્રાન્તિની કરોડરજ્જુ હોવાનું જાહેર કર્યું. તેના પુરોગામી 'બળિયાના બે ભાગ'ના પુરસ્કર્તા ડાર્વિનનાં તથા યાંત્રિકવાદી હર્બર્ટ સ્પેન્સરનાં નિરૂપણોમાં 'એબ્સોલ્યુટ'ની કલ્પના સરખી પણ ન હતી. ડી વ્રાઈઝની મ્યુટેશન (Mutation) થિયરીમાં તથા લેમાર્કનાં 'વારસાગત સંક્રાન્તિ'ના વિચારોમાં પણ એબ્સોલ્યુટની સંભાવના ન હતી. ઉત્ક્રાન્તિને પ્રથમ જ વાર 'સર્જનાત્મક' (creative) હોવાનું કહેનાર હેન્રી બર્ગ્સને 'સમય-દેવતા' (Time-Deityનો) જીવનતત્ત્વ તરીકે સ્વીકાર કર્યો, તો સેમ્યુઅલ એલેકઝાન્ડરે સમયનો અવકાશ સાથે સહયોગ સધાવી તેની સુપ્રસિદ્ધ Time-Space Theory પ્રસ્થાપિત કરી.

એલેકઝાન્ડરના અભિપ્રાય પ્રમાણે પ્રાણ (જીવન) એ જડ પદાર્થ માટે અને મન એ પ્રાણ માટે દેવતા રૂપ છે; અને એનાથી ઉચ્ચતર-ઉચ્ચતમ દેવતા 'ઈશ્વર' છે કે જે હજુ આવિર્ભાવ પામ્યો નથી. વળી તે ઉમેરે છે કે એનો ઈશ્વર-દેવતા વાસ્તવિક અસ્તિત્વ ધરાવતો નહીં હોય પણ એ આદર્શ (Ideal) રૂપે હશે. એલેકઝાન્ડરની ભાવિ ઈશ્વર-દેવતા વિષેની કલ્પના કોઈ આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી નથી પણ વર્તમાનમાં પદાર્થ, જીવન અને મન વિકાસની જેવી અને જેટલી કોટીએ પહોંચ્યાં છે તેના કરતાં અનેકગણી ઉચ્ચતર કોટી કે ગુણકક્ષા (quality and degree)માં ત્રણેયના પ્રાકટ્યની ગાણિતિક (mathematical) સંભાવના તેને અભિપ્રેત હોય એમ લાગે છે.

---

* વિચારની સ્પષ્ટતા જાળવવા માટે Absolute જેવા કેટલાક અંગ્રેજી શબ્દો આ લેખમાં યથાવત્ રાખ્યા છે.

'Emergent Evolution'ના કર્તા લોર્ડ મોર્ગને પણ વિકાસક્રમને પિરામિડ સાથે સરખાવી, નીચેથી પદાર્થ-પ્રાણ-મન પછી મિનારાની ટોચ પર સર્વોચ્ચ આવિર્ભૂત તત્ત્વ તરીકે તે 'ઈશ્વર'ને મૂકે છે. આ બંને ચિન્તકોએ 'ઈશ્વર' સંજ્ઞા આપી છે પણ તેઓનો ઈશ્વર દિવ્ય તત્ત્વ નથી. તેઓએ યોજેલો 'ઈશ્વર' શબ્દ ભ્રામક અર્થચ્છાયા ઊભી કરે છે !

હોલિસ્ટિક (Holistic) થિયરી રજૂ કરનાર જનરલ જે. સી. સ્મટ્સ જણાવે છે કે, પ્રકૃતિની સર્જનાત્મક પ્રક્રિયા દ્વારા પ્રારંભિક જડમાંથી વિશ્વના ભિન્નભિન્ન ભાગોમાં સમગ્રો (Wholes)નો થતો વિકાસ અકસ્માતરૂપ નથી. વળી પ્રત્યેક સ્તબક પર નવાં સમગ્રો રચાતાં તેના વિભાગોનાં લક્ષણ-સ્વરૂપો રૂપાન્તર પામતાં જાય છે. આ રૂપાન્તર આખરે વ્યક્તિત્વની પૂર્ણતાએ પહોંચે છે. પરંતુ સ્મટ્સના 'હોલિઝમ'માં વ્યક્તિત્વ (Personality)ની પૂર્ણતાની પરાકાષ્ઠા સાથે માનવજીવનના ભાવિનું પૂર્ણવિરામ પણ સૂચવાય છે. એનાથી વધુ આગળના અને ઊંચેના આધ્યાત્મિક દિવ્ય માનવની કલ્પના માટે સ્મટ્સે બિલકુલ અવકાશ રાખ્યો નથી.

એ. એન. વ્હાઈટહેડ નામનો ચિન્તક એના 'Process and Reality' નામના ગ્રંથમાં એવું પ્રતિપાદન કરે છે કે, વાસ્તવ પદાર્થો (*actual entities*) પોતે પોતાની મેળે-તીવ્ર અભીપ્સા છતાં-વિકાસશીલ બની શકતા નથી; તેમ મૂળભૂત અવિનાશી તત્ત્વો (eternal entities) પણ પોતાની મેળે દુન્યવી વાસ્તવ પદાર્થોમાં ઊતરાણ કરી શકતાં નથી. તેથી માધ્યમ કે સેતુરૂપે 'ઈશ્વર'નું પ્રવૃત્ત બનવું અનિવાર્ય બની રહે છે. પણ વૈચિત્ર્યની વાત તો એ છે કે સર્જનશીલતાના પ્રથમ સર્જન તરીકે ઈશ્વરનો સ્વીકાર કરનાર વ્હાઈટહેડે-એક નહીં પણ-બે જાતના ઈશ્વરની કલ્પના કરી છે. તેનો (૧) પહેલો ઈશ્વર પ્રાથમિક વિકાસાવસ્થાનો ઈશ્વર છે, જેને તે, 'Pre-mordial God' કહે છે. અને તેનો (૨) બીજો ઈશ્વર ધીમે ધીમે વિકાસની પુખ્તાવસ્થાને પામતો જતો (ever-evolving) પાછળની અવસ્થાનો ઈશ્વર છે, જેને તે 'Consequent God' નામ આપે છે.

આમ વ્હાઈટહેડના ઈશ્વરનાં બે સ્વરૂપો છે: પૂર્વ ઈશ્વર અને ઉત્તર ઈશ્વર. એનો પૂર્વ ઈશ્વર સ્થિર અને અભાન છે, જ્યારે ઉત્તર ઈશ્વર વિશ્વાનુસ્યૂત, સભાન અને સર્જનશીલ છે, એટલું જ નહીં પણ વિકાસશીલ વિશ્વની સાથે તે પોતે પણ વિકાસ કરતો ગતિ-ક્રિયાશીલ (dynamic) રહે છે. પૂર્વ ઈશ્વર વિશ્વની ઉત્ક્રાન્તિનું આરંભબિન્દુ છે તો ઉત્તર ઈશ્વર તેનું ચરમ બિન્દુ છે. Being એ ઈશ્વરનું pre-mordial સ્વરૂપ છે અને Becoming એનું Consequent સ્વરૂપ છે. આમ વ્હાઈટહેડ ઈશ્વર અને સૃષ્ટિ બંનેને સમાન ભૂમિકા પર વિકાસ પામતાં અને પરસ્પરના વિકાસમાં ઉપકારક બનતા હોવાનું જણાવે છે.

બબ્બે ઈશ્વરની બેહૂદી કલ્પના, અભાન સર્જનશીલતાની સર્જનેચ્છાનો વિચાર, એકતાના સુગ્રથન વિનાનું બહુત્વ, વિકાસના અંતિમ ધ્યેય તરીકે વિશ્વની કાયમી સ્થિર (permanent unchanging) અવસ્થાની કલ્પના-જેવી વ્હાઈટહેડની વિચારસરણીની વિસંગતિઓની ચર્ચા કરી વિવેચકોએ મુખ્ય શંકા એ ઉઠાવી છે કે, જે ઈશ્વર પોતે જ અપૂર્ણ અને વિકાસમાન છે તે વિશ્વની પૂર્ણતાના અને આધ્યાત્મિકતાના ધ્યેયને શી રીતે સિદ્ધ કરી શકે ?

(૨)

હેગલે સૌ પ્રથમ એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો કે એબ્સોલ્યુટ એ જ પરમ વાસ્તવિકતા (Reality) છે. અને એની અખિલાઈ (Whole)માં એનાં અંગોપાંગોની પારસ્પરિક સંવાદિતાની એકતા (Unity) રહેલી છે. આ અખિલ સમગ્ર એબ્સોલ્યુટ કે જે તેના વિવિધ વિશ્વ–વિભાગોમાં વ્યાપ્ત (pervaded) છે તે તેનાં વિશ્વરૂપી અંગો–ભાગોથી પહેલાં (prior) છે. તાત્પર્ય કે અંગોથી અંગી (Absolute) બનેલ નથી પણ અંગીને લીધે વિવિધ અંગો પોતાનું, જેવું છે તેવું સ્વરૂપ–અસ્તિત્વ ધરાવે છે. તેને હેગલ ' Concrete universal ' કહે છે કે જેમાં પરમ વાસ્તવિકતા રહેલી છે.

હેગલ તેના સિદ્ધાંતને જ્ઞાનના ઉદાહરણથી સ્પષ્ટ કરે છે. જ્ઞાતા મન, જ્ઞેય વિષય અને જ્ઞાતા–જ્ઞેય (Subject–Object)નો આંતરિક સંબંધ આ બધું મળીને સમગ્ર જ્ઞાન (a whole of knowledge)નો અનુભવ કરાવે છે. વળી આ સમગ્ર જ્ઞાન તેનાં પૃથક પણ અવિભાજ્ય પાસાંઓ જેવાં જ્ઞાતા અને જ્ઞેયથી તાર્કિક રીતે પૂર્વે (logically prior) હોય છે. આ સમગ્ર જ્ઞાન જ સાચું યથાર્થ (Concrete) અસ્તિત્વ ધરાવે છે; જ્યારે જ્ઞાતા–જ્ઞેય તો વચગાળાનાં સત્યો જેવાં જૂઠાં સત્યો (false abstractions) છે. તાત્પર્ય કે આત્મભાનમાં (Self–Consciousness) જ સઘળા જ્ઞાનનો પાયો છે. આત્મભાનમાં વ્યક્તિ પોતાના (self)માં જ્ઞાતા (Subject) અને જ્ઞેય (Object) ઉભયનો એકી સાથે અનુભવ કરે છે.

એટલું સ્પષ્ટ કરવાની જરૂર છે કે હેગલનું પરમોચ્ચ એબ્સોલ્યુટ તત્ત્વ એટલે વિચાર અને બુદ્ધિ Thought, તેમાં પણ દિવ્યતાનો અર્થ બિલકુલ અભિપ્રેત નથી. હા, હેગલે પ્રથમ જ વાર વિચાર, વિચારક અને વિચારણાનો ત્રિવેણીસંગમ સાધ્યો. હેગલ એટલે તર્કસંગત તર્કબદ્ધ વિચાર. એના ગ્રંથનું ' LOGIC ' નામ જ સૂચક છે. એ વિચાર–વિકાસને ત્રણ સંજ્ઞાઓથી સમજાવે છે : (૧) Thesis સ્થાપન, (૨) Antithesis પ્રત્યાઘાત અને (૩) Synthesis શમન. આ આખીય પ્રક્રિયાને આપણે ટૂંકમાં સમજીએ.

દરેક વિચાર કે દરેક વસ્તુમાંથી વિરોધવર્તુળો જન્મે એ સ્વાભાવિક છે, પણ એ વિરોધ (Contradiction) આગળ વાસ્તવિકતા (Reality) સ્થગિત થઈ જતી નથી. વિરોધનું છેવટે અતિક્રમણ થઈ ઉપશમન થાય છે. એ વિરોધો અંતે તો સમગ્ર અખિલ (United whole)ના ભાગ રૂપે સ્થાન પામતાં વિરોધી (Contrary) સ્વરૂપે રહેતાં નથી. આમ વિચારનાં ઉદ્‌ગમન–સ્થાપન, તેનો પ્રત્યાઘાતી વિરોધ અને અંતિમ શમ–સમન્વય પામવાની આખીયે બુદ્ધિવિકાસની પ્રક્રિયા હેગલની વિચારધારામાં " ધી ડાયલેક્ટિક મેથડ " (The Dialectic Method)ના નામથી ઓળખાય છે.

હેગલનું આ ડાયલેક્ટિક માત્ર તર્કપદ્ધતિ નથી પણ સ્વયંવિચારની વિકાસગતિ છે. એનું પરમોચ્ચ તત્ત્વ એબ્સોલ્યુટ વિચાર સ્વરૂપનું છે, તો આ ડાયલેક્ટિક એનું સ્નાયુકેન્દ્ર છે. નીચેથી માંડીને ઉચ્ચતમ સુધીની ભિન્ન ભિન્ન વાસ્તવિકતાઓને એબ્સોલ્યુટ આ ડાયલેક્ટિક પદ્ધતિથી પ્રકટ કરે છે.

વિચારસ્ફુલિંગના પ્રથમ અસ્તિત્વને Being કહે છે અને તે જ હેગલનો '**થીસિસ**' છે. પછી તેના 'બિન–અસ્તિત્વ'ને તે Non–Being કહે છે. તેના વિચારથી જે બૌદ્ધિક વિરોધ જન્મે છે તે હેગલનો '**એન્ટીથીસિસ**' છે. છેવટે Being અને Non–Beingનો Becomingમાં તર્કસંગત સમન્વય સધાય છે તે હેગલનો '**સિન્થીસિસ**' છે. આમ હેગલના હાથમાં, આ ત્રણ હથિયારો દ્વારા, સામાન્ય તર્કવિજ્ઞાન તાત્ત્વિક સ્પર્શ પામતાં વિશ્વવ્યાપી તર્કવિજ્ઞાન (Universal Logic)માં ફેરવાઈ જાય છે, અને એનું ડાયલેક્ટિક જીવંત સચેતન વિચાર–વિકાસનું વિધિ–વાહન બને છે.

સમગ્ર વિશ્વ એ વિચારના વિધિઓ (Laws of Thought)નું નિદર્શન (display) છે. તેથી હેગલના મતે વિકાસના તમામ તબક્કાઓ વચ્ચે એક તાર્કિક સાતત્ય રહેલું છે. એક કક્ષામાંથી બીજી કક્ષા તરફ વિકાસકૂચ કરતો વિચાર છેવટે એબ્સોલ્યુટના સર્વોપરી વિચાર પર્યંત પહોંચી જાય છે. હેગલની ઉત્ક્રાન્તિયાત્રામાં ક્યાંય અલ્પવિરામ કે સ્થગિતતા (gaps) આવતાં નથી, તથા તેમાં અતીતની સાથે અસંબદ્ધ હોય કે વિચારના તર્કબદ્ધ પ્રવાહ સાથે અસંગત હોય એવું કોઈ નવીન તત્ત્વ પ્રકટ થઈ શકતું નથી. આમ હેગલનો ઉત્ક્રાન્તિપથ પૂર્વનિશ્ચિત હોઈ તેમાં બર્ગસન, મોર્ગન, એલેકઝાન્ડર, વગેરેની માફક, નવીન નવીન તત્ત્વોના પ્રાકટ્ય (Emergence) માટે કોઈ શક્યતા રહેતી નથી. તે તો એમ સમજાવે છે કે દરેક ઉચ્ચતર ભૂમિકા (Stage) એની અગાઉની નિમ્ન ભૂમિકા સંપ્રાપ્તિ (Fulfilment) માત્ર છે. આ જ સંદર્ભમાં તે પ્રકૃતિ અને મનની ઉત્ક્રાન્તિની ભૂમિકાઓ કે તબક્કાઓ સમજાવે છે.

પ્રથમ ભૂમિકામાં સર્વોચ્ચ વિચાર (Absolute Idea) અભાન અવસ્થામાં હોય છે, અને વિકાસ પણ અભાન અને યાંત્રિક (Unconscious and Mechanistic) હોય છે. બીજી ભૂમિકા રાસાયણિક રૂપાન્તરની છે. તેને હેગલ Chemism કહે છે. એમાં વનસ્પતિ અને પ્રાણી-સૃષ્ટિ ઉત્ક્રાન્ત થાય છે. ત્રીજી છેલ્લી માનવસૃષ્ટિની ભૂમિકામાં સર્જનાત્મક વિચાર (Creative Idea) એની પરાકાષ્ઠાએ પહોંચે છે. આમ સર્વોચ્ચવિચાર (Absolute) જડ જગતમાં **અભાન** યંત્રવત્ હોય છે તે વનસ્પતિ–પ્રાણીમાં ધીરે ધીરે **સભાન** (Conscious) બને છે, અને છેવટે માનવમાં તે **આત્મભાવ** (Self–Conscious)ને પ્રાપ્ત કરે છે.

તેવી જ રીતે હેગલ મનોવિકાસની ભૂમિકાઓની પણ સમજૂતી આપે છે. મનોવિકાસની પહેલી ભૂમિકાને તે Subjective mind કહે છે. તેમાં વ્યક્તિ અંધ સહજ પશુવૃત્તિ (brutal blind instinct)થી દોરવાય છે. જેમ જેમ તેની બુદ્ધિ વિકસતી જાય છે તેમ તેમ તે પોતાની જેમ બીજાઓની સ્વતંત્રતાનો પણ સ્વીકાર કરતો જાય છે. તેને હેગલ Objective mind અથવા Societyની સંજ્ઞા આપે છે. હવે તે વ્યક્તિ પેલી સહજવૃત્તિને વશ વર્તતી નથી પણ પહેલી જ વાર સમાજના સંદર્ભમાં નીતિ–વિધિ (Morality)ના શાસનને સ્વીકારતી થાય છે. કાયદો કે વિધિ એ બહારની આવશ્યકતા છે, જ્યારે નીતિ એ તો આંતરિક અનિવાર્યતા છે. તે જ પ્રમાણે Objective mindનાં અન્ય વિકાસ–સ્વરૂપો કુટુંબ, સમાજ, રાજ્ય જેવી સંસ્થાઓ રૂપે પણ આવિર્ભાવ પામતાં હોય છે. આ ત્રીજી ભૂમિકાને હેગલ Absolute Mind તરીકે ઓળખાવે

છે...પણ તે સાથે સાથે એ પણ નોંધે છે કે મનનો ઉચ્ચતમ આવિષ્કાર–માત્ર રાજ્ય રૂપે જ નહીં પણ–વિજ્ઞાન, કલા, ધર્મ અને દર્શન રૂપે પણ વ્યકત થાય છે.

આરંભમાં મનુષ્યનું મનોવલણ વ્યકિતપરક હતું. તેનું (Subjective mind) મન તેની પોતાની જ ઇચ્છાઓ અને જરૂરિયાતોના–સ્વાર્થના–વર્તુળમાં રાચતું રહેતું. પછી જેમ જેમ તેને બીજી વ્યક્તિઓમાં પણ પોતાની પ્રતિકૃતિ દેખાવા માંડી તેમ તેમ તેણે ધીમે ધીમે જૂથ, સમાજ, અને રાજ્યની–**Objective mindની**–રચના કરવા માંડી...અને છેવટે તે પોતાની જ તરફ પોતાની જ અંદર પાછો વળે છે ત્યારે તે કલા, સુંદર, શિવ, સંસ્કૃતિ, ઈશ્વર, ધર્મ, અધ્યાત્મ, આદર્શ અથવા પરમ સત્ય–જેને હેગલ **Absolute Mind** કહે છે તે વગેરે–માં તે પોતાની સર્વોત્કૃષ્ટ અભિવ્યક્તિ સાધે છે. એને હેગલના શબ્દોમાં '**Home–Return of the Absolute Idea**' 'સ્વગૃહે પુનરાગમન' કહી શકાય.

હેગલના મતે ઉત્ક્રાન્તિ ઉદ્દેશ્યાત્મક (**teleological**) અને સંપૂર્ણ રીતે સર્વાંગીણ (**integrated**) છે. ઉચ્ચાવચ્ચ ઉદ્દેશ્યોની શ્રેણી હોય છે. નાનાં ધ્યેયો (**ends**) ઉચ્ચ અને ઉચ્ચતર ધ્યેયોનાં સાધન (**means**) બને છે. અંતિમ ધ્યેય સર્વોપરી વિચાર (**Absolute Idea**) હોઈ તેમાં તમામ નાનાંમોટાં ધ્યેયોનો સમાવેશ થઈ જતો હોય છે. નીચેની ભૂમિકાઓ–અવસ્થાઓનું ઉપરનાં ઉચ્ચ સ્તરો સાથે એવું અવિભાજ્ય ઐકય સધાય છે કે તેમના પૃથક્ અસ્તિત્વનું ઉપલાં સ્તરોમાં સમૂળગું વિગલન થઈ જાય છે. તાત્પર્ય કે હેગલ અનુસાર ઉત્ક્રાન્તિ એટલે શ્રેણીબદ્ધ નિજાવિર્ભાવો (**Seef unfoldment**) પછી થતું સર્વોપરી વિચારનું સ્વગૃહ–પુનરાગમન.

" For these thousands of years the same Architect has directed the work and that Architect is the one living Mind whose nature is to think, and to bring to self–consciousness what it is, and with its being thus set as object before it, to be at the same time raised above it, and so to reach a higher stage of its own ".

[Logic, P. 22, Hegel]

એમાં સંવરણ (**Involution**) અને વિકાસ (**Evolution**)ની પૂર્વાપરતાના સિદ્ધાંતનું પણ પરોક્ષ સૂચન મળી રહે છે. પણ વિકાસક્રમ એના પ્રથમ તબક્કે એટલે કે જડ પદાર્થની અવસ્થામાં અભાન હોય છે, એના બીજા તબક્કે એટલે કે શરીરાદિ (**Organisms**)માં સભાન હોય છે, અને તેની ત્રીજી સર્વોત્તમ કક્ષાએ વિકાસની પ્રક્રિયા આત્મભાનવાળી હોય છે. આમ હેગલે ઉત્ક્રાન્તિની ત્રણ અવસ્થાઓ બતાવી છે :

(૧) અભાન **Unconscious,**

(૨) સભાન **Conscious,** અને

(૩) આત્મભાન **Self–Conscious.**

(૩)

આમ હેગલના વિચારધારામાંનાં મોટા ભાગનાં પ્રસ્થાનબિન્દુઓ અર્વાચીન દાર્શનિકો માટે (અલબત્ત આંશિક મતભેદ સાથે) સ્વીકાર્ય અને વિચારપ્રેરક બની રહ્યાં છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, દાસગુપ્તા, મહર્ષિ અરવિંદ વગેરે ચિન્તકોએ આ વિષય પર જે વિશ્લેષણ કર્યું છે એને આધારે આપણે કેટલાક ચિન્ત્ય મુદ્દાઓ તારવીએ.

(૧) પ્રથમ તો એ છે કે, હેગલનો અતિતાર્કિક (over–logical) અભિગમ તથા વિચાર, બુદ્ધિ કે પ્રજ્ઞા–પ્રેરણા જ સર્વોપરી અને સર્વસ્વ હોવા અંગેનું હેગલનું અતિઆત્યંતિક વલણ, પોતે જ પ્રભાવક હોવા છતાં–તેને મર્યાદિત મૂલ્યવાળું બનાવી દે છે. કારણ પ્રજ્ઞા તેની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પરાકાષ્ઠાએ પહોંચે તો પણ આખરે માનવબુદ્ધિની શક્તિ મર્યાદિત છે. જ્યાં માનવતર્કનાં તોલમાપ કામે લાગતાં નથી પણ જ્યાં કોઈ વિલક્ષણ ગૂઢ રહસ્યવાદી નિયમો જ લાગુ પડતા હોય છે... એવી અધ્યાત્મની અગણિત અગાણિતિક નવીન અને ઉચ્ચતર શક્યતાઓને કલ્પી કે સમજી શકવા માટે પ્રજ્ઞા–બુદ્ધિ પંગુ ઠરે છે. 'વિકાસની પૂર્ણતા એટલે પૂર્ણ પ્રજ્ઞાવાન્ મનુષ્યોથી ઊભરાતી સૃષ્ટિ' એવી હેગલની વિભાવનાનો ચરમ સત્ય તરીકે સ્વીકાર કરવામાં આવે તો આજે માનવવિજ્ઞાને અણુસંશોધન, અવકાશયાત્રા, ચંદ્ર પર ઊતરાણ આદિ જે બુદ્ધિનાં ઉત્તુંગ શૃંગો સર કર્યાં છે તે જોતાં ભવિષ્યમાં દિવ્ય કે અતિમાનવપદે પહોંચવાની સર્વોચ્ચ ધ્યેયની સંભાવના તો સ્વપ્ન સમાન જ માનવી પડે.

(૨) થીસિસ, એન્ટીથીસિસ અને સિન્થીસિસની ત્રિપાંખિયા પદ્ધતિની ચુસ્તતાને લીધે હેગલની વિકાસપ્રક્રિયા બંધિયાર બની જાય છે. ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે, વિચારનો ગતિ કરવાનો માર્ગ કાંઈ સાંકડી ગલી નથી. It is not mere triadic but poliadic free movement. અભિવ્યક્તિની તેની ગતિક્ષમતા ત્રિમુખી જ નહીં પણ બહુમુખી છે.

(૩) વળી હેગલનો સિદ્ધાન્ત વિકાસપ્રક્રિયાને પૂર્વનિર્ધારિત દિશામાં જ ગતિ કરવાની ફરજ પાડે છે. બુદ્ધિએ અગાઉથી નિશ્ચિત કરેલા (scheduled) નકશા પ્રમાણે જ વિકાસનાં નિશ્ચિત સ્વરૂપો જાણે એક પછી એક પ્રકટ થતાં જાય છે. અતીત અને અનાગત વચ્ચે એ બૌધિક સેતુદ્વારા સાતત્ય જાળવે છે, એટલે એમાં બુદ્ધિએ પહેલેથી નક્કી કર્યા સિવાયનું કશું જ નવું પ્રકટ થવાની શક્યતા નથી. જેમ કોઈ વીજળીની સ્વીચ દબાવીએ અને ચપોચપ બત્તીઓ પ્રકટે કે પંખા ફરવા માંડે તેમ Beingથી Absolute સુધી વિચારની અસંખ્ય શ્રેણીઓ આપોઆપ નિશ્ચિત (routine) ક્રમ પ્રમાણે આવિર્ભાવ પામતી જાય છે......પરંતુ શ્રી અરવિંદે કહ્યું છે તેમ ઉત્ક્રાન્તિ તો સચ્ચિદાનંદ (Absolute)ના અનેકવિધ અવિર્ભાવોનું વાહન છે, એમાં કશું જ પૂર્વનિર્ધારિત નથી. It knows no predetermination.

(૪) હેગલનું સર્વોપરી તત્ત્વ તો અપૂર્ણ અને સસીમ છે, સાન્ત છે. તે આત્માની જેમ સ્વયંપૂર્ણ અને અસીમ–અનંત નથી. એટલે ઉત્ક્રાન્તિના ચરમ બિન્દુ રૂપ સર્વોપરી Absoluteના સંપૂર્ણ સત્યસ્વરૂપની ઉપલબ્ધિ માટે વર્તમાન બુદ્ધિના ક્ષેત્રથી પરનાં અનેક સોપાનો ભાવિ વિકાસયાત્રામાં ચઢવાનાં બાકી રહે છે કે જે ચઢતાં બુદ્ધિ પણ શુદ્ધિ અને પૂર્ણતાને પામી રહેશે.

કહેવાની જરૂર નથી કે મન–બુદ્ધિથી ઉપરનાં આ સોપાનો માટે શ્રી અરવિંદે ઊર્ધ્વમન (Higher Mind), પ્રબુદ્ધમન (Ilumined Mind), પ્રાજ્ઞમન (Intuitive Mind) અને અધિમનસ (overmind) જેવી સંજ્ઞાઓ આપીને કહ્યું છે કે The Supermind is above all these. અતિમાનસ આ બધાંથી પર છે. એમના મતે આ સૃષ્ટિ અતિમાનસની અંતર્વ્યાપ્તિ છે અને ઉત્ક્રાન્તિ એની અભિવ્યક્તિ છે.

વળી હેગલના એબ્સોલ્યુટની મૂર્તિ કૃતક છે, તે વર્તમાન માનવની મતિએ ઘડેલી મૂર્તિ છે. સાંપ્રતકાળમાં માનવનાં મન–મતિએ જે વિકાસ સાધ્યો છે તે ગમે તેટલો ઉચ્ચ અને આશ્ચર્યકારક હોય પણ તે કાંઈ અન્તિમ નથી. તાત્પર્ય કે ભાવિ વિકાસયાત્રામાં ઉચ્ચતરતમ ચેતનાનો આવિર્ભાવ થતો જશે–થશે ત્યારે હેગલે રચેલી સર્વોચ્ચ એબ્સોલ્યુટની પ્રતિમા-વિભાવના ખંડિત થઈ જશે.

(૫) સર્વોપરી તત્ત્વ (એબ્સોલ્યુટ)ને વ્યક્તિ પહોંચી કે પામી શકે તે માટે હેગલે વ્યક્તિ અને એબ્સોલ્યુટ વચ્ચે તાર્કિક વિચારોનાં પગથિયાંવાળી બૌદ્ધિક નિસરણી આપી છે, અને એને પદાક્રાન્ત કરવાનો પુરુષાર્થ વ્યક્તિએ–મનુષ્યે પોતે જ કરવાનો રહે છે. એમાં એબ્સોલ્યુટની દરમ્યાનગીરીની કોઈ જરૂરિયાત હોવાનું હેગલને ઈષ્ટ જણાતું નથી. પરંતુ પૌર્વાત્ય દર્શનોના પાયાના સિધ્ધાંતનો જો આપણે વિચાર કરીએ તો સ્પષ્ટ જણાશે કે વિકાસક્રમના પ્રત્યેક પગથિયે મનુષ્યની અને પ્રકૃતિની સાધનાને સચ્ચિદાનંદના સ્પર્શની જરૂર રહે છે જ. મહર્ષિ અરવિંદ તો સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે દિવ્ય કૃપાના અવતરણ (Divine Descent) વિના સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર બિલકુલ શકય નથી. મનની પેલે પારની વિકાસયાત્રા માટે–ઈષ્ટના અનુગ્રહ વિનાનો–કેવળ મનનો પુરુષાર્થ અપૂર્ણ અને નિષ્ફળ નીવડે છે. ' The inadequate–unaided effort of the mind must await the Divine Descent'.

(૬) હવે છેવટનો સમગ્રીકરણ અથવા એકત્વ (Integration)નો મુદ્દો તપાસીએ. કારણ બધા ચિંતકોની જેમ હેગલે પણ અંતિમ એકત્વને ઉત્ક્રાન્તિના પાયાના સિધ્ધાંત તરીકે સ્વીકાર્યો છે. પરંતુ આ એકત્વની અંતિમ પરિસ્થિતિ વિષેની હેગલની માન્યતામાં થોડો ફેર પડે છે. હેગલના સિધ્ધાંત પ્રમાણે વિકાસક્રમમાં પાછળનાં નિમ્ન ભૂમિકાનાં તત્ત્વો ઉચ્ચતર તત્ત્વોમાં રૂપાન્તર પામતાં છેવટે તેમાં ભળી જાય છે. ત્યારે તેમનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. પરંતુ શ્રી અરવિંદ વગેરેના મત પ્રમાણે જડ પદાર્થ, પ્રાણ–જીવન, મન, ઊર્ધ્વ મન–આદિ પાછળનાં તત્ત્વો વિકાસ–પ્રક્રિયા દરમ્યાન એકબીજા સાથે સમન્વય–સંવાદ સાધતાં જાય છે ત્યારે તેઓનું અલગ વ્યકિતત્વ વિલોપન પામતું નથી પણ ઉચ્ચતર સ્વરૂપોમાં રૂપાન્તર પામે છે.

આમ પશ્ચિમના સમર્થ ચિન્તક હેગલની વિચારધારા અત્યંત ઉત્કૃષ્ટ હોવા છતાં તેની બૌદ્ધિક સર્વોપરિતા, ત્રિપાંખિયાં ગતિપદ્ધતિ, પૂર્વનિશ્ચિત યાત્રાપથ, બુદ્ધિપરક સાતત્ય, અને ખાસ તો આધ્યાત્મિક દૃષ્ટિનો અભાવ......જેવાં કારણોને લીધે તેમાં ઘણી નબળી કડીઓ રહી જવા પામી છે. તેમાં મુખ્ય તો આધ્યાત્મિકતાનો અભાવ છે કારણ કે હેગલની ઈશ્વર વિષેની વિભાવના જ આ પ્રકારની છે.

'God is the Idea, the timeless totality of all possibilities of evolution'.

સંદર્ભ–સૂચિ

૧ આ લેખમાં નિર્દિષ્ટ કરેલા લેખકો અને ગ્રન્થો, ઉપરાંત

૨ Logic ; Hegel.

૩ Prollgomena to the study of Hegal's Philosophy; William Wallace.

૪ Introduction to Hegel; G. R. G. Mure.

૫ Hegel ; Caird, E.

૬ Articles by Mr. S. K. Maitra and Dr. Indra Sen, Published in the issues of 1943-46-49 of 'Shri Aurobindo Mandir Annual.'

૭ The Life Divine, Vol. I. II ; Shri Aurobindo.

૮ Indian Philosophy, Vol. I. II : Dr. S. Radhakrishnan.

૯ A History of Indian Philosophy : Dr. S. N. DasGupta.

૧૦ The Chief currents of Contemporary Philosophy ; Dr. D. M. Datta.

૧૧ Introduction to Philosophy : G. T. W. Patric.

બંધાર ભટ્ટવિરચિત 'અભિમન્યુવિવાહ'

દેવદત્ત જોશી

પ્રાચ્યવિદ્યા મન્દિર (વડોદરા)ની હસ્તપ્રત નં. ૮૮૦(a)માં પ્રસ્તુત કૃતિ મળે છે. હ. પ્ર. ૯ ઇંચ લાંબી અને ૫ ઇંચ પહોળી છે, જેમાં અન્ય કવિઓની કૃતિઓ સમાવિષ્ટ છે, પ્રતના મરોડ બેસાડવા પડે તેવા છે. પાન અતિ જીર્ણ નથી. શરૂઆતનું પાનું 'કુંવરબાઈનું મામેરું' ક. ૮નું છે. પૃ. ૭ થી પૃ. ૮૩ સુધીમાં કૃતિનો વિસ્તાર છે. પ્રત ઉપર નોંધ છે- **Original by Virji Bhatt, enlarged version by Bandhara Bhatt, Who lived after** 1728 વિ. સં. **When the Original was Composed.**

વીરજી ભટ્ટની કથામાંથી પ્રેરણા લઈ એણે કથાવિસ્તાર કર્યો છે. કૃતિનો ર. સં. ૧૭૨૮ છે. મોઢ બ્રાહ્મણ દવે ઉત્તમરામ નાથાની માલિકીની હ. પ્ર.ના લહિયા મહેતા દયારામ દુર્લભરામે સં. ૧૮૭૦માં લખી છે. પચીસ કડવાં અને ૨૧૩ પદની આ કૃતિ વિષેની માહિતી કૃતિને અંતે ફલશ્રુતિ પછી મળે છે.

"અભિમાંન વેહેવા શાંભલે શીખે શુણે ને ગાએ
અવળાંનું શવળુ કરે ત્રેહેને કૃષ્ણ શરખા શાહે...ધ્રુવપદ
શોતાંજંન શહુ શાંભળો તેહેની પોચે આશ...અવળાંનું.
શ્વંત ૧૭૨૮ માંહાં ગ્રંથ પુરંણ થાએ...અવળાંનું.
વઈશાખ શુદી પચમી અને વાર ગરૂ કેહેવાએ...અવળાંનું.
તે દીવશે શંમપુરંણ થઊ પરીપૂરંણ એ આંખાંન...અવળાંનું.
શુધ અશુધ જાંણૂ નહી ગુણ કહા શ્રીભગવાંન...અવળાંનું.
ગ્રંથના શેક્ષેપ મધે પદ બશે ને તેર...અવળાંનું.
પંચવીશ કડવાં બાંધીઆં જુજવે રાગે ફેર...અવળાંનું.
બરાંનપોર બરાંનપોર મધે વીરજી ભાટ નાંમ
તેહે તણી કરૂણાં કરી કથા કહી શ્રીભગવાંન
વલંણ–તે માટે કથા પુરંણ વીશ્તારી બંધાર ભટ કેહે
શોતાંજન શહુ શાથે કોહો હરી હરી" પૃ. ૮૨

કવિ વિષે શ્રી. કે. કા. શાસ્ત્રીએ "કદાચ આધાર ભટ્ટ હોય" એવી અને કૃતિ વિષે 'અપ્રસિદ્ધ' 'કૃતિ પ્રેમાનંદની' એવી નોંધ આ જ હસ્તપ્રતને આધારે કરી છે.[૧] આધાર ભટ્ટ

૧ 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી,' પ્ર. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૩૯ આવૃત્તિ ૧, પૃ. ૧૩૨.

વિષેની નોંધમાં પ્રસ્તુત કૃતિનો ઉલ્લેખ નથી. આધાર ભટ્ટ વિષે શ્રી. રમણિક શ્રીપતરાય દેસાઈએ નોંધ કર્યા પ્રમાણે તેના બાપનું નામ કડુજી અને દાદાનું નામ દેવનારાયણ હતું. તે ભરૂચનો ભીતરા ખેડાવાળ બ્રાહ્મણ હતો. તેણે 'સુરેખાહરણ' રચ્યું છે, જેનો ર. સં. ૧૭૨૦ વૈશાખ સુદ ૫ છે, જેનાં કડવાં ૨૫ છે. અપ્રસિદ્ધ એવી એ કૃતિની અસલપ્રત ગુજરાતી પ્રેસની છે. વિશેષ માહિતી આપતાં શ્રી. દેસાઈએ નોંધ્યું છે—"મં. ર. મ. માને છે કે એ પ્રેમાનંદના શિષ્ય વીરજીએ લખ્યું છે."[1] પ્રસ્તુત કૃતિ પણ વૈશાખ સુદ પાંચમે રચાઈ છે અને એ ૨૫ કડવાંની છે. ર. સં. જુદો પડે છે. શ્રી. દેસાઈના પુસ્તકમાં બંધાર ભટ્ટ વિષે નોંધ મળતી નથી. એથી બંધાર ભટ્ટ તે જ આધાર ભટ્ટ એમ નક્કી કરવું મુશ્કેલ છે. એમની નોંધ પ્રમાણે શ્રી. મંજુલાલ મજમુદારના અભિપ્રાય મુજબ આધાર ભટ્ટનું 'સુરેખાહરણ' વીરજીએ લખ્યું છે, પ્રા. વિ. મં.ની આ હ. પ્ર. ઉપરની નોંધ પણ વીરજી ભટ્ટની કૃતિના વિસ્તારરૂપે પ્રસ્તુત કૃતિ રચાયાનું દર્શાવે છે. શ્રી. દેસાઈએ વીરજી વિષે નોંધ કરી છે કે "એનું લખેલું "સુરેખાહરણ" આધાર ભટના નામે ચડેલું છે.[2] વીરજીની કૃતિઓની નોંધમાં શ્રી. શાસ્ત્રી અને શ્રી. દેસાઈએ 'સુરેખાહરણ'નો ર. સં. ૧૭૨૦ નોંધ્યો છે. આધાર ભટ્ટે 'સુરેખાહરણ' લખ્યું છે, (શ્રી. દેસાઈની નોંધ પ્રમાણે) જેનો ઉલ્લેખ શ્રી. કે. કા. શાસ્ત્રીની આધાર ભટ્ટ વિષેની નોંધમાં નથી પણ બંધાર ભટ્ટ વિષેની નોંધમાં આગળ જણાવ્યું તેમ "કદાચ આધાર ભટ્ટ હોય" એવો ઉલ્લેખ છે. આધાર ભટ્ટની કૃતિ 'શામળશાહનો વિવાહ'ની પાદટીપમાં એમણે નોંધ્યું છે "હરિદાસની કૃતિ છે; આધાર ભટ્ટે પોતાનું નામ દાખલ કર્યું છે. આ ભટ્ટ ભરૂચનો ખેડાવાલ બ્રાહ્મણ હતો. "નરસિંહ મહેતાનું આખ્યાન"માં આવતા "વિવાહ–ચરિત્ર"માં પ્રબંધ ૨–૧૦ પણ આ કાવ્યમાંથી છે. ત્યાંના પંદરે પ્રબંધમાં પણ આધાર ભટ્ટનું નામ મળે છે."[3] આ નોંધ ઉપરથી જણાય છે કે અન્યની કૃતિઓ પરથી થોડા ફેરફાર સાથે નવે નામે કૃતિ રજૂ કરનાર આધાર ભટ્ટ છે. પ્રસ્તુત કૃતિ વીરજીની કૃતિ 'સુરેખા-હરણ' ઉપરથી રચાઈ છે. એટલે બંધાર ભટ્ટ તે જ આધાર ભટ્ટ છે એમ માનવા પ્રેરાઈએ. શ્રી. મજમુદારના કહ્યા પ્રમાણે 'સુરેખાહરણ' પ્રેમાનંદશિષ્ય વીરજીએ લખ્યું છે, જે પ્રા. કા. ત્રૈ. ૧૮૮૯ પુ. ૫ અં. ૩માં પ્રસિદ્ધ છે (શ્રી. કે. કા. શાસ્ત્રીએ બૃ. કા. દો. ભાગ ૨જામાં મુદ્રિત એવી નોંધ કરી છે પણ તેમાં એ કૃતિ નથી) પરંતુ વીરજીનો અને આધાર ભટ્ટનો ર. સં. જુદો પડે છે. વીરજીનો ર. સં. એના જ શબ્દોમાં :

"સંવત સત્તર વીશમાં, ગ્રંથ પૂરણ થાય;
(એ) આદિમતમ ગ્રંથ છે ખરા, પણ મંછાની કરજો સહાય. ૨૯
પોષ સુદી પંચમી પૂર્ણ વાર ગુરૂ કહેવાય;
તે દિવસ પૂરૂં થયું, હરણ સુરેખાય". ૩૦[4]

---

૧ "પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ", પ્ર. વ્યવસ્થાપક: ધી લુહાણામિત્ર પ્રિં. પ્રેસ, વડોદરા, (શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ, ૩૧૦), ૧૯૪૯, પ્રથમાવૃત્તિ, પૃ. ૨૦–૨૧

૨ એજન, પૃ. ૩૩૦

૩ ગૂ. હા.ની સંકલિત યાદી, પૃ. ૧૦

૪ શ્રોફ હી. વ્ર. સંપાદિત પ્રા. કા. ત્રૈ. ૧૮૮૯, પુ. ૫, અં. ૩, પૃ. ૭૫

જ્યારે આધાર ભટ્ટની કૃતિનો ર. સં. ૧૭૨૦ વૈશાખ સુદ ૫ શ્રી. દેસાઈએ નોંધ્યો છે.[૧] બંધારે ભટ્ટે વીરજીની કૃતિ પરથી રચેલી પ્રસ્તુત કૃતિનો ર. સં. ૧૭૨૮ વૈશાખ સુદ ૫ વાર ગુરુ આપેલો છે. એટલે બંધાર ભટ્ટ તે આધાર ભટ્ટ એ સ્વીકારવામાં મુશ્કેલી છે. બંધારે વીરજીના ઋણસ્વીકાર સાથે પ્રસ્તુત સ્વતંત્ર કૃતિની રચના કરી છે એટલું જરૂર કહી શકાય.

મૂળ મહાભારતમાં અભિમન્યુની કથા કંઈક આ પ્રમાણે છે.

જ્યારે દેવતાઓએ પૃથ્વીનો ભાર ઉતારવા અવતાર લીધો ત્યારે ચંદ્રના પુત્ર વર્ચાએ અભિમન્યુ તરીકે અવતાર લીધો હતો. તેના જન્મસમયે ચંદ્રએ દેવતાઓને કહ્યું હતું કે મારા પુત્રને પૃથ્વી પર મોકલવા ઈચ્છતો નથી; પરંતુ અસુરોનો વધ કરવો એ આપણું કર્તવ્ય છે એટલે વર્ચા મનુષ્ય તો બનશે પણ પૃથ્વી પર વધુ વખત રહેશે નહિ. ઈન્દ્રના અંશથી મનુષ્ય તરીકે અર્જુન જન્મશે, જે નારાયણના અવતારી શ્રીકૃષ્ણ સાથે મિત્રતા કરશે. તેના પુત્ર તરીકે મારો પુત્ર જન્મ લેશે. નરનારાયણની ઉપસ્થિતિ ન રહેતાં મારો પુત્ર ચક્રવ્યૂહને ભેદશે અને ખુનખાર યુદ્ધ કર્યા બાદ સાયંકાળમાં તે પાછો આવી મને મળશે. એની પત્નીને જે પુત્ર થશે તે કુરુવંશનો વંશધર થશે. બધા દેવતાઓએ ચંદ્રના વચનને સ્વીકારી લીધું. અભિમન્યુનો જન્મ થયો ત્યારથી માંડીને તેની સર્વ શુભ ક્રિયાઓ કૃષ્ણે કરી. અર્જુને તેને અસ્ત્રશસ્ત્રવિદ્યામાં પારંગત કર્યો.

પાંડવોએ દ્યુતમાં હારી જઈ બાર વર્ષનો વનવાસ ભોગવ્યો. એ પછી વિરાટરાજાને ત્યાં અજ્ઞાત-સ્વરૂપમાં રહ્યા. જ્યારે વિરાટરાજાને ઓળખાણ પડી ત્યારે વિરાટકુંવરે ઉત્તર અર્જુનનાં પરાક્રમોની વાત કરી પાંડવોને પ્રસન્ન કરવાનો રાજા માટે આ અવસર હતો. તેમણે યુધિષ્ઠિરની માફી માગી સર્વસ્વ સોંપવાની તૈયારી બતાવી અને અર્જુન સાથે ઉત્તરાના વિવાહ માટે પ્રસ્તાવ મૂકયો. અર્જુને ઉત્તરાને પુત્રીભાવે જોઈ હતી. નૃત્યસંગીતજ્ઞ એવા તેના પ્રત્યે ઉત્તરાએ ગુરુ તરીકે જોયું હતું તેથી અર્જુન ઉત્તરાને અભિમન્યુ સાથે પરણાવી પુત્રવધૂના રૂપે સ્વીકારવા કબુલ થયો. તેર વર્ષ થઈ ગયાં હોવાથી પાંડવો વિરાટના ઉપપ્લવ્ય નામના સ્થાનમાં જઈને રહ્યા. પાંડવોના વનવાસ વખતે કૃષ્ણ, અભિમન્યુ અને સુભદ્રાને દ્વારકા તેડી ગયા હતા. વિરાટરાજાનું નિમંત્રણ મળતાં કૃષ્ણ અને બલરામ અભિમન્યુની જાન જોડીને વિરાટનગરમાં આવી પહોંચ્યા. ધામધૂમથી લગ્નવિધિ થયો.

જ્યારે મહાભારતનું યુદ્ધ થયું ત્યારે દ્રોણે ચક્રવ્યૂહ રચ્યો. તેને તોડવા યુધિષ્ઠિરે અભિમન્યુને કહ્યું. અભિમન્યુની મુશ્કેલી એ હતી કે વ્યૂહને તોડવાનો ઉપાય તે જાણતો હતો પણ નીકળવાનો ઉપાય જાણતો ન હતો. જો ફસાઈ જાય તો નીકળી નહિ શકે. સેનાને ભેદીને અમારે માટે રસ્તો કર, પછી તું જે માર્ગેથી જઈશ એ માર્ગે અમે પાછળ પાછળ ચાલી તારું રક્ષણ કરીશું એવી યુધિષ્ઠિરે સલાહ આપી. અભિમન્યુએ દ્રોણ તરફ રથ લેવડાવ્યો. દ્રોણ, કર્ણ, અશ્વત્થામા, શલ્ય વગેરેનો સામનો કર્યો. શલ્ય ઘાયલ થયો ત્યારે કૌરવસેનામાં નાસભાગ થતી દ્રોણે જોઈ. અભિમન્યુ અને દુઃશાસન સામસામે આવી ગયા. કર્ણ મેદાન છોડી નાસી ગયો. વ્યૂહ તૂટી ગયો. જયદ્રથે દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરીને પાંડવોને સેના સાથે રોકી લીધા. જયદ્રથને શંકરનું

૧ પ્રા. ક. અને તેમની કૃતિઓ, પૃ. ૨૧

વરદાન હતું કે અર્જુન સિવાયના ચાર પાંડવોને જીતી શકશે. અભિમન્યુએ એનો પણ સામનો કર્યો. એણે જ્યારે ગંધર્વાસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે દુર્યોધનસહિત ઘણા નાસી ગયા. દુર્યોધનપુત્ર લક્ષ્મણનો જ્યારે તેણે વધ કર્યો ત્યારે દ્રોણ વગેરે છ મહારથીઓએ તેને ઘેર્યો. તેનાં ધનુષ્ય–પ્રત્યંચા તોડી ઘોડા, પાર્શ્વરક્ષક તથા સારથીનો નાશ કર્યો. ઢાલ–તલવાર, ચક્ર, ગદા વગેરેથી તે લડ્યો. દુ:શાસનપુત્ર અને અભિમન્યુ એકબીજાના પ્રહારથી પડ્યા. દુ:શાસનપુત્ર પહેલો ઊભો થયો. અભિમન્યુ હજી ઊઠી રહ્યો છે ત્યાં દુશાસનપુત્રે તેના માથામાં ગદા મારી. આ પ્રમાણે બધાએ ભેગા થઈ તેને માર્યો.

અભિમન્યુ મૃત્યુ પામ્યો ત્યારે ઉત્તરા ગર્ભવતી હતી. તેને પરીક્ષિત નામે પુત્ર જન્મ્યો, જેણે ભારતવંશ પ્રવર્તાવ્યો.

બંધાર ભટ્ટે ઘણે ભાગે કથામાળખું વીરજી પ્રમાણેનું જ રાખ્યું છે. પાઠભેદ સાથે ઘણી પંક્તિઓમાં સામ્ય છે. બન્નેના કડવાક્રમમાં ફેર છે. વીરજીમાં જે કથા ક. ૪માં છે તે બંધાર ભટ્ટમાં ક. ૨માં છે. વીરજી ઘણે ઠેકાણે વિસ્તાર સાધતો જણાય છે. મૂળકથા કરતાં ઘણા ફેરફારો સાથેની 'અભિમન્યુવિવાહ'ની કથા આ પ્રમાણે વહે છે.

દુર્યોધન, કર્ણ અને શકુનિની સલાહ લે છે ત્યાંથી પ્રતમાં કથાનો તંતુ પકડી શકાય છે. બલિભદ્રની દીકરી સુરેખાનો વિવાહ અભિમન્યુ સાથે ન થતાં દુર્યોધનપુત્ર લક્ષ્મણ સાથે થાય એ સંબંધમાં વાતચીત થાય છે. દ્વારિકા જઈ વિદુર માગું કરે અને પાંડવો તો વનમાં રઝળીને મરી ગયા એવી વાત કરે. ધૃતરાષ્ટ્ર વિદુરને બોલાવી વાત કરે છે. ધૃતરાષ્ટ્રને ઠપકો દઈ કચવાતે મને વિદુર દ્વારિકા જાય છે. કૃષ્ણને પ્રણામ કરી અભિમન્યુ વેરે માગી છે તે સુરેખા વરસ નહિ ખમે એમ જણાવી દુર્યોધનપુત્રનું માગું કરે છે. સુરેખા અભિમન્યુને વરવાની તે ભવિષ્ય પાછું કેમ ટાળી શકાય એ બાબતે કૃષ્ણને આશ્ચર્ય થાય છે. બલિભદ્રના નિર્ણય ઉપર તેમણે છોડયું. બલિભદ્રએ શ્રીફળ, પત્રિકા આપ્યાં. કૃષ્ણે એક મહિના પછી જાન લઈને આવવા કહ્યું. હસ્તિનાપુરમાં લગ્નપત્રિકા સાંભળી સૌને આનંદ થાય છે. લગ્નની ધામધૂમ થાય છે. દેશદેશના રાજાઓ આવ્યા. અક્ષૌહિણી સેના મળી છે. ચાર દિવસ વીતવા છતાં કુન્તા–સુભદ્રા–ભીષ્મ જાણતાં નથી. એક દિવસ અર્જુનપત્ની દાતણ કરે છે ને વિદુર આવે છે. તેને પૂછે છે કે આ પંચશબ્દ નિશાન ગડગડે છે તે શું પાંડવો ગયા તેનો આનંદ કરે છે? વિદુરજીએ વાત કરી. એ સાંભળી સુભદ્રા બેભાન થઈ જાય છે. તેને થાય છે કે શ્રીકૃષ્ણ ત્યાં હોવા છતાં બલિભદ્રે આ શું કર્યું? વિદુરે આશ્વાસન આપ્યું. સાંજે અભિમન્યુ આવ્યો. સુભદ્રાને ઉદાસ થવાનું કારણ પૂછ્યું, સુભદ્રાએ પાંડવોની લાજ જશે, તું પડ્યો રહે ને પિત્રાઈ પરણે તે કેમ સહન થાય એમ જણાવ્યું ત્યારે અભિમન્યુએ પિતા વિના પોતે શું કરી શકે, ઘણી કન્યાઓ મળશે, આ લોકોનો અવસર બોળવો નથી, મૌન રાખો વગેરે પ્રતિભાવ જણાવતાં સુભદ્રાએ તેની કાયરતા માટે ફિટકાર વરસાવ્યો. અભિમન્યુએ કૃષ્ણમાં વિશ્વાસ સાથે રથ, અશ્વ વિના શું કરું એમ કહેતાં વિદુર પાસે તે માગવાનું સુભદ્રા સૂચન કરે છે. વિદુર પાસે મોસાળ જવા રથની માંગણી કરતાં ઇન્દ્રે રથ મોકલ્યો. પિયર જઈને આવું છું એવી કુન્તાની અનુજ્ઞા લઈ સુભદ્રા આયુધસજ્જ અભિમન્યુ સાથે નીકળે છે. સારથી નથી એવી અભિમન્યુની વાણી સાંભળી સુભદ્રા સારથ્ય કરવા તૈયાર થાય છે.

જાન પહોંચે તે પહેલાં પહોંચવું છે તેથી તેજગતિએ રથ દોડાવે છે. મહાઅરણ્યમાં ભૂલાં પડે છે. એ વન હેડંબાવન છે. પર્વતમાં વાઘ ગર્જે છે. સુભદ્રા અગ્ન્યાસ્ત્ર મૂકવા પુત્રને કહે છે. બાણના તેજથી દવ બળે છે. વનરાક્ષસે ઘટોત્કચને તે વાત કરતાં ચોપાસથી રાક્ષસો આવી પહોંચે છે ને યુદ્ધ થાય છે. વન કેમ બાળ્યું કહી ઘટોત્કચ શિલા મારે છે. અભિમન્યુ બાણથી તે તોડે છે. હેડંબા આ વાત જાણતી નથી પણ ઘટોત્કચ પડવાથી દાડમના રોપા ઢળી પડ્યા ત્યારે તેને આશ્ચર્ય થયું અને મારા પુત્રને કોણે રણમાં પાડચો તે પૂછવા લાગી. અમૃતકૂપીથી પુત્રને સજીવન કર્યો. અભિમન્યુ પ્રત્યે ક્રોધ કરી રૂપ વધાર્યું. અભિમન્યુને ભય લાગ્યો પણ છતાં સામનો કરવાની તૈયારી બતાવી. ઘટોત્કચને અંભિમન્યુનો રથ ભાંગવાની આજ્ઞા કરતાં તેણે માયાવી ચાર રૂપ ધરી ઘેરો ઘાલતાં અભિમન્યુ મૂર્ચ્છિત થયો. એટલે સુભદ્રા વિલાપ કરે છે અને અર્જુન, ભીમ વગેરેને યાદ કરે છે. એથી હેડંબાએ એ પોતાનાં કુટુંબીઓ છે એમ જાણ્યું. ઘટોત્કચને ભાઈ ઓળખાવ્યો. અમૃતકૂપીથી અભિમન્યુને બેઠો કર્યો. ફરીથી લડવા તત્પર બન્નેને હેડંબાએ છોડાવ્યા. કાકીને પગે લાગી અભિમન્યુનો રથ પોતાને ઘેર લેવડાવી પ્રદક્ષિણા કરી ઘટોત્કચે સુખદુઃખ જણાવવા કહ્યું. વાત જાણી અભિમન્યુને પરણાવવાની પ્રતિજ્ઞા લઈ દુર્યોધનની અઢાર અક્ષૌહિણી સેના સામે ઘટોત્કચે સૈન્ય ભેગું કર્યું અને દશમા દિવસે દ્વારિકા આવ્યો. કૃષ્ણ સિવાય આ વાત કોઈ જાણતું નથી. બીજે દિવસે કૌરવની જાને નગર બહાર મુકામ કર્યો. સામા જઈ દુર્યોધનને ભેટવાની બલિભદ્રે વાત કરતાં કૃષ્ણ તેમને જવા કહે છે, પોતે જતા નથી. પાંચમી વરધે સુરેખાને પીઠી થાય છે. ઘટોત્કચે પોતાની સેનાને દુર્યોધનની સેનામાં ભળી જવા કહ્યું. હાટ નિર્માણ કરી તેમાં શાકભાજીનું રૂપ લેવાની આજ્ઞા કરી. દુર્યોધનના માણસોને ઘેર ઘેર એ રીતે ઘટોત્કચના માણસો ફેલાઈ ગયા. ત્યાં જઈને પોતાનું રાક્ષસીરૂપ પ્રગટ કરવા માંડયું. કાકડી પાછળ પડતાં સ્ત્રીઓ વસ્ત્ર નાંખીને નાસે છે. એ જ રીતે પંડોળાં, તુરિયાં ભુજંગ બની ફેણ માંડે છે. જેવા હાલ ઘરમાં તેવા જ જાનમાં થયા. ઘોડા ભડકયા અને આખા ગામમાં નાસભાગ થઈ રહી. કૃષ્ણ આગળ ચિંતા વ્યક્ત કરતાં હળધરને કૃષ્ણએ કહ્યું કે તમે આરંભમાં ગણપતિનું નામ નહિ લીધું હોય. દહેરે જઈ રુદ્રને આરાધો. લોકો તે ઉપાય કરે છે અને ઘટોત્કચે માયાનું સ્મરણ કરતાં હરિ મનમાં હસે છે. ઘટોત્કચે સૌને નિર્ધન બનાવવા પશુનાં રૂપો લેવડાવ્યાં. કોઈ રાક્ષસ હાથી તો કોઈ બળદ, કોઈ અશ્વ બન્યો. હાટમાં દુર્યોધને હાથીની કિંમત લાખ રૂપિયા જાણી કંઈક ઓછું કરવા કહ્યું. હાથીના ધણીએ કહ્યું, તારાથી નહિ લેવાય. એ તો કોઈ યુધિષ્ઠિર જેવો લેશે. દુર્યોધને ખરીદ્યો પણ બીજે દિવસે તે આંગણામાં નથી. સાંઢણીઓ સૌએ એક એક ખરીદતાં નિર્ધન થઈ ગયા. એ પછી રૂપ હરવા વિવિધ વસ્ત્રનું રૂપ લીધું. દોશીની દુકાન માંડી બેઠા. બેએક દિવસમાં જાનના માણસોએ ખરીદી લીધું. લગ્નનો દિવસ આવ્યો. ઘટોત્કચે ઘેર આવી ગ્રહશાંતિ વગેરેના સમાચાર કાકીને કહી ગામમાં જઈ એક વિપ્રને લાવી સુભદ્રા પાસે હાજર કર્યો. વિપ્ર ભય પામે છે. ઘટોત્કચે બે હજાર માયાવી સ્ત્રીઓ ઊભી કરી. વેવાણ થઈ કૌરવપરિવારમાં ભળી, મામી–માસી થઈ વસ્ત્રની છાબડી, કુંકુમપડો, શ્રીફળ, સુખડી હાથમાં રાખ્યાં. વેવાણ બલિભદ્રને દ્વાર આવે છે. આચમન આપે છે. ભીડને કારણે થોડી પરસાળમાં, આંગણામાં બેઠી. સુરેખા ગોખમાં બેઠી. કન્યાને બતાવાય છે. વરમાયા થઈ ઘટોત્કચ વચમાં બેઠો છે. સુરેખાને સ્ત્રીઓ ત્યાં લાવે છે. પવનકુમાર તેને ઉછંગે લઈ ઊડે છે, અર્જુનપત્નીને સોંપે છે અને લગ્નવેળાએ આ બ્રાહ્મણ પરણાવશે, પરણાવજો કહી કન્યાનું રૂપ લઈ પોતે ગયો. હળધરે

અંગવસ્ત્રી આપી પીઠી નીરી. વરકાકીએ કન્યાને માયાને હાથ સોંપી. બધાં ઊઠ્યાં. આજ્ઞા માગી. ઘટોત્કચ કન્યા થયો (આગળ પવનકુમારે કન્યાનું રૂપ લીધાની વાત છે). સુરેખાને ઠામ પુત્રી થઈ ઘરનું કામ કરે છે. લાડ કરતી ભૂખ લાગી છે કહી રેવંતી પાસે રૂદન કરતી આવે છે. માયા કહે છે જે જાનને માટે ખાવા કર્યું છે તે ખા. એક પછી એક સાતે ય ઓરડાનાં પકવાન્ન ખલાસ કર્યાં, છતાંય રેવંતીનો છેડો ઝાલી ભૂખે કરગરતાં સાસરામાં તેડી જતાં ત્યાં જે હતું તે ખાધું. મા રીસમાં રડે છે. બળભદ્ર જાન શું ખાશે તેની ચિંતા કરે છે. કૃષ્ણ તેમને ઠપકો દે છે, વડીલ થઈને આમ કરો છો? તેણે બે કટકા ખાધા તેથી શું વત્તુંઓછું થઈ ગયું? કૃષ્ણની કૃપાદષ્ટિથી કોઠારો પાછા ભરાઈ ગયા. કલવો મોકલવા કૃષ્ણ સૂચન કરે છે. જાન નીકળે છે. માંડવે બધા રિવાજો પછી કન્યાદાન, મધુપર્ક ઈત્યાદિ થાય છે. વરકન્યાના હાથ અંતરપટમાં મળે છે. વરને હર્ષ થાય છે પણ કન્યા કર ઘોળે છે ત્યારે પ્રાણ જતા હોય એવું લાગે છે. ઘુંઘટમાં કન્યાનું બિહામણું મુખ જોઈ ભયભીત બને છે. કન્યા હસે છે અને કર ઘોળે છે તેથી પીડાયેલો તે શકુનિને વાત કરે છે અને નહિ પરણવાનું કહેતાં શકુનિ તેને ઠપકો દે છે, ફિટકાર વરસાવે છે. એ સાંભળી કન્યા વિકળપણું બતાવી ધૂણે છે. તેનું હાથી જેવું માથું જોઈ બધા નાઠા. વર ચીસ પાડી ઊભો થયો. એટલામાં પુષ્કળ વાયુ વાયો. પવનપુત્ર મંડપ માથે ચડાવી ગયો. તેના ઉપર અર્જુનસુતને લાવીને ધર્યો. ઘટોત્કચે કહ્યું હવે બલિભદ્રની કન્યા વરો. અહીં કોઈ આવે એવો કોઈની માએ જણ્યો નથી. વંટોળિયો વાવામાં રાક્ષસો આંખમાં કાંકરા થઈને પડે છે. કોઈને મંડપ જડતો નથી. ચાર પહોર વીત્યા પણ કન્યાની શુધ કોઈએ લહી નહિ. સવાર થયું, લોકો મળ્યા. રાત્રે પવનમાં મંડપ ઊડી ગયો. લાવો વરકન્યા, ફરી પરણાવીએ એમ વાત કરે છે પણ સુરેખાને ત્યાં કન્યા નથી. તેનું હરણ થયું જાણી દુર્યોધને સેના સજ્જ કરી. સુભદ્રાએ પાંડવની કન્યા કૌરવ કેમ વરે એમ કૃષ્ણને કહેતાં આપણું કામ થયું, હવે ચિંતા શેની? એમ કૃષ્ણ નિરાંત દર્શાવે છે. બલિભદ્ર, કૃષ્ણને તમે શું સૂતા છો? કન્યાનું હરણ થયું એમ કહે છે ત્યારે કૃષ્ણ અજાણ્યા થઈ કોણ છે એ જેણે કન્યા હરી? એમ પૂછે છે. દ્વારકાને દ્વારે રણસ્તંભ રોપાવી ઘટોત્કચે કહેવડાવ્યું કે મારી પાસે કન્યા છે, જેને ઈચ્છા હોય તે રણમાં આવે. એ સાંભળી કૌરવયોદ્ધા એની સામે લડવા આવે છે. ઘટોત્કચને મારવાનું દુઃશાસને નક્કી કરતાં માયા આવી. કૌરવો દિઙ્મૂઢ થયા. બિહામણા રાક્ષસો, અગ્નિના ભડકા જોયા. માયાવી સાથે સંગ્રામ કેમ કરવો તે અંગે પ્રધાન દુર્યોધન પાસે ચિંતા વ્યક્ત કરે છે. ઘટોત્કચ અભિમન્યુને તેનાં કંકણ પણ હજી છૂટ્યાં નથી તેથી યુદ્ધે ન ચડવા મનાવે છે. સુશર્મા, વૃષકેતુ સામે શિલા, વૃક્ષ વગેરેથી યુદ્ધ થાય છે. દળમાં ભંગાણ પડે છે. અંતરીક્ષમાં લડતો ઘટોત્કચ પોતાનું રૂપ પ્રગટ કરે છે. દુર્યોધન દ્રોણને પગે પડી દુષ્ટોનો અંત આણવા કહે છે. ઘટોત્કચનું સૈન્ય કૌરવસૈન્યમાં આવી મળ્યું. ઘટોત્કચ આકાશમાર્ગેથી પાતાળમાં ગયો તે દ્રોણની નજરે પડ્યો. અશ્વત્થામા, કૃપાચાર્ય, દુઃશાસન લડવા આવે છે. દુર્યોધન યુદ્ધે ચડે છે ત્યારે સામે અભિમન્યુને જોઈ તેને અર્જુન માની ત્રાસ પામતા યોદ્ધાઓનો દુઃશાસને ભ્રમ દૂર કર્યો. અભિમન્યુ બાણ મોકલીને દ્રોણને પ્રણામ પાઠવે છે. બાણ દ્રોણના પગમાં પ્રણામ કરી પાછું આવે છે. અભિમન્યુ ઉપર બધા તૂટી પડે છે. આકાશ-માર્ગે લડતા ઘટોત્કચે ૭૧૦૦ ભાઈને હસ્તિનાપુર જઈ કૌરવનારીને નગ્ન કરવાની આજ્ઞા આપી, સભામાં કાકીનાં ચીર ખેંચાયેલાં તેથી. સોએક જેટલા દૈત્ય ગાંધારીના પુત્ર થઈ નગરમાં આવ્યા. પોતપોતાને ઘેર ગયા. ગાંધારીએ તેમને દીકરા જાણી ખબર પૂછી. જાનની ખબર પૂછતાં

થાકયા છીએ, પછી વાત કરીશું એમ જવાબ આપી દીધો. નારીઓ સેવા કરે છે પણ કોઈનું વદન વાંકું, કોઈના કાન લાંબા, વાઘ જેવું મોં, હળ જેવા લાંબા દાંત એવું સ્વરૂપ જોઈ નારીઓ વસ્ત્ર નાંખીને નગ્ન થઈ સાસુ પાસે આવી કંથના ત્રાસદાયક રૂપની વાત કરે છે.

ધૃતરાષ્ટ્ર દુર્યોધનને ક્ષેમકુશળ પૂછે છે. દુર્યોધન વિગતે વાત કરે છે. દ્રોણ પડ્યા પછી ધૃતરાષ્ટ્રપુત્રો ઘરમાં વિદૂરને કંઠે વળગી રડે છે. લોકો ભેગા થાય છે. રણમાં સાચો દુર્યોધન હતો તે નાસી ગયો. બળભદ્ર કન્યાહરણનો કોપ પ્રગટ કરતાં કૃષ્ણ રણમાં જઈ સંહાર કરવા કહે છે. તમે બેસો હું રણમાં જઈ જોઈ આવું કે એવો કોણ છે જેણે અન્યાય કર્યો એમ કહી કૃષ્ણ રણમાં જાય છે. કૃષ્ણને અભિમન્યુ પગે લાગે છે. દુર્યોધન પગે લાગ્યો ત્યારે કૃષ્ણે કહ્યું, જાદવની સુંદર કન્યા સાથે લગ્ન લઈશું, ઓછું ન આણતો, ઘટોત્કચનું શિર છેદવાની, અર્જુનસુતનો પરાજય કરવાની વાત કરતાં કૃષ્ણ તેને હઠ છોડવાનું કહે છે. રાક્ષસી માયાથી કન્યા હરણ કરી છે, એ બાળક સાથે શો સંગ્રામ વગેરે સમજાવી ઘેર જાઓ ને ઘર સંભાળવા કહ્યું. કૌરવનારી કોને હવાલે છે? જેટલા રણમાં માયાવી છે એટલા જ ઘેર છે એમ સાંભળી સૌ પત્નીઓની ચિંતા કરતા ઊઠ્યા. કૃષ્ણ બલભદ્રને ઠપકો દે છે કે તમારું વચન કેમ ઉથાપ્યું? અપયશ થાત પણ તમારો ધરમ રહ્યો. તમારી કન્યા ઠામ છે. બલિભદ્રને ક્રોધ થતાં અર્જુનસુતનું યુદ્ધમાં શું ગજું એમ પૂછે છે. કૃષ્ણ, અર્જુનસુત સાથે પવનસુત હોવાનું કહી ઘટોત્કચે પિતરાઈ જાણી, આપણા લોહીનો જાણી મદદ કરી એ વાત કહેતાં ગળગળા થઈ જાય છે. એક માસ થઈ ગયો, સુભદ્રાની સંભાળ લેવાઈ નથી. બળભદ્ર ચિંતા ન કરવાનું જણાવી સુભદ્રાને પોતાને ઘેર તેડી લાવવા કહે છે. બન્ને સુભદ્રા પાસે આવે છે. સુભદ્રાને ઘેર આવવા બલિભદ્ર કહે છે ત્યારે સુભદ્રા આજે સગપણ જણાવવા બદલ, દુર્યોધનને તેડાવવા બદલ અર્જુનસુતને એકલો જાણી મન બદલવા બદલ ઠપકો દઈ તેડાવ્યા વિના ન આવવાનું કહે છે. કૌરવથી મારા ભાઈની વરેલી કન્યા કેમ લેવાય કહી તે અંગે ઘટતું કરવા ઘટોત્કચ કૃષ્ણને કહે છે. એક માસ પછી બલભદ્ર આણું કરવાનું નક્કી કરે છે. રથમાં સુભદ્રા જાય છે. સુરેખાને જોઈ બલભદ્ર આંસુ પાડે છે. સુભદ્રા પુત્રથી અન્યાય થયો હોય તો રીસ ન રાખવા કહે છે. બલભદ્ર સાથે કૃષ્ણ દ્વારિકા આવે છે. અભિમન્યુ હેડંબાવનમાં આવે છે. હેડંબાએ તેને આશિષ દીધા. દુર્યોધન વેર લે એવા ભયથી અર્જુન આવે ત્યાં સુધી ત્યાં જ રહેવાનું નક્કી કરી અભિમન્યુ સુભદ્રા ત્યાં જ રહ્યાં. કૃષ્ણ એક માસ પછી હેડંબાવનમાં આવ્યા. અભિમન્યુ, સુરેખા, સુભદ્રાને આણું કરીને જાય છે. એઓ દ્વારિકા આવ્યાથી હળધરને હર્ષ થાય છે.

બંધાર ભટ્ટે કરેલાં કેટલાંક વર્ણનો દ્વારા કૃતિનો આસ્વાદ કરીએ, જો કે વર્ણનો પારંપરિક છે. લગ્નસમારંભમાં 'પંચશબ્દ ગડગડે છે'. 'તરીઆં તોરણ બાર બાંધાં' છે. 'રચ્યો મંડપ શાર' જેમાં :

"બહુ રતંન હીરાં ઝળહળે તાંહાં ઝોત શ્બલી થાએ
ઝરકશી પાખરાં ચંદરવે મંણી લીલ અકીત
મોતી ઝાલર ઝગમગે તાંહાં થૈઈ રહ્યો ઝાતકાર".

(પ્રતમાં પંક્તિસંખ્યા નથી) પૃ. ૧૭

અભિમન્યુનો વિવાહ તૂટવાની વાત સાંભળી સુભદ્રા ખૂબ દુઃખ અને રોષ સાથે કહી રહી છે :

"વાઘ કેરુ ભક્ષ જાંબુક પ્રાશવાંનુ મંન
રાઝ હારી વંન ગઆં તોહ ન મૂકે પુઠ
કંના તમારી વરી છે તે લેવા કરે છે મુઠ
તુ ઠાંમ પડ પીત્રાંઈ પરંણુશે તે કેમ શહુ ઝાએ
જુધીસ્ટર મુઝ જેઠ નહી નહી દીએર કંથ જ કોએ
હું અસ્ત્રી તણો શો આશરો એમ કહી અબળાં રાંએ" પૃ. ૨૨

અભિમન્યુ માટે ઈંદ્રે 'કનક રથ શોહાંમણો'. મોકલ્યો છે જેમાં 'વિવિધ રંગે નંગ ઝડીઆં હીરારતંન બહુમુલ' છે.

આયુધસજ્જ થઈ અભિ. નીકળે છે :

"એક શો મણીનું શલે બખતર ધરૂ શબલ શરીર
બેહુ ગમાં ભાથા ભરી ભીડાં જોધ બાવંન વીર
કટારી કંટી વાંકડી કરડી રહી કંમાંન" પૃ. ૨૪

"બેહુ ખભા ઊપર પંણુછ લાબી બોસીઆં તાઝાં તીર"

હેડંબાવન 'બેખ બાખર' 'ધાવડી ધાંમેણુ' 'આવલીઆ બહુ બોરડી'થી ભરપૂર છે. એવું વન જોઈ સુભદ્રા ભય પામે છે. 'રગતનેત્રને દાંત મોહોટા કરે હાહાકાર બેશલાં હાથ ગ્રહીને આવીઓ કરતો મારમાર' એવા ઘટોત્કચને જોઈ અભિમન્યુ 'વીશમે થઓ', રાક્ષસો અભિમન્યુ સાથે યુદ્ધ કરે છે ત્યારે :

"આકાશમારેગ ઊતપતો પાંખાણુશલાં વરશે જેમ
મેહે વરશે મુશળધાર અભિમાન ઉપર એમ
અગની કેરાં થાએ ભડકાં અંને લાંબે રાલ
મહીખમુખાંના શાધ મોટાં દીશતાં વીક્રાળ
થાએ વદન બીહાંમણાં કરડતા મુખદંત" પૃ. ૨૮

એવા રાક્ષસો "દશોદશા વાપી રહાં જોતાં ન આવે અંત" ત્યારે ભયાનકતાની આત્યંતિકતા અનુભવાય છે. અર્જુનસુત કોપે છે ત્યારે "અતિ ઘણુ બળ તાંહાં વાધીઊ જેમ ચડે શાગરપૂર" જેવી સરસ પંક્તિ ચમકી જાય છે. અભિ. ને મૂર્છિત થયેલો જોઈ સુભદ્રા વિલાપ કરે છે તેમાં એની નિરાધારતા નીચેની પંક્તિઓમાં પ્રગટ કરી છે–

"કુએર શે નો બોલો રે માહારા લાંડકવાઆ તંન
દુસ્ટ તંણો ભાર ખંમીને એમ શુઈ ન રહીએ શુત ?...કુએર શે નો.

મુજ અબળાંનો નથી આશરો આઝ એકલડી વંન
ઝેસ્ટ જુધીસર પાશે નથી નહી આંણીવેળાંએ અરજુંન...કુએર.

ભીમશેનજી વેહેલાં આવો ઝો ઝેઠ દેખડાંવો મુખ
ભત્રીઝો તુઝ વંનમાંહાં પડીઓ વહુજી પાંમે દુખ...કુએર.

ક્ષત્ર વીનાં શુ મુખ દેખાંડુ પીહેર શાશરાં માંહે
અરજુનનો. શુત રંણુમાંહાં પડીઓ હુ કેમ ઝાંઉ તાંહે"...કુએર. પૃ. ૩૦

ઘટોત્કચના માણસો વસ્ત્ર બની જાય છે તે કેવાં છે :

"ઝીણા ઝાઝાને એક તાર કોણે નવ દીઠાં શંશાર
હેમાંની શેલાં શેલાંરી શાર પોત જાણે રૂપાની ખાપ" પૃ. ૪૪

"અંમરી દરીઆંઈ છે ઘણી તાજી ઊતરી અમણાં વણી"

જાનના માણસો લુગડાં ખરીદે છે. બે દિવસમાં તો બધાં ખપી ગયાં ત્યારે "બેએ દાડે કાંઈ ઓ નહી મળે"માં વલસાડ જિલ્લામાં 'હો'ના પ્રયોગ જેવો 'ઓ' જોવા મળે છે.

માયાવી સ્ત્રીઓ વેવાણો બની કૌરવના પરિવારમાં ભળી ગઈ તેમણે :

"વસ્ત્ર અનોપંમ પેહેરીઆં લીલાં નવરંગ
અંબરમાહા દીશે ઘણૂ ઝેમ કોમળ અંગ
ચરણાં ચરણે ચાંપતી ઘુટી નવ દીસે"

"વરશ ચઊદ પંદર શોળની નવઝોબંન નાર"

"કંચુકી કશણુ ચીર શંભારી આંકુચ ફળ આકાર"

"શેષ ફૂલ રાખડી મંણીમે મોતીશાર"થી શોભે છે, અને તેમનો 'મૂડ' કેવો છે :

"ચપલાંઈ ચંચળ ઘણૂ મંન શુ હોલાશ
લલવટ કીધાં માંહે ચાંદલા ઝાંણે ચંદ્ર આકાશ" પૃ. ૪૭

"બાંહે બાજુબંધ શ્વને ફુમતડાં હાલે
અંકેકપે આગલ લેહેકા શુ ચાલે"માં

ગતિશીલ સૌંદર્યની ઝલક મળે છે.

'પીતાંબર પરીધાંમ અંગે' એવા વરરાજા ક્ષત્રિયકુંવર છે એટલે :

"મસ્તગ મુગટ શોહાંમણો કુડળ મીનાંકાર
કેશરી વાગો અંગ વરને પરંમ શોભા માંન" પૃ. ૫૩

'મોઝડી રાતી ચરંણુ' અને 'કટારી કંટી વાંકડી'થી કવિ મુગ્ધ થઈને કહે છે, 'શું કરુ તેહેનુ વખાંણુ'. ઘુંઘટમાં દેખાતુ કન્યાનું વદન દુર્યોધનપુત્ર જુએ છે ત્યારે :

"પીતનેત્ર મુખ વાંકડુ રે આડી દ્રશ્ટે જોએ
એમ લાડ કરતી કંથશુ દ્રશ્ટમેળાંવડો હોએ"માં

'દ્રશ્ટમેળાંવડો' શબ્દ સરસ છે.

કૌરવોની સાથે ઘટોત્કચ લડે છે ત્યારે 'ફાઈટીંગ થ્રીલર' જોતા હોઈએ એવું લાગે છે :

"કેટલાં મારા તંમાચે કેટલાં પગને ઘાહે
કો કરા હલવાં કાંહાંણીએ જે ફરી ન બેઠા થાએ
કેટલાં કરે વરોલીઆં કો ઉરાડાં ગ્રહી બાંહે
કો ચરંણુ શાહી ફેરવાં પછાડા અવની માંહે
કો ઝોધ ચરંણે ચકરીઆં કો ઊરાડાં આકાશ" પૃ. ૬૯

કૌરવોની સ્ત્રીઓ વસ્ત્ર નાંખીને નાસી જાય છે ત્યારે :

"તે વસ્ત્ર લાખી નીશરી ને થઈ રૂપ નગંન" અને "ઊતાવલી ઊઠી તે તાં થકી તે વસ્ત્ર દીધું લાખી"માં 'લાખી' અને 'તે તાં' સૂરતી શબ્દપ્રયોગ ધ્યાન ખેંચે છે.

જેની મુત્સદ્દીગીરીથી અભિમન્યુનું લગ્ન પાર ઉતર્યું અને કૌરવોનો પરાજય થયો એવા રાજવિમર્દન કૃષ્ણ કેવા મૃદુનિ કુસુમાદપિ છે ! બલભદ્ર કૌરવો સામે યુદ્ધમાં અભિમન્યુનું શું ગજું એમ જ્યારે કૃષ્ણને કહે છે ત્યારે અભિમન્યુને પક્ષે પવનપુત્ર છે અને ઘટોત્કચે આપણા વંશનો જાણી મદદ કરી તેનું ઉપકારસ્મરણ કરતાં તે ગળગળા થઈ જાય છે—

"રૂદે રાખશ કંઠણુ છે હોએ ભીમ કેરો અંશ
દુખ લાગે તેહેને લોહી આપણે ઝાણી વંશ
તેહે થકી આપણુ કંઠંણુ પાપી રૂદે વ્રઝરશમાંન
એહેવું કહીને રડાં શહી તેણે શંમે શ્રીભગવાન
ગદગદ કંઠે હવાં હરી થાએ નેત્રે જળની ધાર
વાશુદેવને કુળ અવતરો ઝદુવંશને એ ધીકાર
એમ દુખ આંણી કળકળે ને કરે શોખરૂદંન" પૃ. ૭૭

કડવું ૨૪માં કથા પૂરી થયા પછી જુદા જુદા ભક્તોને ભગવાને કેવી સહાય કરી તેની વાત કરતાં જે ધ્રુવપદ મૂક્યું છે "અવળાંનું શવળુ કરે ઝેહેને કૃસ્ન શરખા શાહે" લોકકંઠે રમી રહે તેવું છે

છેલ્લે વીરજી અને બંધાર ભટ્ટે કરેલા વર્ણનનો નમૂનો લઈએ જેથી બંધાર ભટ્ટની આ કૃતિ વીરજીમાંથી ઘણું લેવા છતાં, સ્વતંત્ર કૃતિ બની રહે છે તેનો ખ્યાલ આવે. અભિમન્યુ યુદ્ધે ચડે છે તે પ્રસંગ છે.

ઢાળ—પેહેલે બાણે દ્રોણાચાર્યને, પ્રણમ્યા જઈ પાય;
તે બાણ પાછું ફરી આવ્યું, યોધ વિસ્મય થાય. ૨
બીજે બાણે સ્તુતિ કીધી, તું દેવ કેરા દેવ;
મુજ પિતા કેરા શ્રીગુરૂ, ધન્ય ધન્ય શ્રીભૂદેવ. ૩
કૃપાચાર્ય અશ્વત્થામા, સ્તવ્યા, ત્રીજે બાણ;
હું પુત્ર છું અર્જુનનો, સહુને કરૂં પ્રણામ. ૪
ચોથું બાણ સાધિયું, દળ દુર્યોધનનું જેહ;
તે બાણ આવી કહે સહી, વૃત્તાંત સઘળું તેહ. ૫
પાંચમું બાણ સાધિયું, તે સહસ્ર ચંદ્રાકાર;
કૌરવપતિના સેન માંહી, વરસી રહ્યો અંગાર. ૬
પરિતાપ બાણ તણો ખમી, ઉલટ્યા યોધ અનેક;
વીરજી ભટ્ટરચિત 'સુરેખાહરણ' ક. ૨૪, પૃ. ૬૨

પેહેલે બાંણે દ્રોણચારજને પ્રંણાંમા ઝઈને પાએ
તે બાંણ પાછુ ફરી આવુ જોધ વીશમે થાએ
બીજે બાંણે શાધીઊ દળ દરઝોધંનનુ શોએ
તે બાંણ આવી કેહે શહી વરતાંત શઘળુ તેહ
તીજે બાંણે શોધીઊ તે દીશે ચંદ્ર આકાશ
કઊરવપ્રતીનાં શેન માંહાં રવી રહો અંગાર
પરીતાંપ બાંણ તેણે ખંમીઆં ઊલટ જોધ અનેક
બંધાર ભટ્ટરચિત 'અભિમન્યુવિવાહ' ક. ૨૧, પૃ. ૬૮

મહર્ષિ પરાશરનો રાક્ષસ-સત્ર
—એક તુલનાત્મક અધ્યયન

મધુસૂદન મા. પાઠક

મહાભારત અને અઢાર પુરાણોના કર્તા મહર્ષિ વેદવ્યાસના પિતા મહર્ષિ પરાશર વિષ્ણુપુરાણના વક્તા છે. તેમણે તેમના શિષ્ય ઋષિ મૈત્રેયને આ પુરાણની કથા કહી છે. વિષ્ણુપુરાણના ૭ અંશ અર્થાત્ ૭ વિભાગ છે અને ઉપલબ્ધ વિષ્ણુપુરાણમાં શ્લોક સંખ્યા ૬૦૦૦ની છે. શ્રીમદ્ભાગવતપુરાણ પણ મહર્ષિ વ્યાસે રચેલું છે; તેના ૧૨ સ્કંધ અર્થાત્ ૧૨ વિભાગો છે ને તેની શ્લોક સંખ્યા ૧૮૦૦૦ની ગણાય છે. આ બંને પુરાણોના તુલનાત્મક અભ્યાસથી જાણવા મળ્યું છે કે તેઓમાં ઘણું સામ્ય છે. તેમાં વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ભાગવતપુરાણના કદની ભિન્નતા પરથી કયા પુરાણે કયા પુરાણમાંથી વસ્તુ લીધું છે અથવા તો આ બંને પુરાણોનું સામાન્ય સ્રોત બનેલું હોય એવું અન્ય કયું સાહિત્ય છે તે બાબતમાં મતભેદ પ્રવર્તે છે. પરંતુ આ મતભેદ વિષે કોઈ નિર્ણય આપવાનું અત્રે પ્રસ્તુત નથી. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યામંદિરના વિષ્ણુપુરાણ વિભાગ દ્વારા તૈયાર થનારી વિષ્ણુપુરાણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર થઈ જાય ત્યારે આ બધા પ્રશ્નોનો નિર્ણય પણ આપી શકાય.

અત્રે આ લેખ દ્વારા તો આ બેઉ પુરાણોમાં આવતા એક પ્રસંગ અંગેનો તુલનાત્મક અભ્યાસ અને તેના પરથી નીકળી શકતાં તારણો રજૂ કરવાનું જ લક્ષ્ય છે.

પુરાણોમાં દર્શાવ્યા પ્રમાણે મહર્ષિ પરાશર મહર્ષિ વસિષ્ઠના પૌત્ર હતા. તેમના પિતા, મહર્ષિ વસિષ્ઠના પુત્ર શક્તિને એક રાક્ષસે મારી નાખ્યા હતા. આથી મહર્ષિ પરાશરે ક્રોધે ભરાઈને રાક્ષસોના વિનાશ માટે એક મોટા રાક્ષસ–સત્રનો આરંભ કર્યો હતો.[1]

વિષ્ણુપુરાણના પ્રારંભમાં તેના પ્રવક્તા મહર્ષિ પરાશર તેમના શિષ્ય મૈત્રેયને આ રાક્ષસસત્રનો ઉલ્લેખ કરતાં કહે છે કે, " વિશ્વામિત્રે પ્રયોજેલા રાક્ષસે મારા પિતાને મારી નાખ્યા હતા એમ સાંભળીને મને પુષ્કળ ક્રોધ વ્યાપી ગયો અને તેથી મેં રાક્ષસોના વિનાશ માટે એક રાક્ષસસત્રનો આરંભ કર્યો અને તેમાં સેંકડો રાક્ષસો ભસ્મીભૂત થયા. "

---

૧ विश्वामित्रप्रयुक्तेन रक्षसा भक्षितः पुरा ।
श्रुतस्तातस्ततः क्रोधो मैत्रेयाभून्ममातुल: ॥
ततोऽहं रक्षसां सत्रं विनाशाय समारभम् ।
भस्मीभूताश्च शतशस्तस्मिन्सत्रे निशाचराः ॥

વિષ્ણુપુરાણ ૧, ૧, ૧૩, ૧૪, (ગોરખપુર આવૃત્તિ).

એ પછી એમ સેંકડો રાક્ષસો મરી જતાં મહર્ષિ પરાશરના પિતામહ મહર્ષિ વસિષ્ઠે તેમને સમજાવતાં કહ્યું કે,[2] "હે તાત, આ અત્યન્ત ક્રોધમાંથી પાછો વળ. આમાં રાક્ષસોનો કોઈ અપરાધ નથી, તારા પિતાનું મૃત્યુ આ રીતે જ નિર્માયું હતું."

શ્રીમદ્‌ભાગવતપુરાણમાં આ જ પ્રસંગનો ઉલ્લેખ કરીને મહર્ષિ મૈત્રેય વિદુરને કહે છે,[3] "ભગવાનની વિભૂતિઓનું વર્ણન કરવાની ઇચ્છાથી પરમહંસોમાં મુખ્ય એવા મહર્ષિ સાંખ્યાયને અમારા ગુરુને તથા બૃહસ્પતિને આ કહ્યું હતું. મારા પર દયા કરીને તેમણે મહર્ષિ પુલસ્ત્યે કહેલી આદ્યપુરાણમાંની આ પ્રસંગકથા મને કહી હતી."

આ ઉલ્લેખમાં પુલસ્ત્યે કહેલી આદ્ય પુરાણમાંની પ્રસંગકથા દ્વારા મૈત્રેય અત્રે વિષ્ણુ-પુરાણમાંની આ રાક્ષસસત્રની કથાનો જ ઉલ્લેખ કરતા હોય તેમ જણાય છે. તદુપરાંત આ ઉલ્લેખમાં પુરાણકથાની પ્રણાલિકા પણ બરાબર રીતે વર્ણવેલી જણાય છે. સર્વપ્રથમ ભગવાને આ પુરાણ સનત્કુમારોને કહ્યું, પછી સનત્કુમારોએ મહર્ષિ સાંખ્યાયનને કહ્યું જેમનો ઉલ્લેખ અહીં પરમહંસ મુખ્ય એ રીતે કરવામાં આવ્યો છે. સાંખ્યાયને એ પછી મહર્ષિ પરાશરને કહ્યું જેમનો ઉલ્લેખ અહીં મૈત્રેય अस्मद्‌गुरु: એ શબ્દોથી કરે છે. મહર્ષિ પરાશરે એ પછી આ પુરાણ તેમના શિષ્ય મૈત્રેયને કહ્યું. આપણે જાણીએ છીએ કે પરાશરે મૈત્રેયને કહેલું પુરાણ એ વિષ્ણુપુરાણ જ છે. આ પ્રસંગ માટે સુપ્રસિદ્ધ ટીકાકાર શ્રીધર તેમની ભાગવતની ટીકામાં જે નોંધે છે તે ખૂબ જ અગત્યનું છે.[4] તેઓ નોંધે છે કે પુલસ્ત્યે કહેલી આખ્યાયિકા આ પ્રમાણે છે. પોતાના પિતાનું રાક્ષસે ભક્ષણ કર્યું હતું એમ સાંભળીને મહર્ષિ પરાશરે રાક્ષસસત્ર શરુ કર્યો હતો. તે મહર્ષિ વસિષ્ઠના કહેવાથી અટકાવ્યો હતો અને પોતાની સંતતિના રક્ષણથી પ્રસન્ન થયેલા મહર્ષિ પુલસ્ત્યે પરાશરને વરદાન આપ્યું હતું કે તેઓ પુરાણના પ્રવક્તા થશે.

ટીકાકાર શ્રીધર અત્રે જે ઉલ્લેખ કરે છે, તે તો નિશ્ચિત રીતે વિષ્ણુપુરાણના પ્રારંભમાં આવતા આ મહર્ષિ પરાશરના રાક્ષસસત્રનો જ નિર્દેશ કરે છે. તેમાં જે પુલસ્ત્યે કહેલી

---

૨ मामुवाच महाभागो वसिष्ठो मत्पितामहः ।
अलमत्यन्तकोपेन तात मन्युमिमं जहि ।
राक्षसा नापराध्यन्ति पितुस्ते विहितं हि तत् ॥

વિષ્ણુપુરાણ ૧, ૧, ૧૫-૧૬.

૩ सांख्यायनः पारमहंसमुख्यो विवक्षमाणो भगवद्विभूतीः ।
जगाद सोऽस्मद्‌गुरवेऽन्विताय पराशरायाथ बृहस्पतेश्च ॥
प्रोवाच मह्यं स दयालुरुक्तो मुनिः पुलस्त्येन पुराणमाद्यम् ॥

ભાગવતપુરાણ ૩, ૮, ૮-૯ (ગોરખપુર આવૃત્તિ).

૪ पुलस्त्येनोक्त इत्यत्रैवमाख्यायिका । पितरं राक्षसभक्षितं श्रुत्वा पराशरो राक्षससत्रे प्रवृत्तो वसिष्ठवचनान्निवृत्तस्ततः पुलस्त्येन स्वसंततिरक्षणात्तुष्टेन वरो दत्तः पुराणप्रवक्ता भविष्यसीति ।......

ભાગવત પુરાણ ૩, ૮, ૮-૯ પરની શ્રીધરી ટીકા.
(વેંકટેશ્વર પ્રેસની આવૃત્તિ) તૃતીય સ્કન્ધ, પૃ. ૧૭-૧૮.

આખ્યાયિકા એમ શ્રીધર ઉલ્લેખ કરે છે તે વિષ્ણુપુરાણ ૧, ૧.માં આવતો આ જ પ્રસંગ છે એમ નિર્વિવાદ રીતે લાગે છે. વિષ્ણુપુરાણમાં આ પ્રસંગે ત્યાં આવેલા મહર્ષિ પુલસ્ત્ય મહર્ષિ પરાશરને જે કહે છે.[૫] તેનાથી આ ઉપરની બાબત સ્પષ્ટ થાય છે. તેઓ પરાશરને કહે છે કે, "વડીલની આજ્ઞાથી, મોટું વેર હોવા છતાં તમે જે ક્ષમા ધારણ કરી તેથી તમે બધાં શાસ્ત્રોનું જ્ઞાન પામી શકશો. ક્રોધે ભરાયેલા હોવા છતાં તમે મારી સંતતિનો ઉચ્છેદ ન કર્યો તેથી હું તમને બીજું મોટું વરદાન આપું છું કે તમે પુરાણસંહિતાના કર્તા થશો અને દેવતાઓવિષયક પારમાર્થ્ય તેના મૂળ રૂપમાં તમે જાણી શકશો."

મહર્ષિ પુલસ્ત્યે આપેલાં આ વરદાનોનો જ ઉલ્લેખ શ્રીધર તેમની ભાગવત ૩, ૮, ૮–૯ પરની ટીકામાં કરતા હોય તેમ લાગે છે. તેમાં જો ફેર હોય તો એટલો જ છે કે શ્રીધર તેમની ટીકામાં જણાવે છે કે મહર્ષિ પુલસ્ત્યએ મહર્ષિ પરાશરને વરદાન આપ્યું હતું કે તેઓ પુરાણના પ્રવક્તા થશે, જ્યારે વિષ્ણુપુરાણના ઉલ્લેખમાં જણાવ્યું છે કે મહર્ષિ પુલસ્ત્યે મહર્ષિ પરાશરને એવું વરદાન આપ્યું હતું કે તેઓ પુરાણસંહિતાના કર્તા થશે. સંભવ છે કે આ ફેરફાર શ્રીધરના સ્મૃતિદોષને લીધે હોય અથવા આટલા નજીવા ફરકને તેમણે નગણ્ય માન્યો હોય. પરંતુ શ્રીધર અત્રે વિષ્ણુપુરાણમાં વર્ણવેલા મહર્ષિ પરાશરના રાક્ષસસત્રનો જ અત્રે નિર્દેશ કરે છે એમાં બેમત ન હોઈ શકે.

અત્રે એ નોંધવુ જોઈએ કે આમાં પાઠ્યવિવેચન Textual Criticismનો જે પ્રશ્ન ઊભો થાય છે તેનો નિકાલ તો વિષ્ણુપુરાણ અને ભાગવતપુરાણની સમીક્ષિત આવૃત્તિઓ તૈયાર થાય ત્યારે જ થઈ શકે. પરંતુ મહર્ષિ પરાશરના રાક્ષસસત્રનો ઉલ્લેખ જે અહીં શ્રીધર કરે છે તે તો વિષ્ણુપુરાણમાંના એ પ્રસંગનો જ નિર્દેશ છે.

---

૫ वैरे महति यद्वाक्यात् गुरोरद्याश्रिता क्षमा ।
त्वया तस्मात्समस्तानि भवाञ्च्छास्त्राणि वेत्स्यति ॥
सन्ततेर्न ममोच्छेदः क्रुद्धेनापि यतः कृतः ।
त्वया तस्मान्महाभाग ददाम्यन्यं महावरम् ॥
पुराणसंहिताकर्ता भवान्वत्स भविष्यति ।
देवतापारमार्थ्यं च यथावद्वेत्स्यते भवान् ॥

વિષ્ણુપુરાણ ૧, ૧, ૨૪–૨૬.

ગ્રન્થાવલોકન

હરિજનોની સમસ્યા: લે. ભોગીભાઈ ગાંધી; પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટસ્, વડોદરા, ૧૯૮૨, પૃ. ૪૩૨ + ૫૬ + ૮ + ૪ = ૫૦૦, કિં. રૂા. ૩૨–

૪૩૨ પૃષ્ઠોની ગુટકાકદી આ ગ્રંથિકા ગ્રંથની પ્રૌઢિ અને ગહરાઈ એ કક્ષાએ પ્રતીતાવે છે કે ગુજરાતી ભાષામાં લખાએલ આ પુસ્તક અનુવાદ દ્વારા દેશ આખામાં સુલભ થવું ઘટે. સામયિકની લેખશ્રેણી છતાં પી. એચ્.ડીના ઘણા મહાનિબંધો માટે દૃષ્ટાન્તરૂપ એવી અભ્યાસ-નિષ્ઠા, સ્વતંત્ર છતાં પૂરી સમતોલ, વિનયશીલ છતાં દૃઢ મૂલવણી અને અર્થલક્ષી સરળ–શિષ્ટ રજૂઆત અહીં છે. એમાં પૂરક આધારરૂપ ગુજરાત–દેશભરના વિદ્વાનો અને વિચારકોનાં હકીકત–વિચારનાં અવતરણો પ્રકરણની પુરવણીરૂપે ગૂંથાયાં છે, તો સારલક્ષી ટૂંકા ફકરા જુદા ટાઈપમાં યોજીને એકાગ્રતા સૂચવી છે. પ્રસ્તુત વિષયની ટૂંકી વિશદ ઐતિહાસિક ભૂમિકા વ્યવસ્થિત આપતા લેખક ઠેઠ આજ પર્યંતની યથાર્થ પરિસ્થિતિ લગી એવી જ તટસ્થ–વસ્તુલક્ષી વિવેચના આપે છે. ડૉ. આંબેડકર–સાવરકર–ગાંધીજી–રામમોહન રૉય–સહજાનંદ–દયાનંદાદિના સંબંધક ચિંતન–કાર્યનું સમાલોચન અહીં રસપ્રદ પણ થયું છે. એ અંશે આ ગ્રંથ ટૂંકામાં ઘણું અર્પે છે. અનામત–આંદોલનના પ્રશ્ને, પ્રાસંગિક નિમિત્તે લેખમાળા લખતાં, લેખકે પ્રથમથી જ શાસ્ત્રીય ધાટીએ વિચાર-લખાવટને સજ્જ રાખી લખાણને અભ્યાસ-ગ્રંથને કાઠું આપ્યું લાગે છે. મહત્ત્વની વાત એ કે, નિર્ભયપણે બધાં પાસાં ચર્ચી સમગ્રતયા લેખકે રાષ્ટ્રહિતને, માનવત્વને કેન્દ્રમાં સતત રાખેલ છે. આ ગ્રંથની યથાર્થ ગરિમા એ જ છે.

લેખકે હરિજનોની સમસ્યા પરત્વે આર્થિક–રાજદ્વારી કરતાંયે સામાજિક ભેદભાવને મોટું અનિષ્ટ ગણ્યું છે. ગરીબ સવર્ણો યે ઓછા નથી, કે બ્રિટીશ કાળ કે દેશ સ્વતંત્ર થયા પછી અપાએલી ખાસ રાહતોથી રાજકીય રૂપે ય મોટા હરિજનસમુદાયનું સમગ્ર હિત થયું દેખાયું નથી એમ તારવી લેખકે સામાજિક રૂપે સમસ્ત પ્રજામાં સમાનભાવ અમલી બને એ પર ભાર દીધો છે. એમાં સવર્ણોનો દંભી વ્યવહાર કે અસ્પૃશ્યોમાં યે અંદરોઅંદરના ભેદ વિશે નક્કર વીગતો લેખકે રજૂ કરી છે. સરકારી રાહતોને પરિણામે ય "હરિજનોમાંનો નાનો વર્ગ…સગવડોનો લાભ ઉઠાવતો રહ્યો છે" એમ લેખકે નોંધ્યું છે. ચેતવણી તો લેખકે સ્પષ્ટપણે લખી છે કે 'સરકાર, સવર્ણ અને અવર્ણ ત્રણે રાષ્ટ્રીય હિતનો ખ્યાલ કરીને, આજનાં વલણ અને વ્યૂહ બદલશે નહીં તો પરિણામ શહેરે શહેર અને ગામે ગામ આંતરવિગ્રહમાં આવ્યા વિના નહીં રહે."

ઈ. પૂ. ૨૦૦૦ના વેદકાળથી સિલસિલાબંધ પ્રશ્નને સમજાવતો નકશો આલેખતા લેખકે આભડછેટ ઈ. ૬૦૦ લગી ન હતી એમ દાખવીને સંતોનાં કાર્યો હૃદયસ્પર્શી છતાં સમાજપરિવર્તક ન થયાં એમ સૂચવે છે. અર્વાચીનકાળના સંસારસુધારકો વિશે લેખકે ઝીણી.વીગતો ય તજી નથી

છતાં ટૂંકામાં સર્વ બાજુઓ વિશે નિખાલસ વાતો કરી છે. શ્રદ્ધાનંદ–સાવરકર–આંબેડકર–ગાંધીજીના આ–તે ઉદ્‌ગાર–કાર્યનું અહીં એવું નિરુપણ છે. લેખકે આંકડા–અભિપ્રાયાદિ માટે અનેક સદ્ધર સામગ્રી ખપમાં લઈને આ વ્યક્તિલક્ષી વિભાગથી માંડી સમગ્ર ગ્રંથમાં પ્રમાણભૂતતા સર્જી છે.

ગુજરાતમાં અનામતવિરોધી આંદોલનના ભડકાઓ વચ્ચે શાંતિઅપીલ અનેક ‘અગ્રણી’ની સહીઓ સાથે છપાયે જાય, પોલીસ ચોવીસે કલાક દોડતી રહે, બેઉ પક્ષે સાચીખોટી વાતો ઝુનૂનસથી ઉગ્ર કરાતી રહે,–એ વચ્ચે ભોગીભાઈ આમ કાળજું ઠેકાણે રાખી આખા પ્રશ્નને સાંગોપાંગ સમસ્તધારાએ અવલોકે–મૂલવે અને સ્પષ્ટ રાહ દર્શાવે એ બીના મહત્ત્વની છે. વિચારકનું આ કામ લાંબે ગાળે સંગીન હોય છે. કેટલાક તે સમય–લખાણના સમયની આંકડાવીગત સુધારવાની જરુર ખરી.

હસિત હ. બૂચ

* * *

પીંછી, કેનવાસ અને માણસ : (આઠ અભિનેય એકાંકીઓ) લેખક અને પ્રકાશક—લવકુમાર મ. દેસાઈ, ૨, શ્રીજીબાગ સોસાયટી, માંજલપુર, વડોદરા–૩૯૦ ૦૧૧, આવૃત્તિ પહેલી, ડિસેંબર ૧૯૮૨, પૃષ્ઠસંખ્યા ૧૬૮, મૂલ્ય–રૂ.૭-૮૦ નયા પૈસા.

વીસમી સદીની પ્રહેલી પચ્ચીશીના અંતભાગમાં શ્રીગણેશ પામેલા પણ બહુ નહિ ખેડાયેલા ગુજરાતી એકાંકીસાહિત્યમાં જાણીતા અભ્યાસી ને સર્જક પ્રો. ડૉ. લવકુમાર દેસાઈ તરફથી મળેલ આઠ અભિનેય એકાંકીઓનો આ સંગ્રહ વિષયવસ્તુ અને શૈલીની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

સંગ્રહમાં વિષયવસ્તુનું વૈવિધ્ય આકર્ષક છે ને તે સુપેરે જળવાયું છે. **‘શાંતિ’** એકાંકીમાં અતુલ યુદ્ધભૂમિ પર પોતાની પ્રિયતમા ગુમાવી બેસતાં અર્ધપાગલ બને છે. ડૉકટરો અને અતુલના પિતા તેની માનસિક સમતુલા પાછી મેળવવા અનેક પ્રયોગો કરે છે. યુદ્ધભૂમિનું વાતાવરણ રચી બીજી પરિચારિકાને મૂકી અતુલને આઘાત–પ્રત્યાઘાત દ્વારા પહેલાંના જેવો ‘સરેરાશ માણસ’ બનાવવાના પ્રયાસો કરે છે, પણ પરિણામ શૂન્ય આવે છે. આ કરુણાંત એકાંકીમાં લેખકે પાગલ અતુલના બકવાસ (!) દ્વારા આધુનિક દંભી અને ભ્રષ્ટાચારી સમાજના સડા પર વેધક કટાક્ષ ને પ્રહાર કર્યા છે. **‘સંતાકૂકડી’** એકાંકીમાં લેખકે એક વૈજ્ઞાનિક કલ્પનાને નાટકનો વિષય બનાવ્યો છે. મૃત માનવીઓને સજીવન કરાવી શકાયતે વી અફલાતૂન શોધ–ફૉર્મ્યુલાને યેનકેન પ્રકારેણ પચાવી પાડવા રાજકારણીઓ એક પરોપકારી વૈજ્ઞાનિક પ્રોફેસરનો પીછો કરે છે ને એને પોતાની જાળમાં ફસાવવા માટે દાવપેચ ગોઠવે છે, પણ સિદ્ધાંતવાદી અને આદર્શપરાયણ વૈજ્ઞાનિક મૃત્યુને ભેટવા તૈયાર થાય છે, પણ ગમે તેવા માણસોના હાથમાં પોતાની ફૉર્મ્યુલા જાય નહિ તેમ તે ઇચ્છે છે. અહીં અઘરા ને ગંભીર વિષયની છણાવટ કરી લેખકે વિદ્યાર્થીઓની ઉચ્છૃંખલતા અને રાજકારણીઓના ગોરખધંધા પશ્ચાદ્‌ભૂમાં છતા કર્યા છે.

'બારણાં ખુલ્લાં છે'માં પતિ–પત્નીના વસંતના વાયરા જેવા નાજુક પ્રેમનું નિરૂપણ થયું છે. પુરુષપ્રધાન સમાજમાં પુરુષ ગમે ત્યાં ને ગમે ત્યારે ફરી શકે અને આનંદપ્રમોદ કરી શકે, પણ વીસમી સદીમાં સ્ત્રી પણ લક્ષ્મણરેખાને ઓળંગી મનફાવે તેમ મોજમઝા કરી શકે એવો અદ્યતન ખ્યાલ ધરાવતો નાયક નિરામય તેનાં દુષ્પરિણામ જ્યારે જુએ છે ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે. આગમનની ઘંટડી રણકે અને પતિપત્ની બારણાં પાછળ સંતાઈ એકબીજાની પ્રતીક્ષા જે કરતાં હતાં તે આહ્‌લાદક સ્થિતિ છેવટે વિપરીત ઊલટી સ્થિતિ પામે છે. **'ચાલો વાઘ વાઘ રમીએ'** કામાતુર વાઘણ શી રેશ્માના વેશ્યાજીવનને સ્પર્શે છે. મજબૂરીને કારણે શરીરનો સોદો કરનારી ને કોઠો શોભાવનારી રેશ્મા અજાણતાં પરેશને પોતાનું મન આપી દે છે. અને બંને એકબીજા પ્રત્યે અકળ આકર્ષણ અનુભવે છે. અનેક ગુપ્ત વ્યાધિઓનો ભોગ બની ચૂકેલી રેશ્માની એ જ ઉમળકાથી પરેશ ખબરઅંતર લે છે. સ્વમાની રેશ્માને પરેશમાં રહેલો વાઘપુરુષ ગમે છે, પણ તેની સાથે તે સંબંધ, નામ કે અપેક્ષા વગરનો નાતો જોડવા માગે છે. રેશ્મા પરેશની કે કોઈની પણ સહાનુભૂતિના ટુકડા પર જીવનારી સામાન્ય સ્ત્રી નથી, આથી પરેશની લગ્ન માટેની દરખાસ્તને ય તરછોડતાં તે જરા ય અચકાતી નથી. **'પીંછી, કેનવાસ અને માણસ'** નામક સંગ્રહનું નામદાતા એકાંકી કલાકારની કમનીય નાજુક સંવેદનાઓને આલેખે છે. આરંભમાં નાના આકાર ને નાના સમીર વચ્ચેની તડાતડી આલેખી લેખકે ભવિષ્યમાં તે બંનેની વિચારધારા વચ્ચેનો સંઘર્ષ સરસ રીતે ધ્વનિત કર્યો છે. **'રેલવે-પ્લેટફોર્મ'**માં વર્ષોથી વિખૂટા પડેલાં બે મિત્રો અવિનાશ અને એનાઉન્સર અમીના અચાનક થયેલા મિલનથી તેમને તાજી થયેલી અતીતની યાદોને લેખકે વાચા આપી છે. નાનકડી થયેલી ગેરસમજને લીધે અવિનાશ અમીને જે પામી ન શક્યો ને તેથી અમીને આજીવન કુંવારી રહેવું પડયું તેનો કરુણ ચિતાર હૃદયસ્પર્શી રીતે અહીં અપાયો છે. પરદેશમાં પૈસા પાછળ દોટ મૂકતા અને ત્યાં વસી સ્થિર બનતા અનેક યુવાનો પોતાના દેશમાં વસતા લાગણીભૂખ્યા માબાપ અને વડીલો પ્રત્યેની પોતાની ફરજ જે ચૂકી જાય છે અને માત્ર રૂપિયાની હેલી કરી સંતોષ માને છે એવા યુવાનો પરનો કરુણગર્ભ કટાક્ષ **'મારો ટીનુ'**માં કલાત્મક રીતે વણાયો છે. એકાંકીના નાયક અનિકેતે પોતાના પિતાને અદ્યતન સાધનસજ્જ હોસ્પિટલમાં દાખલ કરેલા અને પાણીની માફક પૈસા ખર્ચેલા, પણ તેણે કદી જાતે આવીને પિતાની ખબર ન લીધેલી. પિતાનું ત્યાં અવસાન થતાં અનિકેત ડૉકટરનું બીલ ભરપાઈ કરવા આવે છે ત્યારે એક વૃદ્ધ પુરુષની મુલાકાત તેને થાય છે. અમેરિકાથી ડોલરોની વર્ષા કરતો પુત્ર માત્ર મનીઓર્ડર મોકલીને કર્તવ્ય બજાવ્યાનો સંતોષ માને છે, પણ આ વૃદ્ધ પુરુષ તો પોતાના દીકરા, પુત્રવધૂને પૌત્ર ટીનુ આદિ સ્વજનોને ઝંખતો હોય છે. તે લાગણીભૂખ્યો છે. તે તો આવનાર અનિકેતના પુત્રમાં પોતાના પૌત્ર ટીનુનું તાદાત્મ્ય અનુભવી આઉચીઓંઉચીની બાલરમત રમવા બેસી જાય છે. **'આકાર વગરના ચહેરા'** નામક છેલ્લી એકાંકી કૃતિમાં સાંપ્રત સમયનો વસ્તીવધારાનો પ્રશ્ન અને તજ્જનિત સ્વમુદ્રા ગુમાવી બેઠેલાં અનેક બાળકોની સમસ્યાને નવીન દૃષ્ટિકોણથી આલેખાયેલ છે. સ્વમાની બાળકોને પોતાની આગવી ઓળખ, વ્યક્તિતા ને ચહેરા વગર પૃથ્વી પર જન્મવું નથી અને આત્મવિલોપનના માર્ગે જવું છે. જયંત દલાલ કૃત 'અવતરણ'માં પણ કંઈક આવું જ આલેખન થયું છે. તેમાં ય અનેક વિટંબણા વિપત્તિ ને સમસ્યાઓથી ભરેલા જગતમાં બાળકો જન્મવાની ના પાડતાં હોય છે.

સંગ્રહની પાત્રસૃષ્ટિ પણ સારું વૈવિધ્ય ધરાવે છે. અહીં પ્રોફેસર, નર્સ, સૈનિક, બાળક, કલાકાર, વિદ્યાર્થીઓ, શેઠ, નોકર, પતિ-પત્નિ, વેશ્યા, ડૉક્ટર, માતા, પુત્ર, પિતા, રાજદ્વારી નેતા આદિ વિવિધ મનોવૃત્તિ ધરાવતાં સ્ત્રીપુરુષ પાત્રોનું સુપેરે આલેખન થયું છે. ભલે પાત્ર નાનું હોય, પણ તે નિજી વિશિષ્ટતાથી અહીં અંકિત છે.

આલેખનશૈલીની દૃષ્ટિએ જોઈએ તો રંગભૂમિની ભૂગોળથી સુપેરે પરિચિત એવા આ લેખકે સાહિત્યિક સ્તરને જાળવી ભજવણી માટેનાં વિવિધ ઉપાદાનોને યુક્તિપૂર્વક ઉપયોગમાં લીધાં છે. ‘શાંતિ’ એકાંકી કૃતિ ટૂંકા વેગીલા સંવાદો, રહસ્યમય વાતાવરણ ને માનસશાસ્ત્રીય નિરૂપણથી નાટ્યક્ષમ બની છે. ‘સંતાકૂકડી’માં વિદ્યાર્થીઓની ટીખળ, ગુરુ ગિરધરલાલ ને શિષ્ય મુરલીની જુગલબંધી, અને તખ્તાને પ્રકાશઆયોજનથી વિભાજિત કરીને યોજેલ વિવિધ પ્રયોગો ધ્યાનપાત્ર છે. ‘બારણું ખુલ્લાં છે’માં બારણું મકાન માટેની સ્થૂળ સામગ્રી ન બની રહેતાં પાત્રગત પ્રણયોલ્લાસનું પ્રતીક બન્યાં છે. ‘ચાલો, વાઘ વાઘ રમીએ’માં કોઠા પરનાં દૃશ્યો, સંતાકૂકડીની રમત, દુઃસ્વપ્નો, હૉસ્પિટલનું વાતાવરણ આદિને કુશળતાપૂર્વક ઉઠાવ અપાયો છે. ‘પીંછી, કેનવાસ અને માણસ’ નામક સુખાંત એકાંકીમાં કલાસિદ્ધાંતોની તાત્ત્વિક પીઠિકા, પ્રસંગોની સુશ્લિષ્ટ ગૂંથણી અને સ્વભાવિક ગતિનાં તત્ત્વો છે. ‘રેલવે પ્લેટફોર્મ’માં સામાજિક સંદર્ભને લીધે સંકોચ સેવી સ્પષ્ટવકતા ન બન્યાથી દુઃખી ને વિયોગી બનેલા બે પ્રાત્રોનાં હૃદયમાં ચાલતી વિવિધ લાગણીઓનું બળુકું આલેખન થયું છે. રમૂજી સંવાદોથી આરંભ પામેલ ‘મારો ટીનું’માં બે પેઢી વચ્ચેના વૈચારિક સંઘર્ષ, અતિભૌતિકવાદ તરફ દોડતા આજના યુવાનો અને જૂની પેઢીના વડીલોની વત્સલતાને લેખકે ખૂબીપૂર્વક વર્ણવી છે. બુદ્ધિચાતુર્ય, શબ્દરમત અને છેવટે ઊંડી સંવેદના તરફ ગમનનો ઉપક્રમ—એમ આરંભથી જ આ કૃતિને લેખકે કલાત્મક ઘાટ તરફ વાળી છે. ‘આકાર વગરના ચહેરા’માં ભાષાની વિશિષ્ટતા નોંધપાત્ર છે.

ભાષાસંવાદો પ્રસંગોચિતતા સ્વાભાવિકતા ને લાક્ષણિક વિશિષ્ટતાનાં તત્ત્વો ધરાવે છે. ‘બારણું ખુલ્લાં છે,’ માં નિરામય કહે છે: મનીષા, I am sorry, હવે હું એ ભૂલ નહીં કરું: આ બારણું હવે સદાને માટે ખુલ્લાં રહેશે. તારે જ્યારે આવવું હોય ત્યારે તું આવી શકીશ. (પૃષ્ઠ ૮૫), ‘ચાલો, વાઘ વાઘ રમીએ’માં લેખકે ક્રિયાપદોનો ને પ્રાસનો કેવો વિશિષ્ટ પ્રભાવક ઉપયોગ કર્યો છે તે જુઓ:

> રેશ્મા—આ બધી શારીરિક ચેષ્ટાઓ શાને, એમ ને? પરેશ, હું જાગું છું, ઊંઘું છું, રમું છું, રડું છું, ખાઉં છું, થૂકું છું, પીઉં છું, ઊલટી કરું છું, પલંગની ચાદર બદલું છું, નવો ઘરાક ઓઢું છું, કચરો કાઢું છું, જાંઘ ખંજવાળું છું....મને ક્ષણે ક્ષણે દેખાય છે ભૂખ્યો વાઘ, ચામડીને ચીરતો, તેમાં મીઠું ભભરાવતો અને પીચકારી મારતો અતૃપ્ત વાઘ. (પૃષ્ઠ—૯૨)

સાથે સાથે અહીં કામલોલુપ વાસનામગ્ન વેશ્યા રેશ્માનું ચિત્ર પણ તાદૃશ થાય છે. એવું જ રેશ્માનાં સ્વપ્નદૃશ્યો વિશે ય કહી શકાય:

> પરેશ—તને કોઈ ઈજા નથી કરતું?

રેશ્મા—ના. કોઈ મારી પાસે આવવાની હિંમત કરતું નથી. તેમની આંખોમાંથી તણખા ઝરે છે, પણ પ્રકાશ વેરાતો નથી. તેમના મોમાંથી દુર્ગંધનો ધોધ વહે છે, પણ મને તે સ્પર્શતો નથી. મારી આસપાસ ટોળું છે, છતાં હું એકલી છું, અલિપ્ત છું, અસ્પૃશ્ય છું...હાહાહાહા...મારા ચહેરાને કોઈ ભીંજવતું નથી. મારી ચામડીને કોઈ ચાવતું નથી. મને કોઈ બચકાં ભરતું નથી. એટલે હું અકળાઉં છું, મૂંઝાઉં છું ને પછી માંસભક્ષી વાઘને પૂછું છું, 'નામર્દ', બાયલા, દૂર શું ઊભો છું? આવ, મને આલિંગન આપ. મારા દેહના ટુકડે ટુકડા કરી નાખ. મને તારામાં ઓગાળી દે.

પરેશ—તારો વાઘ તને શો જવાબ આપે છે?

રેશ્મા—એ મને કહે, 'સૉરી ડાર્લિંગ, મારું ગઈ કાલે જ ઑપરેશન થયું છે. હરણિયાનું ઑપરેશન. મારાથી છલાંગ નહીં મરાય. નામર્દ, બાયલો. હરણિયાનું ઑપરેશન, સારણગાંઠનું ઑપરેશન હાહાહાહા...(પૃષ્ઠ–૯૧)

'પીંછી, કેનવાસ અને માણસ'માં ટૂંકાં વાક્યો દ્વારા નાનાં બાળકો વચ્ચેની વિચાર–તડાતડી સરસ રીતે છતી થઈ છે—

નાનો આકાર—મા, તું ન્યાય આપ. અમારી શાળામાં આજે સંગીતખુરશીની સ્પર્ધા હતી.

નાનો સમીર—વચ્ચે ખુરશીઓ મૂકી હતી અને અમે સંગીતના તાલે તાલે ખુરશીની આજુબાજુ દોડતા હતા.

નાનો આકાર—હું સંગીતને ધ્યાનથી સાંભળતો હતો.

નાનો સમીર—હું ખુરશીને ધ્યાનથી જોતો હતો.

નાનો આકાર—હું કાનથી દોડતો હતો.

નાનો સમીર—હું આંખથી દોડતો હતો.

નાનો આકાર—સંગીતનો અવાજ અટકતાં મારા પગ ખુરશી પાસે થંભ્યા.

નાનો સમીર—સંગીતનો અવાજ અટકતાં મારી આંખો ખુરશી પર ચોંટી.

નાનો આકાર—હું ખુરશી પાસે હતો એટલે બેસવા ગયો.

નાનો સમીર—હું ખુરશીથી દૂર હતો. એટલે મેં આકારને ધક્કો માર્યો.

નાનો આકાર—અને મા, સમીરિયાએ મારી ખુરશી પચાવી પાડી.

નાનો સમીર—(હસે છે) હાહાહાહા...મેં એમાં શું ખોટું કર્યું છે? રમતમાં તો સંતાકૂકડી જ હોય.

નાનો આકાર—ના, રમતમાં ખેલદિલી હોય. (પૃષ્ઠ ૧૦૯)

કલાને પોતાની આરાધ્ય દેવી માનનારો આકાર, દેહાકૃતિ અને સામાજિક દંભમાં રાચનારી છાયાની સાથે લગ્નગ્રંથિથી જોડાવા માગતો નથી અને અકસ્માતને કારણે ખંડિત મૂર્તિ જેવા

બનેલા આકારમાં હવે છાયાને રસ પણ પડતો નથી. કલા અંગેની દષ્ટિમાં મૂળભૂત રીતે તફાવત હોય તો પછી મેળ કેવી રીતે જામે ? છેવટે સમીર–છાયાની જેમ આકાર–રેખાના લગ્નથી કૃતિ 'मधुरेण समापयेत्' પામે છે.

'રેલવે પ્લેટફોર્મ'માં પાત્રોની સ્થિતિનો સંક્ષેપમાં કેવો ખ્યાલ અપાયો છે—

અવિનાશ—અમી, તું આમ ને આમ એનાઉન્સ કરતી રહીશ, સમય કરવટ બદલતો રહેશે અને તું એક દિવસ બુઢ્ઢી થઈ જઈશ.

એનાઉન્સર—હવે હું એકધારા નીરસ જીવનથી ટેવાઈ ગઈ છું. અહીં ટ્રેન આવે છે અને અ તરફ, બ તરફ કે ક તરફ ગતિ કરે છે. પણ રેલવે પ્લેટફોર્મ તો ત્યાંનું ત્યાં જ રહે છે. મારી સ્થિતિ પણ એવી જ છે (પૃ૪–૧૪૪).

'આકાર વગરના ચહેરા'માં લેખકે ભાષાને જે વિશિષ્ટ રીતે પલોટી છે તેનો નમૂનો જોઈએ :

બ—અમારો ચહેરો તરડાયેલો છે. રસ્તા પર પડેલા ખાડા જેવો છે.

૨ ડૉક્ટર—તમે એનું કાળજીપૂર્વક જતન કરો.

અ—પણ ડૉક્ટર, અમારે હાથ છે, પણ હૈયું નથી.

બ—અમારે પગ છે, પણ દિમાગ નથી.

અ—અમારે યંત્ર નથી બનવું.

બ—અમારે કોઈ યંત્રના સ્પેર પાર્ટ્સ બનવું નથી.

અ—હું હું નથી.

બ—તું તું નથી.

અ—કૂતરાને પણ લોકો તૂ તૂ કહીને બોલાવે.

બ—આપણે તો છીએ માત્ર અળસિયાં, ખાડામાં, ખદબદતાં અળશિયાં. (પૃ. ૧૬૨-૧૬૩)

સંગ્રહની બધી કૃતિઓ અભિનેયતા તખ્તાલાયકીનું લક્ષણુધ રાવે છે. વળી લેખક પાસે રંગભૂમિના તખ્તાનો અનુભવ હોવાથી યથેષ્ટ સ્થળોએ એકાંકીઓમાં કૌંસમાં ભજવણીની દષ્ટિએ આવશ્યક સૂચનાઓ તેમણે આપી છે. ફ્લૅશબૅક પદ્ધતિનો વિનિયોગ કરી લેખકે પાત્રની મનોસૃષ્ટિ કે તેમના પૂર્વજીવનનો ય ખ્યાલ આપ્યો છે. એકાંકીઓનો હેતુ મુખ્યત્વે જે તે પાત્રોની મનોગૂંચને ઉકેલવાનો હોવાથી લેખકે તેમના હૃદયસ્થ ભાવોને કલાત્મક રીતે ગૂંથ્યા છે. આમ કરવા જતાં સર્જકે જીવનના આ કે તે હેતુને ગૌણ બનાવી દીધા છે, પણ કલામયતાને જ મહત્ત્વ આપ્યું છે. અહીં દાંપત્યજીવનમાં ગેરસમજણને કારણે પડેલી તિરાડ જોવા મળે છે, તો વેશ્યાજીવનની અંતરિયાળ લાગણીનાં પણ દર્શન થાય છે. એક બાજુ રાજકારણીઓની ભૂંડ જેવી મલિન પ્રવૃત્તિ જોવા મળે છે તો બીજી બાજુ પૌત્રમિલનની ઝંખનાથી વાત્સલ્ય પ્રેમને વહેવડાવવા ઉત્સુક એવા મૃત્યુ સમીપ આવેલા વૃદ્ધો પણ જોવા મળે છે. લેખકે અહીં કલાકારની મનોવેદનાને

ઝંકૃત કરી છે તો વસ્તીવધારાના વિસ્ફોટની પણ કલાત્મક રીતે છણાવટ કરી છે. આમ, વિષય ને પાત્રોનું વૈવિધ્ય, કલાત્મક અભિવ્યક્તિ, તખ્તાલાયકી, ક્યાંક સંક્ષિપ્ત ને માર્મિક સંવાદો, ભજવણી માટેનાં વિવિધ ઉપાદાનોનો વિનિયોગ અને સાહિત્યિક સ્તર આદિ લક્ષણોથી યુક્ત રસપ્રદ આઠ એકાંકીઓનો સંગ્રહ આપનાર ડૉ. લવકુમાર દેશાઈને સફળ ને આશાસ્પદ એકાંકીલેખક તરીકે આપણે આનંદથી આવકારીએ ને વધુ સારી નાટ્યકૃતિઓ ભાવિમાં એમના તરફથી મળશે એવી આશા રાખીએ ને સંગ્રહમાં રહી ગયેલા થોડા મુદ્રણદોષો ને ભાષાકીય સ્ખલનો બીજી આવૃત્તિમાં નિવારાશે એમ ઇચ્છીએ.

ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ)

* * *

મરમી સંતોનું દર્શન : લે. જયંતીલાલ આચાર્ય, હરિ ૐ આશ્રમપ્રેરિત આનંદશંકર બાપુભાઈ ધ્રુવસ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળા, ૧, પ્ર. રતિલાલ ઠક્કર, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૧૯૮૨, આ. ૧, મૂલ્ય રૂ. ૨૬ = ૦૦.

'નકશાહુકુમ ઈમારત ચલે, વૃક્ષ ચલે, નિજ લીલા ' એમ સહજભાવે લખાયેલ આ પુસ્તકમાં પૂર્વ અને પશ્ચિમના મરમી સંતોનું દર્શન કરાવવામાં આવ્યું છે. વિષયનું ઉદ્દ્ઘાટન, વિષયનું નિરૂપણ, તુલનાત્મક દર્શન, જીવનને ઉજાળનારા (પૂર્વના–પશ્ચિમના)–૧–૨, મરમી સંતોનો સાધનાપથ, પ્રેમનો સાક્ષાત્કાર : અનુભૂતિ અને દર્શન, મરમી એંધાણ, ચેતવણી, ફલશ્રુતિ, જગતની યુનિવર્સિટીઓને (રોમાઁ રોલાઁ) એમ અગિયાર પ્રકરણોમાં વહેંચાયેલા પુસ્તકમાં લેખકે જણાવ્યા પ્રમાણે " જે મુદ્દાઓ પ્રકરણદીઠ નક્કી કર્યા હતા, તે બધા આડાઅવળા ગોઠવાઈ ગયા છે,–એક મરમીસૂત્રમાં, પ્રકરણદીઠ, પૂર્વના પ્રસંગો અને પશ્ચિમના પ્રસંગો ભેદભાવ ભૂલી, મારા નમ્ર મતે અભેદનું ઈંગિત કરે છે. સૂફીભાવ, ખ્રિસ્તીભાવ, ગ્રીકભાવ પોતપોતાના મરમીઓ અને સંતો અને તેમની વાણી કે સાધના દ્વારા ઓતપ્રોત થઈ ગયા છે. કબીર, દાદૂ, રજ્જબ, જ્ઞાનદાસ અને કોઈ કોઈ ઠેકાણે આચાર્ય શંકર અને આચાર્ય એક્હાર્ટની તુલનાત્મક ચર્ચા પણ છે " (પૃ. ૨૪૭).

ગુજરાતના સંતોની ખાસ ચર્ચાવિચારણા કરી નથી કેમ કે ' ગુજરાતના સંતકવિઓ અને બાઉલપંથ ' એ નામના પોતાના પુસ્તકમાં એ વિષે કેટલુંક કહ્યું છે એવી લેખકે સ્પષ્ટતા કરી છે. આચાર્ય ક્ષિતિમોહન સેનના શિષ્ય લેખકે આ એકરાર ન કર્યો હોત તો પણ વાંચતાં આવી છાપ ઊપસે છે. વૃક્ષની ડાળીઓ તેનાં પાંદડાં જેમ સ્વાભાવિક રીતે પાંગરીને આડાંઅવળાં ગોઠવાઈ ને એક આકૃતિ રચે છે તેવી જ એક ભાત આ પુસ્તકની રચાઈ છે. આવો એકરાર એ લેખકના હૃદયની પારદર્શકતા, સભાનતા દર્શાવે છે તો સાથે સાથે ચર્ચામાં ઊંડા ઉતરતાં લેખક કેવા ખોવાઈ જાય છે તેનો પણ દ્યોતક બની રહે છે. સંતોના જીવન અને દર્શનનું એક વિહંગાવલોકન કરાવતાં ઘણું બધું બાકી રહી જાય પણ જે આવી ગયું તેમાં જે તે સંતની વાણીનું હાર્દ પામવામાં અને તેને અભિવ્યક્ત કરવામાં લેખકની સહૃદયતા, બુદ્ધિની સૂક્ષ્મતા, અભિવ્યક્તિની ભાષાક્ષમત

જણાયા વિના રહેતાં નથી. મરમી હોય તે મરમીને પામે. લેખક અધિકારી જીવ છે તેમ સત્યની ખોજ માટે મથનારા છે એમ પ્રતીત કરાવનારા આ પુસ્તકની ફલશ્રુતિ લેખકે જણાવ્યું છે તેમ 'સત્સંગ' છે.

ગ્રંથનો મુખ્ય હેતુ–સંતો, મરમીઓ, ક્રાન્તદર્શી ઋષિઓ જીવનભરની તપસ્યા દ્વારા, સાધના દ્વારા, પોતપોતાની અનુભૂતિ, ઉપલબ્ધિ તેમ જ સાક્ષાત્કારનું જે સુવિશાળ સાહિત્ય મૂકી ગયા છે, તેનું કંઈક દર્શન, ઝાંખી કરાવવાનો છે. જગતના મરમીઓના પ્રસંગો અને વાણી પુસ્તકનું આકર્ષક પાસું છે. લાઓત્સ અને કન્ફ્યૂશિયસ, દાદુ અને કબીરપુત્ર કમાલના મેળાપના પ્રસંગોનું વર્ણન રસપ્રદ છે. પ્રસંગકથનની શૈલી કથ્ય વાર્તાશૈલીને અનુસરતી જણાય છે. પ્રસંગ વર્ણવ્યા પછી જે તે પ્રસંગનું રહસ્ય, એનો સાર જણાવવાને કારણે સ્પષ્ટતા એ પુસ્તકનું નોંધપાત્ર લક્ષણ બની રહે છે. 'મિસ્ટિક' શબ્દને ગુજરાતીમાં ઉતારતાં 'મરમીભાવ' શબ્દના ઔચિત્યની ચર્ચા પાંડિત્યપૂર્ણ છે ('વિષયનું નિરૂપણ' પૃ. ૧૨–૧૩).

મરમી સંતોની વાતો કરતાં જગતના સંતો પ્રત્યે લેખક એકસરખી આત્મીયતા અનુભવી ઊલટથી વાતો કહ્યે જ જાય છે. મરમી સંતો કોઈ એક જ દેશના નાગરિક રહેતા નથી. એમના પ્રત્યે સૌનો એકસરખો હક્ક છે. એમનું જીવનદર્શન, વિશ્વભરની સહિયારી મિલકત છે. અભેદમાં એ લોકો જીવ્યા હોય છે એટલે અભેદભાવે એમની વાતો કરી શકાય. આ પુસ્તકની મોટામાં મોટી ફલશ્રુતિ તો એ છે કે બધા જ સંતોનો સધિયારો આપણને મળે છે. દેશના, ભાષાના, સંસ્કૃતિના, ધર્મના સીમાડા આપણને નડતા નથી.

લેખકે છેક સુધી બુદ્ધિ અને શ્રદ્ધા વચ્ચેની સમતુલા સાચવી છે. મરમી અનુભૂતિની વાણીને બુદ્ધિની કસોટીએ કસવી એ કેવું હાસ્યાસ્પદ છે તે સમજાવવા રવીન્દ્રનાથે બાઉલની વાણીમાંથી જણાવેલું તે ઉદ્ધૃત કર્યું છે. "અરે, આ ફૂલના વનમાં સોનાનો ઝવેરી કોણ ઘૂસી ગયો છે? અરેરે, એ તો કમળને પણ કસોટીના પથ્થર પર કસે છે!" ('તુલનાત્મક દર્શન', પૃ. ૩૮) લેખકનો બાઉલસાહિત્યનો અભ્યાસ અહીં વિષયને સમજાવવામાં અવારનવાર ઉપકારક નીવડ્યો છે.

'જીવનને ઉજાળનારા (પૂર્વના–પશ્ચિમના)–૨' માં પાયથાગોરસ અને ફિલોની હિંદયાત્રા, અહીંનાં જ્ઞાનવિજ્ઞાન, ઋષિજીવનનો તેમણે કરેલો અભ્યાસ વગેરે સંશોધનનો વિષય ગણાય, આ બધું 'ગૂઢ' કહીને ઉપેક્ષ્ય નથી એવી ટકોર કરી છે.

લાખા લોયણનાં ભજનોમાંનું દર્શન વિગતે ઉદાહરણોસહિત રજૂ કરી સળંગ આખીયે સાધનાનો ક્રમ સમજાવતાં આવાં ભજનો અન્યનાં જાણ્યામાં નથી એમ પ્રતિપાદન કર્યું છે. (મરમી સંતોનો સાધનાપથ, પૃ. ૧૧૨)

બલા નામના બાઉલની અનુભૂતિ, એની વેદના, વ્યાકુળતા હૃદયસ્પર્શી બને એ રીતે અભિવ્યક્ત થઈ છે. ('પ્રેમનો સાક્ષાત્કાર', પૃ. ૧૪૮)

'ફલશ્રુતિ' પ્રકરણમાં સત્સંગને ફલશ્રુતિરૂપ ગણાવી અમેરિકાના એક વિવેચકના દર્શનનો સાર આપ્યો છે કે "જ્યારે જ્યારે રાષ્ટ્રમાં કે કોઈ પ્રાંતમાં સંઘર્ષ ચાલતો હોય છે,

રાજકીય ઊથલપાથલ થતી હોય છે, સમાજજીવનમાં જૂનાં અને નવાં મૂલ્યોની અથડામણ ચાલતી હોય છે, ત્યારે ત્યારે કોઈ મરમી સંત કે જ્ઞાની મંચ પર આવે છે અને એક દીવાદાંડીરૂપ બની જાય છે." ગીતાનું **यदा यदा हि धर्मस्य**નું દર્શન યાદ આવી જાય. મરમીઓ અને સાધુસંતોને વિષે અત્યારની પ્રજા, ખાસ કરીને ભણેલી યુવા-આલમ, શંકાની નજરે જુએ છે એ પ્રશ્ન વિષે પૂ. શ્રી. રંગ અવધૂતનો પ્રસંગ ટાંકી સાધુસંતોના સહજ સરળ નિષ્કામ જીવનનો ખુલાસો આપ્યો છે. સાંપ્રતના પ્રશ્નો પોતાની અનોખી રીતે ઉકેલવાનો સંતો પ્રયત્ન કરતા જ હોય છે એ વાત દષ્ટાંતો આપી સમજાવી છે.

પુસ્તકમાં અનુક્રમણિકાનો અભાવ છે.

મરમીઓના અનુભૂતિપ્રદેશમાં અવગાહન કરવા માટે બૌદ્ધિકો પ્રેરાય એવી કલમે લખાયેલું આ પુસ્તક અધ્યાત્મસાહિત્યમાં એક ગણનાપાત્ર ઉમેરો બની રહેશે.

દેવદત્ત જોશી

* * *

લોથલનો અંત-એક તુલનાત્મક અભ્યાસ : લે. અને પ્ર. કુ. સુમનબહેન હિંમતલાલ પંડયા, વીણા પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૨, આ. ૧, પૃ. ૧૦ + ૭૬, કિંમત રૂા. ૧૫ = ૦૦.

લોથલનો અંત એક તુલનાત્મક "અભ્યાસનો હેતુ તો માત્ર લોથલના પૂરવિનાશની વિગતો તથા લોથલના અંતમાં પૂરોની કેટલી જવાબદારી છે તે તપાસવાનો જ હતો આથી જ પુસ્તકમાં તે મોટો ભાગ રોકે છે." (પૃ. ૮) આ હેતુનું ઉદ્ભવસ્થાન "૧૯૭૩માં સાબરમતીમાં વિનાશકારી પૂર આવ્યું તે જોઈને શ્રી રાવે દર્શાવેલ લોથલના પૂરવિનાશના પુનઃ અભ્યાસ"નો વિચાર છે (પૃ. ૮). આમ લોથલના અંતની તુલનામાં તેનો પૂરથી અંત આવ્યો કે અન્ય કારણોથી એ તપાસ મુખ્યત્વે કેન્દ્રસ્થાને છે. ચાર પ્રકરણોમાં વહેંચાયેલા આ અભ્યાસથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં અતીતની આરાધનામાં ધીમે ધીમે પારિભોગિક સામગ્રી અને પુરાવસ્તુનું બળ વધતું જાય છે. આ પ્રત્યક્ષ હકીકતોનો લેખિકાએ યથાશક્તિ ઉપયોગ કરીને સારી તુલના કરી છે.

પ્રથમ પ્રકરણમાં ભૂમિકાની ચર્ચામાં શ્રી રંગનાથ રાવે લોથલ માટે કરેલાં વિધાનો જોવામાં આવે છે. આ ભૂમિકા પુસ્તિકાનાં આગળનાં પ્રકરણોને માટે ઉપયોગી છે. પરંતુ તેના પૃ. ૫ પર "આ વખતે લોથલ સાબરમતી નદીના ડાબા કાંઠે વસેલું તામ્રપાષાણ યુગની સંસ્કૃતિનું એક ગામ હતું" એ વિધાનને માટે ભૌગોલિક ટેકો મેળવવાનું કામ અઘરું છે; કારણ કે તેમના બીજા પૃ. ૭ પરના "ખંભાતનો અખાત ઓછામાં ઓછું નળસરોવર સુધી લંબાયેલો હતો. લોથલ આ ખાડી ઉપર જ વસેલું હતું" વિધાનથી જ બાધક પ્રમાણ ઊભું થાય છે.

બીજા પ્રકરણમાં સાબરમતીના પૂરની સારી વિગતો લેખિકાએ સ્વાનુભવથી આપી છે. તથા રેલની પ્રક્રિયા સમજાવવાની કોશિશ કરી છે. લોથલ પાસેથી ભોગાવો વહે છે. પૃ. ૧૪

પર દર્શાવ્યા પ્રમાણે " આ વખતે ભોગાવો નદી ખાલી હતી " એ વિધાન દર્શાવે છે કે લોથલને સાબરમતીની રેલની સરખામણીમાં ભોગાવો નદીની અસર વધારે થાય, અને તે થાય છે તેથી ભોગાવો નદીની રેલનું અધ્યયન વાસ્તવદર્શી પરિસ્થિતિ રજૂ કરવાને વધુ સમર્થ છે.

ત્રીજા પ્રકરણમાં લેખિકાએ લોથલના અંત માટે જુદાં જુદાં વિધાનોની રૂપરેખા આપી છે તેમાં આબોહવાના ફેરફારોની ચર્ચા છે. આ બાબત તેમણે ગુરુદીપસિંહ અને વિષ્ણુમિત્રના અભિપ્રાયો આપ્યા છે. વિષ્ણુમિત્રનો અભિપ્રાય નળકાંઠાની વનસ્પતિ વગેરેને આધારે હોઈ આ પ્રદેશ માટે તે ગ્રાહ્ય રાખવાની જરૂર જણાય છે તેનો પૃ. ૨૦ પર લેખિકાએ સ્વીકાર કર્યો છે તે સારું છે. અને તેની પરથી તેમણે કેટલાંક સારાં તારણો રજૂ કર્યાં છે. આ પ્રદેશમાં આવતાં પૂરોથી લોથલમાં નુકશાન થયાના પુરાવા છે. પરંતુ તેનાથી અહીં સર્વનાશ થયો હોવાની વાતમાં યોગ્ય રીતે શંકા દર્શાવી છે. લેખિકાએ લોથલની ઘણી વાતોનું વર્ણન કર્યું છે અને તેમાં " પ્રલયહારી ભયંકર વિનાશકારક પૂર આવ્યાં હોવાનો સંભવ જણાતો નથી " (પૃ. ૪૫) એ વિધાનમાં ઘણો સત્યાંશ રહેલો છે.

પરંતુ લોથલના આર્થિક વિકાસ, તેની બંદરગ્રાહ આદિની માન્યતાઓનો તેમણે વધુ અસરકારક અભ્યાસ કર્યો હોત તો પુસ્તિકાનું મૂલ્ય વધુ સારું થાત. લોથલની બંદરગાહની વિરુદ્ધ ભૌગોલિક અને આબોહવાના ઘણા મજબૂત પુરાવાઓ છે. આ મજબૂત પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન અદ્યાપિ પ્રમાણમાં ઓછું થાય છે, તે બાબત વધુ ધ્યાન રાખવાની જરૂર છે.

લોથલની આર્થિક તાકાત તૂટતાં તેનો નાશ થયો છે એ ધારણા પણ વધુ તપાસ માગે છે. તેની સાથે તેમણે કરેલાં બે વિધાનો " ઈ. સ.ની ૫માથી ૮મી સદીમાં અખાત પર આવેલ વલભી મૈત્રકસત્તાની રાજધાનીનું શહેર અને અગત્યનું દરિયાઈ વ્યાપારી બંદર હતું " (પૃ. ૫૭) અને " આજ વલભીપુર જોઈને કોણ માનશે કે તે મૈત્રકકાલીન રાજધાની અને દરિયાઈ વ્યાપારમાં રોકાયેલું બંદરી શહેર હતું " (પૃ. ૬૨) સાથે વાંચતાં લેખિકાના અભિપ્રાય પ્રમાણે વલભી દરિયાકાંઠે હતું એવું અનુમાન નીકળે છે. પરંતુ વલભીના વ્યાપારના યુગમાં વલભી અને સમુદ્રકાંઠાની વચ્ચે સમકાલીન વસાહતો હતી એ માહિતી તેમનાં વિધાનમાં બાધક પ્રમાણ પૂરું પાડે છે.

પુસ્તિકાનું લખાણ સરળ અને ચર્ચા સારી છે. આ જાતની ચર્ચા વધુ થાય એ આ વિષય માટે જરૂરી છે અને તેથી આ પુસ્તિકા આવકાર્ય છે. અધ્યયન વધતાં તેનાં વિધાનોમાંથી ઘણાં બદલાઈ જશે એમ ભાવનગર જિલ્લાનાં અને અમદાવાદ જિલ્લામાં થતાં સંશોધનો અંગુલિનિર્દેશ કરે છે. વળી પુસ્તકમાં વપરાયેલા નકશા જોતાં તેમાં વધુ કાળજીની જરૂર જણાય છે. દાખલા તરીકે લોથલ અને સરગવાળા ગામો દર્શાવવામાં દિશાફેર થયો છે. આવી બાબતમાં કેટલીક ક્ષતિઓ હોવા છતાં પુસ્તિકા અભ્યાસીઓએ વાંચી જવા જેવી છે.

ર. ના. મહેતા

* * *

वैष्णवधर्म और महात्मा गांधी: લે. કેશવરામ કા. શાસ્ત્રી (બાંભણીયા), પ્ર. મંગલાપ્રસાદ અગ્રવાલ, મહામન્ત્રી, ગાંધી દર્શન સમિતિ, ૨૯૧–૧, અશોકગઢ (પશ્ચિમ), કલકત્તા–૭૦૦૦૩૫, પ્રથમ સંસ્કરણ, ૧૯૮૨, પૃ. ૩૨, કિં. રૂા. ૪=૦૦.

ગાંધી દર્શન સમિતિ (કલકત્તા)ના આશ્રયે વ્યાખ્યાનમાળાના તેત્રીસમા વ્યાખ્યાન માટે ગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષર, પંડિત, ભાષાશાસ્ત્રી, મહામહિમોપાધ્યાય, પદ્મશ્રી શ્રી કેશવરામ કા. શાસ્ત્રીજીએ તા. ૩૦ મે, ૧૯૮૧ના રોજ કલકત્તામાં નાગરિકો સમક્ષ આપેલા મનનીય પ્રવચનને આ પુસ્તિકાસ્વરૂપે પ્રકાશિત કરી સમાજમાં વૈષ્ણવધર્મ પ્રત્યે ગાંધીજીના વિચારોને પ્રસ્તુત કરવાનો સ્તુત્ય પ્રયાસ છે.

"પ્રાસ્તાવિક"માં શ્રી શાસ્ત્રીજીએ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે પોતે બાળપણમાં 'નવજીવન' અને 'હરિજનબન્ધુ'નું નિયમિત વાંચન કરતા હતા અને મહાત્મા ગાંધીજી પ્રત્યે તેમને જે આદર અને પ્રેમ વૈષ્ણવતાના નાતે હતો તે પ્રકટ કરવાનો આ નમ્ર પ્રયાસ છે.

પ્રસ્તુત પુસ્તિકાના ત્રણ વિભાગો (૧) વૈષ્ણવધર્મની ઉત્પત્તિનો વિકાસ અને લક્ષણો (૨) ગાંધીજીના વૈષ્ણવધર્મ પ્રત્યેના વિચારો અને (૩) ગાંધીજીનું વૈષ્ણવ તરીકેનું વ્યક્તિત્વ, પાડવામાં આવ્યા છે.

શ્રી શાસ્ત્રીજી પોતાની સ્પષ્ટ, સુરેખ અને સ્વતન્ત્ર વિચારશૈલીથી પ્રથમવિભાગમાં શ્રી ગાંધીજીનાં પોતાનાં જ લખાણોમાંથી ઉદાહરણો સહિત પ્રતિપાદિત કરે છે કે શ્રી ગાંધીજી પોતે ચુસ્ત વૈષ્ણવ હતા અને શ્રીમદ્ ભગવદ્ગીતાના સોળમા અધ્યાયમાં વર્ણવવામાં આવેલા દૈવી સમ્પત્તિનાં ૨૬ લક્ષણો અભય, સત્ત્વસંશુદ્ધિ, જ્ઞાનયોગવ્યવસ્થિતિ, દાન, દમ, જ્ઞાનયજ્ઞ, અધ્યયન, તપ, ઋજુતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાન્તિ, અ–પિશુનતા, પ્રાણીઓ પ્રત્યે દયા, અ–લોલુપતા, મૃદુતા, લજ્જા, અ–ચાપલ, તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અ–દ્રોહ, અત્યંત સ્વમાની સ્વભાવનો અભાવ, તેમનામાં ઓતપ્રોત થયેલા હતા. શ્રી ગાંધીજી પોતે માનતા હતા કે માનવમાત્રને સ્વાભિમાનની જરૂર હોય છે પણ તેનો અતિરેક ન થવો જોઈએ. પોતે ભારતીય છે, હિન્દુ છે અને વૈષ્ણવ છે એ ત્રણે બાબતોનું તેમને ગૌરવ હતું.

શ્રી શાસ્ત્રીજીએ "ભાગવતધર્મ"ની ઉત્પત્તિના વિકાસક્રમની ઈ. સ. પૂ. સાતમી શતાબ્દીથી ચર્ચા કરી મહાભારતના શાન્તિપર્વના નારાયણીય ઉપાખ્યાનમાં 'પાંચરાત્ર' અને 'સાત્વત' રૂપમાં, તેના દેવતાઓની ચર્ચામાં વાસુદેવાદિ ચતુર્વ્યૂહની ચર્ચા, અને પાંચરાત્ર, સાત્વત સંપ્રદાયનો સંક્ષિપ્ત પણ સચોટ ઇતિહાસ રજૂ કર્યો છે.

ત્યારબાદ 'વૈષ્ણવ' શબ્દની ઉત્પત્તિ અને તેનો જયાખ્યસંહિતામાં સર્વ પ્રથમ ઉલ્લેખ દર્શાવી ઋગ્વેદથી આરંભી ઉપનિષદો અને ગીતા વગેરે સાહિત્યમાં કયાં કેવી રીતે, કયા અર્થમાં તેનો વિકાસ થયો છે તેનું ઐતિહાસિક વિશદ વર્ણન કર્યું છે.

વિષ્ણુનાં દ્વિભુજ અને ચતુર્ભુજ સ્વરૂપોનું વિસ્તૃત વર્ણન, તેમની ઉપાસના, પૂજા, આયુધો અને પુરાતત્ત્વની દૃષ્ટિએ ગુજરાતમાં પ્રાપ્ત થતી પ્રાચીન મૂર્તિઓનું સુરેખ ચિત્ર અને ઈ. સ. પૂર્વે બીજી શતાબ્દીથી આરંભી ભાગવતધર્મથી આરંભી શ્રી વલ્લભાચાર્ય, ચૈતન્યદેવ વગેરે આચાર્યો તથા કબીરથી આરંભી સહજાનંદ સ્વામીના સ્વામીનારાયણ સંપ્રદાયમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણની સેવા–અર્ચના–ઉપાસનાનું સંશોધનાત્મક વર્ણન ઐતિહાસિક દૃષ્ટિએ રજૂ કર્યું છે. (પૃ. ૫–૭).

વૈષ્ણવોનાં લક્ષણોની પણ ઉપર્યુક્ત ૨૬ લક્ષણો ઉપરાંત ગીતાના બારમા અધ્યાયનાં ભક્તનાં લક્ષણોની ચર્ચા કરી છે. આ સાથે શ્રી ગાંધીજીનું ગીતાદર્શન, અનાસક્તિયોગ અને સાધક કર્મમાર્ગીય હોય, જ્ઞાનમાર્ગીય હોય કે ભક્તિમાર્ગીય હોય ત્રણેને માટે 'અનાસક્તિ' અત્યન્ત આવશ્યક અંગ છે તે ગાંધીજીના મતનું પ્રતિપાદન કર્યું છે. (પૃ. ૭–૯).

ગીતા ઉપરાંત વૈષ્ણવ ભક્તનાં લક્ષણ શ્રીમદ્‌ભાગવતમાં મળે છે. ભાગવત ભાગવતમાર્ગનો સંપ્રદાયનિરપેક્ષ ગ્રન્થ છે. તેના એકાદશ સ્કન્ધમાં ગીતાના ભક્તિમાર્ગનું વિસ્તૃત વર્ણન છે. તેનું, ગીતા જેનો રચના સમય ઈ. સ. પૂ. છઠ્ઠી શતાબ્દીની પૂર્વ તથા ભાગવત જેનું વર્તમાન સ્વરૂપ ઈ. સ.ની સાતમી–આઠમી શતાબ્દીનું છે તેનું સમન્વયાત્મક સ્વરૂપ અને અન્ય આચાર્યો દ્વારા પુરાણો દ્વારા તેના મહત્ત્વના સ્વીકારની ચર્ચા કરી ભક્તિમાર્ગના પ્રાણરૂપ સિદ્ધાન્ત "શરણમાર્ગ" (પૃ. ૯–૧૨), ભક્તિના છ અવાન્તરભેદો–કીર્તન, સ્મરણ, અર્ચન, વન્દન, દાસ્ય અને અર્પણ, અને શ્રીમદ્‌ભાગવતમાં નિર્દિષ્ટ નવધાભક્તિ :

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ (भाग. ७–५–२३)

ઉપરાંત સાધનભક્તિ, નિષ્કામભક્તિ, અને નિસ્સાધન ફલાત્મક પ્રેમલક્ષણાભક્તિનું સ્વરૂપ જેમાં પરમતત્ત્વ પરમેશ્વરના માહાત્મ્યજ્ઞાનની કોઈ જરૂર નથી તેનું વિશદ વર્ણન ઉદાહરણો સહિત કર્યું છે (પૃ. ૧૨–૧૫).

ભાગવતના એકાદશસ્કન્ધમાં વર્ણિત ભક્તનાં લક્ષણો આન્તરિક ગુણલક્ષણોની ચર્ચા, અનેક ઉદાહરણો આપી ચર્ચી છે (પૃ. ૧૫–૧૮). ત્યારબાદ ભક્તનાં લક્ષણોની ચર્ચા ગુજરાતના બે આરૂઢ ભક્તિમાર્ગીય વૈષ્ણવ કવિઓ નરસિંહ મહેતા અને દયારામનાં સુપ્રસિદ્ધ પદો અનુક્રમે "વૈષ્ણવજન તો તેને કહીએ" અને "તાદશીજન તેને જાણીએ, જેમાં એવા ગુણ હોય" આપી તેમાં દર્શાવેલા ભક્તોનાં અનુક્રમે ૧૭ અને ૨૧ લક્ષણોની જુદી જુદી યાદી તારવી છે (પૃ. ૧૮–૨૧). વિભાગના અંતે વૈષ્ણવનું પ્રધાનલક્ષણ દીનતા–નમ્રતા જેના વગર પ્રભુની તરફ શરણભાવના સંભવ જ નથી તેની ચર્ચા કરી છે.

પુસ્તિકાના બીજા વિભાગમાં વૈષ્ણવધર્મને વિશે ગાંધીજીના પોતાના આચાર અને વિચારનું વર્ણન છે. ગાંધીજી પોતે લખે છે કે "હું જન્મજાત વૈષ્ણવ છું. હું વૈષ્ણવમંદિરોમાં જતો હતો તે મને બરાબર યાદ છે. મારા કુટુંબીજન ચુસ્ત વૈષ્ણવ હતા. જ્યારે હું બાળક હતો ત્યારે હું જાતે પણ તિલક કરતો હતો" (ગાંધીઅક્ષરદેહ, ગ્રં. ૩૪, પૃ. ૫૨૧).

શ્રી ગાંધીજી વૈષ્ણુવ હોવાનું ગૌરવ અનુભવતા હતા તેનું કારણ પોતે જ જણાવે છે કે "હું વૈષ્ણવધર્મી હોવામાં ગૌરવ માનું છું, પરંતુ મારે માટે વૈષ્ણવસાહિત્યમાં બતાવવામાં આવેલા બાહ્ય આચારોનું પાલન કરવું જ જોઈએ એવું નથી. હું વૈષ્ણવધર્મથી સંલગ્ન રહું છું, કારણ તે વિશ્વવ્યાપી પ્રેમ અને એના દ્વારા ભ્રાતૃભાવ શિખવે છે. તે સત્ય અને અહિંસાના સૂક્ષ્મ પાલન ઉપર ખૂબ જ વજન આપે છે અને ઈશ્વરની નિઃસ્વાર્થ ભક્તિનો આગ્રહ રાખે છે. હિન્દુઓની ધાર્મિક તથા સામાજિક સાહિત્યમાં સંકુચિતતા, અસહિષ્ણુતા અને ધર્માન્ધતા સામે વૈષ્ણુવ સંતોએ તથા અન્ય લેખકોએ જેટલી લડાઈ ચલાવી છે તેટલી બીજા કોઈએ નહીં. માટે વૈષ્ણવધર્મના મર્મથી સ્પષ્ટ રૂપમાં વિરોધી હોય તેવા આચારોથી મને ક્ષુબ્ધ થવાનું કોઈ કારણ નથી" (ગાંધીઅક્ષરદેહ, ગ્રં. ૫૭, પૃ. ૩૯૧-૩૯૨; હરિજન (અંગ્રેજી)–તા. ૧૩-૮-૩૪, હરિજનબન્ધુ (અનુવાદ)–તા. ૨૨-૪-૩૪) (પૃ. ૨૧-૨૨). શ્રી ગાંધીજી પોતાને "ચુસ્ત સનાતની હિન્દુ" કહેતા. તેમના મતે સાચો વૈષ્ણુવ "વૈષ્ણવજન તો......" પદના ગુણો જેમાં હોય તે જ છે. અને તેને જીવનમાં ઉતારવા સતત પ્રયત્નશીલ રહેવું તે જ વૈષ્ણવતા (પૃ. ૨૨-૨૩). ભાગવતધર્મ વિશે શ્રી ગાંધીજી કહે છે કે "જે મનુષ્ય ભાગવતધર્મનું હૃદયથી પાલન કરે છે, પ્રભુપ્રીત્યર્થ માત્ર આજીવિકા પ્રાપ્ત કરી લોકસેવા કરે છે, તે પોતાના આચારથી બ્રહ્મજ્ઞાન આપે છે. એમાં વિદ્વાન પણ છે અને અવિદ્વાન પણ છે. (ગાંધીઅક્ષરદેહ, ગ્રં. ૫૪૪, પૃ. ૪૫૭). શ્રી ગાંધીજી માનતા હતા કે "જ્યારે જ્ઞાનમાર્ગ શિથિલ થયો ત્યારે વલ્લભે ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો" (ગાંધીઅક્ષરદેહ, ગ્રં-૧૬, પૃ. ૨૨૨). શ્રી ગાંધીજીને ભાગવતમાર્ગનાં બીજ ગીતામાં દેખાય છે.

"मां हि पार्थ ! व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥" भ.गी. ९.३२

આ ઐતિહાસિક સત્ય ગાંધીજીને અભિપ્રેત હતું. તેઓ કહેતા "વૈષ્ણવધર્મનો અર્થ પ્રાણીમાત્ર ઉપર દયા છે" (પૃ. ૨૫). તેમણે નવજીવન (તા. ૨૧-૬-૧૯૨૫)માં લખ્યું છે કે "વૈષ્ણવધર્મની ઉત્પત્તિ દયામાં, જ્ઞાનમાં, પતિતોને પણ પુનિત કરવામાં રહી છે. એવી મારી માન્યતા છે. આવું હું બંગાળમાં જોઈ રહ્યો છું. વલ્લભાચાર્યે પશ્ચિમમાં જે કર્યું તે ચૈતન્યે પૂર્વમાં કર્યું." બન્ને આચાર્યોએ પતિતોના ઉદ્ધાર માટે જ પોતપોતાની વૈષ્ણવ પ્રણાલીનો પ્રારંભ કર્યો છે. ભગવદ્ભક્તિની એટલી પ્રબલતા હતી કે श्वादोऽपि सद्यः सवनाय कल्पते–ચાંડાલ પણ તૂર્ત જ પવિત્ર બને છે. (પૃ. ૨૬) નવજીવન (૫–૧૨–૨૦)માં નરસિંહ મહેતાના "વૈષ્ણવજન" પદ ઉપર પોતાના વિચારો પ્રદર્શિત કરતાં શ્રી ગાંધીજી લખે છે કે "આમાં વૈષ્ણવશિરોમણિ નરસિંહે અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે અર્થાત્ જેમાં પ્રેમ, સત્ય, ઈન્દ્રિયવિજય જેણે કર્યો નથી તે વૈષ્ણવ નથી" (પૃ. ૨૬). શ્રી ગાંધીજી સર્વ ધર્મો પ્રત્યે આદર અને માનવસેવાના પરમ આગ્રહી હતા.

છેલ્લા ત્રીજા ભાગમાં શ્રી ગાંધીજીએ પોતાના જીવનમાં કેવી રીતે વૈષ્ણવતાને પચાવેલી, તેના ગુણોને ચરિતાર્થ કરવા કેવી રીતે સતત પ્રયત્નશીલ રહેતા હતા તેનું સૂક્ષ્મ પણ સચોટ વર્ણન છે. શ્રી ગાંધીજી પોતે મોઢવણિક, પુષ્ટિમાર્ગીય ચુસ્ત વૈષ્ણવકુટુમ્બમાં જન્મ્યા હતા. તેઓ પોતે જ

લખે છે કે "હું જાતે વૈષ્ણવ છું, અને મારા કુટુમ્બના ઇષ્ટદેવ શ્રીરામચન્દ્ર પ્રભુ છે". (પૃ. ૨૮) પ્રત્યેક સ્ત્રીપુરુષમાં, દરેક વર્ણોમાં તે રામનાં જ દર્શન કરતા. તેથી તે દરેકને વંદન કરતા અને દરેક સ્ત્રીને મા, બહેન, પુરુષને પિતા, ભાઈ, પુત્ર માનતા હતા (પૃ. ૨૯). તેઓ રામ, શંકર, ભરત, કૃષ્ણ સર્વને અવતાર માનતા હતા. તેમને રામ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. તેઓ કહેતા "જ્યાં મનુષ્યયત્ન કશું કરી શકતો નથી, ત્યાં ઈશ્વરની કૃપા જ કામમાં આવે છે". માટે તેમણે સર્વને રામનામના જપનો અનુરોધ કર્યો છે. રામનામને તે રામબાણ દવાના રૂપમાં માનતા. તેમના નામનો સતત જપ કરનાર હમેશાં સુરક્ષિત છે એમ તેઓ માનતા (પૃ. ૩૧). તેઓ માનતા કે "રામનામથી મનુષ્યમાં નિર્મોહિતા અને સમતા આવે છે. આપત્તિમાં તે નિરાશ નથી થતો. ગાંધીજી રામ એટલે દશરથનન્દન, અયોધ્યાના રાજા, સીતાપતિ રામને નહીં પણ જગન્નિયન્તા પરમેશ્વર એવું સ્વીકારે છે" (પૃ. ૩૧). આમ શ્રી ગાંધીજી રામ અને કૃષ્ણને લૌકિક દષ્ટિથી પર પરમતત્ત્વાત્મક માને છે.

આ રીતે શ્રી શાસ્ત્રીજીએ વૈષ્ણવધર્મ અને મહાત્મા ગાંધીજીના વિષયમાં સુંદર, સરળ, સૂક્ષ્મ છતાં સ્પષ્ટ, સચોટ અને ભાવવાહી શૈલીમાં સોદાહરણ સામગ્રી પીરસી છે. અને શ્રી ગાંધીજીમાં વૈષ્ણવધર્મનાં લક્ષણો કેવી રીતે ચરિતાર્થ થતાં હતાં તેનું સુરેખ ચિત્ર રજૂ કર્યું છે.

ખરેખર, આ નાની પુસ્તિકા દ્વારા શ્રી શાસ્ત્રીજીએ વૈષ્ણવ કોને કહેવાય, વૈષ્ણવનાં લક્ષણો શું છે, ભક્ત કોને કહેવાય, ભક્તનાં લક્ષણો કયાં વગેરે સાહિત્ય સંક્ષિપ્તમાં રજૂ કરી સમાજોપયોગી સાહિત્ય પૂરું પાડયું છે. અને રાષ્ટ્રપિતા શ્રી ગાંધીજીના વૈષ્ણવધર્મ વિશેના ઉચ્ચ વિચારો રજૂ કરવાનો સ્તુત્ય અને અભિનંદનીય પ્રયત્ન કર્યો છે.

ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા

* *

સાભાર સ્વીકાર

૧ **સમગ્ર જીવન યોગ છે:** લે. રણધીર ઉપાધ્યાય, પ્ર. કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃ. ૬ + ૬૬, કિંમત: રૂા. ૬ = ૫૦ પૈસા.

૨ **ઇતિહાસની વિભાવના:** લે. રમણલાલ ના. મહેતા, પ્ર. વ્યવસ્થાપક ટ્રસ્ટી, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦ ૦૧૪, પૃ. ૧૨ + ૮૮, કિંમત: રૂા. ૧૨ = ૭૦.

૩ **ગુજરાતી નવલકથામાં લગ્ન અને કુટુંબક્ષેત્રનાં આલેખનો:** લે. અને પ્ર. માણેકલાલ પટેલ, ૯–એ, "સૂર્યમણિ," પ્રગતિ સોસાયટી, ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૧૬ + ૨૧૬, કિંમત: રૂા. ૨૫ = ૦૦.

૪ **સલ્તનત, મુઘલ તથા મરાઠા સમયના રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓ :** લે. જયકુમાર આર. શુક્લ, પ્ર. અધ્યક્ષ, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ. ૧૦+૩૮૨, કિંમત : રૂા. ૨૨ = ૦૦.

૫ **ગુલાબ મોગરો :** લે. કનુભાઈ કાપડિયા, પ્ર. ભાનુમતી કાપડિયા, મોટું મેદાન, મહેતા પોળ, વડોદરા–૩૯૦ ૦૦૬, પૃ. ૬૪, કિંમત : રૂા. ૩ = ૦૦.

૬ **સહજ સુખ-શ્રેણી–૧ :** લે. જશુભાઈ શાહ, પ્ર. જયસચ્ચિદાનંદ સંઘવતી, ખેતસી નરસી શાહ, ૨૦–૧૦, એન્જલલેન્ડ, નાયગામ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ–૪૦૦ ૦૩૧, પૃ. ૧૫૨, કિંમત : છાપેલ નથી.

૭ **સહજ સુખ શ્રેણી–૨ :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૮૪, કિંમત : છાપેલ નથી.

૮ **સરદાર વલ્લભભાઈ પટેલ : ત્યાગી કે કર્મયોગી, સંત કે સંન્યાસી :** લે. ચન્દ્રવદન મહેતા, પ્ર. માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર–જિ. ખેડા, પૃ. ૮૨, કિંમત : રૂા. ૪ = ૦૦.

૯ **મહર્ષિ તોલ્સતોય (જીવનરંગ) :** લે. ભોગીભાઈ ગાંધી અને સુભદ્રા ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટસ્, વડોદરા–૫, પૃ. ૨૪૮, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૧૦ **कबीरा खड़ा बाजारमें :** લે. પારુકાન્ત દેસાઈ, પ્ર. આર. કે. ભુંગર, ૪૪, શરદનગર, તરસાલી રોડ, વડોદરા, પૃ. ૭૨, કિંમત : રૂા. ૯ = ૦૦.

૧૧ **मिलन के क्षण चार :** લે. પારુકાન્ત દેસાઈ, પ્ર. કમલા ચતુર્વેદી, ૪૪, શરદનગર, તરસાલી રોડ, વડોદરા–૩૯૦ ૦૦૯, પૃ. ૮+૭૬, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૧૨ **Manilal Dwivedi :** લે. ધીરુભાઈ ઠાકર, પ્ર. સાહિત્ય અકાદમી, રવીન્દ્રભવન, ૩૫, ફીરોઝશાહ રોડ, ન્યુ દીલ્હી–૧૧૦ ૦૦૧, પૃ. ૯૨, કિંમત : રૂા. ૪ = ૦૦.

મંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ–૩૮૦ ૦૦૯નાં પ્રકાશનો :

૧૩ **ગદ્યસંચય ભાગ–૧ :** સં. ઉપેન્દ્ર પંડ્યા અને પ્રમોદકુમાર પટેલ, પૃ. ૧૮+૩૧૪, કિંમત : રૂા. ૩૦ = ૦૦.

૧૪ **ગદ્યસંચય ભાગ–૨ :** સં. યશવન્ત શુક્લ અને પ્રવીણ દરજી, પૃ. ૩૩૬, કિંમત : રૂા. ૩૨ = ૦૦.

૧૫ **ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ ૪ :** સં. ઉમાશંકર જોષી, અનંતરાય રાવળ વગેરે, પૃ. ૮+૬૪૪, કિંમત : રૂા. ૩૨ = ૫૦.

૧૬ **પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન :** લે. મુકુન્દરાય વિ. પારાશર્ય, પૃ. ૮ + ૨૨૬, કિંમત : રૂા. ૧૧ = ૫૦

૧૭ **શબ્દકથા :** લે. હરિવલ્લભ ભાયાણી, પૃ. ૨૧૭, કિંમત : રૂા. ૨૪ = ૦૦

૧૮ **હનુમાનલવકુશમિલન :** સં. રમણ સોની, જયદેવ શુક્લ અને ધીરેશ અધ્વર્યુ, પૃ. ૧૬ + ૧૪૦, કિંમત : રૂા. ૧૫ = ૦૦

૧૯ **ગુજરાતી સાહિત્યનો આઠમો દાયકો :** સં. ભોળાભાઈ પટેલ, પૃ. ૬ + ૧૮૦, કિંમત : રૂા. ૧૮ = ૦૦

૨૦ **શરૂઆત :** લે. મહેશ શાહ, પૃ. ૧૪ + ૫૨, કિંમત : રૂા. ૬ = ૦૦

૨૧ **કલ્કિ :** લે. જયેન્દ્ર શેખડીવાળા, પૃ. ૨૬ + ૯૨, કિંમત : રૂા. ૧૨ = ૦૦

૨૨ **સદીનું સરવૈયું :** સં. રઘુવીર ચૌધરી, પૃ. ૧૦ + ૧૩૦, કિંમત : રૂા. ૧૩ = ૫૦

૨૩ **ઠેરનાં ઠેર :** લે. શ્રદ્ધા ત્રિવેદી, પૃ. ૪૮, કિંમત : રૂા. ૨ = ૨૫

૨૪ **દૂધના દાણા :** લે. ચન્દ્રવદન મહેતા, પૃ. ૮૮, કિંમત : રૂા. ૫ = ૦૦

૨૫ **સૂરજ, તારી છાયા :** લે. જ્યોતિર્ રાવલ, પૃ. ૬૪, કિંમત : રૂા. ૪ = ૦૦

૨૬ **મહેનતની મીઠાશ :** લે. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૬૪, કિંમત : રૂા. ૩ = ૦૦

૨૭ **ઝગમગિયાં :** લે. અમૃતલાલ છ. પારેખ, પૃ. ૮૪, કિંમત : રૂા. ૫ = ૦૦

૨૮ **રમતાં રમતાં રાત પડી :** લે. ફિલિપ ક્લાર્ક, પૃ. ૩૬, કિંમત : રૂા. ૨ = ૫૦

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા માટે....૯ ડોલર (ટપાલખર્ચ સાથે)
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—
સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

પ્રાચ્યવિદ્યા મંદિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

સુરેશચન્દ્ર ગો. કાંટાવાળા
સંપાદક

ALEMBIC CHEMICAL WORKS CO., LTD.

BARODA-390 003

MANUFACTURERS OF ANTIBIOTICS,
ETHICAL PHARMACEUTICALS
AND
HOME PRODUCTS

JOURNAL OF THE ORIENTAL INSTITUTE

M. S. UNIVERSITY OF BARODA, BARODA

Editor: **S. G. Kantawala**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES:

Articles on Indology, textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE:

(1) Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

(2) *To maintain uniformity in transliteration in all the papers published in the Journal of the Oriental Institute, it is essential that all contributions should follow the standard system of transliteration* (*c* = च्, *ch* = छ्, *ś* = श्, *ṣ* = ष्, etc.).

(3) All contributions to the Journal should be sent to the *Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda–390 002.*

SUBSCRIPTION RATES:

	Annual	
Inland	Rs. 30/-	(Post-free)
Europe	£ 3.00	(„ „)
U.S.A.	$ 10.00.	(„ „)

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscriptions to the Journal may be sent to–

The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂા. પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ) ભાગ ૧, સ્કંધ ૧-૩**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૩૪૧	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૩૪૭	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત : ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૦૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર : એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—સ્વ. ક. ન. જોષી (૧૯૮૦)	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૮૦)	૪૫=૦૦
૩૫૮	**સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૦૦
૩૫૯	**કવિ ગિરધર : જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	**વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૦૦

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

WINNING COMBINATION

The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT'. Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

UNIBUILT®

Jyoti Ltd. BARODA

HYDRAULICS ELECTRICALS POWER ELECTRONICS

Marketed by

JYOTI MARKETING AND PROJECTS LIMITED.

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005



everest/790/JY



ચિત્ર ૪

દામોદર ભગવાન (દામોદરરાયનું મન્દિર),
ચોકસીની પોળ, ખંભાત (૧૪મી સદી)
[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
ડૉ. જે. પી. અમીનનો લેખ।



ચિત્ર ૫

ત્રિવિક્રમ વિષ્ણુ

(વાસુદેવ મન્દિર, કાછિયા પાડો, ખંભાત)

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
ડૉ. જે. પી. અમીનનો લેખ]